વિદિવાકર
પદ્મસૂરિનો
પ્રત નં. ૨૦૧૯
નં. 3૦3

ત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ઓગણીશમી ભેટ.

શ્રી

# સંબોધ સપ્તતિકા.

યાને

## હિતગ્રહણ-અહિત ત્યાગરૂપ સંવેગમાર્ગનું સ્વરૂપ.

પ્રસિદ્ધકર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

સને ૧૯૨૨

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ઓગણીશમી ભેટ.

શ્રી

# સંબોધ સપ્તતિકા.

યાને

## હિતગ્રહણ-અહિત ત્યાગરૂપ સંવેગમાર્ગનું સ્વરૂપ.

( અનેક તત્ત્વજ્ઞાનના વિષયો અને કથાઓ સહિત )

પ્રસિદ્ધકર્તા.

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

વીર સંવત ૨૪૪૮. આત્મ સંવત ૨૭. વિક્રમ સંવત ૧૯૭૮.

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા.

( નં. ૪૩ )

ભાવનગર–શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

# પ્રસ્તાવના.

લોકાલોકના પ્રકાશક-કેવળજ્ઞાનવડે જાણુનાર એવા ત્રિલોક ગુરૂ શ્રી વર્ધમાનસ્વામિએ પ્રરૂપેલા અને આચાર્ય મહારાજાઓએ ગુંથેલ-રચેલ શાસ્ત્રોમાંથી ઉદ્ધરેલી ગાથાવડે "**संबोधनी**" શ્રોતાઓને આ ગ્રંથ સાંભળવા વાંચવા માત્રથી ઉત્પન્ન થનાર હિત ગ્રહણ-અહિત ત્યાગરૂપ જ્ઞાનની ॥**सप्ततिका**॥ મૂળ સિત્તેર ગાથાવડે **શ્રીમાન્ જયશેખર સૂરીશ્વરજીએ** ઉપરોકત આ ગ્રંથનું સાર્થ નામ નિરૂપણ કરેલું છે. આ ગ્રંથ મૂળ **શ્રીમાન્ જયશેખરસૂરિ મહારાજે** રચેલ છે તેના ઉપર શુમારે પચીશેંહ શ્લોક પ્રમાણ શ્રી ભારત સમ્રાટ અકબર બાદશાહની સભામાં જયશ્રી મેળવનાર **શ્રી જયસોમ ઉપાધ્યાયજી** મહારાજના શિષ્ય શ્રીમાન્ ગુણ**વિનયજી**ગણિએ વિવરણ સંસ્કૃતમાં કરેલ છે. ચૈત્યવાસીઓને જીતી જેમણે ખરતર બિરૂદ ધારણ કર્યું હતું, એવા **શ્રી જિનચંદ્રસૂરિના** પરિવારમાં શ્રીમાન્ **જિનદત્તસૂરિ મહારાજ** જેવા ચમત્કારિક પુરૂષો કે જેમના નામ માત્રથી કષ્ટો નાશ પામે છે એવા દાદા ગુરૂ થયેલ છે, તેમની પરંપરાએ આ ગ્રંથના વૃત્તિકાર શ્રીગુણવિનયજીગણિ થયેલા છે કે જેમણે આ રચના સંવત ૧૬૫૧ની સાલમાં પાલીપુરમાં કરેલ છે. આ ગ્રંથ ખરેખર અહિત ત્યાગરૂપ હોવાથી તે મૂળ અને વૃતિ સાથે કે જે ઘણી મહેનત લઈ જનસમાજના ઉપકાર માટે શોધી આપવાની કૃપા મુનિરાજશ્રી ચતુરવિજયજીએ કરી આપતાં પ્રથમ અમારા તરફથી બે વર્ષ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ખરેખર એકલો બોધદાયક તેમ નહિં પણ સાથે જ્ઞેય ઉપાદેયરૂપ હોવાથી, આ ગ્રંથમાં આવેલ અનેક બાબતો કે સાથે કેટલાકમાં તો આગમ અને પૂર્વાચાર્યજીના ગ્રંથોમાંથી પુરાવા તરીકે સાદ્યંત આપી એક નમુનારૂપ બનાવેલ હોવાથી તેનું ભાષાંતર કરી છપાય તો વધારે મનુષ્ય લાભ લઈ શકે, એમ ઉક્ત

મુનિ મહારાજશ્રીએ સુચના કરવાથી તેઓશ્રીનો ઉપકાર માનતાં, તેનું ગુજરાતી ભાષાંતર કરાવી શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ તરીકે અપાય તો ઘણા મોટા પ્રમાણમાં મનુષ્યો વાંચી સાંભળી લાભ લઈ હિત-મોક્ષ સાધી શકે એ હેતુથી અમોએ પ્રસિદ્ધ કરેલ છે.

આ ગ્રંથમાં જુદા જુદા અનેક વિષયો આપેલા છે. પ્રથમ ગ્રંથકાર મહારાજે મંગળના સ્થાનરૂપ ઇષ્ટદેવની સ્તુતિરૂપ મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધ બતાવેલ છે. ત્યારબાદ નમસ્કારની ચતુર્ભંગી જણાવવા સાથે આ "સંબોધ સપ્તતિ" ગ્રંથનો અર્થ કહી આ ગ્રંથમાં સઘળા પરિપૂર્ણ ધર્માનુષ્ટાન કહેવાયેલ છે, કે જે મોક્ષફળ હોવાથી **પ્રથમ મોક્ષનું કારણ જણાવેલ છે.** વળી મોક્ષ કોણ મેળવી શકે તે માટે પ્રમાણિક યાને જૈનધર્મ કેટલો સત્ય અને ઉદાર છે તે જણાવતાં " ગ્રંથકર્તા મહારાજ કહે છે કે "—

" सेयम्बरोय आसम्बरोय, बुद्धोव अहव अन्नोवा ॥
समभाव भावियप्पा, लहई मुक्खं न संदेहो " ॥

શ્વેતાંબર, દિગંબર, બૌદ્ધ અથવા કોઈપણ અન્ય સમભાવવડે ભાવિત આત્મા હોય તે મોક્ષ મેળવે તેમાં સંદેહ નથી " મોક્ષ પ્રાપ્તિમાં વેષની પ્રાધાન્યતા નથી પરંતુ સમભાવજ મોક્ષનું કારણ છે તે બતાવ્યું છે." ઉપરનું કથન જૈનધર્મ અને તેના કથન કરનારા મહાત્માઓની પ્રમાણિકતા, સત્યતા, ઉદારતાને સુચન કરનારૂં છે એમ સર્વ કોઈ સમજી શકે તેવું છે.

આગળ ચાલતાં મોક્ષ મેળવવાના કારણભૂત જ્ઞાન, દર્શન ચારિત્રના આધારભૂત સમભાવ ઇચ્છિક પુરૂષોએ આ ગ્રંથમાં બતાવેલા ધર્માનુષ્ઠાનો પાળવાનું ફળ સમ્યક્ પૂર્વકજ થઈ શકે, તે માટે **પ્રથમ સમ્યક્ત્વનું સ્વરૂપ** સુદેવ, ગુરૂ અને ધર્મનું-દેવમાં દેવ, ગુરૂમાં ગુરૂ અને ધર્મમાં ધર્મ તરીકે જે બુદ્ધિ થવી તે સમ્યકત્વ કહેવાય છે જેથી તે ત્રિરત્નનું સ્વરૂપ વિસ્તારથી અનેક હકીકતો સાથે સરલ રીતે આપવામાં આવેલું છે, તે સાથે દયા, પૂજા વગેરે કાર્યો જિનેંદ્ર પ્રભુની આજ્ઞા પૂર્વક કરવાં જોઇએ અને તે પ્રાણીના અનુગ્રહથી ( જયણા-અનુકંપા ) રહિત હોય તો આજ્ઞા ભંગથી પ્રાણીઓ દુઃખી થાય છે, તેથી તે પછી **અહિંસાનું વર્ણન**, તેનું ફળ, દ્રવ્ય ભાવ ઇંદ્રીયનું સ્વરૂપ અને તેના ઉપર **પુષ્પસાર અને કાચબાનું દ્રષ્ટાંત** આપવામાં આવેલ છે. ત્યાર બાદ **ગુરૂ વર્ણનમાં** પાસથ્થા વગેરે પાંચ પ્રકારના સાધુઓ અવંદનીય છે તેમાં બ્રાહ્મણનું દ્રષ્ટાંત આપી તે વિષયોને બરા-

બર સમજાવેલ છે. ત્યારબાદ **ચારિત્રની વિદ્યમાનતામાં સમ્યકત્વ હોવું જોઇએ**, તેથી તેનું ઉપશમ, સંવેગ વગેરે સ્વરૂપ કહી દેવગતિનું ગમન કેવી સ્થિતિએ હોય તે બતાવે છે. સમ્યકત્વધારી શ્રાવકે યથાવકાશે સામાયિક ગ્રહણ કરવું જોઇએ, તેથી **સામાયિકનું સ્વરૂપ**, દાન સાથે તેની અમૂલ્ય તુલના, સામાયિકના ટાઇમમાં તે કરનાર ભવ્ય પ્રાણી સાધુ જેવા હોય છે, કયા કાર્ય કરવાથી સામાયિક નિષ્ફળ થાય છે ? પૂર્વ ગ્રંથોમાં બતાવેલ સામાયિકની વિધિ તે ઉપર જુદા જુદા આચાર્યો મહારાજના અભિપ્રાયો અને વિવિધ ગ્રંથોના પૂરાવા અને તેના ઉપર ઉપદેષ્ટા **આચાર્ય મહારાજોના છત્રીશ ગુણોનું વર્ણન, બાર ભાવના અને ક્ષમાદિ દશ ધર્મના સ્વરૂપ** સાથે બહુ સરસ રીતે આપવામાં આવેલ છે. સૂરિ મહારાજના ગુણનું વર્ણન કર્યા બાદ તે સદ્‌ગુણી સાધુઓ પરિવર્યા જ શોભે છે, તેથી **સાધુઓના સતાવીશ ગુણનું વર્ણન** કહેવા સાથે તેઓશ્રીનું વંદનિક પણું જણાવેલું છે. સાધુ મુનિરાજો તે શ્રાવકોના પૂજનિક વંદનિક હોવાથી સાથે **શ્રાવકના એકવીશ ગુણનું** વિવરણ કરવામાં આવેલ છે. તે ઉત્તમ ગુણ યુક્ત શ્રાવકોએ પરમ સંવેગ ઉત્પન્ન કરનાર શ્રી જિનેશ્વરનું આગમ સાંભળવું જોઇએ, જેથી ત્યારપછી **આગમનું મહાત્મ્ય**, આ કાળમાં તેની ઉપયોગિતા, પંચમઆરાનો પ્રભાવ, સિદ્ધાંતનું બહુમાન અને તેમાં કરેલ કથનને અંગીકાર નહીં કરનાર જમાલિ વગેરે જેમ મિથ્યાદૃષ્ટિ છે અને **જિન આજ્ઞા પાલકજ સંઘ** છે તેથી **સંઘ કોને કહેવો ? તેનું સ્વરૂપ**, ધર્મ, તપ, પૂજા, જિનાજ્ઞા અને વિધિએ કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે તેનું વર્ણન, **દ્રવ્યસ્તવ** અને **ભાવસ્તવ**ના અધિકારી કોણ કોણ છે ? અને તે હેતુથી વિધિ પૂર્વક કરતાં તેનું શું ફળ ઉત્પન્ન થાય છે ? તેનું વર્ણન તે ઉપર **દ્રૌપદીની** કથા, દ્રવ્યસ્તવના મુનિશ્રી કેમ અધિકારી નથી ? તેનું વર્ણન, બંને સ્તવની વચ્ચેનું અંતર વગેરે વિષયોનું સુંદર રીતે વર્ણન કરેલું છે. ઉપર કહેલા બંને સ્તવ ગચ્છમાં વસનારાનાં જ બહુમાન પામે છે તેથી તે પછી **ગચ્છનું વર્ણન** કહેવામાં આવેલું છે. શ્રી મહાવીર પ્રભુએ કથન કરેલ ગચ્છમાં શિલવંત સાધુઓ જ વંદન કરવા યોગ્ય છે, તેથી ત્યારબાદ **શિલ ( બ્રહ્મચર્યના ફળનું વર્ણન** કરેલ છે. શિલવંત પુરૂષોએ કોનો સંગ કરવો જોઇએ ? તે માટે **ઉત્તમ અને કુમિત્રનું વર્ણન** આપવા સાથે તેથી ઉત્પન્ન થતાં ગુણ તથા દોષોનું સ્વરૂપ દિવાકરની કથા અને સાથે બીજા અનેક નાના દૃષ્ટાંતો વડે આપવામાં આવેલું છે.

શિલવંત સાધુઓએ તથા શ્રાવકોએ મિથ્યાત્વ તજવું જોઇએ, તેથી પ્રથમ

**મિથ્યાત્વનું દુષ્ટપણું બતાવી** તેના આભિગ્રહિક વગેરે પાંચ પ્રકારના ભેદો જણાવેલ છે, સાથે ઉપાધિથી જે ચાર પ્રકારનું દેવ, ગુરૂ, સંબંધી અને લૌકિક તથા લોકોત્તર મિથ્યાત્વ તે જેમ સૂત્રમાં બતાવેલ છે તેનું વર્ણન અને તે જેનાથી ઉત્પન્ન થાય છે, તે ઉત્સૂત્ર તેની દુષ્ટતા તથા ફળનું સ્વરૂપ અને તે ત્યાગ કરનારે જયણાપૂર્વક પ્રવૃતિ કરવી જોઇએ જેથી **જયણા, ધર્મને કેમ ઉત્પન્ન કરનારી** છે તે ગ્રંથકાર મહારાજે જણાવેલું છે.

જયણાવંત મહાત્માઓએ કષાયમાં પ્રવૃતિ ન કરવી જોઇએ તેથી તે પછી **ચાર પ્રકારના કષાયો અને તેના ફળનું વર્ણન,** તે ઉપર બે સાધુઓની કથાઓ આપી આ વિષય પૂર્ણ કર્યો છે. ત્યારબાદ **પાપશ્રમણ** કોને કહેવા ? તે બતાવેલ છે, પાપ શ્રમણપણું પ્રમાદથી ઉત્પન્ન થતું હોવાથી ત્યારબાદ મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ **પાંચ પ્રકારના પ્રમાદોનું** અને તેના ફળનું વર્ણન કરેલ છે. સાથે વિકથા ઉપર **રોહિણીની કથા** આપી તે વિષય સારી રીતે સમજાવ્યો છે. પ્રમાદનો પરિહાર જ્ઞાન અને ક્રિયાવાન સાધુઓએ કરવો જોઇએ, જેથી તે પછી **એકલા જ્ઞાનનું અને એકલી ક્રિયાનું ઇષ્ટ ફળમાં અસાધકપણું-નિરર્થકપણું** અને બંનેના સંયોગની સિદ્ધિથી ઇષ્ટ ફળ પ્રાપ્ત થાય છે, તેનું સ્વરૂપ અને તે ઉપર આંધળા અને પાંગળાનું દ્રષ્ટાંત આપી ટુંકામાં જ્ઞાન ક્રિયાનું સ્વરૂપ જણાવેલ છે. હવે **ચારિત્ર વિના ઘણું જ્ઞાન પણ ઇષ્ટ ફળને સાધી શકાતું નથી અને ચારિત્રયુક્ત અલ્પજ્ઞાન ઇચ્છિત ફળને આપે છે,** તે ઉપર કાચબાનું દ્રષ્ટાંત આપેલ છે અને તત્ત્વાર્થ સૂત્રના "**સમ્યગ, દર્શન, જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગ:**" આ સૂત્ર આપી મોક્ષના કારણભૂત ત્રણ સાથે હોય ત્યારે થાય એમ સિદ્ધ કરી બતાવ્યું છે.

ઉપર જણાવેલ ચારિત્ર ૧૧ પ્રતિમા વહન કરનાર શ્રાવક સ્વિકારે છે, જેથી તે પછી **શ્રાવકની અગ્યાર પ્રતિમાનું વર્ણન** વિધિ સહિત વિસ્તારથી આપવામાં આવેલ છે. ગ્રંથકાર મહારાજે આ વિષયમાં કહેલું છે કે તે શ્રાવક ૧૧ પ્રતિમાઓને ભાવી—વહન કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરે અથવા પોતાની ઉચિતતા જાણી ગૃહસ્થ ભાવને પ્રાપ્ત કરે, સિવાય વળી અયોગ્ય મનુષ્યોએ પ્રવ્રજ્યા ગ્રહણ કરવી નિયમત: અનર્થરૂપ છે, તેથી ધીર મનુષ્યો આત્માની તુલના કરી એવી રીતે પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે, મતલબ કે અધિકારીપણું ત્યારે પ્રાપ્ત થાય છે. જો કે કેટલાક વિશિષ્ટ મનુષ્યોને સમ્યક્ પ્રવ્રજ્યા સંભવે છે તોપણ સા-

માન્ય રીતે આ ક્રમ ન્યાય સંગત છે વગેરે હકીકત જણાવી આ અધિકાર સમાપ્ત કર્યો છે.

આવા ઉત્કૃષ્ટ–ઉત્તમ શ્રાવકે પણ બ્રહ્મચારી થવુંજ જોઇએ તેથી તે પછી ગ્રંથકાર મહારાજ **બ્રહ્મચર્યનું સ્વરૂપ** જણાવે છે. મૈથુનના સેવનથી નવલાખ સૂક્ષ્મ જીવોની હાની થાય છે, તેમજ પાંચ મહાવ્રતનો પણ ભંગ થાય છે. જેમ મૈથુન જીવ સંસક્તિમાં હેતુ છે તેમજ મદ્ય, મધ, માંસ અને માખણમાં પણ તેના વર્ણ જેવા અનંત જંતુઓ ઉત્પન્ન થાય છે જે વર્જ્ય છે, તેનું વર્ણન શાસ્ત્રાધાર સાથે બતાવવામાં આવેલું છે કે જે તીર્થંકર ભગવાને કહેલ છે. જેથી તે પછી " **તીર્થંકરપણાનું કારણ** " ગ્રંથકર્ત્તા મહાશય જણાવે છે. જેમાં પ્રાણીઓ તીર્થંકરપણું શીરીતે પામે છે ? આજ્ઞા સહિત જિનદ્રવ્યની વૃદ્ધિથી થતું ફળ અને આજ્ઞા રહિત જિનદ્રવ્યની વૃદ્ધિથી આત્માને થતી હાની તેમજ સાથે જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય આદર પૂર્વક આજ્ઞા સહિત તેની વૃદ્ધિ કેમ થાય ? વગેરે દૃષ્ટાંત પૂર્વક બતાવવામાં આવેલ છે.

જિનેશ્વર ભગવાનની ભાવની વિશુદ્ધિ પૂર્વક કરાયેલ પૂજા પ્રણિધાન બોધ-લાભ ઉત્પન્ન કરે છે તેથી **જિનેંદ્રપૂજાના પ્રકારો, તેથી થતું ફળ** વગેરે બતાવેલ છે. ત્યારબાદ **ભાવપૂર્વક ગુરૂવંદનથી** શું ફળ પ્રાપ્ત થાય છે ? તે ઉપર **શ્રીકૃષ્ણ** તથા **વીરા સાળવી**નું દૃષ્ટાંત આપી તે વિષય સમાપ્ત કર્યો છે.

સાધુવંદન કર્યા છતાં શ્રોતાઓનું ભવ્યપણું વિચારી અણુવ્રત વગેરેના ફળ પ્રતિપાદન કરતાં **પૌષધના ફળને** હવે દર્શાવે છે. પ્રથમ પોષહથી થતું ફળ બતાવી, પછી તેની વિસ્તાર પૂર્વક વિધિ અનેક ગ્રંથોના આધારો સાથે આપી, અપ્રમત્ત અને પ્રમત્તપણે કરવાથી તેનું ફળ શું મળે છે ? તે પુરૂષદત્ત અને કરેણુંદત્તની કથા આપી ઘણી સારીરીતે જણાવેલ છે. છેવટે આ ગ્રંથનું પઠનફળ દર્શાવી છેવટે **અતિ મંગળરૂપ પોતાના ગુરૂની પટ્ટ પરંપરા આપી** ગુરૂ ભક્તિ પણ આ ગ્રંથકર્તા મહાત્માજીએ બતાવી છે.

આ ગ્રંથના વિવરણકર્ત્તા શ્રીમાન્ ગુણવિનયજી ગણિ મહારાજે દમયંતી કથા ટીકા, વિચાર રત્નસંગ્રહ, ઇંદ્રિય પરાજય શતક, વૈરાગ્યશતક વૃત્તિ વગેરે ગ્રંથો જનસમાજના ઉપકાર માટે રચેલા છે.

આલોક પરલોકની સુખસંપત્તિના સાધનભૂત આ ગ્રંથ, મોક્ષ તરફ અભિલાષ અને સંસાર તરફ વૈરાગ્ય જેના મનમાં વિદ્યમાન હોય એવા ભવ્ય પ્રાણીઓને તેના પઠન પાઠનથી બોધ થતાં ચૌદરાજલોક શિખરરૂપ મોક્ષસ્થાનને પામો એવી પરમાત્માની પ્રાર્થના કરી આ પ્રસ્તાવના સમાપ્ત કરીયે છીએ.

હજુ સુધી પણ કાગળ તથા છપાઈ વગેરેની મોંઘવારી ચાલતી હોવાથી જ્યારે દરેક પેપર-માસિકોના માલેકોએ તેનું લવાજમ વધાર્યાં છતાં **આ સભાએ જનસમાજને ઓછી કિંમતે વાંચનનો બ્હોળો લાભ આપવાની ખાતર શ્રી આત્માનંદ પ્રકાશ માસિકનું લવાજમ તેનું તેજ રાખેલ છે. અને દરવર્ષે ભેટ તરીકે દસ ફારમની બુક આપવાનો ધારો છતાં શુમારે વીશથી પચીશ ફારમનો દળદાર મ્હોટો ગ્રંથ દરેક વર્ષે આ માસિકના ગ્રાહકોને કેટલાક વખતથી ભેટ આપવાની ઉદારતા હજુ સુધી આ સભાએજ ચાલુ રાખેલ હોવાથી આ ઓગણીશમા વર્ષની માસિકની ભેટ તરીકેજ આ અપૂર્વ ગ્રંથ અમારા માનવંતા ગ્રાહકોને પ્રેમ પૂર્વક અર્પણ કરીએ છીયે. જેની કદર અમારા સુજ્ઞ ગ્રાહકો કર્યા સિવાય રહેશેજ નહિ.**

આ ગ્રંથ છપાવવા માટે પંન્યાસજી મહારાજ **શ્રીઉમંગવિજયજી મહારાજના** ઉપદેશથી એક રકમ શેઠ જવાનમલ મન્નાજી તથા મૂલચંદજી વાલાજી તખ્તગઢ–માલવા નિવાસી તરફથી સહાય માટે મળી છે. જે માટે ઉકત મહાત્માનો ઉપકાર માનવા સાથે સહાય આપનાર ગૃહસ્થોને ધન્યવાદ આપીયે છીએ.

આ ગ્રંથનું ભાષાંતર સાદ્યંત મુનિરાજ **શ્રી કર્પૂરવિજયજી મહારાજે** તપાસી આપેલ છે તેથી તેમનો તથા છપાવ્યા બાદ ફોર્મ તપાસી જવા માટે બંધુ **શ્રી કુંવરજી આણંદજીનો** ઉપકાર માનવામાં આવે છે.

આ ગ્રંથમાં **પ્રેસ** દોષ કે દૃષ્ટિ દોષથી કોઈપણ સ્થળે સ્ખલના રહી ગયેલ હોય તે માટે ક્ષમા યાચીયે છીએ.

**પ્રસિદ્ધ કર્ત્તા.**

# વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | અંક. |
|---|---|---|
| ૧ | મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધનું વર્ણન. | ૧–૨ |
| ૨ | ચાર પ્રકારના નમસ્કારનું વર્ણન. | ૩ |
| ૩ | મોક્ષરૂપ ફળનું વર્ણન. | ૪ |
| ૪ | સમ્યક્ત્વ દર્શનનું સ્વરૂપ. | ૭ |
| ૫ | દેવગુરૂ ધર્મનો સંક્ષિપ્ત અર્થ. | ૮ |
| ૬ | ધર્મવિષે કહેવાતી અહિંસાનું સ્વરૂપ. | ૮ |
| ૭ | અઢાર દોષ રહિત દેવ તત્ત્વનું સ્વરૂપ. | ૧૪ |
| ૮ | ગુરૂતત્ત્વ વર્ણન. | ૧૬ |
| ૯ | બાહ્ય આભ્યંતર પરિગ્રહનું વર્ણન. | ૧૭ |
| ૧૦ | દ્રવ્ય, ભાવ ઇંદ્રીયનું સ્વરૂપ. | ૨૨ |
| ૧૧ | ઇંદ્રીય ઉપર પુષ્પસાર અને કાચબાનું દૃષ્ટાંત. | ૨૩–૨૫ |
| ૧૨ | યોગવહન કર્યા વિના સિદ્ધાંત ભણાવવા માટે કરેલ નિષેધનું વર્ણન. | ૨૬ |
| ૧૩ | પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું વર્ણન. | ૨૮ |
| ૧૪ | કેવા પ્રકારના સાધુઓ અવંદનીય છે ? | ૩૦ |
| ૧૫ | વિશુદ્ધ મુનિઓ પાસથ્થા સાથે રહેતા નિંદનિક થાય તે ઉપર ચંપકમાળાની કથા. | ૩૫ |
| ૧૬ | સમ્યક્ત્વની દુર્લભતાનું વર્ણન. | ૩૮ |
| ૧૭ | સામાયિકનું સ્વરૂપ અને તેનું માહાત્મ્ય. | ૪૦ |
| ૧૮ | શું કાર્ય કરવાથી સામાયિક નિષ્ફળ થાય ? | ૪૧ |
| ૧૯ | સામાયિકની વિધિ. | ૪૨ |
| ૨૦ | આચાર્યના છત્રીશ ગુણોનું વર્ણન, દશ ક્ષમાદિ ધર્મ, બાર ભાવનાદિ વિગેરે. | ૪૩ |
| ૨૧ | સાધુઓના સતાવીશ ગુણનું સ્વરૂપ. | ૪૯ |
| ૨૨ | શ્રાવકોના એકવીશ ગુણનું વર્ણન. | ૫૦ |
| ૨૩ | શ્રી આગમના માહાત્મ્યનું વર્ણન. | ૫૧ |
| ૨૪ | પંચમ આરાના પ્રભાવનું વર્ણન. | ૫૨ |

૨૫ સંઘ કોને કહેવો ? ૫૩
૨૬ જિન આજ્ઞા ફળ વર્ણન. ૫૭
૨૭ ધર્મ, તપ, પૂજા, જિનઆજ્ઞા પ્રમાણે કેમ કરવો ? અને તેનું ફળ. ૫૮
૨૮ દ્રવ્ય સ્તવ, તથા ભાવ સ્તવના અધિકાર કોણ ? અને તેનું શું ફળ ? ૬૪
૨૯ દ્રવ્ય સ્તવ ઉપર દ્રૌપદીની કથા. ૬૫
૩૦ જિનેશ્વરની પ્રતિમા વૈરાગ્યની વૃદ્ધિ કરનાર શી રીતે છે ? ૬૮
૩૧ ગચ્છનું સ્વરૂપ. ૭૧
૩૨ સર્વ વ્રતોમાં પ્રાધાન્ય શીલવ્રત શી રીતે છે ? ૭૩
૩૩ સુમિત્ર કુમિત્ર સંગનું વર્ણન અને તે ઉપર દીવાકરની કથા. ૭૫
૩૪ મિથ્યાત્વ તથા તેના ફળનું વર્ણન. ૮૧
૩૫ જયણાનું સ્વરૂપ. ૮૭
૩૬ કષાયો અને તેના ફળનું વર્ણન તે ઉપર બે સાધુનું દૃષ્ટાંત. ૮૯
૩૭ પાપ શ્રમણનું સ્વરૂપ. ૯૪
૩૮ પાંચ પ્રકારના પ્રમાદનું વર્ણન ૯૬
૩૯ વિકથા ઉપર રોહીણિની કથા. ૧૦૧
૪૦ જ્ઞાન અને ક્રિયાનું સ્વરૂપ. ૧૦૮
૩૧ ચારિત્ર મહિમાનું વર્ણન. ૧૧૦
૪૨ શ્રાવકની (૧૧) પડિમાનું સ્વરૂપ. ૧૧૩
૪૩ બ્રહ્મચર્યનું સ્વરૂપ. ૧૨૦
૪૪ તીર્થંકરપણાના કારણનું વર્ણન. દેવ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય, સાધારણ દ્રવ્યવર્ધકને ધર્મપ્રાપ્તિ, ભક્ષકને સંસારવૃદ્ધિ તેનું વર્ણન. ૧૨૭
૪૫ જિન પૂજા ઉપર એક દરિદ્ર ડોશીનું દૃષ્ટાંત ૧૩૩
૪૬ શ્રી જિનેંદ્ર પૂજા તેના પ્રકારો તથા ફળનું વર્ણન. ૧૩૫
૪૭ સાધુવંદન ફળવર્ણન તથા તે ઉપર શ્રી કૃષ્ણ તથા વીરા સાળવીની કથા. ૧૩૫
૪૮ પોષધનું સ્વરૂપ, વિધિ અને ફળ વર્ણન. ૧૩૮
૪૯ પોષધ ઉપર પુરૂષદત્ત અને કરેણુદત્તનું દૃષ્ટાંત. ૧૪૭
૫૦ ગ્રંથકારની પટ્ટાવલી ( પ્રશસ્તિ ) ૧૫૭

# શુદ્ધિ પત્રક.

| પાનું | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭ | ૪ | સ્વિકારનારને કેવળજ્ઞાનની | ... સ્વીકારનારને અને કેવળજ્ઞાનની |
| ૧૪ | ૩ | ન આપેલ ... | ... આજ્ઞા ન આપેલ |
| ૧૬ | ૨૫ | ભિન્ન થવાના સ્વભાવવાળું, અધ્રુવ. | ભિન્ન થવાના સ્વભાવવાળું-વિધ્વંશ થવાના સ્વભાવવાળું અધ્રુવ. |
| ૨૦ | ૨૧ | જેમાં ... ... | ... જેની ઉપર |
| ૨૩ | ૨૮ | જેમ ... ... | ... જેમ નવો |
| ૨૩ | ૨૮ | આ સાચું વર્તે છે. ... | ... આ સાચું કહે છે. |
| ૨૩ | ૨૮ | પ્રવેશ કરે છે ... | ... પ્રવેશ કરે છે તે બધું ગયું |
| ૨૬ | ૧૮ | સુગમ છે ... ... | ... સુગમ છે તેમને |
| ૩૪ | ૨૫ | વર્તમાન ... ... | ... વર્તતા સારા |
| ૩૮ | ૨૮ | ઇંદ્રપણું ... ... | ... ઇંદ્રપણું પ્રાપ્ત થાય છે. |
| ૪૭ | ૨૧ | સાધુઓને... ... | ... સાધુઓને ઉપલક્ષણથી સમકિતી |
| ૬૭ | ૧૮ | જિનોત્સેધ ... | ... જિનોત્સેધ |
| ૧૦૬ | ૩ | સુખ પામ્યો ... | ... મોક્ષ સુખ પામ્યો |
| ૧૧૪ | ૬ | પ્રેષ ... ... | ... પ્રેષ્ય |
| ૧૧૪ | ૧૨ | પ્રતિમાવ્રત ... | ... વ્રત પ્રતિમા |
| ૧૧૫ | ૧૦ | શલ્યો ... ... | ... ૦ |
| ૧૧૬ | ૯ | ચારે ... ... | ... ત્રણે |
| ૧૨૦ | ૫ | અશ્રુ ... ... | ... શ્મશ્રુ |
| ૧૨૧ | ૨૧ | આ ... ... | ... હવે |
| ૧૨૨ | ૧૪ | દ્વીપસમુદ્રમાં ... | ... દ્વીપને બે સમુદ્રમાં |
| ૧૨૨ | ૨૦ | અવગાહનાવડે ... | ... અવગાહનાવાળા |
| ૧૨૨ | ૨૨ | આયુષ્યવાળા ... | ... આયુષ્યવાળા ઉત્પન્ન- |
| ૧૨૩ | ૧૩ | સને ... ... | ... અને |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩૧ | ૧૨ | હતો | ... | ... | ... કર્યો હતો |
| ૧૩૪ | ૨૫ | કરવા | ... | ... | ... ધરવા |
| ૧૩૬ | ૨ | મ્યકત્વ ... | | ... | ... સમ્યકત્વ |
| ૧૩૮ | ૬ | ધારણુ કરત | | ... | ... વધારે હોત |
| ૧૩૯ | ૧૩ | પોષધ | ... | ... | ... પોષધનું |
| ૧૪૩ | ૨૪ | **નમુત્થુ** ... | | ... | ... **નમુત્થુણં** |
| ૧૪૬ | ૨૬ | પલેહણા ... | | ... | ... પડિલેહણા |
| ૧૪૯ | ૨૭ | સોંપો | ... | ... | ... સોંપો અથવા દીનાર આપો |

—: સુચના :—

પા. ૧૨૯માં ૨૭ મી લાઈનમાં જે ૬૭મો શ્લોક છે તે ગાથાનો અર્થ પા. ૧૩૦માં ચોથી થી સાતમી લીંટીમાં છે તેમ જાણવું.

अर्हम्.

॥ न्यायांभोनिधि श्रीमद्विजयानंदसूरीश्वर पाद पद्मेभ्यो नमः ॥

# શ્રી સંબોધ સપ્તતિકા ગ્રંથ..

સત્ય કીર્ત્તિવાળા, વિકસ્વર ગુણોરૂપી પુષ્પવાળા, અતુલ ફળને આપનારા અને વિલસતી એવી શ્રેષ્ઠ સિદ્ધિઓ આપવામાં કલ્પવૃક્ષ સમાન એવા શ્રીપાર્શ્વનાથ પ્રભુને પ્રણામ કરી દેવોના અને મનુષ્યોના સમૂહોવડે પૂજાયેલા, મોક્ષલક્ષ્મીવડે સહિત, હમ્મેશાં હિતકારક આત્મલક્ષ્મીવડે વધતા જયવાળા શ્રી વર્ધમાન જિનેશ્વરને સ્તવીને, રાજાઓની પંક્તિઓવડે નમસ્કાર કરાયેલા, યશની ઉજ્જવલતાવડે ચંદ્રથી અધિક એવા અપ્રમત્ત શ્રી જિનદત્તસૂરિને હૃદયમાં ધારણ કરીને-કુશલને કરનાર, સકલ જનોના વાંછિતની પુષ્ટિમાં કુશલ, જ્ઞાનાદિ કલાઓવડે સહિત અને કલિકાલને વિષે દેદીપ્યમાન મહિમાવાળા શ્રીજિનકુશલસૂરિને સ્તવીને, શ્રીમદ્ જયસોમ વાચક નામના ગુરૂમહારાજ પાસેથી આગમના રહસ્યને જાણીને, મોહરૂપી નિદ્રામાં સૂતેલા પ્રાણીઓને જાગૃત કરનાર એવા સંબોધસપ્તતિકા નામના ગ્રંથની અમો (વાચનાચાર્ય ગુણવિનય) વૃત્તિ કરીએ છીએ. ૫

અહીં શાસ્ત્રની શરૂઆતમાં સંક્ષેપ રૂચિવાળા એવા ગ્રંથકારે પણ પ્રથમ શિષ્ટ પુરૂષોના નિયમને અનુસરવા અને વિઘ્નોની શાંતિ વાસ્તે શ્રેષ્ઠ મંગલના સ્થાનરૂપ ઈષ્ટદેવની સ્તુતિ કરવી જોઈએ. તથા ' શાસ્ત્રની શરૂઆતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

એ પુરૂષાર્થને ઉપકારક અભિધેય ( ગ્રંથમાં આવતા વિષય ) ને સાંભળીને તેને જાણવાની ઈચ્છા વગેરે કારણો વડે પ્રેરાયેલા મનુષ્યો સાંભળવા વગેરેમાં પ્રવૃત્તિ કરે એ માટે અભિધેય પણ કહેવું જોઈએ, તથા અભિધેય કહેવા છતાં અને વિવિધ કર્તવ્યો સાંભળવા લાયક હોવા છતાં પણ નાનામાં નાના કાર્યમાં મન્દ મનુષ્ય પણ વિના પ્રયોજન પ્રવૃત્તિ કરતો નથી, માટે પ્રયોજન બતાવવાની પણ જરૂર છે. તથા મંગલ, અભિધેય અને પ્રયોજન બતાવેલાં હોય છતાં પણ ' શાસ્ત્રના સંબંધને સાંભળીને શ્રોતાઓને તે તે ગ્રંથો પ્રત્યે આદર થાય છે, આ કારણને લઈને શાસ્ત્રની શરૂઆતમાં તે સંબંધ અનેક પ્રકારે કહેવાય એટલે સંબંધ પણ જણાવવાની આવશ્યકતા છે એવું વિચારી એ ચારેને પ્રતિપાદન કરવાને ઈચ્છતા શાસ્ત્રકાર ( જયશેખરસૂરિ ) પ્રથમ ગાથા કહે છે.

**नमिऊण तिलोयगुरुं, लोयालोयप्पयासगं वीरं ।**
**संबोहसत्तरिमहं, रएमि उद्धारगाहाहिं ॥ १ ॥**

**મૂળગાથાનો અર્થ**—ત્રણ લોકના ગુરૂ, લોક અને અલોકના પ્રકાશક વીર પરમાત્માને નમસ્કાર કરીને હું ( જયશેખરસૂરિ ) ઉદ્ધાર ગાથાઓ વડે સંબોધ સપ્તતિકા નામના ગ્રંથને રચું છું. ૧

**વ્યાખ્યાર્થ**:—આ ગાથામાં પહેલાં બે પદોવડે ઈષ્ટદેવની સ્તુતિ તથા પાછળનાં બે પદો વડે અભિધેય જણાવેલ છે. સંબંધ અને પ્રયોજન તો સામર્થ્યથી જાણી શકાય છે. તે આવી રીતે- સંબંધ તો ' ઉપાયોપેય ' અથવા ' સાધ્યસાધન ' નામનો છે. તેમાં આ શાસ્ત્ર ઉપાય અથવા સાધન છે અને શાસ્ત્રના અર્થનું સમ્યગ્ જ્ઞાન એ સાધ્ય અથવા ઉપેય છે. પ્રયોજન કર્તાનું અને શ્રોતાનું, તે એકેક અનન્તર અને પરંપર એવા બબ્બે ભેદોવાળું છે. તેમાં કર્તાનું અનન્તર પ્રયોજન જીવોના ઉપર ઉપકાર અને પરંપર પ્રયોજન મોક્ષની પ્રાપ્તિ છે. તથા શ્રોતાનું અનન્તર પ્રયોજન શાસ્ત્રના અર્થનું પરિજ્ઞાન અને પરંપર પ્રયોજન તેને પણ મોક્ષની પ્રાપ્તિ છે; એ સંક્ષેપાર્થ કહ્યો.

હવે વિસ્તારરૂપે અર્થ કહેવાય છે—અહીં (ગ્રંથની શરૂઆતમાં જો કે કાયા અને મનદ્વારા કરાયેલો નમસ્કાર પણ વિઘ્નોનો નાશ કરનાર છે, તો પણ સઘળા શ્રોતા વગેરેના સમસ્ત વિઘ્નોનો નાશ થાય એ માટે આ ગ્રંથમાં દેવની સ્તુતિ કરવા પૂર્વકજ પ્રવૃત્તિ કરવાવડે ' ઇષ્ટદેવની સ્તુતિની બુદ્ધિથી અત્યંત સ્થિરતા થાઓ. ' એવી ઇચ્છાથી વા હેતુથી શાસ્ત્રના પ્રારંભમાં વચનદ્વારા અભીષ્ટદેવની સ્તુતિ કરેલી છે. નમસ્કાર પણ શાસ્ત્રને યોગ્ય હોય તો બરાબર ઉચિત ગણાય છે. શાસ્ત્ર ચાર પ્રકારનાં હોય છે. ૧ થોડા અક્ષરોવાળું પરંતુ વિશાળ અર્થવાળું. ૨ ઘણા અક્ષરોવાળું પણ થોડા અર્થવાળું. ૩ ઘણા અક્ષરોવાળું અને ઘણા અર્થવાળું. અને ૪ થોડા અક્ષરોવાળું તથા થોડા અર્થવાળું.

આ (**संबोहसत्तरि**) શાસ્ત્રનો અલ્પાક્ષર અને મહાર્થ એવા પહેલા પ્રકારમાં સમાવેશ થાય છે. તેથી નમસ્કાર પણ તેવા જ પ્રકારનો ' **नमिऊण** ' ઇત્યાદિ પદથી કહે છે.

'**नत्वा**' આ લોકમાં નમસ્કાર ચાર પ્રકારે થઈ શકે છે. ૧ દ્રવ્યથી, છતાં ભાવથી નહિ તે પાલક[1] વગેરેનો, ૨—ભાવથી, છતાં દ્રવ્યથી નહિ તે અનુત્તર વિમાનના દેવોનો, ૩ દ્રવ્યથી પણ નહિ અને ભાવથી પણ નહિ તે કપિલા[2] વગેરેનો ૪, દ્રવ્યથી અને ભાવથી, જિનેશ્વર આદિને નમસ્કાર કરતા, ઉપયોગવાળા, વચન ગુપ્તિવાળા અને સમ્યગ્ પ્રકારે કાયાને સ્થાપન કરનારા સમ્યગ્દૃષ્ટિનો. તેમાંથી વિઘ્નોની શાંતિ માટે એકાન્તિક અમોઘ મંગલરૂપ ચોથા પ્રકારના નમસ્કારવડે પ્રણામ કરીને; એ ભાવ છે કોને ? ' **वीरं**' વીરને, કર્મનું વિદારણ કરવા થકી અને તપવડે વિરાજતા હોવાથી અને શ્રેષ્ઠ વીર્યયુક્ત હોવાથી જગત્માં જે ' વીર ' એ પ્રમાણે પ્રખ્યાતિ પામેલા છે તેને, કહ્યું છે કે—

" **विदारयति यत् कर्म, तपसा च विराजते ।**
**तपोवीर्येण युक्तश्च, तस्माद् वीर इति स्मृतः ॥ १ ॥**

---

૧ પાલક કૃષ્ણનો પુત્ર હતો પણ અભવ્ય હતો.

૨ શ્રેણિક રાજાની દાસી, તે પણ અભવ્ય હતી.

તે વીરને-શ્રી વર્ધમાનસ્વામિને, કેવા પ્રકારના? '**त्रिलोकगुरुं**' ત્રણ લોકના (**तात्स्थ्यात् तद्व्यपदेशः** એ વચનથી) અર્થાત્ ત્રણ લોકમાં રહેનારા દેવ, મનુષ્ય, તિર્યંચ, અસુર વગેરેના ગુરૂ-તત્ત્વ સમજાવનાર તેને-ત્રણ ભુવનમાં રહેવાવાળા પ્રાણીઓને ઉદ્દેશી ધર્મનો ઉપદેશ કરનારને, વળી કેવા? '**लोकालोकप्रकाशकं**' લોક-જે ચૌદ રજ્જુસ્વરૂપ કેડ ઉપર સ્થાપેલ હાથવાળા અને તિર્છા ફેલાવેલા પગવાળા પુરૂષના આકારરૂપ, ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યોથી પરિપૂર્ણ છે, અને અલોક ફક્ત આકાશાસ્તિકાય રૂપ છે; તેના પ્રકાશક-કેવલજ્ઞાનવડે જાણકાર એવા. '**अहं**' એ પદવડે પોતાનો નિર્દેશ કર્યો છે. '**उद्धारगाथाभिः**' પ્રાચીન આચાર્યોએ રચેલાં શાસ્ત્રોમાંથી ઉદ્ધરેલી ગાથાઓવડે સંબોધની-શ્રોતાઓને આ ગ્રંથના સાંભળવા માત્રથી જ ઉત્પન્ન થનાર હિત ગ્રહણ, અહિતત્યાગરૂપ જ્ઞાનની '**सप्ततिः**' સીત્તેર ગાથા તે વડે ગુંથેલ ગ્રંથને '**रचयामि**' રચું છું. આ પ્રમાણે સાર છે-આ '**संबोधसप्तति**' હું મારી પોતાની મતિપૂર્વક નથી કહેતો, પરંતુ પૂર્વાચાર્ય વિરચિત ઘણા અર્થવાળી સંવેગરૂપ ગાથાઓને સ્વપરના હિત વાસ્તે એકત્ર કરીને લખું છું. એ કહેવાવડે ગ્રંથકારે પોતાના આ ગ્રંથનું નામ દર્શાવ્યું છે. ૧

તેમાં સઘલાં પરિપૂર્ણ ધર્માનુષ્ઠાનનું મોક્ષફલ હોવાથી પહેલાં મોક્ષનું કારણ બતાવવાપૂર્વક મોક્ષરૂપ ફલનેજ દર્શાવતા કહે છે—

**सेयम्बरो य आसम्बरो य, बुद्धो व अहव अन्नो वा ।**
**समभावभावियप्पा, लहई मुक्खं न संदेहो ॥ २ ॥**

**ગાથાર્થ**—શ્વેતાંબર, દિગંબર, બૌદ્ધ અથવા કોઈ પણ અન્ય સમભાવવડે ભાવિતાત્મા હોય, તે મોક્ષ મેળવે તેમાં સંદેહ નથી. ૨

**વ્યાખ્યાર્થ**—'**श्वेताम्बरः**' સફેદ વસ્ત્રવાળા, ઉપલક્ષણથી રજોહરણ, મુખવસ્ત્રિકા આદિ ઔઘિકઉપકરણો સહિત સ્થવિરકલ્પી વગેરે. શ્વેતાંબરપણું મહાવીરસ્વામિના તીર્થના સાધુઓની અપેક્ષાએ જાણવું. એ પદવડે સિદ્ધના પંદર ભેદોમાંથી '**जिण अजिणतित्थातित्थ**' એ ગાથામાં કહેલ 'સ્વલિંગસિદ્ધ' એવો

ભેદ દેખાડ્યો. તેમાં પોતાનાં ચિહ્ન રજોહરણાદિ રૂપમાં રહ્યા છતાં જે સિદ્ધ થયા તે 'સ્વલિંગસિદ્ધ' છે. તથા **'आशाम्बरः'** દિગંબર–પહેરવા વગેરેના વસ્ત્રોથી રહિત લોકપ્રસિદ્ધ જૈનનો એકદેશી મત વિશેષ. ( ગાથામાં જે બે 'ચ' શબ્દો છે તે તેઓને વિષે રહેલ અવાન્તર ભેદને સૂચવનારા છે. ) તથા **'बौद्धः'** બૌદ્ધમતાનુયાયી, ઉપલક્ષણથી નૈયાયિક વગેરે બીજાં દર્શનોને ધારણ કરનારા વલ્કલચીરી વગેરે સાધુઓ જાણવા. એ પદવડે **'अन्यलिङ्गसिद्धा'** એવો ભેદ દેખાડયો. **'अथवा अन्यो वा'** ઉપર જણાવેલ બે ભેદોથી બીજા ગૃહસ્થના લિંગને ધારણ કરનાર મરુદેવી વગેરે. **'समभावभावियप्पा'** સમશબ્દ સામાયિકના અર્થવાળો છે. તેને માટે **'आवश्यकनिर्युक्ति'** માં કહ્યું છે—

**"सामं समं च सम्मं, इगमिइ सामाइयस्स पगट्ठा ।**
**नामं–ठवणा–दविए, भावम्मि य तेसिं निक्खेवो ॥१॥"**

**અર્થ**—અહીં **सामं समं च सम्यक् इकम्** એ દેશી પદમાં ક્યારેક પ્રદેશ અર્થમાં વપરાય છે. સંપૂર્ણ શબ્દના અવયવને ઉદ્દેશીને કહે છે કે **'सामायिकस्य पकार्थकानि'** સામાયિકરૂપ એકજ અર્થને તે કહે છે. એ પદોના નિક્ષેપાને બતાવતા કહે છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવમાં નામાદિ વિષયમાં એ અર્થ થયો. તે સામ વગેરેનો નિક્ષેપ કરવો. તે આ પ્રમાણે–નામસામ, સ્થાપનાસામ, દ્રવ્યસામ અને ભાવસામ. એવી રીતે સમ અને સમ્યક્પદના નિક્ષેપા પણ જાણવા. તેમાં નામ અને સ્થાપના પ્રસિદ્ધજ છે. દ્રવ્યસામ વગેરેને પ્રતિપાદન કરતાં કહે છે—

**"महुरपरिणाम सामं, समं तुला सम्म खीरखंडजुयं ।**
**दोरे हारस्स चिई, इगमेयाइं तु दव्वंमि ॥ १ ॥"**

**અર્થ**—અહીં ઓઘથી મધુર પરિણામવાળું સાકર વગેરે દ્રવ્ય તે દ્રવ્યસામ. **'समं तुला'** ભૂત અર્થ વિચારવામાં **सम** તુલાદ્રવ્ય. **'सम्यक्'** ખીર ખાંડનું મિશ્રણ તે દ્રવ્યસમ્યક્ તથા સૂતરને દોરો મોતીઓને અનુસરીને ભાવિપર્યાયની અપેક્ષાએ 'હાર' મોતીઓના સમૂહમાં પ્રવેશ કરે તે દ્રવ્યઈક. આથીજ કહ્યું છે કે–આટલાં દ્રવ્યમાં આટલાં ઉદાહરણો દ્રવ્યમાં અર્થાત્ દ્રવ્ય-

વિષયમાં. હવે ભાવસામ વગેરેનું પ્રતિપાદન કરતા છતાં કહે છે—

**" आउवमाए परदुक्खमकरणं रागदोसमज्झत्थं ।**
**नाणाइतिगं तस्सायपोयणं भावसामाई ॥ १ ॥ "**

**અર્થ**—પોતાની ઉપમાએ (સમાન) બીજા જીવોને ગણીને બીજાને દુઃખ ન કરવું એ ભાવસામ જાણવું. ( આ ગાથામાં અનુસ્વાર છે તે અલાક્ષણિક છે. ) સાર એ છે કે–પોતાની જેમ બીજાને દુઃખ નહિ કરવાના પરિણામ તે ભાવસામ તથા '**रागद्वेषमाध्यस्थ्यं**' રાગદ્વેષને નહિ સેવવા વડે મધ્યસ્થપણું '**समः**' સર્વત્ર પોતાની તુલ્યસ્વરૂપે વર્તવું તથા જ્ઞાન વગેરે ત્રણ એકત્ર ( સમ્યગ્ એ પ્રમાણે જાણી લેવું. ) તે આવી રીતે– જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણની યોજનાનુંજ સારી રીતે મોક્ષનું સાધકપણું હોવાથી એ ભાવના '**तस्य**' પદવડે સામ વગેરેનો સંબંધ છે. '**आत्मनि प्रोतनं**' આત્મામાં પ્રવેશ '**इक**' કહેવાય છે. એથીજ કહે છે. '**भावसामादि**' ભાવસામાદિમાં આ ઉદાહરણો છે. એ ગાથાર્થ થયો. ( સામાયિક શબ્દની યોજના તો આવી રીતે જાણવી. અહીં આત્મામાંજ. '**साम्न इकं**' નૈરૂક્તનિપાતન થકી, 'જે લક્ષણવડે ન બનેલું હોય તે સઘળું નિપાતન થકી સિદ્ધ થાય છે.' એ ન્યાયથી **सामन्** શબ્દના નકારનો **आय** એવો આદેશ થવાથી **सामायिकम्** એવી રીતે સમ શબ્દનો આયાદેશ અથવા સમનો આય સમાય તેજ **सामायिकम्**. એવી રીતે બીજે પણ જાણવું. તેથી સમરૂપ જે ભાવ–અધ્યવસાય અથવા સમપણું– રાગદ્વેષરહિતપણું એવો ભાવ છે. તેનાવડે ભાવિત–વાસિત તેના સ્વરૂપે પરિણમેલો આત્મા–જીવ જેનો હોય, એવા પ્રકારનો હોતો છતો '**मोक्षं**' સર્વ કર્મના નાશ રૂપ મોક્ષને મેળવે છે. એમાં શંકા નથી. ભાવાર્થ એજ છે કે–જે સમાત્મા રાગ–દ્વેષથી રહિત હોય છે, તેજ મોક્ષ પદવીને પ્રાપ્ત કરે છે. કહ્યું છે કે—

**" रागद्वेषौ यदि स्यातां, तपसा किं प्रयोजनम् ? ।**
**तावेव यदि न स्यातां, तपसा किं प्रयोजनम् ? ॥ १ ॥ "**

**અર્થ**—" જો રાગદ્વેષ છે, તો તપ વડે શું પ્રયોજન છે?

અને જો તે બન્ને નથી તો તપ કરવાની શી જરૂર છે ? ૧ ” એથી મોક્ષપ્રાપ્તિમાં વેષની પ્રધાનતા નથી, પરંતુ સમભાવજ મોક્ષનું કારણ છે. એમ સૂચવ્યું. અહીં અન્યલિંગે, ગૃહિલિંગે જે મોક્ષનું પ્રતિપાદન કર્યું તે ભાવથી સમ્યકત્વને સ્વીકારનારને કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તરતજ કાળ કરનારને માટે જાણવું. અન્યથા જો તેઓ પોતાનું લાંબું આયુષ્ય જુવે તો સાધુના વેષને અવશ્ય સ્વીકારે. ૨

હવે પંચેંદ્રિયપણું, મનુષ્યપણું, આર્યદેશ, ઉચ્ચકુલમાં ઉત્પન્ન થવું. વગેરે સદ્ધર્મનાં સાધનોની સામગ્રીવડે શોભતા એ પણ મોક્ષનાં કારણ જ્ઞાન, ચારિત્રના આધારભૂત સમભાવના ઇચ્છક ભવ્યપુરૂષે શ્રી સમ્યગ્દર્શનને વિષેજ યત્ન કરવો જોઈએ. કારણ કે–સઘળાં ધર્માનુષ્ઠાનો પાળવાનું ફલ સમ્યકત્વ પૂર્વકજ થઈ શકે છે. તે માટે **આચારાંગ નિર્યુક્તિમાં** ( ગા. ૨૨૨ માં ) કહ્યું છે કે—

**तम्हा कम्माणीयं, जे उ मणो दंसणम्मि पययेज्जा ।**
**दंसणवतो हि सफलाणि, हुन्ति तव-नाण-चरणाणि ॥१॥** ”

**અર્થ**—“ તે કારણથી કર્મરૂપી સૈન્યને જીતવાના મનવાળા પ્રાણીએ દર્શનમાં પ્રયત્ન કરવો. કેમકે સમ્યકત્વવાન્ પુરૂષનાંજ તપ, જ્ઞાન અને ચારિત્ર સફલ થાય છે. તે સમ્યકત્વ, સુદેવ, સુગુરૂ અને સુધર્મના ઉપર દેવ ગુરૂ અને ધર્મબુદ્ધિરૂપ કહેવાય છે. કહ્યું છે કે–

“**या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः ।**
**धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥ १ ॥** ”

**અર્થ**—“ દેવમાં જે દેવ તરીકેની બુદ્ધિ, ગુરૂ તરફ ગુરૂપણાની મતિ અને ધર્મના ઉપર શુદ્ધ ધર્મબુદ્ધિ આ સમ્યકત્વ કહેવાય છે. ” અથવા ‘**तत्तत्थसद्दहणं सम्मत्तमसग्गहो न पयम्मि**’ એ સૂત્રના કથન પ્રમાણે ‘ તત્ત્વના સ્વરૂપમાં શ્રદ્ધા તે સમ્યકત્વ કહેવાય છે. એમાં અસદ્ગ્રહપણું નથી. ’ એમ જાણીને તેના આધારભૂત ત્રણે તત્વોના સ્વરૂપનેજ કહે છે.—

**अट्ठदसदोसरहिओ, देवो धम्मो य निउणदयसहिओ ।**
**सुगुरू य बम्भयारी, आरम्भपरिग्गहाविरओ ॥ ३ ॥**

**ગાથાર્થ**—અઢાર દોષોથી રહિત તે દેવ, નિપુણ દયાસહિત તે ધર્મ અને આરંભ–પરિગ્રહાદિથી વિરમેલ બ્રહ્મચારી તે સુગુરૂ જાણવા. ૩

**વ્યાખ્યાર્થ**—એવા પ્રકારના દેવ, ધર્મ અને ગુરૂ ત્રણ તત્ત્વ છે. અઢાર દોષો અજ્ઞાન વગેરે આગળ કહેવાશે તે દોષોથી રહિત દેવ અર્હન્ છે. તેમાં '**दिव्यति**' એટલે પરમાનન્દ પદમાં વિલાસ કરે તે દેવ. 'દેવ' એ પ્રમાણે કહ્યે છતે સામાન્યપણે હરિ, હર વિગેરે લોક પ્રસિદ્ધ દેવો પણ આવી જાય; તેથી ભિન્ન જણાવવા '**अष्टादशदोषरहितः**' એ પ્રૌઢ વિશેષણવડે યુક્ત અર્હન્ દેવની સિદ્ધિ કરી છે. ભાવાર્થ એવો છે કે–દેવ બુદ્ધિવડે આવા પ્રકારના દેવજ ધ્યાન કરવા લાયક છે. તથા '**धम्मो य निउणदयसहिओ**' (એ પદમાં ચ શબ્દ સમુચ્ચયને સૂચવે છે.) દુર્ગતિમાં પ્રસરતા (પડતા) જન્તુઓને જે ધારી રાખે તે ધર્મ કહેવાય છે. કહ્યું છે કે—

**" दुर्गतिप्रसृतान् जन्तून्, यस्माद् धारयते तथा।**
**धत्ते चैतान् शुभे स्थाने, तस्माद् धर्म इति स्मृतः ॥ १ ॥**

**અર્થ**—" જે કારણથી દુર્ગતિમાં પ્રસરતા જન્તુઓને ધારી રાખે છે અને તે જન્તુઓને શુભ સ્થલમાં સ્થાપે છે, તે હેતુથી 'ધર્મ' કહેવાય છે." લોકરૂઢિવડે દ્રવ્યધર્મ પણ ધર્મ કહેવાય, તેથી તેનાથી જુદો ઓળખાવવા '**निपुणदयासहितः**' એમ કહ્યું છે. નિપુણ એટલે જિનેશ્વરની આજ્ઞા પાળવા પૂર્વક જે દયા અર્થાત્ હિંસાનો ત્યાગ તે વડે સહિત. સાર એવો છે કે—સઘળું અનુષ્ઠાન કૃપા સહિતજ કરાતું છતું સિદ્ધિના કારણભૂત થાય છે. કહ્યું છે કે—

**" किच्चं पि धम्मकिच्चं, पूयापमुहं जिणिन्द-आणाए।**
**भूयमणुग्गहरहियं, आणाभंगाउ दुहदाइ ॥ १ ॥ "**

**અર્થ**—" પૂજા વગેરે ધર્મકૃત્ય પણ જિનેંદ્ર પરમાત્માની આજ્ઞાપૂર્વક કરવું જોઇએ અને તે જો પ્રાણીઓના અનુગ્રહથી (જયણા–અનુકંપા) રહિત હોય તો (જિનેંદ્રની) આજ્ઞાભંગથી વધારે દુઃખદાયી થાય છે " તેમજ કહ્યું છે કે—

**सव्वे जीवा वि इच्छन्ति, जीविउं न मरिज्जिऊं ।**
**तम्हा पाणिवहं घोरं, निग्गन्था वज्जयन्ति णं ॥ १ ॥ "**

**અર્થ**—" દરેક જીવો જીવવાને ઈચ્છે છે, મરવાને કોઈ ચાહતુ નથી. માટે ઘોર એવા પ્રાણિવધને નિર્ગ્રંથ પુરૂષો વર્જે છે.[૧]" બીજાઓએ પણ કહ્યું છે કે—

**" मातृवत् परदाराणि, परद्रव्याणि लोष्ठवत् ।**
**आत्मवत् सर्वभूतानि, यः पश्यति स पश्यति ॥ "**

**અર્થ**—" જે મનુષ્ય પરનારીને માતા સમાન, પરદ્રવ્યને માટીના ઢેફા સમાન અને દરેક પ્રાણીને પોતાની સમાન જુવે છે, તેજ વાસ્તવિક રીતે દેખે છે. " તેમજ વળી કહ્યું છે કે—

**" एवं खु नाणिणो सारं, जं न हिंसन्ति किंचणं ।**
**अहिंसासमयं चेव, एतावन्तं वियाणिया ॥ १ ॥ "**

**અર્થ**—" નિશ્ચયે કરીને જ્ઞાનિનો સાર એવોજ છે કે જેથી તેઓ કોઈ પણ જીવની હિંસા કરતા નથી. અહિંસાનો સિદ્ધાન્ત એટલોજ છે એમ જાણવું. "

**" किं ताए पढियाए, पयकोडीए पलालभूयाए ? ।**
**जं इत्तियं न नायं, परस्स पीडा न कायव्वा ॥ "**

**અર્થ**—પરાળ સમાન ( નિરર્થક ) કરોડો પદો ભણવાથી શું ? કે જેથી એટલું પણ ન જાણવામાં આવે કે બીજાને પીડા ન કરવી.

**" मातेव सर्वभूतानामहिंसा हितकारिणी ।**
**अहिंसैव हि संसारमरावमृतसारणिः ॥ १ ॥**

**અર્થ**—" અહિંસા એ સઘળા પ્રાણીઓને માતા સમાન હિત કરનારી છે. અહિંસા જ સંસારરૂપી મરૂભૂમિમાં અમૃતની નીક સમાન છે. "

**" अहिंसा दुःखदावाग्निप्रावृषेण्यघनावली ।**
**भवभ्रमरुगार्तानामहिंसा परमौषधी ॥ १ ॥ "**

**અર્થ**—" અહિંસા એ દુઃખરૂપી દાવાનળને બૂઝવવામાં વર્ષાકાળનાં વાદળાંઓની ઘટા સમાન છે. અહિંસા એ સંસારને વિષે ભ્રમણ કરવા રૂપ રોગથી પીડિત મનુષ્યોને શ્રેષ્ઠ ઔષધિ સમાન છે ૧ "

" **दीर्घमायुः परं रूपमारोग्यं श्लाघनीयता ।**
**अहिंसायाः फलं सर्वं, किमन्यत् कामदैव सा ॥ १ ॥** "

**અર્થ**—" લાંબું આયુષ્ય, શ્રેષ્ઠ રૂપ, નીરોગીપણું, પ્રશંસા એ સઘળું અહિંસાનું ફળ છે. વધારે શું ? તે વાંછિત વસ્તુને આપનાર છે. "

" **अहिंसा प्रथमो धर्मः, सर्वशास्त्रेषु विश्रुतः ।**
**यत्र जीवदया नास्ति, तत् सर्वं परिवर्जयेत् ॥ १ ॥** "

**અર્થ**—" સર્વ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ અહિંસા એ મુખ્ય ધર્મ છે. જેમાં જીવદયા ન હોય તે સઘળું ત્યાગ કરવું જોઈએ. "

" **सर्वे वेदा न तत् कुर्युः, सर्वे यज्ञाश्च भारत ! ।**
**सर्वे तीर्थाभिषेकाश्च, यत् कुर्यात् प्राणिनां दया ॥ १ ॥** "

**અર્થ**—હે યુધિષ્ઠિર ! પ્રાણીઓની દયા જે કરે છે, તેવું સઘળા વેદો, સઘળા યજ્ઞો અને સઘળા તીર્થોના અભિષેકો કરી શકતા નથી. "

" **ध्रुवं प्राणिवधो यज्ञे, नास्ति यज्ञस्त्वहिंसकः ।**
**सर्वसत्वेष्वहिंसैव, दयायज्ञो युधिष्ठिर ! ॥ १ ॥** "

**અર્થ**—" હે યુધિષ્ઠિર ! યજ્ઞમાં અવશ્ય પ્રાણીનો વધ થાય છે; હિંસા વગર યજ્ઞ થતો નથી; તેથી દરેક પ્રાણીઓ તરફ અહિંસા એ દયાયજ્ઞ જ ખરો યજ્ઞ છે. "

" **अन्धे तमसि मज्जामः, पशुभिर्ये यजामहे ।**
**हिंसा नाम भवेद् धर्मो, न भूतो न भविष्यति ॥१॥**

**અર્થ**—" જે અમો પશુઓ વડે યજ્ઞ કરીએ છીએ તે અતિશય અંધકારમાં ડુબીએ છીએ. હિંસા એ કદાપિ ધર્મ હોઈ શકે જ નહિં, કદાપિ થયો નથી અને થશે પણ નહિ. " તેમજ શ્રી

**આચારાંગસૂત્રમાં** બીજા અધ્યયનમાં ત્રીજા ઉદ્દેશામાં '**नत्थि कालस्सणागमो**' એ સૂત્રની વ્યાખ્યામાં આ જ રહસ્ય સૂચવેલ છે. તે આવી રીતે—કાળ એટલે મૃત્યુનું અનાગમન અર્થાત્ નહિં આવવાનો અવસર નથી. સારાંશ–સોપક્રમ આયુષ્યવાળા પ્રાણીની એવી કોઈ પણ અવસ્થા નથી કે જેમાં કર્મ રૂપી અગ્નિની અંદર રહેનાર જીવ લાખના ગોળાની જેમ પીગળે નહિ. કહ્યું છે કે—

**" शिशुमशिशुं कठोरमकठोरमपण्डितमपि च पण्डितं,**
**धीरमधीरं मानिनममानिनमपगुणमपि च बहुगुणम् ।**
**यतिमयतिं प्रकाशमपलीनमचेतनमथ सचेतनं,**
**निशि दिवसेऽपि सान्ध्यसमयेऽपि विनश्यति कोऽपि कथमपि॥१॥**

**અર્થ**—" બાળક હોય અથવા યુવા કે **વૃદ્ધ** હોય, કઠોર હોય કે કોમળ હોય, પંડિત હોય કે મૂર્ખ હોય, ધીર હોય કે ચપળ હોય, માની હોય અથવા માન રહિત હોય, ગુણોથી રહિત હોય અથવા ઘણા ગુણો સહિત હોય, યતિ હોય કે ગૃહસ્થ હોય, ખુલ્લો બેઠો હોય કે છાની રીતે સંતાઈ ગયેલો હોય, જડ જેવો હોય અથવા ચેતન હોય, ગમે તેવો હોય તેને રાત્રે, દિવસે અથવા સંધ્યા કાળે કોઈ પણ વખતે ને કોઈ પણ રીતે કાળ વિનાશ કરે છે." એવી રીતે મૃત્યુનું સર્વત્ર દુઃખદાયકપણું વિચારી અહિંસા વગેરેના પાલનમાં એકાગ્રતા (સાવધાનતા) રાખવી. **શ્રી સૂત્રકૃતાંગસૂત્રમાં** વીરસ્તવ નામના અધ્યયનમાં પણ કહ્યું છે કે—

**" दाणाण सेट्ठं अभयप्पयाणं, सच्चेसु वा अणवज्जं वयन्ति ।**
**तवेसु वा उत्तमबम्भचेरं, लोउत्तमे समणे नायपुत्ते ॥ १ ॥**

**અર્થ**—" સઘળાં દાનોમાં અભયદાન અને સઘળાં સત્યોમાં નિષ્પાપતા શ્રેષ્ઠ કહેવાય છે. સઘળાં તપમાં બ્રહ્મચર્ય ઉત્તમ તપ છે. અને સઘળા લોકોમાં ઉત્તમ શ્રમણ જ્ઞાતપુત્ર **મહાવીર** સ્વામી છે. ૧." બીજા ગ્રંથોમાં પણ કહ્યું છે કે—

**" क्रीडाभूः सुकृतस्य दुष्कृतरजःसंहारवात्या भवो-**
**दन्वन्नौर्व्यसनाग्निमेघपटली संकेतदूती श्रियाः ।**
**निःश्रेणिस्त्रिदिवौकसः प्रियसखी मुक्तेः कुगत्यर्गला**
**सत्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषैः परैः ॥ १ ॥ "**

**અર્થ**—" પુણ્યને ક્રીડા કરવાની પૃથ્વી, પાપરૂપ ધુલને નાશ કરવામાં પવનના સમૂહ રૂપ, સંસારરૂપ સમુદ્રને તરવામાં વહાણ સમાન, સંકટરૂપ અગ્નિને શાંત કરવામાં મેઘમંડળ સમાન, લક્ષ્મીની સાથે સંકેત કરી મેળવી આપવામાં દૂતી સમાન, સ્વર્ગમાં આરોહણ કરવાને નીસરણી સમાન, મુક્તિની વ્હાલી સખી અને કુગતિને અટકાવવામાં અર્ગલા સમાન એવી કૃપા—દયા દરેક પ્રાણિયો તરફ કરો. બીજા સઘળા કલેશોથી સર્યું."

તથા '**सुगुरुश्च**' ધર્મશાસ્ત્રના અર્થનો ઉપદેશ આપે તે ગુરૂ જ્ઞાન—આદિ ગુણગણવડે યુકત હોવાથી અને શ્રેષ્ઠ શાસ્ત્રોના ઉપદેશકપણાવડે ગૌરવને યોગ્ય એવા શ્રેષ્ઠ ગુરૂ તે સુગુરૂ તે કોણ? '**ब्रह्मचारी**' બ્રહ્મચર્યશબ્દ મૈથુન થકી વિરામનો વાચક છે; અને ઓઘ થકી સંયમનો વાચક છે. તેવું બ્રહ્મચર્ય જેને હોય તે બ્રહ્મચારી અર્થાત બ્રહ્મચર્યનો પાળનાર. બધા ધર્મોમાં દુઃખે કરી પાળી શકાય એવો બ્રહ્મવ્રત સમાન બીજો કોઈ પણ ધર્મ નથી. કહ્યું છે કે—

" **जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ।**
**पत्थितो अबंभं, बंभा वि न रोयए मज्झं ॥ १ ॥**

**અર્થ**—જો [1]સ્થાની, મૌની, મુંડ, વલ્કલધારી અગર તપસ્વી બ્રહ્મા પણ જો અબ્રહ્મ ( મૈથુન ) ની પ્રાર્થના કરનાર હોય તો તે મને રૂચતો નથી. તથા કહ્યું છે કે—

" **छट्ठट्ठमदसमाई, तवमाणा वि हु अईव उग्गतवं ।**
**अक्खलियसीलधवला, जयंमि विरला महामुणिणो ॥ १ ॥**
**जं लोए वि सुणिज्जइ, नियतवमाहप्परंजियजया वि ।**
**दीवायण-विसामित्त-पमुहरिसिणो वि पब्भट्ठा ॥ २ ॥"**

**અર્થ**—છઠ્ઠ, અઠ્ઠમ, દશમ વગેરે પ્રકારનાં અત્યંત ઊગ્ર તપને તપતા છતાં પણ અસ્ખલિત શીલ વડે ઉજ્વલ એવા મહામુનિઓ જગત્‌માં વિરલા જ જોવામાં આવે છે. કારણ કે— લોકમાં પણ સંભળાય છે કે—પોતાનાં તપના માહાત્મ્યવડે

---

૧ આસન કરી એક સ્થાને રહેનાર.

જગત્‌ને રંજિત કરનાર દ્વૈપાયન, વિશ્વામિત્ર પ્રમુખ ઋષિયો પણ પોતાના શીલ થકી **ભ્રષ્ટ** થયા હતા ૨; એ કારણથીજ બીજા ગ્રંથોમાં કહ્યું છે કે—

**" न हु किंचि अणुन्नायं, पडिसिद्धं वा वि जिणवरिन्देहिं ।**
**मुत्तुं मेहुणभावं, ण तं विणा रागदोसेहिं ॥ १ ॥ "**

**ભાવાર્થ**—તીર્થંકરોએ સાવદ્યરૂપ કાંઈ પણ અનુજ્ઞા આપેલ નથી. તેમજ અસંસ્તરણાદિમાં સાવદ્યનો પણ અંગીકાર કરેલો હોવાથી સાવદ્યરૂપ એકાંતે નિષેધેલ નથી. ઉત્સર્ગ અને અપવાદ એ બે ભેદો વડે કરીને બંને સર્વ વ્રતોમાં સંમતિ અને નિષેધ કરેલ છે. પૂજ્ય શ્રી **જિનવલ્લભસૂરિએ** કહ્યું છે કે—

**" संथरणंमि असुद्धं, दोण्ह वि गिण्हंतर्दितियाण हियं ।**
**आउरदिट्ठन्तेणं, तं चेव हियं असंथरणे ॥ १ ॥ "**

**અર્થ**—" સંથારામાં અશુદ્ધ, ગ્રહણ કરનાર અને દેનાર બંનેને પણ રોગીના દૃષ્ટાન્તવડે હિત છે અને તેજ અસંથારામાં હિત છે. ૧ "

પરંતુ મૈથુનભાવને મુકીને અર્થાત્ ચોથાવ્રતના ભંગને છોડીને; કારણ કે—તેમાં ઉત્સર્ગ અને અપવાદ નથી. કેમકે તે રાગ—દ્વેષ વિના સંભવતું નથી. અને તે રાગ-દ્વેષ જ સંસારના મૂળ આરંભના થાંભલા છે. કહ્યું છે કે—

**" को दुक्खं पाविज्जा ?, कस्स व सुक्खे हि विम्हओ हुज्जा ? ।**
**को व न लहिज्ज मुक्खं ?, रागद्दोसा जइ न होज्जा ॥ १ ॥ "**

**અર્થ**—" જો રાગ અને દ્વેષ ન હોત તો આ જગત્‌માં કોણ દુ:ખ પામત? અથવા કોને સુખમાં વિસ્મય થાત ? અથવા મોક્ષને કોણ ન મેળવત ? અર્થાત્ રાગ અને દ્વેષના અભાવમાં જગત્‌માં કોઈ દુ:ખી હોઈ શકે નહિ અને સર્વ કોઈ મોક્ષમાં નિવાસ કરનાર થઈ સુખી હોવાથી કોઈને પણ સુખમાં આશ્ચર્ય થાય નહિ. ૧ "

તેથી **બ્રહ્મચર્યવાન્** એમ કહ્યું છે. એ વ્રતનો આરાધક અસત્ય બોલતો નથી. તથા અદત્ત વસ્તુને પણ ગ્રહણ કરતો નથી.

એથી બીજું અને ત્રીજું મહાવ્રત ઉપરથી જાણી લેવું. દુઃશીલ મનુષ્ય અસત્ય જ બોલે છે. કારણ કે–' કામી પુરૂષોને સત્ય હોતું નથી ' તથા તીર્થંકરાદિએ ન આપેલ વસ્તુને જ તે સ્વીકારે છે. વળી કેવો ? ' **आरंभपरिग्गहाविरओ** ' આરંભ–જીવને ઉપદ્રવ કરવો. આરંભપદ સંરંભ અને સમારંભનું ઉપલક્ષણ છે. કહ્યું છે કે–" સંકલ્પ તે સંરંભ, પરિતાપ કરનાર સમારંભ હોય છે. સઘળા શુદ્ધનયથી તો ઉપદ્રવ તે આરંભ જાણવો. " અને પરિગ્રહ–ધનધાન્યાદિનો સ્વીકાર. તે આરંભ અને પરિગ્રહ બન્નેથી નિવૃત્ત થએલા હોવા જોઈએ. ( મૂળમાં પ્રાકૃત હોવાથી દીર્ઘ થએલ છે. સમાહારદ્વન્દ્વ કર્યે છતે આરંભ અને પરિગ્રહથી વિરામ પામેલા એમ થઈ શકે, પરંતુ અદ્રવ્યવાચિ વિરૂદ્ધ પદાર્થોનો દ્વન્દ્વ એકવત્ વિકલ્પે કહેલ હોવાથી કામ અને ક્રોધની જેમ આ બન્નેનો પણ પરસ્પર વિરોધ ન હોવાથી એકવદ્ભાવ ઘટતો નથી. ) આ વિશેષણો વડે પ્રથમ પંચમહાવ્રતની સૂચના કરી તેથી પંચમહાવ્રતધારક જગત્ના જંતુઓનો નિસ્તાર કરનાર સુસાધુ હોય છે. એમ કહ્યું. ૩

પૂર્વમાં અઢાર દોષથી રહિત દેવ હોય છે, એમ કહ્યું; તે અઢાર દોષો નીચેની બે ગાથામાં જણાવવામાં આવે છે. તે દોષોથી રહિત દેવને નમસ્કાર કરૂં છું.

**अन्नाण[1] कोहे[2] मय[3] माण[4] लोहे[5] माया[6] रई[7] अ अरई[8] अ ।**
**निद्दा[9] सोय[10] अलियवयण[11] चोरिया[12] मच्छर[13] भया[14] य ॥ ४ ॥**
**पाणिवह[15] पेम[16] कीलापसंग[17] हासा[18] य जस्स इय दोसा ।**
**अट्ठारस वि पणट्ठा नमामि देवाहिदेवं तं ॥ ५ ॥**

**ગાથાર્થ:**—અજ્ઞાન ૧, ક્રોધ ૨, મદ ૩, માન ૪, લોભ ૫, માયા ૬, રતિ ૭, અરતિ ૮, નિદ્રા ૯, શોક ૧૦, મૃષા ભાષણ ૧૧, ચોરી ૧૨, મત્સર ૧૩, ભય ૧૪, પ્રાણિવધ ૧૫, પ્રેમ ૧૬, ક્રીડા પ્રસંગ ૧૭, હાસ્ય ૧૮. એ અઢારે દોષો જેના નાશ પામ્યા હોય તે દેવાધિદેવને હું પ્રણામ કરૂં છું. ૪–૫.

**વ્યાખ્યાર્થ**—અજ્ઞાન=સંશય, અનધ્યવસાય અને વિપરીતતારૂપ મૂઢતા ૧, ક્રોધ=કોપ ૨, મદ=કુલ, બળ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યા ઈત્યાદિનો ( વડે ) અહંકાર કરવો તે અથવા બીજાનો પરાભવ કરવામાં કારણરૂપ ૩, માન=દુરાગ્રહનું ન મૂકવું તે અથવા યુક્ત વચનનું ન ગ્રહણ કરવું તે ૪, લોભ=લુબ્ધતા આસક્તિ ૫, માયા=દંભ ૬, રતિ=ઇષ્ટપદાર્થ ઉપર મનની પ્રીતિ ૭, અરતિ=અનિષ્ટ સંયોગથી ઉત્પન્ન થતું માનસિક દુઃખ ૮, નિદ્રા=શયન–ઉંઘ લેવી તે ૯, શોક=ચિત્તની વિહ્વલતા ૧૦, અલિક વચન=અસત્ય બોલવું તે ૧૧, ચોરિકા=બીજાના દ્રવ્યને અપહરવું તે ૧૨, મત્સર=બીજાની સંપત્તિને ન સહન કરવી તે ૧૩, ભય=બીક ૧૪, પ્રાણિવધ=પ્રાણિયોનો નાશ કરવો તે ૧૫, પ્રેમ=સ્નેહવિશેષ ૧૬, ક્રીડાપ્રસંગ=ક્રીડામાં આસક્તિ ૧૭, હાસ=હાસ્ય ૧૮ એ અઢારે દોષો જેના બિલકુલ નષ્ટ થયા હોય તે દેવાધિદેવને ભક્તિથી નમ્ર બની નમસ્કાર કરૂં છું. સર્વ દોષોથી રહિત હોવાથી તેજ દેવ સર્વદેવોમાં વિશિષ્ટ છે. ૪–૫.

એવા પ્રકારના દેવાધિદેવે સુર, અસુર, નર, તિર્યંચોની પાસે અહિંસા રૂપ ધર્મ પ્રરૂપ્યો તેથી અહિંસાને જ નીચેની ગાથામાં વર્ણવે છે.

**सव्वाओ वि नईओ, कमेण जह सायरम्मि निवडंति ।**
**तह भगवई अहिंसं, सव्वे धम्मा समल्लिंति ॥ ६ ॥**

**ગાથાર્થ**—જેમ બધી નદીઓ અનુક્રમે સમુદ્રમાં આવે છે; તેમ બધા ધર્મો ભગવતી અહિંસાને આવી મળે છે. ૬

**વ્યાખ્યાર્થ**—સમસ્ત ગંગા, સિંધુ વગેરે નદીઓ જેવી રીતે લવણસમુદ્ર વગેરેમાં પરંપરાએ પ્રવેશ કરે છે; તેવી રીતે પૂજ્ય દયા પ્રત્યે છએ દર્શનોના ઇષ્ટ ધર્મો આશ્રિત બને છે. ભાવાર્થ એજ કે છએ દર્શનો દયાને માને છેજ. ૬

અહિંસાના આરાધક સાધુઓ જ હોય, તેથી બે ગાથાઓ વડે તેઓને જ શરણરૂપે સ્વીકારતા કહે છે કે—

**ससरीरे वि निरीहा, बज्झाब्भिंतर परिग्गहविमुक्का ।**
**धम्मोवगरणमित्तं, धरंति चारित्तरक्खट्ठा ॥ ७ ॥**
**पंचिंदिय दमणपरा, जिणुत्तसिद्धन्तगहियपरमत्था ।**
**पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ॥ ८ ॥**

**ગાથાર્થ**—પોતાના શરીર ઉપર પણ સ્પૃહા વિનાના, બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારના પરિગ્રહથી રહિત, તથા જેઓ ચારિત્રની રક્ષા માટે માત્ર ધર્મનાં ઉપકરણોને જ ધારણ કરે છે. ૭ જેઓ પાંચે ઇંદ્રિયોને દમવામાં તત્પર છે. અને જિનેંદ્ર પરમાત્માના સિદ્ધાંતથી જેમણે પરમાર્થ ગ્રહણ કર્યો છે, જેઓ પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિયુક્ત છે, એવા ગુરૂમહારાજ મારે શરણરૂપ હો. ૮

**વ્યાખ્યાર્થ**—આવા પ્રકારના ગુરૂઓ મને શરણરૂપ થાઓ. ( '**भवन्तु**' એવું અધ્યાહારથી અહીં જાણી લેવું ) કેવા પ્રકારના ગુરૂઓ ? પોતાના દેહ તરફ પણ નિસ્પૃહ.

" **मंसट्ठिरुहिरण्हारूवणद्धकलमलयमेयमज्जासु ।**
**पुण्णम्मि चम्मकोसे दुग्गन्धे असुइबीभच्छे ॥ १ ॥**
**संचारिमजंतगलंतवच्चं मुत्तंतसयलपुण्णम्मि ।**
**देहे होज्जा किं रागकारणं असुइहेउम्मि ? ॥ २ ॥** "

**ભાવાર્થ**—માંસ, હાડકાં, લોહી, સ્નાયુથી મઢેલ અને વીર્ય, મલ, મેદ, મજ્જાથી પૂર્ણ તથા અપવિત્રતાથી બીભત્સ દુર્ગંધિ ચામડાના કોશરૂપ અશુચિના કારણભૂત આ દેહને વિષે રાગનું કારણ શું હોય ? ૧. અર્થાત્ વાસ્તવિક રીતે વિચારતાં શરીરમાં રાગ કરવાનું કાંઇ કારણ નથી. તથા **શ્રીઆચારાંગ**માં કહ્યું છે કે– " **भेउरधम्मं विद्धंसणधम्मं अधुवं अणितयं असासयं चयावचयइयं विपरिणामधम्मं** " ઇત્યાદિ. ભાવાર્થ—" ભિન્ન થવાના સ્વભાવ વાળું, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, ચય–અપચય સ્વભાવવાળું અને ફેરફાર થવાના સ્વભાવવાળું આ શરીર છે. " તેમજ કહ્યું છે કે—

" **दीप्तोभयाग्रवातारिदारूदरगकीटवत् ।**
**जन्म-मृत्युभयाश्लिष्टे शरीरे बत ! सीदसि ॥ १ ॥** "

**ભાવાર્થ**—" દીપ્ત થયેલા બન્ને તરફના અગ્રભાગવાળા વાતારિ ઝાડના લાકડાની અંદરના કીડાની માફક હે જીવ ! જન્મ-મરણ એ બન્ને વડે વ્યાપ્ત થયેલા એવા આ શરીરમાં ખેદની વાત છે કે તું સીદાય ( મુંઝાઈ દુઃખી થાય ) છે. ૧ "

એ પ્રમાણે ભાવના ભાવતા જેઓ શરીર રક્ષાને પણ નથી કરતા, તો પરિજન આદિની રક્ષામાં તો તેમની પ્રવૃત્તિનો બિલકુલ અભાવ હોય જ. એ અપિશબ્દનો અર્થ સૂચવે છે.

વળી કેવા પ્રકારના ? '**बाह्याभ्यन्तरपरिग्रहविमुक्ताः**' ( દ્વન્દ્વસમાસના અન્તે રહેલો પરિગ્રહ શબ્દ બન્નેને જોડાય છે. ) બાહ્યપરિગ્રહ અને આભ્યંતરપરિગ્રહ. તેમાં બાહ્યપરિગ્રહ ધન, ધાન્ય, ખેતર, વાસ્તુ, રૂપું, સોનું, ચોપગાં, બેપગાં અને બીજી ધાતુઓ એમ નવ પ્રકારે મનાય છે.

આભ્યંતરપરિગ્રહ. ૧ મિથ્યાત્વ, ૩ વેદ, ૬ હાસ્યાદિ, ૪ કષાય એ ભેદો વડે ચૌદ પ્રકારે જાણવો. કહ્યું છે કે—

" **मिच्छत्तं वेयतिगं हासाई छक्कगं च बोधव्वं ।**
**कोहाईण चउक्कं चउदस अब्भिंतरा गण्ठी ॥ १ ॥** "

એનો ભાવાર્થ ઉપર આવી ગયો છે. તે બન્ને પ્રકારના પરિગ્રહોથી રહિત હોય છે. બાહ્ય પરિગ્રહમાં પ્રાણિવધ ઈત્યાદિ જરૂર થાય છે. તે આવી રીતે–ગધેડાં, ઉંટ વગેરે જીવોનો પરિગ્રહ હોતે છતે તેનાથી ઉત્પન્ન થતી જીવહિંસા, તથા ઈર્ષ્યા વગેરે કારણોથી મિથ્યા પ્રશંસા કરવા વડે મૃષા, જકાત વગેરેનો ભંગ કરવાથી અદત્ત, ગાય વગેરે તરફ સાંઢ વગેરેને મૂકવાથી મૈથુન, પોતાની કાયા વડે પણ બ્રહ્મચર્યનું પાળવુંજ મુશ્કેલ છે. ત્હેને પણ કઠિનતાથી પાળતો કોણ બીજાઓને બ્રહ્મચર્યના ખંડનમાં નથી પ્રવર્તાવતો ? એ પ્રમાણે પરિગ્રહથી સર્વ વ્રતોના અતિચારનો સંભવ રહે છે. તથા કહ્યું છે કે—

" **सयलाणत्थनिमित्तं आयासकिलेसकारणमसारं ।**
**नाऊण धणं धीमं न हु लुब्भइ तम्मि तणुयं पि ॥ १ ॥** "

**ભાવાર્થ**—" સકલ અનર્થોના નિમિત્તભૂત અને આયાસ તથા ક્લેશના કારણરૂપ તેમજ અસાર એવા ધનને જાણી બુદ્ધિમાન્ પુરૂષ તેમાં લેશ માત્ર પણ લુબ્ધ થતો નથી. ૧ " તથા—

" **अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे ।
आये दुःखं व्यये दुःखं धिगर्थं दुःखसाधनम् ॥ १ ॥** "

**ભાવાર્થ**—" દ્રવ્યના મેળવવામાં દુઃખ, મેળવેલ દ્રવ્યનું રક્ષણ કરવામાં દુઃખ, દ્રવ્યના લાભમાં દુઃખ અને દ્રવ્યના વ્યયમાં પણ દુઃખ રહેલું છે. એવા દુઃખના કારણભૂત દ્રવ્યને ધિક્કાર હો. ૧ " તથા કહ્યું છે કે—

" **राजा रोक्ष्यति किन्नु मे हुतवहो दग्धा किमेतद् धनं ?
किं चामी प्रभविष्णवः कृतनिभं लास्यन्त्यदो गोत्रिकाः ? ।
मोषिष्यन्ति च दस्यवः किमु तथा नंष्टा निखातं भुवि ?,
ध्यायन्नेवमहर्निशं धनयुतोऽप्यास्तेतरां दुःखितः ॥ १ ॥** "

**ભાવાર્થ**—" શું રાજા મને દંડશે ?, અગ્નિ મ્હારા આ ધનને શું બાળી નાખશે ?, ગોત્રના માણસો આ ધનને સરખે ભાગે વહેંચી લેવામાં સમર્થ થશે ?, ચોર લોકો શું ચોરી જશે ?, પૃથ્વીમાં દાટેલું શું નાશ પામશે ? એવી રીતે રાત દિવસ ચિંતવતો ધનવાન્ દુઃખી રહે છે. " તેમજ કહ્યું છે કે—

" **अर्थार्थं नक्रचक्राकुलजलनिलये केचिदुच्चैस्तरन्ति,
प्रोद्यच्छस्त्राभिघातोत्थितशिखिकणकं जन्यमन्ये विशन्ति ।
शीतोष्णाम्भःसमीरग्लपिततनुलताः क्षेत्रिकां कुर्वतेऽन्ये,
शिल्पं चानल्पभेदं विदधति च परे नाटकाद्यं च केचित् ॥१॥** "

**ભાવાર્થ**:—" દ્રવ્યને માટે કેટલાક મનુષ્યો મગર આદિ જંતુસમૂહથી વ્યાપ્ત એવા સમુદ્રમાં ઉલટથી તરે છે ( દરિયા માર્ગે મુસાફરી ખેડે છે, ) બીજા કેટલાક જીવો ઉછળતા શસ્ત્રોના પ્રહારથી ઉત્પન્ન થએલ અગ્નિકણીયાવાળા યુદ્ધમાં જાય છે, બીજા કેટલાક પ્રાણીઓ ટાઢ, તડકો, પાણી, પવનનાં કષ્ટોથી શરીરરૂપી લતાને ગ્લાનિ થાય તેવી રીતે ખેતી કરે છે અને બીજા કેટલાક અનેક પ્રકારની શિલ્પ કળાને તથા નાટકાદિ કરે છે. ૧ " તથા—

"द्रव्याधीन नो निरुणद्धि मृत्युजननज्यानिक्षये न क्षमं;
नेष्टानिष्टवियोगयोगहृतिकृत् सध्र्यङ् न वा प्रेत्य च ।
चिन्ताबन्धुविरोधबन्धनवधत्रासास्पदं प्रायशो,
वित्तं चित्तविचक्षणः क्षणमपि क्षेमावहं नेक्षते ॥ १ ॥"

**ભાવાર્થ**—"દ્રવ્ય વ્યાધિઓને અટકાવી શકતું નથી, મરણ, જન્મ, જરાનો નાશ કરવામાં સમર્થ નથી, ઇષ્ટનો વિયોગ ટાળનાર નથી, અનિષ્ટ યોગોને હરનાર નથી, અથવા પરલોકમાં સાથે આવતું નથી, પ્રાયે ચિંતા, બંધુઓ સાથે વિરોધ, બંધન, વધ અને ભયનું સ્થાન છે; એવા દ્રવ્યને આત્મજ્ઞાની વિચક્ષણ પુરૂષ ક્ષણમાત્ર પણ ક્ષેમ—કુશલતા કરનાર જોતા નથી. ૧" તથા કહ્યું છે કે—

"દ્રવ્યના અર્થી પ્રાણિઓ રાજાને સેવે છે, વિનય દેખાડે છે, સભ્યતાપૂર્વક વચન બોલે છે, રાતદિવસ તેઓની આગળ દોડે છે, તેઓના પગ મર્દન કરે છે, અશુચિ સ્થાનોને ધોવે છે, તેઓના વચન પ્રમાણે સર્વ અધમ કર્મોને કરે છે, અથવા વેપારમાં પ્રવર્તે છે, મુગ્ધ વિશ્વાસી મનુષ્યોને ઠગે છે, દેશાંતરોમાં જાય છે, ટાઢ, તાપ, વેદનાને સહન કરે છે, ક્ષુધા, તૃષા સહન કરે છે, મૂળ દ્રવ્યના નાશથી ક્લેશ પામે છે. બહુ કહેવાથી શું ?

"तं नत्थि जं न पत्थिंति, नेय सेवंति जं न पणमंति ।
किं किं न कुणंति नरा, नडिया आसापिसाईए ॥ १ ॥"

**ભાવાર્થ**:—"આશારૂપ પિશાચીવડે વિડંબના પામેલા મનુષ્યો, તેવી કોઈ વસ્તુ નથી, તેવો કોઈ પુરૂષ નથી કે જેની પાસે જે વસ્તુની પ્રાર્થના ન કરે; તેવો કોઈ નથી કે જેને ન સેવે, પ્રણામ ન કરે. તેઓ શું શું નથી કરતા ? અર્થાત્ ન કરવાનું પણ સઘળું કરે છે. ૧"

આભ્યંતર પરિગ્રહ તો દોષરૂપજ કહેવાય છે. કારણ કે મિથ્યાત્વ વગેરે આંતરિક પરિગ્રહ અનંત ભવમાં ભ્રમણ કરાવનાર છે. એવી રીતે પરિગ્રહને સકલ અનર્થોના કારણરૂપ જાણીને જેઓ સર્વથા દુર્જનોની સંગતિની માફક તે બંને પ્રકારના પરિગ્રહના

ત્યાગ કરનારા હોય છે. તથા જેઓ સંયમના પરિપાલન માટે ( **धर्मोपकरणमात्रं** એમાં રહેલો માત્ર શબ્દ **ब्राह्मणमात्रमानय** એ વાક્યની માફક બીજાની નિવૃત્તિરૂપ અર્થવાળો છે. ) ધર્મનાં ઉપકરણનેજ ધારણ કરે છે. તેમાં જિનકલ્પિ મુનિઓને નીચે જણાવેલ ઉપધિ રાખવાની હોય છે.

" **पत्तं पत्ताबन्धो, पायट्ठवणं च पायकेसरिया ।**
**पडलाइँ रयत्ताणं, गोच्छओ पायनिज्जोगो ॥ १ ॥**
" **तिन्नेव य पच्छागा रयहरणं चेव होइ मुहपत्ती ।**
**एसो दुवालसविहो, उवही जिणकप्पियाणं तु ॥ २ ॥** "

**ભાવાર્થ**—જેનાવડે વ્રતધારી ઉપકૃત થાય તે **ઉપકરણ**, આત્માની સમીપે સંયમને ટકાવી રાખવા વસ્તુનું ગ્રહણ કરવું તે **ઉપગ્રહ**, ઉપગ્રહ જેનું પ્રયોજન હોય તે **ઔપગ્રહિક**. અર્થાત્ કારણ પ્રાપ્ત થયે છતે સંયમ-યાત્રાને વાસ્તે જે ગ્રહણ કરાય, પરંતુ નિત્ય નહિ તે **ઔપગ્રહિક**. તેમાં પણ **ઔધિક** ઉપધિ ૧ ગણના પ્રમાણવડે, ૨ પ્રમાણ પ્રમાણવડે. એમ બે પ્રકારે છે. તેમાં ગણના પ્રમાણ એક બે ત્રણ ઇત્યાદિ પ્રકારે અને પ્રમાણ પ્રમાણ તો લંબાઈ, પહોળાઈ ઇત્યાદિ પ્રકારે. એવી રીતે **ઔપગ્રહિક** ઉપધિના પણ બે ભેદો જાણી લેવા. તેમાં અહીં જિનકલ્પિઓની **ઔધિક** ઉપધિ ગણના પ્રમાણથી પ્રતિપાદન કરવામાં આવે છે. તેમાં પાત્ર=પાતરાં. ૧, પાત્રબંધ=જે ચોખંડા વસ્ત્રના કટકાવડે પાતરાં ધારી રખાય તે ( ઝોળી ) ૨, પાત્રસ્થાપન=કંબલમય વસ્ત્ર કે જેમાં પાતરાં સ્થાપન કરવામાં આવે છે ૩, પાત્રકેસરિકા=પાત્ર પ્રત્યુપેક્ષણિકા કે જે **ચિલિમિલિકા** ( ચરવલી ) એવા નામથી પ્રસિદ્ધ છે ૪, પટલ=( પડલાં ) ભિક્ષા માટે ભ્રમણ કરતાં જે પાતરાંઓની ઉપર રખાય છે ૫, રજસ્ત્રાણ=પાતરાંનાં વીંટણાં ( પ્રાકૃત હોવાથી સૂત્રમાં એકવચન બતાવ્યું છે. ) ૬, ગોચ્છક= ( ગુચ્છો ) કામળના કટકારૂપ હોય છે કે જે પાતરાં ઉપર રખાય છે ૭, આ સાતે પ્રકારનો પાતરાંઓનો પરિકર છે. તથા ત્રણજ પ્રચ્છાદક=પ્રાવરણ[1]

---

[1] શરીર ઉપર ઓઢવા-ધારણ કરવાના કપડાં.

વસ્ત્ર, બે સૂત્રમય અને એક ઉનમય મળીને હોય છે. તથા રજોહ-રણ=ઓઘો ૧૧ અને મુહપત્તિ ૧૨. આ બાર પ્રકારનો ઉપધિ ઉત્કૃષ્ટથી જિનકલ્પિઓને હોય છે.

અને સ્થવિર કલ્પિઓને તો ચૌદ પ્રકારનો ઉપધિ હોય છે. તે આ પ્રમાણે—

**" एए चेव दुवालस, मत्तग अइरेग चोलपट्टो उ ।**
**एसो चउदसरूवो, उवही पुण थेरकप्पम्मि ॥ १ ॥ "**

**ભાવાર્થ**—" જિનકલ્પિઓને ઉપર બતાવેલી પાતરાંથી લઇને મુહપત્તી સુધીના બાર પ્રકારની ઉપધિ ઉપરાંત **માતરીયું** ( પાત્ર વિશેષ ) ૧૩ અને ચોલપટ્ટો ૧૪, એ બંને મેળવતાં સ્થવિર કલ્પિઓને ગણના પ્રમાણથી ચૌદ પ્રકારની ઉપધિ હોય છે. ૧ "

કારણ વિના અધિક ઉપકરણો ગ્રહણ કરવામાં પાસત્થાપણું થાય છે. એ સંબંધે શ્રી **ધર્મદાસ ગણિ ક્ષમાશ્રમણજી**એ **ઉપદેશમાળા**માં કહ્યું છે કે—

**" धम्मकहा उ अहिज्जइ, घराघरिं भमइ परिकहंतो य ।**
**गणणाइपमाणेण य, अइरित्तं वहइ उवगरणं ॥ १ ॥ "**

**ભાવાર્થ**—" ધર્મકથા આજીવિકા વાસ્તે ભણે અને તે કથાઓને કહેતો છતો ઘરે ઘરે ભમે તેમજ ગણનાદિ પ્રમાણવડે અધિક ઉપગરણ વહન કરે ( રાખે ) કહ્યું છે કે—

**" जिणा बारसरूवाइं, थेरा चोद्दसरूविणो ।**
**अज्जाणं पन्नवीसं तु, अओ उड्ढं उवग्गहो ॥ १ ॥ "**

**ભાવાર્થ**—" જિનકલ્પિઓ બાર પ્રકારની ઉપધિઓને ધારણ કરનારા હોય છે, તથા સ્થવિર કલ્પિઓ ચૌદ પ્રકારની ઉપધિને ધારણ કરે છે, સાધ્વીઓને પચ્ચીશ પ્રકારની ઉપધિ રાખવી કહી છે. તેથી અધિક હોય તો **ઉપગ્રહ** કહેવાય છે. " એ પ્રમાણે, તથા પ્રમાણ પ્રમાણવડે—

**' कप्पा आयपमाणा, अड्ढाइज्जाउ आयया हत्था । '**

**ભાવાર્થ**—' પોતાના શરીર પ્રમાણે ( લાંબા ) કલ્પ (કપડા) અઢી હાથ પહોળા હોય છે.' ઈત્યાદિવડે ઉપર મુજબ કહ્યાથી અધિક ઉપકરણ ( સ્વેચ્છાથી ) વહન કરે તો તે પાસથ્થો કહેવાય છે.

વળી તે કેવા પ્રકારના ? '**पंचिंदियदमणपरा**' ઇંદ્રિય= ( '**इदि परमैश्वर्ये**' એ ધાતુથી સર્વ ઉપલબ્ધિ ભોગ પરમૈશ્વર્યના સંબંધથી ઇંદ્ર=જીવ ) જીવનું ચિહ્ન, જીવે જોયેલું, સ્પર્શેલું ઈત્યાદિ. ( '**इन्द्रियमिन्द्रियलिङ्गम्**' ઇત્યાદિ સૂત્રવડે નિપાતન કરવાથી સિદ્ધ થાય છે. ) અને તે ઇન્દ્રિય બે પ્રકારે છે. ૧ દ્રવ્યેન્દ્રિય, ૨ ભાવેંદ્રિય. તેમાં નિવૃત્તિ ઉપકરણમાં દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. અને લબ્ધિ, ઉપયોગ એ ભાવેંદ્રિયમાં કહેવાય છે. સ્પર્શ વગેરે જે પાંચ ઇંદ્રિયો છે, તેના દમવામાં તત્પર. અર્થાત્ અનાદિ ભવના અભ્યાસથી પોતપોતાના વિષયોમાં ઉચ્છૃંખલપણે પ્રવર્તનાર ( ઇંદ્રિયો ) ને પોતાને વશ કરનારા. વશ નહિ કરેલ એવી તે ઇંદ્રિયો અનર્થના કારણરૂપ છે. કારણ કહ્યું છે કે—

**" तवकुलछायाभंसो, पंडिच्चप्फंसणा अणिट्ठपहो ।**
**वसणाणि रणमुहाणि य, इंदियवसगा अणुहवंति ॥ १ ॥ "**

**ભાવાર્થ**—" ઇંદ્રિયોને વશ થયેલા પુરૂષો તપથી ભ્રષ્ટતા, કુળથી ભ્રષ્ટતા, કાંતિનો નાશ, પાંડિત્યનો હ્રાસ, અનિષ્ટ માર્ગ અને યુદ્ધ વિગેરે સંકટોને અનુભવે છે. ૧ "

તથા—

**" आत्मभूपतिरयं चिरन्तनः पीतमोहमदिराविमोहितः ।**
**किङ्करस्य मनसोऽपि किङ्करैरिन्द्रियैरहह किङ्करीकृतः॥१॥"**

**ભાવાર્થ**—મોહરૂપી મદિરાના પાનવડે મૂઢ થયેલો એવો આ લાંબા કાળનો પણ આત્મા રૂપી રાજા, ઘણા આશ્ચર્ય અને ખેદની વાત તો એજ છે, કે પોતાના કિંકર-મનના ઇંદ્રિય રૂપી કિંકરોએ તેને કિંકર કર્યો છે. ૧ " તથા અન્યત્ર કહ્યું છે કે—

**" जयो यद् बाहुबलिनि, दशवक्त्रे निपातनम् ।**
**जिताजितानि राजेन्द्र ! हृषीकाण्यत्र कारणम् ॥ १ ॥ "**

**ભાવાર્થ**—" હે રાજેન્દ્ર ! બાહુબલિની જે જીત અને રાવણનું જે મરણ નીપજ્યું. એમાં વશ કરેલ અને વશ નહિ કરેલ એવી ઇંદ્રિયો જ કારણ છે. ૧ " તેમાં શ્રોત્રેંદ્રિયના વિષય ઉપર ઉદાહરણ—

વસંતપુર નામના નગરમાં પુષ્પસાર નામે એક ગાંધર્વિક ( ગવૈયો ) હતો. તે અત્યંત મધુર સ્વરવાળો અને કુરૂપી હતો. તેણે લોકોનાં હૃદયોને હરી લીધાં હતાં. તે નગરમાંથી સાર્થવાહ દેશાંતરમાં ગયો હતો. તેની સ્ત્રી ભ્રષ્ટ હતી. તેણીએ કોઈપણ કારણ વાસ્તે દાસીઓને મોકલી. તે દાસીઓ સાંભળવા બેઠી તેથી તેણીઓએ જતા કાળને જાણ્યો નહિ. લાંબે કાળે આવેલી તે દાસીઓ કહેવા લાગી કે—સ્વામિનિ ! રોષ ન કરો, અમે જે આજે સાંભળ્યું છે તે પશુઓને પણ લોભાવે તેવું હતું, તો હે શેઠાણી ! ચતુર મનુષ્યને લોભાવે તેમાં શું પૂછવું ? ' ક્યાં ? ' એમ શેઠાણીએ પૂછયું ત્યારે દાસીઓએ તેણીને કહ્યું. ત્યાર પછી તેણી પોતાના હૃદય સાથે ચિંતવવા લાગી કે ' હું કેવી રીતે જોઈશ ? ' કોઈક દિવસ તે શહેરમાં દેવતાની યાત્રા થઈ. અને સઘળું શહેર ગયું. તે ગવૈયો પણ ગયો. લોક પણ પ્રણામ કરીને પાછા ફરે છે અને પ્રભાતકાળ વર્તે છે. તે ગવૈયો પણ ગાન કરીને થાકી ગયો છતો નગરની બહારના ભાગમાં સૂતો. તે સાર્થવાહની સ્ત્રીએ પણ દાસીઓ સાથે આવીને પ્રણામ કરી દેવળને પ્રદક્ષિણા કરી. દાસીઓએ કહ્યું કે—' આ તે છે ' સંભ્રાંત થયેલી એવી તે શેઠાણી તે તરફ ગઈ. પછી લાંબા દાંતવાળા કુરૂપી એવા તે ગવૈયાને કહેવા લાગી કે ' ત્હારા રૂપવડે જ ગાયન જોઈ લીધું.' તેણીના આવા તિરસ્કારને આ ગવૈયાએ નટોદ્ધારા જાણ્યો. તેને અમર્ષ ઉત્પન્ન થયો. તેણીના ઘરની સમીપમાં પ્રભાતકાળના સમયે ગાવાને આરંભ્યું. (તેણીની ચાલચલણ ગાયનમાં ઊતારી) જેવી રીતે કુશલાદિ પૂછે છે, જેમ ત્યાં ચિંતવે છે, જેમ લોકોને વિસર્જન કરે છે, જેમ આવેલો ઘરમાં પ્રવેશ કરે છે. તેણી ચિંતવવા લાગી ' સાચું વર્તે છે.' તેથી આને અભ્યુત્થાન કરૂં. એવું વિચારી આકાશ

તળથી પોતાના દેહને પડતો મૂક્યો. એમ એ શેઠાણી મરણ પામી. એવી રીતે શ્રોત્રેંદ્રિય દુઃખના કારણરૂપ થાય છે.

એવી રીતે ચક્ષુરિંદ્રિય–જે કારણથી સ્ત્રીઓનાં મુખ, નેત્ર, દાંત, અધર, સ્તન, સાથળ વગેરે જોવા વડે પૂર્ણચંદ્ર, કમળ, કુંદકળી, પ્રવાલ, સુવર્ણ કલશ, કેળથંભ આદિ ઉપમાઓ આપવાથી રસ, માંસ, ચરબી, લોહી, સ્નાયુ, ચામડું, હાડકાંરૂપ પ્રસ્તુત વસ્તુ સ્વરૂપને દૂર કરવા પૂર્વક મિથ્યા કલ્પવામાં પ્રવૃત્તિ કરે છે. તે માટે કહ્યું છે કે—

**" रूवनिवेसियनयणो, रमणीण विलासहासरमणीण ।**
**बज्झइ अयाणुयजणो, दीवसिहाए पयंगोव्व ॥ १ ॥ "**

**ભાવાર્થ**—વિલાસ, હાસ્યાદિવડે રમણિક એવી રમણીઓના રૂપમાં નેત્ર સ્થાપન કરતો એવો અજ્ઞ મનુષ્ય દીવાની ઝાળમાં પતંગીઆની માફક બંધાય છે. ૧ નિવૃત્તિ તો—

**" न शक्यं रूपमद्रष्टुं, चक्षुर्गोचरमागतम् ।**
**रागद्वेषौ तु यौ तत्र, तौ बुधः परिवर्जयेत् ॥ १ ॥**

**ભાવાર્થ**—" દૃષ્ટિગોચર થયેલ રૂપ ન જોવું એ અશક્ય છે, પરંતુ તે રૂપ જોવામાં જે રાગ દ્વેષ થાય તેને બુદ્ધિમાન પુરૂષે ત્યાગ કરવો જોઇએ. ૧ "

નાસિકા–ઇંદ્રિય પણ સુગંધ અને દુર્ગંધના કારણરૂપ હોવાથી રાગ–દ્વેષવડે આત્માને કર્મનો બંધ કરાવનાર છે. તેને માટે કહ્યું છે કે—

**" असुहेसु मा विरज्जह, मा सज्जह सुरभिगन्धदव्वेसु ।**
**गंधाभिसंगओ भिंगपन्नगा नणु गया निहणं ॥ १ ॥ "**

**ભાવાર્થ**—" અશુભ (દુર્ગંધિ) પદાર્થોના વિષયમાં વિરાગ ન કરો અને સુરભિ ( સુગંધી ) પદાર્થોમાં આસક્તિ ન કરો. કારણ કે ગંધની આસક્તિથી નિશ્ચયે ભમરા તથા સર્પો મરણ પામ્યા છે. ૧ " એવી રીતે જિહ્વેન્દ્રિય માટે પણ સમજવું. કારણ કે–ઇષ્ટ, અનિષ્ટ આહારોને વિષે રાગ અને દ્વેષ ઉપજે છે. જેમ—

" **महुरन्नपाणमंसाइरसविसेसेहिं मोहिया मुद्धा ।**
**गलजन्तपासबद्धा, मीण व्व विणासमुवइंति॥ १ ॥** "

**ભાવાર્થ**—"મધુર અન્ન, પાન, માંસ આદિ રસ વિશેષવડે મોહિત થયેલા મુગ્ધ માછલાંઓ ગળાને વિષે યંત્રપાશવડે બદ્ધ થઇને વિનાશ પામે છે. ૧ "

સ્પર્શેન્દ્રિય પણ અશુભ અધ્યવસાયના કારણભૂત હોવાથી દુર્ગતિનું કારણ છે. જેમકે—

" **ण्हाण-विलेवण-सयणा-सणाण सीमंतिणीण अंगाण ।**
**फासेसु गढियहिययया, बज्झंति गयव्व धीरा वि ॥** "

**ભાવાર્થ**—" સ્નાન, વિલેપન, શયન, આસન અને સુંદરીઓનાં અંગોના સ્પર્શ વિષે આસક્ત હૃદયવાળા ધીરપુરૂષો પણ હાથીની માફક બંધાય છે. ૧ "

એવી રીતે એકેક ઇંદ્રિયના વિષયથકી પણ અનર્થ થાય છે, તો પછી જે પ્રાણી પાંચે ઇંદ્રિયોવડે પ્રવૃત્તિ કરે, તે ઘણા લાંબા કાળસુધી સંસારમાં જરા, મરણાદિને પ્રાપ્ત કરે ( એ સ્વાભાવિક છે. ) જેમ તે કાચબાને બન્યું હતું. તેનું ઉદાહરણ—

ગંગા નામની મહાનદીના કિનારે ગંગાદ્રહ છે. ત્યાં ઘણા મગરમચ્છ, કાચબા વિગેરે જળનિવાસી પ્રાણીઓ વસે છે. તેમાંના બે કાચબાઓ સ્થળમાં વિચરનારા અને કીડા, દેડકાં વગેરેના માંસમાં આસક્ત હતા. તે દ્રહની ચોતરફ ભ્રમણ કરતા તે કાચબાઓને ચંડ-ભયંકર શબ્દ કરતા (ચીસો પાડતા) ક્ષુદ્ર પાપી શિયાળોએ જેયા. કાચબા પોતાની તરફ આવતા શીયાળોને જોઇ પોતાના ચાર પગ અને (પાંચમા) માથાને ગોપવી દઈ ચેષ્ટારહિત-કંપનરહિત થઈ નિર્જીવની જેમ રહ્યા. શિયાળો પણ આવીને તે કાચબાઓને અહિંથી તહિં ફેરવે છે, ચલાવે છે, સ્પર્શ કરે છે, ઉપાડે છે, પાડે છે; પરંતુ જ્યારે કાંઈપણ કરી શકવાને અસમર્થ થાય છે. ત્યારે તે શિયાળો કોઇ નજીકના ભાગમાં ગયા અને ગુપ્તપણે રહ્યા. તે બે કાચબામાંથી એક કાચબાએ પાછળથી તે

શિયાળોને દૂર ગયેલા જાણી પગ પસાર્યા અને ડોક ઉંચી કરી; તેટલામાં શીઘ્રતાથી આવી એક શિયાળે તે કાચબાને મુખવડે પકડ્યો અને ખંડખંડ કર્યો. બીજો કાચબો તો થાકી ગયેલા અને પરિશ્રમને પામેલા શિયાળો ગયા ત્યાંસુધી પોતાના અંગને સંકોચી રાખવાપૂર્વક સ્થિરજ રહ્યો. અને ક્ષણાંતર પછી પાંખરૂપ પાંજરામાંથી પહેલાં એક પગને કહાડ્યો, પછી બીજા પગને અને છેવટે માથાને બહાર કાઢયું. એ પ્રમાણે કરવાથી તે આત્માના સુખપૂર્વક વિચર્યો.

આ દૃષ્ટાંતનો ઉપનય ઇંદ્રિયોને ગોપવવા ન ગોપવવાના ગુણ દોષપૂર્વક જાણી લેવો.

તથા જિનેશ્વરોએ કહેલ સિદ્ધાંત અર્થાત્ અંગપ્રવિષ્ટ, અનંગપ્રવિષ્ટ એવા ભેદવાળાં તીર્થંકરોએ પ્રરૂપેલાં આગમોનો યોગવહનપૂર્વક સદ્‌ગુરૂના મુખકમલથકી જેઓએ પરમાર્થ-રહસ્ય સ્વીકારેલ હોય તે **जिनोक्तसिद्धान्तगृहीतपरमार्थाः** જાણવા. કારણ કે-યોગવહન કર્યા વિના સિદ્ધાંત ભણવાનો આગમમાં નિષેધ કર્યો છે. તે માટે **શ્રીઠાણાંગસૂત્ર**માં કહ્યું છે કે-"ત્રણ વાચનાને અયોગ્ય જણાવ્યા છે. તે આવી રીતે-અવિનીત ૧, વિકૃતિપ્રતિબદ્ધ ૨, અશાંત પરમક્રોધ-૩. ". ઇત્યાદિ સૂત્ર સુગમ છે. '**न वाचनीयाः**' સૂત્રનો અભ્યાસ ન કરાવવો. આ કારણથકીજ અર્થ પણ ન સંભળાવવો. કારણ કે સૂત્રથકી અર્થની અધિકતા છે. તેમાં અવિનીત-સૂત્ર તથા અર્થ આપનારના વંદનાદિ વિનયથી રહિત ૧. તેને ભણાવવામાં દોષ છે. જેથી કહ્યું છે કે—

**" इयरह वि ताव थब्भइ, अविणीओ लंभिओ किमु सुपणं ।
माणड्ढो नासिहई खए व खारो व सेगाओ ॥ १ ॥ "**

**ભાવાર્થ**—" અવિનીત શ્રુત ભણ્યા વિના પણ જ્યારે સ્તબ્ધ રહે છે, તો શ્રુતને પ્રાપ્ત કર્યા પછી તો શું કહેવું ? અર્થાત્ અધિક અવિનીત-વિનયહીન સ્તબ્ધ થાય છે. માનયુક્ત પ્રાણી ક્ષત થયેલાને ક્ષારનું સિંચન કરવાની માફક અધિક નષ્ટ થાય છે. ૧ "

" गोजूहस्स पडागा, सयं पलायस्स वड्ढए वेगं ।
दोसोदए य समणं, न होइ न नियाणतुल्लं व ॥ "

**ભાવાર્થ**—સ્વયં પલાયન કરતા ગાયોના સમૂહને પતાકા ( દેખવાથી ) બતાવવાથી વેગ વધે છે. (પણ ઘટતો નથી) દોષનો ઉદય થયે છતે શમન-ઉપશમન ( શાન્તિ ) નિદાનતુલ્યજ થાય એવો અર્થ છે.

" विणयाहीया विज्जा, देइ फलं इह परे य लोगंमि ।
न फलंति विणयरहिया, सस्सा इव तोयहीणाइं ॥ १ ॥ "

**ભાવાર્થ**—"વિનયપૂર્વક ભણેલી વિદ્યા આ લોક અને પરલોકમાં ફળ આપે છે, પાણી રહિત ધાન્યની માફક વિનયરહિત વિદ્યા ફળ આપતી નથી. ૧ "

તથા વિકૃતિમાં પ્રતિબદ્ધ અર્થાત્ ઘી વીગેરે રસમાં વિશેષ આસક્ત ઉપધાનને કરી શકતો નથી એવો આશય છે. આમાં પણ દોષજ છે.

" अतवो न होइ जोगो, न य फलए इच्छियं फलं विज्जा ।
अवि फलति विउलमगुणं, साहणहीणा जहा विज्जा ॥१॥ "

**ભાવાર્થ**—"જેમ સાધનહીન વિદ્યા વિપુલ અવગુણને ફળે ( આપે ) છે, પરંતુ તે વિદ્યા ઈચ્છિત ફળને આપતી નથી, તેમ તપ વિના જોગ થઈ શકે નહિ. ૧ "

અવ્યવસિત-અનુપશમ-ઉપશાંત નહિ થએલ પ્રાભૃતના સમાન પ્રાભૃત નરકમાં પાડવામાં કુશળ પરમક્રોધ જેને હોય તે **अव्यवसितप्राभृतिक** સમજવો. તથા " વિનીત ૧, અવિકૃતિપ્રતિબદ્ધ ૨, વ્યવસિતપ્રાભૃત ૩. એ ત્રણે વાચના આપવાને યોગ્ય છે. તથા સિદ્ધાંતને ભણવાથી ગતિનો પણ ફેરફાર થાય છે. કારણ કે ચૌદ પૂર્વધરની જઘન્યથી લાંતકદેવલોકમાં ઉત્પત્તિ '**लन्तम्मि चउदपूव्विस्स**' એ વચનથકી જાણવી. સિદ્ધાન્ત ભણ્યા વિના દેવપણાને પામ્યા છતાં પણ શોક કરે છે. કારણ કે **શ્રીઠાણાંગસૂત્ર**માં કહ્યું છે કે—

" દેવો ત્રણ સ્થાનવડે પરિતાપને પામે, તે આવી રીતે– ' અહો ! મેં છતે બળે, છતે વીર્યે, છતે પુરૂષાર્થે, ક્ષેમ અને સુભિક્ષતાની પ્રાપ્તિમાં આચાર્ય, ઉપાધ્યાય વિદ્યમાન હોતા છતાં પણ નિરોગી શરીરવડે ઘણા શ્રુતનો અભ્યાસ ન કર્યો ૧, અહો ! આ લોકમાં આસક્ત:પ્રતિબદ્ધ અને પરલોકમાં પરાઙ્મુખ એવા મેં વિષયતૃષ્ણાવડે લાંબા કાળ સુધી સાધુધર્મ પરિપાલન કર્યો નહિ ૨, અહો ! મ્હેં ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવવડે અને ભોગની અભિલાષામાં આસક્ત થઈ વિશુદ્ધ ચારિત્ર સ્પર્શ્યું ( પાળ્યું ) નહિ ૩, આ ત્રણ સ્થાનકોવડે દેવો પરિતાપ પામે છે."

આ કારણથી તપસ્યાનું વહન કરવા પૂર્વક જેમણે સિદ્ધાન્તનો સાર ગ્રહણ કર્યો છે. તથા ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ. એ પાંચ સમિતિવડે યથોક્ત ગમન વગેરે કૃત્યોમાં પ્રવૃત્ત થયેલા તથા ગોપન=ગુપ્તિ ( ' **स्त्रियां क्तिः** ' એ સૂત્રથી ક્તિપ્રત્યય થયો છે. ) આવતાં કર્મરૂપી કચરાનો નિરોધ એવો આશય છે. અકુશલથી નિવૃત્તિ અને કુશળમાં પ્રવૃત્તિરૂપ મનોગુપ્તિ ૧, વચનગુપ્તિ ૨, કાયગુપ્તિ ૩. એમ ત્રણ ગુપ્તિઓવડે ગુપ્ત. કહ્યું છે કે—

" **मणगुत्तिमाइयाओ, गुत्तीओ तिन्नि हुंति नायव्वा ।**
**अकुसलनिवित्तिरूवा, कुसलपवित्तिस्सरूवा य ॥ १ ॥** "

**ભાવાર્થ**—" મનોગુપ્તિ ૧, વાગ્ગુપ્તિ ૨, કાયગુપ્તિ ૩. એ ત્રણ ગુપ્તિઓ જાણવી. તેના સ્વરૂપને કહે છે. અકુશળ=ખરાબ મન, વચન અને કાયાના નિરોધરૂપ, તેમજ કુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ સ્વરૂપ તે હોય છે. ૧ "

**વિવેચન**—અહિં મનોગુપ્તિ ત્રણ પ્રકારની છે. આર્ત અને રૌદ્ર ધ્યાનને અનુસરનાર કલ્પનાઓનો સમૂલ વિયોગ તે ૧, શાસ્ત્રને અનુસરનારી, પરલોકને સાધનારી, ધર્મધ્યાનના અનુબંધવાળી મધ્યસ્થપણાની પરિણતિ ૨, કુશળ અને અકુશળ મનોવૃત્તિના નિરોધવડે યોગનિરોધ અવસ્થામાં થનારી પોતાના આત્મામાં લીનતારૂપ ૩.

વાગ્ગુપ્તિ બે પ્રકારની છે. મુખવિકાર, નેત્રવિકાર, ભ્રૂવિકાર, આંગળીઓ મરોડવી, ઊભા થવું, ઉધરસ આણવી, હુંકાર કરવો, કાંકરા ફેંકવા. ઈત્યાદિ પ્રયોજનસૂચક ચેષ્ટાઓનો પરિહાર કરી 'આજે મ્હારે ન બોલવું' એવો અભિગ્રહ કરવો તે પ્રથમ વાગ્ગુપ્તિ ૧, ( કારણ કે ચેષ્ટાઓવડે પોતાના પ્રયોજનને સૂચવનારનો મૌન કરવાનો અભિગ્રહ નિષ્ફળ જ જાણવો.) તથા વચન, પૂછવું, બીજાએ પૂછેલ અર્થનો ખુલાસો કરવો. ઈત્યાદિમાં લોક તથા આગમનો વિરોધ ન થાય તેમ મુહપત્તીવડે મુખકમળને ઢાંકી બોલનારને પણ વાણીની પ્રવૃત્તિના નિયંત્રણરૂપ બીજી વાગ્ગુપ્તિ સમજવી ૨, વાગ્ગુપ્તિના આ બે ભેદોવડે સર્વથા વાણીનો નિષેધ અને સમ્યગ્ભાષણરૂપ વાણીની પ્રવૃત્તિ એ બન્ને પ્રતિપાદન કર્યાં. ભાષાસમિતિમાં તો સમ્યગ્ વાક્પ્રવૃત્તિ જ છે; એમ વાગ્ગુપ્તિ અને ભાષાસમિતિમાં તફાવત છે. કહ્યું છે કે—

**" समिओ नियमा गुत्तो, गुत्तो समियत्तणंमि भयणिज्जो ।**
**कुसलवयमुदीरंतो, जं वयगुत्तो वि समिओ वि ॥ १ ॥ "**

**ભાવાર્થ**—ગુપ્તિમાન્ પુરૂષ નિશ્ચયે સમિતિયુક્ત હોય, સમિતિયુક્તમાં ગુપ્તિની ભજના સમજવી. જેમકે-કુશળ=પ્રશસ્ત વચનને બોલનાર વચનગુપ્ત અને સમિતિયુક્ત પણ કહેવાય છે. ૧

કાયગુપ્તિ બે પ્રકારની છે. ચેષ્ટાઓની નિવૃત્તિરૂપ ૧, આગમને અનુસરી ચેષ્ટાઓના નિયમરૂપ ૨. તેમાં દેવસંબંધી, મનુષ્ય વગેરે સંબંધી ઉપસર્ગોની પ્રાપ્તિમાં અને ક્ષુધા=ભૂખ, પિપાસા=તૃષા ઈત્યાદિ પરીષહ વગેરેના સંભવમાં કાઉસ્સગ્ગ કરવો ઈત્યાદિવડે કાયાને જે નિશ્ચલ કરવી તે, અને સઘળા યોગોની નિરોધ અવસ્થામાં જે સર્વથા કાયાની ચેષ્ટાઓનો નિરોધ કરવો તે પહેલી કાયગુપ્તિ ૧, તથા ગુરૂને પ્રશ્ન કરવો, શરીરને, સંસ્તારકને તથા ભૂમિ વિગેરેને પ્રતિલેખવી અને પ્રમાર્જન કરવું એ વિગેરે સિદ્ધાંતમાં કહેલી ક્રિયાના સમૂહ પૂર્વક સાધુએ શયન વિગેરે કરવું જોઇએ, તેથી કરીને શયન, આસન, નિક્ષેપ ( મૂકવું ) અને આદાન ( ગ્રહણ કરવું ) વિગેરે ક્રિયામાં સ્વચ્છંદ ચેષ્ટાનો ત્યાગ

કરીને જે નિયમિતપણે કાયાની ચેષ્ટા કરવી, તે બીજી કાયગુપ્તિ કહેવાય છે. ૨. ૮.

આવા પ્રકારના સાધુઓ ગુરૂ ( મુનિ ) ગુણે કરીને રહિત પાસત્થાદિક હોય છે, તેઓને વાંદવા જોઈએ નહીં, એ વાત કહે છે—

**पासत्थो ओसन्नो, होइ कुसीलो तहेव संसत्तो।**
**अहछंदो वि य एए, अवंदणिज्जा जिणमयम्मि ॥ ९ ॥**

**ગાથાર્થ—**પાસત્થો, ઓસન્નો, કુશીલ, સંસક્ત અને યથાછંદ એ પાંચ જિનેશ્વરના મતમાં અવંદનિક કહેલા છે. ૯

**વ્યાખ્યાર્થ—**તેમાં દર્શનાદિની પાસે રહે એ **પાર્શ્વસ્થ,** અથવા મિથ્યાત્વ વિગેરે બંધના હેતુરૂપ પાશમાં રહેનાર પાશસ્થ. " તે પાસત્થો સર્વથી અને દેશથી એમ બે પ્રકારે જાણવો. તેમાં સર્વથી જ્ઞાન, દર્શન અને ચારિત્રની પાસે રહે તે સર્વ પાર્શ્વસ્થ કહેવાય છે. જે સાધુ શય્યાતરપિંડ, અભ્યાહૃતપિંડ, નિયતપિંડ, નીચ પિંડ (દુગંછનીય કૂળનો) અગ્રપિંડને વિના કારણે વાપરે તે દેશ પાર્શ્વસ્થ ગણાય છે. તથા ગૃહસ્થોનાં ઘરની નિશ્રાએ વિચરે, વિના કારણ સ્થાપના કુલમાં પ્રવેશ કરે સંકૃતિ[1] જોવા જાય તેમજ ગૃહસ્થોનો પરિચય કરે તે સાધુ પણ દેશપાસત્થો કહેવાય છે. "

સાધુસામાચારીના પરિપાલનમાં જે મંદ-શિથિલ હોય તે અવસન્ન જાણવો. " ઓસન્ન પણ સર્વથી અને દેશથી એમ બે પ્રકારે હોય છે. પીઠ, ફલક વિગેરેનાં સદાકાળ વાપરનાર આસક્ત -સ્થાપનાપિંડ રાખેલા આહારનું ભોજન કરનાર સર્વથા ઓસન્ન જાણવો. આવશ્યક, સ્વાધ્યાય, પ્રતિલેખના, ધ્યાન, ભિક્ષા, આહાર ઈત્યાદિમાં, આવવા જવામાં, સ્થાનમાં, સૂવા બેસવામાં ઉપયોગ પૂર્વક પ્રવૃત્તિ ન કરે અથવા ગુરૂવચન બલાદિકથી કરે તો પણ ન્યૂનાધિક ક્રિયા કરે, તેને દેશથી ઓસન્ન કહેવામાં આવે છે. જેમ અવિનીત બળદ ધોંસરીને ભાંગી નાખે છે. તેમ ગુરૂમહારાજના વચનને નહિ કરતો સાધુ પણ બલાત્કારથી ક્રિયાનો નાશ કરે છે.

---

૧ જમણવાર સુખડી-પકવાન.

જેનું શીલ ખરાબ હોય તે કુશીલ કહેવાય. " જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં એમ ત્રણ પ્રકારનો કુશીલ વીતરાગ પરમાત્માએ અવંદનીય પ્રરૂપેલ છે. કાલ વિગેરે જ્ઞાનાચારની વિરાધના કરનાર જ્ઞાનકુશીલ, દર્શનાચારની વિરાધના કરનાર દર્શનકુશીલ અને કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્ત, આજીવ, માયા, લક્ષણ, વિદ્યા, મંત્ર ઇત્યાદિથી આજીવિકા ચલાવનાર સાધુ ચારિત્રકુશીલ કહેવાય છે.

બીજાઓને સૌભાગ્યાદિ માટે સ્નાનાદિ કરાવવું તે કૌતુક કહેવાય છે. તાવવાળા વિગેરેને ભસ્મ આપવી તે ભૂતિકર્મ કહેલ છે. સ્વપ્નવિદ્યાનું કથન અથવા કર્ણપિશાચિકા વિદ્યા, મંત્ર વિગેરે દ્વારા જે બીજાઓને કહે તે પ્રશ્નાપ્રશ્ન, ભૂત, ભવિષ્યાદિ ભાવોનુ કથન નિમિત્ત કહેવાય છે. જાતિ, કુલ, શિલ્પ, કર્મ, તપ, ગુણ, સૂત્રાદિ સાત પ્રકારનું આજીવ કહેવાય છે. શઠતાથી બીજાને ઠગવું તે માયા, સ્ત્રી, પુરૂષાદિકનાં લક્ષણો કહેવાં તે લક્ષણ, વિદ્યા અને મંત્ર એ પ્રસિદ્ધ છે.

તેમજ સંસક્ત. જેમ પાસત્થા વિગેરે અવંદનિક છે, તેમજ સંસકત પણ અવંદનિક છે. તે પાસત્થાદિકને અથવા તપસ્વિને પ્રાપ્ત કરીને દોષ, ગુણનો સમીપવર્તી થાય છે. કહ્યું છે કે-" જેમ ગાયોને ચારો આપવાના વાસણમાં તેનું ઉચ્છિષ્ટ અને અનુચ્છિષ્ટ સર્વ ઘાસ મિશ્રિત થઈ જાય છે. એ પ્રમાણેજ જેટલા મૂલગુણ અને ઉત્તર ગુણના દોષો અને ગુણો છે, તે તેમાં સમીપ રહેલા હોય છે. તેથી તે સંસક્ત કહેવાય છે. રાજવિદ્રૂષક વિગેરે અથવા જેમ બહુરૂપી નટ અથવા હળદરનો રંગ વિગેરે ઘણા વર્ણની મેળવણી; એવીજ રીતે શુદ્ધ યા અશુદ્ધ જેવાની સાથે મળે તેવા પ્રકારનોજ થાય છે. તેથી તે સંસક્ત કહેવાય છે. રાગ, દ્વેષ, મોહને જીતનારા જિનેશ્વરોએ તે સંસક્ત સંકિલષ્ટ અને અસંકિલષ્ટ એમ બે પ્રકારે કહેલ છે. પાંચ પ્રકારના આશ્રવમાં પ્રવર્તેલો, ત્રણ પ્રકારના ગારવમાં આસક્ત અને સ્ત્રી, ગૃહ વિગેરેમાં સંકલેશ પામનાર સંકિલષ્ટ નામનો સંસક્ત કહેવાય છે. પાસત્થા વિગેરેમાં યા સંવિગ્ન સાધુઓમાં જ્યાં મળે ત્યાં તેવા પ્રકારનો

ધર્મ ઉપર પ્રેમવાળો અથવા શિથિલ થાય છે. તેને અસંક્લિષ્ટ સંસક્ત કહેવામાં આવે છે.

આગમની અપેક્ષા રાખ્યા સિવાય સ્વેચ્છયા જે પ્રવૃત્તિ કરે, તે સાધુ યથાચ્છંદ કહેવાય છે. કહ્યું છે કે—"ઉત્સૂત્રને આચરતો, ઉત્સૂત્રનેજ પ્રરૂપતો સાધુ યથાછંદ અથવા ઈચ્છાછંદ કહેવાય છે. ઉત્સૂત્રને, શાસ્ત્રમાં ન ઉપદેશેલું, સ્વછંદથી વિકલ્પેલું, અનુવાદ વિનાનું, બીજાને કલેશ પમાડે છે. તેથી તે બોલનાર યથાછંદ જાણવો. સ્વછંદ મતિથી વિકલ્પ કરનાર, કાંઈક સુખશાતા વિકૃતિમાં આસક્ત ત્રણ ગારવવડે સંસારમાં ડૂબે છે. તેને યથાછંદ જાણ." એ પાસત્થા વિગેરે જિનેશ્વરના મતમાં અવંદનીય કહ્યા છે. પરંતુ લોકમાં નહિ. ૯

હવે પાસત્થા વિગેરેને વંદન કરનારમાં શું દોષ ? એ કહેવાય છે—

**"पासत्थादी वंदमाणस्स, नेव कित्ती न निज्जरा होइ ।**
**जायइ कायकिलेसो, बंधो कम्मस्स आणाई ॥ १० ॥**

**ગાથાર્થ**—પાસત્થા વિગેરેને વંદન કરનારની કીર્તિ અથવા નિર્જરા થતી નથી, કાયક્લેશ અને આજ્ઞાભંગ આદિ કર્મનો બંધ થાય છે.

**વ્યાખ્યાર્થ**—ઉપર્યુક્ત લક્ષણયુક્ત પાસત્થા વિગેરેને નમસ્કાર કરનારની 'અહો ! આ પુણ્યશાળી છે' ઈત્યાદિ પ્રકારની કીર્તિ થતી નથી, પરંતુ 'જરૂર આ પણ આવાજ સ્વરૂપવાળો છે કે આ પાસત્થાદિને વંદન કરે છે.' એવી અપકીર્તિ થાય છે. તથા કર્મના ક્ષયલક્ષણવાળી કર્મની નિર્જરા થતી નથી, કારણકે તીર્થંકરોની આજ્ઞાની વિરાધના કરવાથી તેઓ નિર્ગુણી છે. (જે એકઠું કરાય તે) કાય=દેહ તેને નમાવવો એ વિગેરે પ્રકારનો ક્લેશ ઉત્પન્ન થાય છે. કારણ કે વંદન તે સિવાય થઈ શકતું નથી. તથા 'જે કરાય તે કર્મ. જ્ઞાનાવરણ વિગેરે પ્રકારનું.' તેને વિશેષ રચનાવડે આત્મામાં સ્થાપવું, અથવા પોતાના સ્વરૂપને તિરસ્કાર કરનાર આત્માનો બંધ તે કર્મબંધ થાય છે. તથા આજ્ઞાભંગ

વિગેરે દોષોને પામે છે. ભગવત્પ્રતિકુષ્ટ–પ્રત્યનીક ( આજ્ઞા લોપી ) વિરાધક હોય તેને વંદન કરવામાં આજ્ઞાભંગ કેવી રીતે? તેને જોઇને બીજાઓ પણ વંદન કરે એ અનવસ્થા, તેઓને વંદન કરતા જોઈ બીજાઓને મિથ્યાત્વ, કાયક્લેશથી અથવા દેવતાઓ થકી આત્મવિરાધના, તેઓને વંદન કરવાથી તેઓએ કરાતી અસંયમની અનુમોદનાથી સંયમની વિરાધના ઈત્યાદિ દોષોથી કર્મબંધ થાય છે. ૧૦

પાસત્થા વિગેરે નિર્દયતાવડે આરંભયુક્તજ હોય છે. આથી તે ભાવપ્રધાન ગુણશાલિના વંદનનો આસ્વાદ લેતો પોતાને તથા નિષ્કારણ નમસ્કાર કરનાર એવા બીજાઓને જે ફળ ઉત્પન્ન કરે છે. તે દૃષ્ટાંતદ્વારા કહે છે:—

**जह लोहसिला अप्पं पि, बोलए तह विलग्गपुरिसं पि ।**
**इय सारंभो य गुरु, परमप्पाणं पि बोलेइ ॥ ११ ॥**

**ગાથાર્થ**—જેમ લોઢાની શિલા પોતાને તથા પોતાને વળગેલા પુરૂષને પણ બૂડાડે છે, તેમજ આરંભયુક્ત ગુરૂ પોતાને અને પરને ડૂબાવે છે. ૧૧

**વ્યાખ્યાર્થ**—( 'યથા' શબ્દ ઉપમામાં છે. ) લોઢાની શિલા પોતાને પણ સમુદ્રની અંદર બૂડાડે છે. તથા પોતાના પર ચડેલ પુરૂષને પણ ડૂબાવે છે. અહિ પાષાણમયી શિલા પણ ભારે હોવાથી પોતાને અને પરને બૂડાડવામાં પોતાના સ્વભાવથી સમર્થ છે. જેમ કહ્યું છે કે—" હે વીર ! જે પત્થરાઓ દુસ્તર સાગરમાં પોતે ડૂબે છે અને પરને બૂડાડે છે. તે પત્થરાઓ પણ તરે છે અને વાનરાટોને તારે છે; એ પત્થરના ગુણો નથી, સમુદ્રના ગુણો નથી, વાનરાઓના ગુણો નથી; પરંતુ તે આ શ્રીમદ્ રામચંદ્રજીનો પ્રતાપ–મહિમા સ્ફુરાયમાન થાય છે. " લોઢાની શિલા તો તેનાથી પણ બહુજ ભારે હોય છે તો તેને માટે શું કહેવું ? આ પ્રકારે પૃથ્વીકાય વિગેરે જીવોની હિંસા કરનાર, ( 'ચ' શબ્દથી ) બ્રહ્મચર્ય પરિભ્રષ્ટ ગુરૂ વંદન કરનારને અને પોતાને પણ સંસારરૂપી સાગરમાં બુડાડે છે. **આવશ્યક નિર્યુક્તિ**માં કહ્યું છે કે—

“ जे बंभचेरभट्ठा, पाए उड्डुति बंभयारीण ।
ते होंति कुंटमंटा, बोही य सुदुल्लहा तेसिं ॥ १ ॥ ”

**ભાવાર્થ**—“ બ્રહ્મચર્યથી ભ્રષ્ટ જે મનુષ્યો બ્રહ્મચારિને પગે લગાડે છે. તે લૂલા–લંગડા થાય છે અને તેઓને બોધિબીજ બહુ દુર્લભ થાય છે ”

**વિશેષાર્થ**—જે પાસત્થા વિગેરે બ્રહ્મચય થી રહિત છતાં અભિમાનથી પોતાને વંદન કરનાર બ્રહ્મચારિ તરફ પગ સ્થાપે છે, અર્થાત્ તેઓને વંદન કરવામાં નિષેધ કરતા નથી, તેઓ તેથી ઉપાર્જન કરેલ કર્મના ( નારકપણું વિગેરે પ્રકારના ) વિપાકને મેળવીને ઘણાં કષ્ટથી મનુષ્યત્વ મેળવે છે; ત્યારે પણ લૂલા–પાંગળા થાય છે. અને જિનશાસનના જ્ઞાનસ્વરૂપવાળી, સકળ દુઃખના વિનાશરૂપ બોધિ તેઓને એકવાર મળેલી હોવા છતાં પણ તેઓ અનંત સંસારી હોવાથી બહુ દુર્લભ થાય છે. તથા “ જેઓ ચારિત્રથી અત્યંત ભ્રષ્ટ હોવા છતાં સારા સાધુઓના પરિવારવાળા શાસ્ત્રોક્ત ક્રિયાકલાપને કરનાર ગુણશાલિ સાધુવર્ગને વંદન કરાવે છે. તેઓ પોતાના આત્માને સન્માર્ગથી અત્યંત દૂર કરે છે. ” એવી રીતે વંદન કરનાર અને વંદન કરાવનાર બન્નેને દોષનો સંભવ હોવાથી પાસત્થા વિગેરેને પણ વંદન ન કરવું જોઈએ. તેમ જ જેઓ ગુણવાન્ હોવા છતાં પણ તેઓની સાથે સંસર્ગ કરે તેઓને પણ વાંદવા નહિ જોઇએ. તે બીજા ગ્રંથમાંથી દર્શાવવામાં આવે છેઃ—

“ જેમ વિષ્ટા વિગેરે અશુચિ સ્થાનમાં પડેલી ચંપકમાલા સ્વરૂપથી સુંદર હોવા છતાં પણ અશુચિ સ્થાનના સંસર્ગને લીધે મસ્તક ઉપર ધારણ કરાતી નથી, તેમ પાસત્થા વિગેરેનાં સ્થાનોમાં વર્તમાન સાધુઓ પણ અપૂજ્ય, અવંદનીય જાણવા. પાસત્થા વિગેરેનાં સ્થાનો ઉપાશ્રય, બહિર્ભૂમિ વિગેરે લેવાય છે. બીજાઓ શય્યાતરપિંડ ઇત્યાદિના ઉપભોગ સ્વરૂપવાળાં સ્થાનો કહે છે. જેના સંસર્ગથી પાસત્થા વિગેરે થાય છે. પરંતુ એ સારી રીતે ઘટતાં નથી. કારણ કે તેઓ પણ તદ્ભાવરૂપજ થાય છે. ચંપકમાલા ઉદાહરણનો ઉપનય પણ એવી રીતે જ સારો ઘટે છે.

## ચંપકમાલા કથા.

ચંપાના પુષ્પનો પ્રેમી એક કુમાર પોતાના મસ્તક ઉપર ચંપકમાલા સ્થાપન કરી ઘોડા ઉપર બેસીને જતો હતો. ઘોડાવડે ઉચ્છળતા કુમારની તે ચંપકમાલા અશુચિ સ્થાનમાં પડી. 'હું ગ્રહણ કરૂં' એવું વિચારી, અશુચિ જોઈ મૂકી દીધી. તે કુમાર ચંપાનાં પુષ્પો વિના ધૈર્ય પામતો ન હતો, તો પણ તેણે તેને સ્થાનના દોષથી મૂકી દીધી. એવી રીતે ચંપકમાલાના સ્થાને સાધુઓ, અશુચિના સ્થાનમાં પાસત્થા વિગેરે જાણવા. જે વિશુદ્ધ તેઓ ( પાસત્થા વિગેરે ) ની સાથે મળે અથવા સંવાસ કરે તેનો પણ પરિહાર કરવો જોઈએ. તેને માટે ચાલુ અર્થ સાધવા માટેજ બીજું દૃષ્ટાંત કહે છે.

" નિંદિતકુળમાં વસનાર ચઉદ વિદ્યાનો પારગામી પણ નિંદિત થાય છે. શકુનિશબ્દથી ચઉદ વિદ્યાસ્થાનો લેવાય છે. "

" શિક્ષા ૧, કલ્પ ૨, વ્યાકરણ ૩, છન્દ ૪, જ્યોતિષ ૫, નિરુક્તિ ૬. એ છ અંગ, ૪ વેદ ૧૦, મીમાંસા ૧૧, ન્યાયવિસ્તર ૧૨, પુરાણ ૧૩ અને ધર્મશાસ્ત્ર ૧૪. એ ચઉદ વિદ્યાસ્થાનો કહેવાય છે. "

" એમ જ પાસત્થા વિગેરે કુશીલ સાધુઓ મધ્યે વસનાર સુવિહિત સાધુઓ પણ નિંદિત થાય છે. " આ વિષય ઉપર એક કથા કહેવામાં આવે છે.

એક બ્રાહ્મણને ચૌદ વિદ્યાસ્થાનોના પારગામી પાંચ પુત્રો હતા. તેમાંથી એક બટુક એક દાસી સાથે લાગ્યો—આસક્ત થયો. તે દાસી મદિરા પીતી હતી, આ પીતો નહિં. તેણીએ કહ્યું કે 'જો તું પીએ તો આપણો સુંદર પ્રેમ થાય; અન્યથા વિલક્ષણ સંયોગ કહેવાય.' એવી રીતે બહુ વાર બોલતી તેણીએ તેને મદિરા પીવરાવી. પ્રથમ છાનો પીતો, પાછળથી પ્રકટરીત્યા પીવા લાગ્યો. પછી અતિ પ્રસંગથી માંસ ભક્ષક થયો. દુરાચારી જનો સાથે સહવાસ કરવા લાગ્યો.

તેઓની સાથે જ ખાવા, પીવા અને વસવા લાગ્યો. પછી તેના પિતાએ અને સ્વજનોએ તેને સર્વબાહ્ય કર્યો અને તેનો ઘરમાં પ્રવેશ બંધ કર્યો. અન્યદા તેનો સ્નેહાસક્ત બીજો ભાઈ તેની કોટડીમાં પ્રવેશ કરી પૂછતો અને તેને કાંઈક આપતો. તેથી તેના પિતાએ તેને ઠબકો આપી બહાર કાઢી મૂકયો. ત્રીજો મહોલ્લા બહાર રહ્યો છતો પૂછવા લાગ્યો અને કાંઈક આપે તો તેથી તેને પણ બહાર કર્યો. ચોથો પરંપરાએ અપાવે તો તેને પણ બહાર કર્યો. પાંચમો ગંધ પણ ઇચ્છતો નહિ. એવી રીતે તેણે ઇંદ્રિયોને કાબુમાં રાખી તેથી તેને સર્વ ઘરનો સ્વામી બનાવ્યો. બીજા ચારે પુત્રોને બહાર કર્યા. તેઓ લોકમાં નિંદિત થયા. આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે-જેવા દુરાચારી તેવા પાસત્થા વિગેરે, જેવો બ્રાહ્મણ તેવા આચાર્ય, જેવા પુત્રો તેવા સાધુઓ, જેમ તેઓનો બહિષ્કાર કરવામાં આવ્યો. એવી રીતે બહિષ્કાર કરવામાં આવે છે. કુશીલીઆ સાથે સંસર્ગ કરી પ્રવચન (સંઘ) માં નિંદિત થાય છે, જે કુશીલીઆના સંગને ત્યજે છે તે પૂજ્ય થાય છે. અને સાદ્યનન્ત મોક્ષને પામે છે. એવી રીતે કુશીલીઆઓએ પોતાના સંગ કરનારાને પણ વિણસાડયા છે. તે માટે કહ્યું છે કે—

" જે જેવાની સાથે મૈત્રી કરે, તે થોડા વખતમાં તેવો થાય છે, પુષ્પોની સાથે વસતા તલ પણ ફૂલની ગંધવાળા થાય છે.

**किइकम्मं च पसंसा, सुहसीलजणम्मि कम्मबंधाय ।**
**जे जे पमायठाणा, ते ते उववूहिया हुंति ॥ १२ ॥**

**ગાથાર્થ**-સુખ શાતામાં લંપટ પાસત્થા વિગેરેને વંદન કરવું, પ્રશંસા કરવી તેથી કર્મબંધ થાય છે. જે જે પ્રમાદસ્થાનો છે; તે તે પુષ્ટ થાય છે. ૧૨

**વ્યાખ્યાર્થ**—શાતાલંપટ પાસત્થાદિ લોકને **कृतिकर्म** વંદન કરવું, 'નમન વિગેરે કરવું' તથા 'આ બહુશ્રુત અથવા વિનયવાનછે.' એવા પ્રકારની પ્રશંસા કરવી તે જ્ઞાનાવરણીય વિગેરે ૮ પ્રકારના કર્મની વિશેષ રચના માટે થાય છે.

કારણ કે પ્રશંસા કરવાથી તેઓ 'અમે પૂજ્યજ છીએ' એમ

અત્યંત નિરપેક્ષ બની જાય છે. વળી તેઓને વંદન પ્રશંસા કરવામાં જે દોષોની પુષ્ટિ થાય છે, તેજ કહે છે. અથવા કર્મબંધનાજ કારણને કહે છે. જે જે પાસત્થા વિગેરેનાં પ્રમાદસ્થાનો છે, કે જેમાં પાસત્થા વિગેરે ખિન્ન થાય છે; તે તે સમર્થિત થાય છે, અનુમત થાય છે. 'પાસત્થા વિગેરેની પ્રશંસા કરવામાં તેઓની સર્વ પ્રમાદપ્રવૃત્તિ પણ પ્રશંસિત થઈ જાય છે.' એ કહેવાનું તાત્પર્ય છે. પાપની અનુમોદનાથી મહાન્ દોષ થાય છે.

અહિં કેટલાક સર્વથાજ અચારિત્રિને પાસત્થા માને છે. પરંતુ સહૃદયોને તે યુક્તિયુક્ત જણાતું નથી. કેમકે એકાન્તથીજ પાસત્થો અચારિત્રી હોય તો સર્વથી અને દેશથી પાસત્થો એવા બે વિકલ્પની કલ્પના વ્યર્થ થાય, કારણ કે બન્ને વિકલ્પમાં ચારિત્રનો અભાવ સમાન છે. તો એ બે ભેદની કલ્પનાથીજ જણાય છે કે—અતિચાર સહિત ચારિત્ર પાળનારને પણ પાસત્થો માનવામાં આવે છે. આ કથન કાંઈ અમારી બુદ્ધિથી કહેવામાં નથી આવ્યું. **નિશીથચૂર્ણિમાં** પણ એવું જોવાય છે.

"પાસત્થો સૂત્રપૌરુષીમાં બેસે છે, અથવા અર્થપૌરુષી કરતો નથી, દર્શનાતિચારોમાં વર્તે છે, ચારિત્રોમાં વર્તતો નથી અથવા અતિચારોને વર્જતો નથી; એવી રીતે પાસત્થો સ્વસ્થ રહે છે." આ પાઠથી પાસત્થાનો સર્વથા ચરિત્રનો અભાવ નથી જણાતો, પરંતુ અતિચાર સહિત ચારિત્રપણું પણ જણાય છે. ૧૨

ચારિત્રની વિદ્યમાનતામાં અવશ્ય સમ્યક્ત્વ હોય એથી સમ્યકત્વનું સ્વરૂપ કહે છે—

**अरिहं देवो गुरुणो, सुसाहुणो जिणमयं मह पमाणं ।**
**इच्चाइ सुहो भावो सम्मत्तं बिंति जगगुरुणो ॥ १३ ॥**

**ગાથાર્થ**—અરિહંત દેવ, સુસાધુ ગુરૂ અને જિનેશ્વર પ્રભુનો મત મારે **પ્રમાણ** છે. ઈત્યાદિ શુભ ભાવને જગદ્‌ગુરુ તીર્થંકર પરમાત્મા સમ્યક્ત્વ કહે છે.

**વ્યાખ્યાર્થ**—નમ્ર દેવ સમૂહે રચેલી અશોકવૃક્ષ વિગેરે

આઠ મહાપ્રતિહાર્યરૂપ પૂજાને યોગ્ય હોય તે અર્હન્ કહેવાય છે. કહ્યું છે કે—

**"अरहंति वंदणनमंसणाणि अरहंति पूयसक्कारं ।**
**सिद्धिगमणं च अरहा अरहंता तेण वुच्चंति ॥ १ ॥"**

"વંદન, નમસ્કાર, પૂજાસત્કાર અને સિદ્ધિગમનને યોગ્ય હોવાથી અરિહંત અર્હન્ કહેવાય છે."

અથવા કટ (સાદડી) કુટિ (ઓરડી) વિગેરે સ્થળમાં પણ અસ્ખલિત નિરાવરણ કેવળજ્ઞાનવડે જગત્‌ના સમસ્ત ભાવો જોનાર હોવાથી જેનાથી કાંઇપણ ગુપ્ત (છાનું) નથી, તેથી તે અરહા, અથવા રથ વિગેરે સકલ પરિગ્રહ જેને નથી તે અર્થ ઉપરથી અરહ, અથવા કોઈ પણ સ્વજનાદિમાં સંગ નહિ પામતા તે અરહન્ અથવા **'रह त्यागे'** ધાતુનો નઞ્પૂર્વક પ્રયોગ કરવાથી રાગ, દ્વેષાદિના કારણ ભૂત મનોહર અથવા અનિષ્ટ વિષયોના સંસર્ગમાં પણ વીતરાગ વિગેરે નિજભાવનો ત્યાગ ન કરનાર અરહન્ વીતરાગ દેવ કહેવાય છે, તથા મોક્ષમાર્ગને સાધનારા ઉત્તમ સાધુઓ ગુરૂ તથા જિનેશ્વર પરમાત્માએ રચેલો આગમ એ ત્રણ જિનેશ્વરની આજ્ઞા આરાધવામાં સાવધાન એવા મારે પ્રમાણ તત્ત્વરૂપ છે. ઇત્યાદિ ( અહિં આદિ શબ્દથી ઉપશમ, સંવેગ વિગેરે સ્વરૂપવાળો ) મિથ્યાત્વાદિ કલંકરૂપી કિચ્ચડથી રહિત શુભ ભાવ ( તત્ત્વનો અધ્યવસાય ) સમ્યક્ત્વ છે. એમ ત્રિભુવનના ગુરૂ તીર્થંકરો ફરમાવે છે. ૧૩

હવે સમ્યક્ત્વની દુર્લભતાને પ્રકટ કરતા કહે છે—

**लब्भइ सुरसामित्तं, लब्भइ य पहुत्तणं न संदेहो ।**
**एगं नवरि न लब्भइ, दुल्लहरयणं व सम्मत्तं ॥ १४ ॥**

**ગાથાર્થ**—દેવોનું સ્વામિત્વ અને મનુષ્યોનું સ્વામિત્વ તે મેળવી શકાય છે. એમાં સંદેહ નથી, પરંતુ ફક્ત ચિંતામણિરત્ન સમાન દુર્લભ સમ્યક્ત્વ પામી શકાતું નથી. ૧૪

**વ્યાખ્યાર્થ**—પુણ્યના પ્રભાવથી દેવોનું સ્વામિપણું અર્થાત્ ઇંદ્રપણું. કહ્યું છે કે—

"હિતોપદેશથી મણિરત્નજડિત મુકુટધારી, ચપલ કુંડલ આભરણવાળો, ઐરાવણ વાહનવાળો શક્ર થયો." વળી પૃથિવીનું અધિપતિત્વ–નરનાથપણું મેળવી શકાય. એમાં સંદેહ–શંકા નથી. વિશેષતા એજ છે કે દેશવિરતિ, સર્વવિરતિથી રહિત ફક્ત એકલું તત્ત્વોમાં શ્રદ્ધારૂપ સમ્યકત્વ પણ ( દેશવિરતિ યા સર્વવિરતિ સહિત તો દૂર રહો ) ચિંતામણિરત્નની જેમ મેળવી શકાતું નથી. જેમ લોકમાં ભાગ્યહીન જીવોને ચિંતામણિ દુર્લભ હોય છે, તેમ સમ્યકત્વ અલ્પપુણ્યવાળા પ્રાણિયોને મળી શકતું નથી. તેને માટે પણ કહ્યું છે કે—

**ભાવાર્થ**—"સૌભાગ્ય તથા રૂપ સહિત દેવોની અને મનુષ્યોની સંપત્તિ મેળવી શકાય છે, પરંતુ સંસારરૂપી સમુદ્રમાં વહાણ સમાન સમ્યકત્વ પામી શકાતું નથી. ૧"

હવે સમ્યકત્વનોજ દેવગતિમાં ગમનરૂપ બીજો ગુણ કહે છે—

**सम्मत्तंमि उ लद्धे, विमाणवज्जं न बंधए आउं ।**
**जइ य न सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥ १५ ॥**

**ગાથાર્થ**—સમ્યકત્વ પ્રાપ્ત કર્યે છતે, જો સમ્યકત્વનો ત્યાગ ન કરે અથવા પહેલા ( સમ્યકત્વ મેળવવા પહેલાં ) આયુષ્યનો બંધ ન કર્યો હોય; તો વિમાન સિવાયના આયુષ્યને ન બાંધે.

**વ્યાખ્યાર્થ**—સમ્યકત્વધારી જીવ અહિં ઉત્કૃષ્ટથી તેજ ભવમાં સિદ્ધ થાય. કાળ વિગેરે સંપૂર્ણ સામગ્રીના અભાવથી જે તે ભવમાં નિર્વાણ ન પામે; તે જીવ પણ સમ્યક્ત્વ મેળવ્યે છતે સૌધર્મ વિગેરે દેવલોક સિવાય આયુષ્ય ન બાંધે. અર્થાત્ નારકી, તિર્યંચ, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી વિગેરે ગતિનો રોધકરી વૈમાનિકદેવોમાંજ જાય. અતિપ્રસંગદોષનું નિવારણ કહે છે. 'જો છેલ્લા સમયે સમ્યકત્વ રહિત ન થાય.' ( મિથ્યાત્વે ન જાય ) ઉપલક્ષણથી વૈર વિગેરે કારણોવડે જો કલુષિત સમ્યકત્વવાળો પણ ન થાય. અથવા શ્રેણિક વિગેરેની જેમ નિશ્ચલ સમ્યકત્વધારી પણ જો પહેલેથી આયુષ્ય બંધ કરનાર ન થયો હોય પહેલેથી આયુષ્ય

બંધ કરનાર સમ્યકત્વી અનિયમિતપણે ચારે ગતિમાં પણ ઉત્પન્ન થાય છે. દેવો અને નારકી જીવો સમ્યગ્દૃષ્ટિ હોય તો પણ મનુષ્યોમાંજ ઉત્પન્ન થાય છે. કારણકે તેઓને દેવગતિનો નિષેધ છે એમ સમજવું.

હવે સમ્યકત્વધારી શ્રાવકે યથાવકાશે સામાયિક ગ્રહણ કરવું જોઈએ. **આવશ્યક ચૂર્ણી**માં કહ્યું છે. ' જ્યારે સમય હોય ત્યારે સામાયિક કરે. ' આથી તેની અધિકતા દર્શાવતા કહે છે—

**दिवसे दिवसे लक्खं, देइ सुवण्णस्स खंडियं एगो ।**
**एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥ १६ ॥**

**ગાથાર્થ**—એક મનુષ્ય પ્રતિદિવસ લાખ સોનૈયાનું દાન કરે અને એક મનુષ્ય સામાયિક કરે; તેમાં દાન કરનાર સામાયિક કરનારની બરાબર સમર્થ થઈ શકે નહિ. ૧૬

**વ્યાખ્યાર્થ**—જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ **सम** નો **आय** લાભ તે **समाय** એજ સામાયિક. ( **विनयादि** ગણમાં પાઠ હોવાથી ઠક્ પ્રત્યય સ્વાર્થમાં થાય છે.) શિષ્ય શંકા કરે છે કે—તે ગણમાં **समय** શબ્દ કહેલ છે. તો **समाय** શબ્દમાં કેમ પ્રત્યય થાય ? જવાબમાં જણાવવાનું કે ' **एकदेशविकृतमनन्यवद्भवति** ' એ ન્યાયથી. અથવા **सम** રાગ, દ્વેષ રહિત જીવનો **आय** લાભ તે **समाय** કહેવાય. રાગ દ્વેષ રહિત જીવ દરેક ક્ષણે ચિંતામણિ, કલ્પવૃક્ષ-વિગેરેના પ્રભાવને ન્યૂન કરનાર, ઉપમા રહિત સુખના કારણભૂત અપૂર્વ જ્ઞાન, દર્શન, ચારિત્રના પર્યાયો સાથે જોડાય છે. જે ક્રિયાનુષ્ઠાનનું પ્રયોજન **समाय** હોય તે સામાયિક, પાપકારી પ્રવૃત્તિના પરિહારરૂપ અને નિર્દોષ ક્રિયાના વારંવાર સેવનરૂપ વ્રતવિશેષને કહેવામાં આવે છે. સર્વ પ્રકારના આરંભથી નિવૃત્ત થયેલા પાછા ઓસરેલા ગૃહસ્થે ( શ્રાવકે ) ગૃહવાસરૂપ મહાસાગરની નિરંતર ઉછળી રહેલી બહુ બહોળી પ્રવૃત્તિરૂપ કલ્લોલોના સમૂહ અને આવર્ત ( ભ્રમરી ) થી ઉત્પન્ન થયેલી આકુલતાને નાશ કરનાર, અત્યંત પ્રચંડ મોહ રાજાના સૈન્યને તિરસ્કાર કરનાર મહા સુભટ સમાન આ સામાયિક પ્રતિદિવસ વચ્ચે વચ્ચે અવકાશે યત્નપૂર્વક કરવું જોઈએ.

પરમમુનિઓએ કહ્યું છે કે—" ગૃહસ્થધર્મીને પાપકારિ યોગોનો ત્યાગ કરવા માટે ફક્ત સામાયિક પરમ પ્રશસ્ત કારણ છે, એમ જાણી બુધજને આત્મહિતરૂપ પરમાર્થ 'કરવો જોઇએ." " જેથી સામાયિક કર્યે છતે શ્રાવક સાધુ જેવો થાય છે, એ કારણથી સામાયિક ઘણીવાર કરવું જોઇએ." કોઈ એક દાનશૂર પ્રતિદિવસ યાચકલોકોને લાખ સોનૈયા આપે, અને તેવું દાન કરવામાં અશક્ત કોઇએક મનુષ્ય સામાયિકના અતિચારનો ત્યાગ કરી સામાયિક કરે; તો લાખ સોનૈયાનું દાન કરનાર તે સામાયિક કરનાર સમાન ન થઈ શકે. લાખ સોનૈયાનાં દાનથી પણ સામાયિક કરવામાં અધિક ફળ છે. એ કહેવાનો આશય છે. ૧૬

હવે સામાયિક કરનારને એ ફળ શાથી ? એજ કહે છે, અથવા સામાયિક કરનારનું વિશેષણદ્વારા કર્તવ્યસ્વરૂપ જ કહે છે:—

**निंदपसंसासु समो, समो य माणावमाणकारीसु ।**
**समसयणपरियणमणो, सामाइयसंगओ जीवो ॥ १७ ॥**

**ગાથાર્થ**—સામાયિકમાં રહેલો જીવ પોતાની નિંદા અને પ્રશંસામાં તથા પોતાના માન કરનાર અને અપમાન કરનાર ઉપર સમાન હોય છે. તથા સ્વજન અને પરજન પ્રત્યે પણ સમાન મનયુક્ત હોય છે. ૧૭

**વ્યાખ્યાર્થ**—સામાયિક વ્રતવડે યુક્ત પ્રાણી બીજા પોતાના દોષો ખુલ્લા કરે અથવા પોતાના ગુણોની પ્રશંસા કરે એ બંનેમાં સમાન અર્થાત્ નિંદાવડે રોષ ન પામે અને પ્રશંસાવડે તોષ ન પામે. વળી માન–સત્કાર, અપમાન–અવગણના કરવાના સ્વભાવવાળા લોક ઉપર તુલ્ય. કેટલાક સત્કાર કરે અને કેટલાક તિરસ્કાર કરે; પરંતુ તેઓના ઉપર રાગ, દ્વેષ નહિ કરવાથી સમાન ચિત્તવૃત્તિ રાખે છે. તથા સ્વજન અને પરજનના તરફ સમાનચિત્ત ધરાવનાર હોય છે. સામાયિક યુક્ત મનુષ્ય સ્વજન અને પરજનને એક સરખી દૃષ્ટિથી જુએ છે. એ કહેવાનું તાત્પર્ય છે. ૧૭

હવે સામાયિક જે કર્મ કરવાથી નિષ્ફલ થાય તે કહે છે—

सामाइयं तु काउं, गिहकम्मं जो य चिंतए सड्ढो ।
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामइयं ॥ १८ ॥

**ગાથાર્થ**—જે શ્રાવક સામાયિક કરીને આર્તધ્યાનવશથી પીડિત થઇ ઘર સંબંધી કામ ચિંતવે, તેનું સામાયિક નિરર્થક જાણવું. ૧૮

**વ્યાખ્યાર્થ**—જે શ્રાવક નવમા વ્રતરૂપ સામાયિક કરીને આર્તધ્યાનની પરતંત્રતાવડે વ્યાકુલતા પામ્યો છતો ઘર સંબંધી કામકાજને જેમકે—" આજે ઘરે ઘી નથી, હિંગ, લવણ, ઇંધણાં નથી, આજે તો ભોજન થયું પણ કાલે કુટુંબનું શું થશે ? ગાયો તરશી છે, મારી સ્ત્રી ઘરમાં પ્રવૃત્તિવાળી છે, આજે પરોણા આવેલા છે. " ઇત્યાદિ પ્રકારે ચિંતવે; એથી મનનું દુર્ધ્યાન એ ઉપયોગ શૂન્યતા વિગેરેથી સાવદ્યચિંતા વિગેરેમાં પ્રવર્તવું તે સામાયિકનો અતિચાર કહેલો છે. તે ચિંતવવાનું ફળ કહે છે. આર્તધ્યાનને વશ થનારનું સામાયિક નિષ્ફળ જાણવું. ધર્મધ્યાનમાં પ્રવર્તવાથી જ સામાયિકની સફળતા છે એમ સમજવું.

તેમાં સામાયિક કરવાની વિધિ પૂર્વગ્રંથોમાં આવી રીતે જોવાય છે. **આવશ્યક બૃહદ્વૃત્તિમાં**—" અહીં ઋદ્ધિમાન્ અને ઋદ્ધિ વિનાનો એમ શ્રાવક બે પ્રકારના હોય છે. " ઇત્યાદિથી શરૂઆત કરી " આ વિધિએ જઇ ત્રિવિધે સાધુઓને નમી પછી સામાયિક કરે, ' હે ભગવન્ ! હું સામાયિક કરૂં છું, જ્યાં સુધી સાધુઓની પર્યુપાસના કરૂં ત્યાં સુધી બે પ્રકારના ( કરવા અને કરાવવા આશ્રી) સાવદ્ય યોગનું ત્રિવિધે પચ્ચખાણ કરૂં છું.' એમ કર્યા પછી **इरियावहिया** પડિક્કમે, પછી આલોવી આચાર્ય વિગેરેને વાંદે. " તથા **પંચાશક વૃત્તિમાં**–" આ વિધિએ જઇ ત્રિવિધે ( મન, વચન, કાયાવડે ) સાધુઓને નમી સામાયિક કરે, '**करेमि भंते !**' ઇત્યાદિ ઉચ્ચાર્યા પછી **इरियावहिया** પડિક્કમે, પછી આલોચના કરી આચાર્યાદિને વાંદે. " તથા **નવપદ વિવરણમાં**–" આવેલો ( શ્રાવક ) ત્રિવિધે સાધુઓને નમસ્કાર કરી તેમની સાક્ષિએ ફરી '**करेमि भंते**' ઇત્યાદિથી **जाव साहू पज्जु-**

**वासामि** ઇત્યાદિ સૂત્ર ઉચ્ચારી સામાયિક કરે, પછી **इरियावहिया** પડિક્કમે અને પછી આગમનની આલોચના કરે." તેમ જ **પંચાશકચૂર્ણિમાં** પણ **શ્રી યશોદેવસૂરિએ** કહ્યું છે કે–" આ વિધિએ જઈ ત્રિવિધે સાધુઓને નમસ્કાર કરી સામાયિક કરે, '**करेमिभंते**–' ઇત્યાદિ પાઠ ઉચ્ચાર્યા પછી **इरियावहिया** પડિક્કમે" ઈત્યાદિ. એવી રીતે ઘણા ગ્રંથોમાં 'સામાયિક ઉચ્ચર્યા પછી **इरियावहिया** પડિક્કમવા.' એમ જણાવનારાં પ્રમાણો વિદ્યમાન હોવા છતાં જેઓ સામાયિક ઉચ્ચર્યા પહેલાં **इरियावहिया** પડિક્કમે છે. તેઓને સુહૃદ્ભાવથી પૂછવું જોઈએ કે–"તમે કયા ગ્રંથના અભિપ્રાયવડે એમ કરાવો છો? તેવા ભાવને જણાવનાર કોઈ પણ શાસ્ત્ર જોવામાં આવતું નથી ?[1] આ સંબંધમાં વિશેષ જિજ્ઞાસુએ અમારા ગુરૂ **શ્રીજયસોમ** ઉપાધ્યાજીએ રચેલ સ્વોપજ્ઞ **ईर्यापथिकाषट्त्रिंशिकाविवरण** જોવું.

સામાયિકનો ઉપદેશ કરનારા સૂરિ તે ગુણવાન્ હોય છે. એથી તેમના ગુણો કહે છે—

---

૧ 'સામાયિક ઉચ્ચાર્યા પહેલાં **इरियावहिया** પડિક્કમવા.' એમ સ્વીકાર કરનારાનો આવો અભિપ્રાય છે. 'સામાયિક ઉચ્ચર્યા પછી **इरियावहिया** પડિક્કમવા.' એમ સૂચવનારા જે પાઠો ટીકાકારે ઉપર જણાવ્યા છે. તે પાઠોનો તેજ અર્થ સ્થૂલબુદ્ધિ જીવોની દૃષ્ટિમાં તત્કાલ તો ભાસે છે, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી તાત્પર્યની ગવેષણા કરતાં તેનો વિપરીત અર્થજ થાય છે. તે આવી રીતે 'ઉપર્યુક્ત પાઠમાં પ્રતિપાદન કરેલું **ईर्यापथिकीप्रतिक्रमण** તે આલોચના સંબંધિ છે? અથવા વંદન સંબંધિ છે? યા સામાયિક સંબંધિ છે? પ્રત્યુત્તરમાં તમો પહેલા બે પક્ષ માન્ય નહિ કરી શકો, કારણ કે તેમ કરવા જતાં ઉપર્યુક્ત પાઠોથી તમારો પક્ષ પુષ્ટ થઇ શકશે નહિ; કેમકે **ईर्यापथिकी** પડિક્કમ્યા સિવાય જેમ પડિલેહણાનો આરંભ કરાતો નથી, તેમ આલોચના, વંદનાદિ પણ **इरियावहिया** પડિક્કમ્યા વિનાં કરી શકાય નહિ એ વિષયમાં બન્નેનો એકજ મત છે. આ કારણથીજ પ્રતિક્રમણની ઉકિતમાં પણ ત્યાં ત્યાં આલોચના કરવાનો ઉપદેશ અને આચાર્યને વંદન કરવાનો ઉપદેશ સારી રીતે સંગત જણાય છે. '**पच्छा**' (**पश्चात्**) એવું પદ પણ આપના પક્ષને સાધી શકતું નથી, કારણ કે એક વિધિ સમાપ્ત કર્યા પછી બીજા વિધિને દર્શાવવાના સમયે **पश्चात्**

**पडिरूवाई चउदस, खंतिमाई य दसविहो धम्मो ।**
**बारस य भावणाओ, सूरिगुणा हुंति छत्तीसं ॥ १६ ॥**

**ગાથાર્થ**—પ્રતિરૂપ વિગેરે ૧૪ ગુણો, ક્ષમા વિગેરે ૧૦ પ્રકારનો ધર્મ, અને ૧૨ પ્રકારની ભાવના. એ સૂરિમહારાજના ૩૬ ગુણો છે. ૧૯

---

(**पच्छा**) પદનો પ્રયોગ કરવો એ ગ્રંથકારોની લખવાની શૈલીને સમ્મત છે. ત્રીજો પક્ષ સ્વીકારવામાં આવે તો તે પણ ઉચિત નથી. કેમકે ' અંહિ સામાયિકવિધિ પૂર્ણ છે? અથવા અપૂર્ણ છે? **પ્રથમ** પક્ષે, વિધિ પૂર્ણ છે, એમ જો કહેવામાં આવે તો મુહપત્તિ પડિલેહવી, સામાયિક સંદિસાવું સામાયિક ઠાઉં, એસણે સંદિસાવું એસણે ઠાઉં, સજ્ઝાય સંદિસાવું, સજ્ઝાય કરૂં. એ આદેશો નહિ કહેલ હોવાથી સ્પષ્ટ રીતે (તે વિધિ) કલ્પિત કહેવાય, અન્યથા વિધિમાંજ શો કદાગ્રહ? તો પછી **करेमि भंते** ઈત્યાદિ પાઠ આચાર્યમહારાજે શા માટે કહ્યો? એમ પણ તમારાથી કહી શકાશે નહિ કેમકે તે પાઠ સર્વ સામાયિકના ભેદને દર્શાવવાના તાત્પર્યરૂપ છે; જો એમ ન હોય તો તેટલોજ સામાયિક સૂત્રનો પાઠ માન્ય રાખવાનો (અનિષ્ટ) પ્રસંગ ઉપસ્થિત થાય છે. આ હેતુથીજ અહિ **जाव** ઇત્યાદિ પદવડે અતિદેશ કર્યો નથી. શ્રીમદ્ **અભયદેવસૂરિના** શિષ્ય શ્રીમાન્ **પરમાનંદસૂરિજીએ** પણ પોતે કરેલી **સામાચારીમાં** સામાયિક ઉચ્ચર્યા પહેલાં **इरियावहिया** પડિક્કમવાનું પ્રતિપાદન કરેલ છે. તેમજ બન્નેએ (ખરતર અને તપાગચ્છે) સ્વીકારેલ શ્રીમદ્ **વાદિવેતાલશાંતિસૂરિજીએ** પણ **શ્રીઉત્તરાધ્યયન** સૂત્રની બૃહદ્વૃત્તિમાં તેવી રીતેજ પ્રતિપાદન કર્યું છે. તે બન્નેના પાઠો નીચે પ્રમાણે છે—" જેણે સામાયિક (વ્રત) અંગીકાર કર્યું હોય તેણે બંને સંધ્યાએ સામાયિક ગ્રહણ કરવું. તેનો વિધિ આ પ્રમાણે છે. 'પોસહશાલામાં સાધુસમીપે અથવા ઘરના એક ભાગમાં **इरियावहिया** પડિક્કમી **खमासमण** પૂર્વક મુહપત્તિ પડિલેહી પહેલે ખમાસમણે સામાયિક સંદિસાવું? બીજે ખમાસમણે સામાયિક ઠાઉં? એ પ્રમાણે કહી અર્ધો નમ્યો છતો નમસ્કારપૂર્વક **करेमि भंते सामाइयं** ઈત્યાદિ પાઠ બોલી" આલાવો એ પ્રથમ પાઠ છે.

" સામાયિક સ્વીકારનારે તે (સામાયિક) ના રચનારની સ્તુતિ કરવી જોઇએ." એ ઉત્તરાધ્યયનના ૨૯મા અધ્યયનની વૃત્તિમાં રહેલો બીજો પાઠ છે.

બીજો પક્ષ (અપૂર્ણ વિધિ) માં તો ચર્ચાજ તજવી (ન કરવી) કારણ કે સામાયિકની વિધિજ અહિ પ્રતિપાદન કરી નથી. એથી અનુષ્ઠેયરૂપ હોવાથી **इरियावहिया** પહેલાં પડિક્કમવા.' એમ સ્વીકારવું ઉચિત છે.

**વ્યાખ્યાર્થ**—સૂરિના આ ૩૬ ગુણો છે. તે આવી રીતે–પ્રતિરૂપ વિગેરે ૧૪ ગુણો. (પ્રાકૃત હોવાથી મૂળમાં એકવચન મૂક્યું છે.)તેમાં–

" **पडिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को ।**
**गंभीरो धीमंतो, उवएसपरो य आयरिओ ॥ १ ॥**
**अप्परिसावी सोमो, संगहसीलो अभिग्गहमई य ।**
**अविकत्थणो अचवलो, पसंतहियओ गुरू होइ ॥ २ ॥** "

" પ્રતિરૂપ ૧, તેજસ્વી ૨, યુગપ્રધાનાગમ ૩, મધુરવાક્ય ૪, ગંભીર ૫, ધીમાન્ ૬, ઉપદેશતત્પર ૭, અપરિશ્રાવી ૮, સૌમ્ય ૯, સંગ્રહશીલ ૧૦, અભિગ્રહમતિ ૧૧, અવિકત્થન ૧૨, અચપલ ૧૩ પ્રશાંતહૃદય ૧૪. એ ૧૪ ગુણયુક્ત ગુરૂ તે આચાર્ય કહેવાય છે.

વિવેચન—વિશેષ પ્રકારની અવયવોની રચનાવડે જેનું રૂપ–શરીરની આકૃતિ સુંદર–સુયોગ્ય હોય તે પ્રતિરૂપ (આ વિશેષણવડે શરીર સંપત્તિ કહી ) અથવા પ્રધાનગુણ સહિત હોવાથી, તીર્થંકર વિગેરે તરફની બુદ્ધિ ઉત્પન્ન કરનાર હોવાથી તીર્થંકરાદિના પ્રતિબિંબરૂપ જેનો આકાર હોય તે પ્રતિરૂપ ૧, તેજસ્વી=તેજવાળા દેદીપ્યમાન ૨, વર્તમાનકાળમાં બીજા જનોની અપેક્ષાએ બહુ હોવાથી જેનું શ્રુતજ્ઞાન ઉત્કૃષ્ટ હોય તે યુગપ્રધાનાગમ ૩, મધુરવાક્ય=પ્રિય હિતકર વચન બોલનાર ૪, ગંભીર=તુચ્છ ન હોય તે, બીજાઓથી જેના હૃદયની ગુહ્ય બીનાઓ લઈ ન શકાય તેવા ૫, ધૃતિમાન=જેના ચિત્તમાં કંપ ન હોય તે ધીરજવાળા ૬, સદ્વચનોવડે માર્ગમાં પ્રવર્તાવનાર તે ઉપદેશતત્પર ૭, છિદ્ર વિનાના શિલાના પાત્રની જેમ બીજાએ કહેલ નિજગુહ્યરૂપી પાણીને ન ઝરે તેવા તે અપ્રતિશ્રાવી ૮, પોતાની આકૃતિવડેજ આલ્હાદ ઉપજાવનાર તે સૌમ્ય ૯, તે તે પ્રકારના ગુણો વિચારી શિષ્ય, વસ્ત્ર, પાત્ર વિગેરેને ગ્રહણ કરવામાં તત્પર; કારણકે તેવા પ્રકારનો ગુણ ગણની વૃદ્ધિ કરવામાં હેતુભૂત છે. તેવા ગુણવાળા એટલે સંગ્રહશીલ ૧૦, દ્રવ્યાદિમાં વિવિધ પ્રકારના નિયમો તે અભિગ્રહ, તેવા અભિગ્રહ પોતે ગ્રહણ કરવામાં અને અન્યને ગ્રહણ કરાવવામાં જેની મતિ હોય તે અભિગ્રહમતિક ૧૧, અવિકત્થન=બહુ ન બોલનાર અથવા

પોતાની પ્રશંસા ન કરનાર ૧૨, અચપલ=સ્થિર સ્વભાવવાળો ૧૩, પ્રશાંતહૃદય=જેનું ચિત્ત ક્રોધાદિના સ્પર્શને ન પામતું હોય તે ૧૪. એવા પ્રકારના ગુણોવડે શ્રેષ્ઠ ગુરૂ તે આચાર્ય કહેવાય છે. તથા ક્ષમા વિગેરે ૧૦ પ્રકારનો ધર્મ—

**" खंती य मद्दवज्जव, मुत्ती तव–संजमे य बोधव्वे।**
**सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥ १ ॥ "**

ક્ષાન્તિ ૧, માર્દવ ૨, આર્જવ ૩, મુક્તિ ૪, તપ ૫, સંયમ ૬, સત્ય ૭, શૌચ ૮, આકિંચન્ય ૯, બ્રહ્મચર્ય ૧૦. એ દસ પ્રકારનો યતિધર્મ જાણવો. સમર્થ અથવા અસમર્થ સંબંધી સહન કરવાનો પરિણામ, અર્થાત્ સર્વથા ક્રોધનો ત્યાગ તે ક્ષમા ૧, નિરહંકારી તે મૃદુ, તેનો ભાવ અથવા કર્મ તે માર્દવ અર્થાત્ નમ્રતા, નિરભિમાનવૃત્તિ ૨, જેનું મન, વચન અને કાયાનું કર્મ વક્ર ન હોય તે ઋજુ=સરળ તેનો ભાવ અથવા કર્મ સરળપણું તે, આર્જવ= મન, વચન, કાયાની વિક્રિયાનો ત્યાગ અર્થાત્ માયારહિતપણું ૩, બાહ્ય અને આભ્યંતર વસ્તુઓની તૃષ્ણાનો છેદ અર્થાત્ લોભનો ત્યાગ તે મુક્તિ ૪, રસ વિગેરે ધાતુઓ અથવા કર્મ જેનાવડે તપે તે અનશન વિગેરે બાર પ્રકારનું તપ ૫, આશ્રવથી વિરતિ કરવી તે સંયમ ૬, મૃષાવાદથી વિરામ પામવો તે સત્ય ૭, સંયમમાં નિરતિચારતા તે શૌચ ૮, દ્રવ્યનો અભાવ, ઉપલક્ષણથી શરીર અને ધર્મનાં ઉપકરણો વિગેરેમાં પણ મમતાનો અભાવ તે આકિંચન્ય ૯, બ્રહ્મચર્યની ૯ ગુપ્તિ સહિત બ્રહ્મચર્ય પાળવું તે બ્રહ્મ ૧૦. આ દસ પ્રકારનો યતિધર્મ છે. બીજી રીતે તેમાં લાઘવ= દ્રવ્યથી ઓછી ઉપધિ રાખવી અને ભાવથી ગૌરવનો ત્યાગ કરવો તે. ત્યાગ=સર્વ સંગો ત્યજવાં તે અથવા સંયમિઓને વસ્ત્રાદિ આપવાં તે. બાકી ઉપર પ્રમાણે કહેવામાં આવે છે.

તથા બાર ભાવના—"૧ અનિત્યભાવના, ૨ અશરણભાવના, ૩ સંસારભાવના, ૪ એકત્વભાવના, ૫ અન્યત્વભાવના, ૬ અશુચિત્વભાવના, ૭ આસ્રવભાવના, ૮ સંવરભાવના, ૯ નિર્જરાભાવના, ૧૦ લોકસ્વભાવભાવના, ૧૧ બોધિદુર્લભભાવના, ૧૨ ધર્મ

કથનાર અર્હન્ છે. એ ઉપર્યુક્ત બારે ભાવના પ્રતિદિવસ ભાવવી જોઈએ. તે ભાવનાઓનું કાંઈક સ્વરૂપ અમે નિરૂપણ કરીએ છીએ.

તેમાં સંસારમાં સર્વ પદાર્થોની અનિત્યતા વિચારવી તે અનિત્યભાવના ૧. પ્રાણિયોને મરણ વિગેરે ભયવાળા આ સંસારમાં કોઈપણ શરણ નથી એમ ચિંતવવું તે અશરણભાવના ૨, જીવોને ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરવું પડે છે એમ વિચારવું તે સંસારભાવના ૩, એકલોજ જીવ ઉત્પન્ન થાય છે, એકલોજ કર્મોને એકઠાં કરે છે, એકલોજ તે કર્મોને ભોગવે છે. ઇત્યાદિ વિચારવું તે એકત્વભાવના ૪, દેહથી જીવ જૂદો થયે છતે પુત્ર, સ્ત્રી, ધન વિગેરે પદાર્થોથી અત્યંત ભેદ થાય છે. આ કારણથી વાસ્તવિક રીતે લોકમાં કોઈનો પણ સંબંધ નથી, ઈત્યાદિ ચિંતવવું તે અન્યત્વભાવના ૫, સાત ધાતુમય દેહનાં નવ દ્વારો નિરંતર સ્રવ્યા કરે છે, મલ, મૂત્ર, શ્લેષ્મ વિગેરે બીભત્સ વસ્તુઓ સહચારિ હોય છે. આથી દેહનું શુચિત્ત્વ ક્યાંથી હોય? ઈત્યાદિ વિચારવું તે અશૌચભાવના ૬, સંસારમાં રહેલ સમસ્ત જીવોને મિથ્યાત્વ, કષાય, અવિરતિ, પ્રમાદ, આર્તધ્યાન, રૌદ્રધ્યાન વિગેરે હેતુઓવડે નિરંતર કર્મો બંધાય છે ઈત્યાદિ ચિંતવવું તે આસ્રવભાવના ૭, મિથ્યાત્વ વિગેરે કર્મબંધના હેતુઓને સંવરનાર સમ્યકત્વ વિગેરે ઉપાયોને વિચારવા તે સંવરભાવના ૮, નિર્જરા બે પ્રકારની છે ૧ સકામા, ૨ અકામા. તેમાં સકામા નિર્જરા સાધુઓને અને અકામા નિર્જરા અજ્ઞાની જીવોને હોય છે. બાર પ્રકારના તપવડે જે કર્મ ક્ષય કરવામાં આવે તે સકામનિર્જરા અને તિર્યંચ વિગેરે જીવોને તરશ, ભૂખ, છેદ, ભાર ઉપાડવો વિગેરે અનિચ્છાએ કષ્ટ સહન કરવામાં જે કર્મનો ક્ષય થાય તે અકામનિર્જરા જાણવી. એવા પ્રકારની નિર્જરાભાવના ૯, કેડ ઉપર હાથ સ્થાપી પગ તિરછા પહોળા કરી રહેલ પુરૂષ જેવા આકારવાળા ધર્માસ્તિકાય વિગેરે છ દ્રવ્યોથી ભરેલ ચૌદ રાજલોકનું ચિંતવવું તે લોકસ્વભાવ ભાવના ૧૦, અનંતા કાળે મનુષ્યપણું વિગેરે સામગ્રી મળવા છતાં પણ પ્રાયે બોધિબીજ જીવોને દુર્લભ છે ઈત્યાદિ

વિચારવું તે બોધિદુર્લભભાવના ૧૧, હવે ધર્મના કથન કરનારા અર્હન્ છે. એ બારમી ભાવના.—

"કેવળજ્ઞાનના પ્રકાશવડે લોકાલોકનું અવલોકન કરનારા અરિહંતોજ યથાર્થ ધર્મનું કથન કરવામાં અતિ કુશળ છે, પરંતુ બીજા નથી. નિશ્ચયે વીતરાગ પરમાત્માજ સર્વત્ર પરોપકાર કરવામાં ઉદ્યમવંત થઈ ક્યાંય પણ અસત્ય ન બોલે તેથી તેમનો પ્રરૂપેલો ધર્મ સત્ય છે. જિનેશ્વરોએ ક્ષાન્તિ (ક્ષમા) વિગેરે દશ પ્રકારે ધર્મ કહ્યો છે, જે ધર્મને વિધિ પૂર્વક કરતો જંતુ સંસારરૂપ સમુદ્રમાં ડૂબતો નથી, પૂર્વાપરમાં વિરોધવાળાં, હિંસા વિગેરે કરાવનારાં, વિચિત્ર પ્રકારનાં વચનો પોતાની ઈચ્છાએ પ્રકટ કરનાર મિથ્યા મત સ્થાપકોએ પ્રરૂપેલ સદ્ગતિના વિરોધિ સઘળા ધર્મો સારી રીતે કહેવાયલા છે એમ કેમ કહેવાય? અને જે તેઓના સિદ્ધાંત (મત) માં ક્વચિત્ દયા, સત્ય વિગેરેની પુષ્ટિ જોવામાં આવે છે, તે માત્ર વચન રૂપજ છે, કિંતુ વાસ્તવિક નથી એમ વિદ્વાન પુરૂષો જાણી શકે છે, જે અનર્ગલ મદથી ઉન્મત્ત થએલ હાથીઓની શ્રેણિ સહિત સામ્રાજ્ય મળે છે, જે સમસ્ત જનોને પ્રમોદ ઉત્પન્ન કરનાર વૈભવ મેળવાય છે, જે પૂર્ણચંદ્ર સમાન ઝળહળતો ગુણનો સમૂહ પ્રાપ્ત થાય છે, અને જે પરમ સૌભાગ્ય પ્રગટે છે તે સમસ્ત ધર્મની લીલા છે. જે કલ્લોલોની શ્રેણિથી આકુળ સમુદ્ર પૃથ્વીને જલમય નથી બનાવતો, જે મેઘ જલની ભરપૂર વૃષ્ટિથી સકળ પૃથ્વીને આનંદિત કરે છે, જે જગત્માં સઘળા અંધકારનો નાશ કરવા સૂર્ય, ચંદ્ર ઉદય પામે છે; તે સમસ્ત અવશ્ય ધર્મનુંજ માહાત્મ્ય છે. આ લોક અને પરલોકમાં હિતસમૂહને ઉત્પન્ન કરનાર, બંધુ રહિતનો બંધુ, મિત્ર રહિતનો મિત્ર, રોગની પીડાથી પીડિતોને ઔષધરૂપ, નિર્ધનતાથી પીડિત મનવાળાઓને ધનરૂપ, અનાથોનો નાથ, ગુણરહિત જનોને ગુણનો ખજાનો એક ધર્મજ જયવંત વર્તે છે, અરિહંત પરમાત્માએ કહેલો આ ધર્મજ સત્ય છે. એમ વિચારી બુદ્ધિશાળી પુરૂષે સર્વ પ્રકારની વિભૂતિ કરનાર ધર્મમાં અત્યંત દૃઢ રહેવું જોઇએ. જે ભવ્ય પ્રાણી આ ભાવનાઓમાંથી નિર્મલ એક ભાવનાને પણ નિરંતર ભાવે, તો તે પણ પ્રાણિયોને દુઃખ આપનાર સમસ્ત

પાપોનો નાશ કરે છે તોપછી સમસ્ત જૈન સિદ્ધાંતને જાણનાર જે મનુષ્ય આદરપૂર્વક બારે ભાવનાઓ ભાવે તે અનુપમ અતુલ સુખને પામે તેમાં શું આશ્ચર્ય ? અર્થાત્ તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી." ૧૯

સૂરિ મહારાજાઓ સદ્‌ગુણી સાધુઓથી પરિવર્યાજ શોભે છે, એથી સાધુઓના ગુણને કહેવા પૂર્વક સાધુઓનું વંદ્યપણું કહે છે.—

**छव्वय-छकायरक्खा, पंचिंदिय लोहनिग्गहो खंती ।**
**भावविसुद्धी पडिलेहणाइकरणे विसुद्धी य ॥२०॥**
**संजमजोए जुत्तय, अकुसलमण-वयण-काय-संरोहो ।**
**सीयाइपीडसहणं मरणं उवसग्गसहणं च ॥ २१ ॥**
**सत्तावीसगुणेहिं, एएहिं जो विभूसिओ साहू ।**
**सो पणमिज्जइ भत्तिब्भरेण हियएण रे जीव? ॥ २२ ॥**

**ગાથાર્થ**—છ વ્રત અને છકાયની રક્ષા, પાંચ ઇંદ્રિયોને વશ રાખવી, લોભનો નિગ્રહ કરવો, ક્ષમા, અંતઃકરણની વિશુદ્ધિ, પડિલેહણ વિગેરે કરવામાં વિશુદ્ધિ રાખવી. (૨૦) સંયમના યોગમાં યુક્ત થવું, અકુશળ મન, વચન અને કાયાનો રોધ કરવો, શીત વિગેરે પીડા સહન કરવી, મરણાંતિક ઉપસર્ગને સહન કરવા. (૨૧) એ સત્યાવીશ ગુણોવડે જે સાધુ વિભૂષિત હોય તેને હે જીવ! ભક્તિથી ભરપૂર હૃદયવડે પ્રણામ કરવો જોઇએ. ૨૨

**વ્યાખ્યાર્થ**—પૂર્વોક્ત સત્તાવીશ ગુણોવડે જે મુનિ અલંકૃત હોય તેવા સાધુને આદરની અધિકતા પૂર્વક અંતઃકરણથી (મનવડે) હે આત્મન્ ! નમસ્કાર કરવો જોઇએ. '**ગુણવાન્ પાત્રને ભાવની પ્રધાનતાએ કરેલો નમસ્કાર ગુણને માટે થાય છે.**' એમ સૂચવ્યું. હવે સાધુના ગુણોને ગણતાં છતાં કહે છે. '**छव्वय**' ઇત્યાદિ. પ્રાણાતિપાત વિરમણ વિગેરે લક્ષણવાળાં રાત્રિભોજન વિરમણ પર્યંત છ વ્રત ( પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે. )

પૃથિવી વિગેરે છકાયની સારીરીતે રક્ષા કરવી, શ્રોત્ર (કર્ણ) વિગેરે પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ (ઇષ્ટ, અનિષ્ટ શબ્દાદિમાં રાગ, દ્વેષ ન કરવો,) લોભનો નિગ્રહ વિરાગિપણું, ક્ષમા–ક્રોધનો નાશ, અંતઃકરણની શુદ્ધિ. પડિલેહણ વિગેરે પ્રવૃત્તિમાં વિશુદ્ધિ, (શાસ્ત્રોક્ત પડિલેહણાદિ ક્રિયા સારીરીતે ઉપયોગ રાખી કરે,) સંયમયોગમાં આત્માને જોડવો, અકુશળ મન, વચન, કાયાનો નિરોધ (અટકાવવું) કુશળ મન, વચન, કાયાને ન અટકાવવાં, શીત વિગેરે પીડાઓ સહન કરવી, કલ્યાણમિત્રની બુદ્ધિપૂર્વક મરણાંતિક ઉપસર્ગને સહન કરવા. એ સાધુ અનગારના ગુણો છે. ૨૦, ૨૧, ૨૨.

અનગારના ગુણો કહ્યા, હવે શ્રાવકોના ગુણો ત્રણ ગાથાવડે કહે છે.—

**धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो रूववं पगइसोमो ।**
**लोगप्पिओ अकूरो, भीरू असढो सुदक्खिण्णो ॥ २३ ॥**
**लज्जालुओ दयालू, मज्झत्थो सोमदिट्ठि गुणरागी ।**
**सक्कह सुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू ॥ २४ ॥**
**वुड्ढाणुगो विणीओ, कयण्णुओ परहियत्थकारी य ।**
**तह चेव लद्धलक्खो, इगवीस गुणेहि संपन्नो ॥ २५ ॥**

**ગાથાર્થ**—અક્ષુદ્ર ૧, રૂપવાન્ ૨, પ્રકૃતિસોમ ૩, લોકપ્રિય ૪, અક્રૂર ૫, પાપભીરૂ ૬, અશઠ ૭, સુદાક્ષિણ્ય ૮, લજ્જાળુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ–સૌમ્યદૃષ્ટિ ૧૧, ગુણરાગી ૧૨, સત્કથારાગી ૧૩, સુપક્ષયુક્ત ૧૪, સુદીર્ઘદર્શી ૧૫, વિશેષજ્ઞ ૧૬, વૃદ્ધાનુગ ૧૭, વિનીત ૧૮, કૃતજ્ઞ ૧૯, પરહિતકારક ૨૦, ધર્મરૂપ લક્ષ્યને મેળવનાર ૨૧ એ ૨૧ ગુણોવડે યુક્ત મનુષ્ય ધર્મરત્નને યોગ્ય જાણવો. ૨૩, ૨૪, ૨૫.

**વ્યાખ્યાર્થ**—આ ૨૧ ગુણોવડે યુક્ત મનુષ્ય ધર્મોમાં રત્ન સમાન શ્રી જિનેશ્વરે પ્રરૂપેલ દેશવિરતિ–ધર્મરત્નને મેળવવા યોગ્ય છે. ગુણ અને ગુણિનો કથંચિદ્ અભેદ મનાતો હોવાથી ગુણિનું પ્રતિપાદન કરવા પૂર્વક તે ગુણોનેજ કહે છે. પ્રથમ અક્ષુદ્ર–તુચ્છ-

મતિથી રહિત ૧, રૂપવાન્–પ્રશંસનીય રૂપશાલિ અર્થાત્ સ્પષ્ટપંચેંદ્રિય ૨, પ્રકૃતિસોમ–સ્વભાવથી પાપકર્મ ન કરનાર ૩, લોકપ્રિય –સદા સદાચરણ કરનાર ૪, અક્રૂર–મત્સર વિગેરેથી જેના પરિણામ દૂષિત ન હોય તે ૫, ભીરૂ–આલોક અને પરલોકના અપાય (કષ્ટ) થી ભીરૂ ૬, અશઠ–અન્યને નહિ ઠગનાર ૭, સુદાક્ષિણ્ય–પ્રાર્થનાને ભંગ કરવામાં ભીરૂ ૮, લજ્જાળુ–અકાર્યનો ત્યાગ કરનાર ૯, દયાળુ –પ્રાણીયો પ્રત્યે દયા કરનાર ૧૦, મધ્યસ્થ રાગ–દ્વેષથી રહિત આથીજ આ સોમદૃષ્ટિ–સત્ય ધર્મ વિચારક હોવાથી દોષોનો દૂરથીજ ત્યાગ કરનાર ૧૧, ગુણરાગી–ગુણનો પક્ષ લેનાર ૧૨, સત્કથ–જેને ધર્મકથા પ્રિય હોય તે ૧૩, સુપક્ષયુક્ત–સુશીલ અને અનુકૂળ પરિવાર સહિત હોય તે ૧૪, સુદીર્ઘદર્શી–ઘણી સારીરીતે વિચારેલા, પરિણામે સુંદર એવા કાર્યને કરનાર ૧૫, વિશેષજ્ઞ–પક્ષપાત રાખ્યા વિના ગુણ દોષની વિશેષતાને જાણનાર ૧૬, વૃદ્ધાનુગ—ઠરેલ–પરિપક્વ બુદ્ધિવાળા પુરૂષને સેવનાર ૧૭, વિનીત–ગુણોવડે કરી વડીલ જનોનું ગૌરવ કરનાર ૧૮, કૃતજ્ઞ–પરના પોતાની તરફ થયેલ ઉપકારને ન ભૂલનાર ૧૯, પરહિતાર્થકારી–નિસ્પૃહ થઈ બીજા તરફથી બદલો અથવા આશા રાખ્યા વિના પરોપકાર કરનાર (સુદાક્ષિણ્ય પ્રાર્થના કરાયો છતોજ પરોપકાર કરે છે, આ તો સ્વયમેવ અન્યનું હિત કરવામાં આનંદી હોય છે. તેથી એ બંને ગુણનો ભેદ છે. ) ૨૦, તેમજ લબ્ધલક્ષ્ય–જેણે ધર્માનુષ્ઠાનના વ્યવહારરૂપ લક્ષ્યને મેળવ્યું હોય તેવો, અર્થાત્ જેને સહેલાઇથી શિક્ષા આપી શકાય તે ૨૧. એ ૨૧ ગુણોથી યુક્ત મનુષ્ય ધર્મરત્નને યોગ્ય છે. ત્યાં ' ૨૧ ગુણો જેને હોય તે શ્રાવક કહેવાય છે. ' એવો અર્થ જાણવો. ૨૩, ૨૪, ૨૫.

સાધુઓએ અને શ્રાવકોએ પરમ સંવેગ ઉત્પન્ન કરનાર શ્રી જિનેશ્વરનો આગમ સાંભળવો જોઈએ. એથી તેનું મહાત્મ્ય પ્રકટ કરતા કહે છે.—

**कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया ।**
**हा ! अणाहा कहं हुंता, न हुंतो जइणागमो ? ॥ २६ ॥**

**ગાથાર્થ**—જો જિનેશ્વર પ્રભુનો આગમ ન હોત તો હા ! અમ્હારા જેવા દુષ્ષમકાળના દોષથી દૂષિત અનાથ પ્રાણિયોનું શું થાત ? તે કહી શકાતું નથી. ૨૬

**વ્યાખ્યાર્થ**—અમારા જેવા પાપની બહુલતાવાળા પ્રાણિયો ક્યાં ? કેવા પ્રકારના ? ૨૧ હજાર વર્ષના પ્રમાણવાળા પાંચમા આરાના પ્રભાવથી સઘળા શુભ ભાવો હ્રાસ પામે છે. " આયુષ્ય ૧, દ્રવ્ય ૨, સ્વાસ્થ્ય ૩, વિદ્યા ૪, ઐશ્વર્ય ૫, એ પાંચને મારનાર હોવાથી પંચમારક કહેવાય છે. ૧ "

અહિં દુષ્ષમસુષમ નામના ચોથા આરામાં ઉત્પન્ન થયેલાજ ભવ્ય પ્રાણિયો સાક્ષાત્ જિનેશ્વર પ્રભુના મુખરૂપી ચંદ્રથી પ્રકટેલ બહોળા વચનરૂપી અમૃતનું પાન કરનારા હોય છે. હા ! ખેદ સૂચવે છે. જો અરિહંત પ્રભુનો સિદ્ધાંત ન હોત તો અમારા જેવા સ્વામિરહિત સેવકોનું શું થાત ? અર્થાત્ આ કલિકાલમાં જિનેશ્વરપ્રભુનો આગમજ આધાર છે. ૨૬

હવે આગમનીજ પ્રધાનતા પ્રકટ કરતા કહે છે.

**आगमं आयरंतेणं, अत्तणो हियकांखिणा ।**
**तित्थनाहो गुरू धम्मो, सव्वे ते बहुमन्निया ॥ २७ ॥**

**ગાથાર્થ**—પોતાનું હિત ઇચ્છનાર, આગમ પ્રમાણે આચરણ કરનાર મનુષ્યે તીર્થંકર, ગુરુ અને ધર્મ એ સર્વનું બહુમાન કર્યું. એમ કહી શકાય. ૨૭

**વ્યાખ્યાર્થ**—પોતાનું હિત ઇચ્છનાર, અરિહંત પ્રભુએ રચેલ સિદ્ધાંતમાં કહેલ આચારનો સ્વીકારનાર મનુષ્ય અરિહંત ( દેવ ), ધર્માચાર્ય અને ધર્મ એ સર્વનું ગૌરવ કરે છે. કહેવાનો આશય એજ છે કે–જે આત્મહિતૈષિ પુરુષે શ્રીસિદ્ધાંતનું બહુમાન કર્યું. અર્થાત્ તે સિદ્ધાંતમાં કહેલ સઘળું અંગીકાર કર્યું, નહિ કે જમાલિ વિગેરે નિહ્નવોની જેમ સિદ્ધાંતના એક અંશને પણ અપ્રમાણિક કર્યો હોય; તેણે અરિહંત, ગુરુ અને ધર્મને બહુ માન્ય કરેલાજ છે. જે આગમના એકપદને પણ ન સ્વીકારે તે સમ્યક-

રવથી રહિત જીવ નિહ્નવની પંક્તિમાં ગણાય છે. કારણ કે શાસ્ત્રનો આવો પાઠ છે.—

" સૂત્રમાં કહેલ વચનમાંથી એક પદ તરફ પણ અરુચિ ધરાવનાર મિથ્યાદષ્ટિ જાણવો. " ૨૭

આગમ શ્રી સંઘને વિષેજ પ્રતિષ્ઠા પામે છે, કેવા પ્રકારનો સંઘ ન કહેવાય એ કહે છે—

**सुहसीलाओ सच्छंदचारिणो वेरिणो सिवपहस्स ।**
**आणाभट्ठाओ बहुजणाओ मा भणउ संघुत्ति ॥२८॥**

**ગાથાર્થ**—સુખશીલીઆ, સ્વછંદચારિ, મોક્ષમાર્ગના વૈરી, પરમાત્માની આજ્ઞાથી ભ્રષ્ટ થએલા એવા ઘણા જનોને પણ 'સંઘ' એમ ન કહો. ૨૮

**વ્યાખ્યાર્થ**—આવા ઘણા લોકોને પણ સંઘ એમ ન કહો. કોને ? એ કહે છે, શાતાલંપટ તથા સ્વેચ્છાએ ચાલનાર ગુરૂની આજ્ઞાએ ન પ્રવર્તનાર તેવાને, મોક્ષમાર્ગના દ્વેષિઓને; શા માટે એ પ્રમાણે ? એ કહે છે—ભગવંતના આદેશથી ચ્યુત થયેલા હોવાથી તેવાઓને. સર્વ અનુષ્ઠાન વિગેરે આજ્ઞાપૂર્વક કરાય તોજ સફળ છે અને આજ્ઞારહિત તો નિષ્ફળજ સમજવું. જેમ કહ્યું છે કે—" આરાધેલી આજ્ઞા મોક્ષ આપનાર થાય છે અને વિરાધેલી આજ્ઞા સંસાર આપનાર થાય છે. " ૨૮

આજ્ઞાથી ભ્રષ્ટ બહોળા લોકો પણ 'સંઘ' કહી શકાય નહિ, પરંતુ આજ્ઞા ધારણ કરનાર અલ્પ વ્યકિતને પણ સંઘ કહી શકાય છે. એજ દર્શાવે છે—

**एगो साहू एगा य साहूणी सावओ य सड्डी य**
**आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥ २९ ॥**

**ગાથાર્થ**—એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા જિનેશ્વરની આજ્ઞા પાલનાર એ સંઘ છે, પરંતુ બાકીનો ( જિનેશ્વરની આજ્ઞા ન માનનાર ) તો અસ્થિનો સમૂહ કહી શકાય. એ સંઘ ન કહેવાય. ૨૯

**વ્યાખ્યાર્થ**—એક સાધુ મુનિ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા એ ચારવડે મળેલો આજ્ઞાપ્રધાન સંઘ છે. અને બીજો જિનેશ્વરની આજ્ઞાથી રહિત બહોળો સાધુ વિગેરે લોક સમુદાય પણ હાડનો સમૂહ કહેવાય. અર્થાત્ તેની માફક અસાર છે. કેટલાક તો 'બાકીનો આજ્ઞાબાહ્ય સંઘાત—જથ્થો છે પણ સંઘ નથી.' એવી વ્યાખ્યા કરે છે, પરંતુ **સંઘપટ્ટક બૃહદ્વૃત્તિ**માં વૃત્તિકારે પૂર્વ પાઠના અર્થનુંજ સમર્થન કરેલ હોવાથી તે પાઠાંતર ઉપેક્ષણીય છે. ૨૯

પુનઃ સંઘનું સ્વરૂપજ કહે છે—

**निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो ।**
**तित्थयराणाजुत्तो, वुच्चइ एयारिसो संघो ॥ ३० ॥**

**ગાથાર્થ**—નિર્મળ જ્ઞાનવડે પ્રધાન—મુખ્ય, સમ્યક્ત્વ સહિત, ચારિત્ર ગુણ યુક્ત, તીર્થંકરની આજ્ઞા માનનાર આવાં પ્રકારનો સંઘ કહેવાય છે. ૩૦

**વ્યાખ્યાર્થ**—આવા પ્રકારનો સંઘ કહેવાય છે. કેવા પ્રકારનો ? ઉજ્વલ જ્ઞાનવડે મુખ્ય. સઘળું અનુષ્ઠાન જ્ઞાનપૂર્વક કરાય તોજ સફળ થાય છે. જેમ કહ્યું છે કે—

**" पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए।**
**अन्नाणी किं काही ?, किं वा नाही छेय-पावयं ? ॥ १ ॥ "**

**ભાવાર્થ**—" પ્રથમ જ્ઞાન, કે જેથી જીવનું સ્વરૂપ, તેને રક્ષણ કરવાના ઉપાય વિગેરે જાણી શકાય. તેવા પ્રકારના જ્ઞાન પછી દયા—સંયમ તે એકાંતે સર્વથા ઉપાદેય હોવાથી ભાવપૂર્વક કરી શકાય છે. આવી રીતે જ્ઞાનપૂર્વક ક્રિયા સ્વીકારનાર સર્વ પ્રવ્રજ્યાધારી સંયમી હોય છે. જે અજ્ઞાની—સાધ્ય, તેનાં ઉપાયો, તેનું ફળ વિગેરે સંબંધિ જ્ઞાનથી રહિત, તે શું કરશે ? સર્વત્ર અંધ તુલ્ય હોવાથી તેની પ્રવૃત્તિ નિષ્પ્રયોજન છે. અથવા પ્રવૃત્તિ કરતો તે સુંદર હિત અથવા પાપને સમયોચિત શું જાણશે ? અર્થાત્ સમ્યગ્જ્ઞાન નહિ હોવાથી સમસ્ત કારણનો અભાવ હોવાથી તેનું કરવું

ભાવથી (સત્ય રીતે) નહિ કરવા બરોબર છે. જેમ આગ લાગવાના સમયે અંધનું પલાયન અથવા ઘુણાક્ષર ન્યાયવત્ નિરર્થક પ્રવૃત્તિ થાય છે."

વળી કેવા પ્રકારના ? સમ્યક્ત્વયુક્ત જ્ઞાન, દર્શનના એક સ્વામિત્વ સૂચવવાને તરતજ 'દર્શનયુક્ત' વિશેષણ મૂકેલ છે. જેમ કહ્યું છે—"જ્યાં જ્ઞાન ત્યાં નિશ્ચયે દર્શન અને જ્યાં દર્શન ત્યાં નિશ્ચયે જ્ઞાન હોય છે." તથા સંયમગુણયુક્ત, જ્ઞાન, દર્શન બંનેથી સહિત હોવા છતાં પણ જો ચારિત્રવડે પવિત્ર ન હોય તો સદ્‌ગતિની પ્રાપ્તિ ન થઈ શકે. જેને માટે કહ્યું છે કે—"જહેમ ચંદનના ભારને વહન કરનાર ગધેડો ફક્ત બોજાનોજ ભાગી હોય છે, પરંતુ ચંદનનો ભાગી થઈ શકતો નથી; એવીજ રીતે ચારિત્રથી હીન જ્ઞાની પણ ખરેખર જ્ઞાનનોજ ભાગી થાય છે, કિંતુ સદ્‌ગતિનો ભાગી બની શકતો નથી."

એ ત્રણે ગુણોથી દેદીપ્યમાન હોવા છતાં પણ જો તીર્થંકરની આજ્ઞાથી રહિત હોય તો સઘળું નિષ્ફળ જાણવું. આ હેતુથી કહે છે. 'તીર્થંકરાજ્ઞાયુક્ત' પરમાત્માના ફરમાન મુજબ કરવારૂપ તીર્થંકરની આજ્ઞાવડે યુક્ત. જેમ કહ્યું છે કે—

"**समइपवित्ती सव्वा, आणाबज्झत्ति भवफला चेव ।**
**तित्थयरुद्देसेण वि, न तत्तओ सा तदुद्देसा ॥ १ ॥**"

**ભાવાર્થ**—"પોતાની મતિ પ્રમાણે કરેલી સર્વ પ્રવૃત્તિ આજ્ઞાબાહ્ય હોવાથી સંસારરૂપ ફળને આપનારી જ થાય છે, તીર્થંકરનો ઉદ્દેશ કરીને કરાયેલી પણ તે પ્રવૃત્તિ વાસ્તવિક રીતે તીર્થંકરના ઉદ્દેશ પ્રમાણે નથી. ૧"

સ્વમતિ પ્રમાણે પ્રવૃત્તિ આવા પ્રકારના દોષના કારણરૂપ છે. જેમકે—"અહો ! ઘણા ખેદની વાત છે કે અજ્ઞાની જીવો વસંતઋતુના સમયમાં ધર્મને બ્હાને પૂજ્ય દેવોના મંદીરમાં પીચકારીઓથી જળક્રીડાની લીલા, હીંચકવું, દંડરાસક્રીડા વિગેરે અત્યંત હાસ્યજનક સંસારનાં હેતુભૂત કર્તવ્યો કરે છે." તથા "આ ચૈત્યમાં આપનાં માબાપની પ્રતીતિથી અથવા અમુક ધનિકે આ

માસમાં યાત્રાઓ કરી છે, તેવી જ રીતે તમારે પણ કરવી જોઈએ; ઈત્યાદિ પ્રકારે આવા લોકો અનુચિત ધર્મ ગૃહસ્થો દ્વારા શા માટે કરાવે છે ? શ્રાદ્ધ, પરબ, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, માહ મહિનો, સંક્રાંતિ વિગેરે, પાપનાં કારણભૂત, ઉજ્જવલયુક્તિસમૂહથી રહિત, મિથ્યાત્વિ લોકોનાં પર્વોને અજ્ઞાની જૈનો પોતાના ઘરમાં શા માટે કરે અથવા કરાવે છે ? ”

આથી કહેવાનો એજ સાર છે કે-ત્રણ ગુણ ( જ્ઞાન, દર્શન, ચારિત્ર ) થી યુક્ત હોવા છતાં પણ જિનેશ્વરની આજ્ઞાએ પ્રવર્તનારને જ ‘ સંઘ ’ કહેવો ઉચિત છે. એથી વિપરીતને ‘ સંઘ ’ ન કહી શકાય. ૩૦

હવે આજ્ઞા એ જ સકલ ધર્મરૂપ કલ્પવૃક્ષનું બીજ છે, એમ વ્યતિરેક દ્વારા દર્શાવતા કહે છે.—

**जह तुसखंडण मयमंडणाइ रुन्नाइ सुन्नरन्नंमि ।**
**विहलाइँ तहा जाणसु, आणारहियं अणुट्ठाणं ॥ ३१ ॥**

**ગાથાર્થ**—ફોફાંને ખાંડવાં, મૃતક ( મડદાં ) ને વિભૂષિત કરવું, શૂન્ય અરણ્યમાં રડવું. એ જેમ નિષ્ફળ છે, તેમ જ આજ્ઞારહિત અનુષ્ઠાન પણ નિષ્ફળ છે એમ જાણો. ૩૧

**વ્યાખ્યાર્થ**—જેમ ધાન્યનાં ફોતરાંને ખાંડણીયામાં નાંખી સાંબેલાથી કૂટવાં-ખાંડવાં. ફોતરાં સહિત ધાન્યને ખાંડવું તે વ્યાજબી છે પરંતુ આ તો ધાન્યરહિત કેવળ ફોફાંને ખાંડવાં એ જેવી રીતે, અથવા જેમ મરણ પામેલ પ્રાણીના શરીરને સોના, રૂપાનાં આભૂષણોથી વિભૂષિત કરવામાં આવે, તથા જેમ નિર્જન અટવીમાં દુઃખિત જનોનું રડવું નકામું થાય છે. તેમજ પરમાત્માના આદેશથી રહિત જિનપૂજન, આવશ્યક કરવાં ઈત્યાદિ ધર્મકાર્ય નિષ્ફળ જાણવા. જેમ કહ્યું છે કે—

“ **जिणआणाए धम्मो, आणारहियाण फुड अहम्मु त्ति ।**
**इय मुणिऊण य तत्तं, जिणआणाए कुणह धम्मं** ॥ १ ॥ ”

**ભાવાર્થ**—" જિનેશ્વરની આજ્ઞાએ કરાય તે ધર્મ છે અને તેમની આજ્ઞાથી રહિત પ્રકટરીતે અધર્મ છે; એ પ્રમાણે તત્ત્વ જાણીને જિનેશ્વરની આજ્ઞાએ ધર્મ કરો. ૧ " વળી કહ્યું છે કે—સેંકડો ભવોથી ( ઉપલક્ષણથી ) અનંત જન્મથી ડરતા પ્રાણિયોને સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનો ભંગ કરતાં ભય ઉપજે છે. કારણકે ભવભીરૂ જીવો તો—જેમ પ્રમાદના દોષથી રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા મનુષ્યો બંધ, વધ, રોધ, છેદ, મરણ પર્યંત સંકટ પામે છે. તેમજ પ્રમાદના દોષવડે જિનેશ્વરપ્રભુની આજ્ઞાનું અતિક્રમણ કરનાર પ્રાણીઓ હજારો કરોડો સંકટોવાળા દુર્ગતિમાર્ગોને પ્રાપ્ત કરે છે. ઇત્યાદિ જાણી આજ્ઞાભંગથી ડરે છે. પરંતુ ભવાભિનંદિ જીવોને તો જિનેશ્વરની આજ્ઞાનો ભંગ કરવો તે ક્રીડાની જેવી ક્રીડાજ છે. જહેમ મલ્લ વિગેરેને થએલ મુષ્ટિપ્રહારાદિ દુઃખકર હોવા છતાં પણ ક્રીડારૂપ થાય છે; સુકોમળ શરીરવાળા પ્રાણિયોને તો તે પીડાકારક થાય છે. એવી રીતે સંસારથી નહિ ડરનારાઓને જિનેશ્વરની આજ્ઞાનો ભંગ ક્રીડામાત્ર છે અને તે બીજાઓને તો ભયના કારણરૂપ છે. ૩૧

હવે તપ વિગેરે આજ્ઞાપૂર્વક કરવામાં આવે તોજ તે પ્રમાણ ગણાય એ કહે છે—

**आणाइ तवो आणाइ संजमो तहय दाणमाणाए ।**
**आणारहिओ धम्मो, पलालपूल व्व पडिहाइ ॥ ३२ ॥**

**ગાથાર્થ**—આજ્ઞાવડેજ તપ, આજ્ઞાવડેજ સંયમ તથા આજ્ઞાવડેજ દાન ગણનામાં ગણાય છે. અર્થાત્ સફળ થાય છે. આજ્ઞા રહિત ધર્મ પરાળના પૂળાની માફક ( નિષ્ફળ ) માલૂમ પડે છે. ૩૨

**વ્યાખ્યાર્થ**—' સર્વ વાકય અવધારણ સહિત કહેવાય છે. ' એ ન્યાયથી જિનેશ્વરની આજ્ઞાવડેજ કરાતો જેનાવડે ધાતુઓ અથવા અશુભ કર્મ તપાવાય તે તપ–અણસણ વિગેરે પ્રકારનો. જેમ કહ્યું છે કે—" મજ્જા, હાડકાં, લોહી, માંસ, રસ, ચરબી અને વીર્ય એ સાત ધાતુઓ અથવા અશુભ કર્મ આથી તપાવાય છે.

એ હેતુથી તપ નામ નિરુક્તિ પ્રમાણે કહેલું છે. ૧ ” પ્રમાણ છે. તપના વિષયમાં જિનેશ્વરની આજ્ઞા આ પ્રમાણે છે.

**“ सो हु तवो कायव्वो, जेण मणो मंगुलं न चिंतेइ ।**
**जेण न इंदियहाणी, जेण य जोगा न हायंति ॥ १ ॥ ”**

**ભાવાર્થ**—તેજ તપ કરવો જોઈએ કે જે તપથી મન અશુભ ન ચિંતવે, જે તપવડે ઇંદ્રિયોની હાનિ ન થાય અને જે તપવડે યોગો નાશ ન પામે. ૧ ” તેનું ફળ આ પ્રમાણે છે.—“ શ્રેષ્ઠદેવોને પણ અત્યંત દુર્લભ આમોસહિ, વિપ્પોસહિ, સંભિન્નશ્રોત પ્રમુખ લબ્ધિઓ તપવડે થાય છે. દેવલોકમાં અપ્સરાઓના હાથથી ચલાવાતા ચામરોથી વીંજાતો દેવેંદ્ર જે સુખોને ભોગવે છે, તે આ તપરૂપી વૃક્ષનું પુષ્પ છે. સ્ફુરાયમાન નિર્મલ પ્રતાપવંત ભરત વિગેરે ચક્રવર્તિઓ જે ભરતક્ષેત્રને ભોગવે છે, તે તપના પ્રભાવવડેજ છે. આજ્ઞાથી રહિત તપ ઘણા તપસ્વીઓ કરે છે, પરંતુ તે સર્વ નિષ્ફળ જ સમજવું. જેમ કહ્યું છે કે—“ તામલિ તાપસે સાઠ હજાર વરસ લગી એકવીશ વાર પાણીથી ધોએલ આહારનું પારણું કરતાં તપ તપ્યો હતો, પરંતુ અજ્ઞાનતપ હોવાથી તે અલ્પ ફળ આપનારજ થયો. ” તથા આજ્ઞાવડેજ સંયમ-( અંહિ ભાવમાં અપ્રત્યય થયો છે. ) નવાં કર્મરૂપી કચરાને આવતાં રોધ કરવામાં તત્પર આસ્રવદ્વારથી વિરમવું તે, પાલ્યો છતો પ્રમાણ છે. તાપસ વિગેરે લોકોની જેમ આજ્ઞાથી રહિત જનોનો સંયમ પણ નિષ્ફળજ જાણવો. તથા આજ્ઞાવડેજ સુપાત્રને વિષે ન્યાયથી ઉપાર્જન કરેલ નિર્દોષ વસ્ત્ર, પાત્ર વિગેરે વસ્તુઓ આપવી તે મોક્ષ આપનાર થાય છે. દાનના અધિકારમાં જિનેશ્વરની આજ્ઞા આ પ્રમાણે છે.—“ આશંસા વિગેરેથી રહિત, શ્રદ્ધાવડે, રોમાંચરૂપી કંચુકયુક્ત થઈને, ફક્ત કર્મક્ષય માટેજ સુપાત્રોને દાન આપવું. આરંભથી નિવૃત્ત થએલા, પોતે આરંભ ન કરનારા, બીજા પાસે ન કરાવનાર, ધર્મમાં મતિવાળા સુપાત્રોને ગૃહસ્થોએ, ધર્મ માટે દાન દેવું જોઈએ. મોક્ષના કારણભૂત એવું દાન એ પ્રમાણે સૂત્રમાં વર્ણવેલ વિધિ પ્રમાણે આપવું જોઈએ, અનુકંપાદાન તો સર્વત્ર આપવામાં જિનેશ્વરોએ ક્યાંય પણ નિષેધ કર્યો નથી. કેટલાકને ચિત્ત (આપવાની

ભાવના) હોય છે, બીજા કેટલાકને દ્રવ્ય હોય છે, કેટલાક જીવોને ચિત્ત અને વિત્ત બન્ને હોય છે; પરંતુ ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણે તો કોઈકિ ધન્ય પુણ્યશાળીનેજ પ્રાપ્ત થઈ શકે છે. આજ્ઞા વિના અત્યંત આપવામાં આવેલું નિષ્ફળજ જાણવું.

હવે આજ્ઞાની વિકલતામાં જે થાય છે, તે કહે છે.—આજ્ઞા રહિત તપ વિગેરે ધર્મ પલાલપૂલની જેમ—કણથી રહિત શાલિ, વ્રીહિ વિગેરે ધાન્યના તૃણના સમૂહની જેમ જોવાય છે. જેમ પરાળનો સમૂહ ધાન્ય રહિત હોવાથી નિષ્ફળ છે, તેમ આજ્ઞાથી રહિત ધર્મ પણ નિષ્ફળ સમજવો. ( 'કણ વિનાના વ્રીહિ વિગેરે પલાલ કહેવાય છે,' એમ ઉણાદિવૃત્તિમાં કહેલ છે, પૂલશબ્દ લોકરૂઢિએ પૂળા અર્થને કહે છે. ) ૩૨. એજ કહે છે—

**आणाखंडणकारी, जइवि तिकालं महाविभूईए।**
**पूएइ वीयरायं, सव्वं पि निरत्थयं तस्स ॥ ३३ ॥**

**ગાથાર્થ**—પરમાત્માની આજ્ઞાનું ખંડન કરનાર, જો કે (કદાચ) મહાવિભૂતિવડે ત્રણે કાળ (સંધ્યાએ) વીતરાગ પરમાત્માને પૂજે તો પણ તેનું સર્વ નિરર્થક સમજવું. ૩૩

**વ્યાખ્યાર્થ**—આજ્ઞા જિનપૂજામાં-"ત્રસ વિગેરે જીવથી રહિત વિશુદ્ધ ભૂમિભાગમાં પ્રાસુક પાણી વડે અથવા અપ્રાસુક ગળેલા પાણીવડે વિધિપૂર્વક સ્નાન કરી, શ્વેત વસ્ત્ર પહેરી, મુખકોશ કરી ઘરમંદિરનાં બિંબોને પ્રમાર્જન કરે. ત્રણ લોકના બંધુ જિનેશ્વરોને સુગંધિ પાણીવડે અભિષેક કરી, ગોશીર્ષ ચંદન વિગેરેથી વિલેપન કરી પૂજે. ઈત્યાદિ સ્વરૂપવાળી જાણવી. તેને ખંડન કરનાર, અથવા સામાન્યથી આજ્ઞા ખંડન કરનાર-પોતાની મતિની કલ્પનાઓ રૂપી શિલ્પથી આશ્રિત છતાં જો ત્રણે સંધ્યાએ ચંદન, કપુર, કેસર, કસ્તુરી ઈત્યાદિ પ્રકારની પૂજાનાં ઉપકરણોની સામગ્રીરૂપ મહાસમૃદ્ધિવડે અરિહંત પ્રભુને પૂજે, તો પણ તે આજ્ઞાખંડન કરનાર મનુષ્યનો ભગવંતની પૂજા માટે કરાતો દ્રવ્યનો ખર્ચ વિગેરે નકામો થાય છે. આજ્ઞાવડે કરવામાં આવતું જિનપૂજન તો સફળ છે. જેમ કહ્યું છે કે-"પૂજા પ્રમુખ ધર્મકૃત્ય પણ જિને-

દ્રોની આજ્ઞા પ્રમાણેજ કરવું જોઈએ, જીવોના અનુગ્રહ (દયા)થી રહિત કૃત્ય આજ્ઞાભંગથી દુઃખદાયક થાય છે. ૧ ” તથા **શ્રીજિનવલ્લભસૂરિજીએ** પણ કહ્યું છે કે-“ વિધિપૂર્વક કરેલ જિનગૃહ (દેરાસર) જિનબિંબ, જિનપૂજા, જિનયાત્રા, વિગેરે તથા દાન, તપ, વ્રત વિગેરે અને ગુરુભક્તિ, શ્રુતાભ્યાસ વિગેરે આદરને યોગ્ય છે, પરંતુ ત્હેજ કુમત, કુગુરુ, કુગ્રાહ (કદાગ્રહ), કુબોધ (મિથ્યાજ્ઞાન), કુદેશના દ્વારા થએલ હોય તો લેશ ઝેરના પડવાથી શ્રેષ્ઠભોજનની જેમ અનિષ્ટ કરનાર નીવડે છે. ” ૩૩

શા હેતુથી એ પ્રમાણે ? એ કહે છે.—

**रन्नो आणाभंगे, इक्कु च्चिय होइ निग्गहो लोए।**
**सव्वन्नुआणभंगे, अणंतसो निग्गहं लहइ ॥ ३४ ॥**

**ગાથાર્થ**—આ લોકમાં રાજાની આજ્ઞાનો ભંગ કરવામાં એકજ મરણ દુઃખ થાય છે, સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કર્યે છતે જીવ અનંતીવાર નાશ પામે છે. ૩૪

**વ્યાખ્યાર્થ**—રાજાના આદેશને ખંડન કર્યે છતે આ લોક સંબંધિજ મરણ દુઃખ લોકમાં થાય છે; પોતાની આજ્ઞા-ખંડનાર સેવકને તે રાજા મારે છે, એ પ્રસિદ્ધ છે. જેમ કહ્યું છે કે—

**आज्ञाभङ्गो नरेंद्राणां, महतां मानखण्डनम् ।**
**मर्मप्रकाशनं पुंसामशस्त्रवध उच्यते ॥ १ ॥ ”**

**ભાવાર્થ**—“ રાજાઓની આજ્ઞાનો ભંગ, મહાપુરુષોનું અપમાન, લોકોના મર્મને પ્રકાશિત કરવાં તે શસ્ત્ર વિના વધ કહેવાય છે. ” ૧

એ સુભાષિતને અનુસારે આજ્ઞાને વિરાધનારનું જીવિત ક્યાંથી ? સર્વજ્ઞ દેવાધિદેવ પરમાત્માની આજ્ઞાનો ભંગ કરવામાં અનંતીવાર મરણ દુઃખ પામે છે. જિનેશ્વરની આજ્ઞા એવા પ્રકારનીજ છે કે-‘**ગીતાર્થ આચાર્યોની પરંપરાથી પ્રાપ્ત થએલા અર્થને પોતાની નિપુણ બુદ્ધિએ અપ્રમાણ ન કરવો !** જેમ **શ્રીસૂત્રકૃતાંગ નિર્યુક્તિમાં** કહ્યું છે કે—

" आयरियपरंपरएण आगयं जो उ छेयबुद्धीए
कोवेइ छेयवाई, जमालिनासं स नासिहिई ॥ १ ॥ "

**ભાવાર્થ**—" આચાર્યોની પરંપરાવડે પ્રાપ્ત થએલ સૂત્રના અભિપ્રાયને જે કોઈ પોતાને પંડિત માનનાર પુરુષ પોતાની માનેલી પંડિતાઈવાળી બુદ્ધિવડે દૂષિત કરે–સર્વજ્ઞ પરમાત્માના કથનને પણ અન્યથા કહે તે મનુષ્ય જમાલિનિહ્નવની જેમ નાશ પામશે–રેંટની જેમ સંસાર ચક્રાવામાં ભ્રમણ કરશે. ? "

જે કોઈ પોતાને પંડિત માનનાર પુરુષ પરમાત્માની તે આજ્ઞાને પ્રમાણિત ન કરે, તેણે તીર્થંકરની આજ્ઞા ખંડિત કરી એમ કહી શકાય, અને તેમની આજ્ઞાને ખંડિત કરવાથી તે અનંત મરણ પામે છે, **ષષ્ઠિશતપ્રકરણમાં** પણ આ પ્રમાણે કહ્યું છે. રાજા ઠાકોર વિગેરેની પણ આજ્ઞાનો ભંગ કરવાથી મરણદુઃખ થાય છે, તો ત્રણ લોકના પ્રભુ દેવાધિદેવ જિનેંદ્રની આજ્ઞાનો ભંગ કરવાથી (અનંત મરણ દુઃખ) થાય એમાં શો સંદેહ ? અર્થાત્ અવશ્ય અનંત મરણ દુઃખ ભોગવવાં પડે. ૧ "

હવે જિનેશ્વરની આજ્ઞાનો ભંગ કરી, અવિધિએ કરેલ ધર્મનું અને જિનેશ્વરની આજ્ઞા પાળવાપૂર્વક વિધિએ કરેલ ધર્મનું ફળ દૃષ્ટાંત સહિત દર્શાવતા કહે છે—

**जह भोयणमविहिकयं, विणासए विहिकयं जियावेइ ।**
**तह अविहिकओ धम्मो, देइ भवं विहिकओ मुक्खं ॥ ३५ ॥**

**ગાથાર્થ**—જહેમ અવિધિએ કરેલ ભોજન વિણસાડે છે–વિનાશ કરે છે અને વિધિએ કરેલ ભોજન જીવાડે છે; ત્હેમ અવિધિએ કરેલ ધર્મ સંસાર આપે છે–વધારે છે, અને વિધિએ કરેલ ધર્મ મોક્ષ આપે છે. ૩૫

**વ્યાખ્યાર્થ**—જહેમ અવિધિએ રસની આસક્તિએ જીવિતની અપેક્ષા રાખ્યા વિના જે કાંઈ અભક્ષ્ય ભક્ષણ કરવાથી અમર્યાદિત રીતે કરેલ ભોજન જીવિતથી ચ્યુત દૂર કરે છે. આ કારણથીજ કહેલ છે કે–

जिह्वा ! प्रमाणं जानीहि भोजने वचनेऽपि च ।
अतिभुक्तमतीवोक्तं महानर्थाय जायते ॥ १ ॥ "

**ભાવાર્થ**—" હે જીભ ! ભોજનમાં અને વચનમાં તું પ્રમાણ જાણ-મર્યાદા રાખ, કારણકે-અતિ ખાધેલું ભોજન અને અતિ બોલાયેલ વચન મહા અનર્થકારક થાય છે. ૧ "

તેજ ભોજન વિધિપૂર્વક કરવામાં આવ્યે છતે ભોજન કરનારના જીવિતને-આયુષ્યને વધારે છે. તથા જિનેશ્વરની આજ્ઞાનો લોપ કરવારૂપ અવિધિએ કરેલ દેશવિરતિ અથવા સર્વવિરતિ ધર્મ સંસારની વૃદ્ધિકરે છે. જેમ કહ્યું છે કે—" જિનેશ્વર પરમાત્માના મતથી વિરૂદ્ધ રીતે કરેલાં લોકો વડે નમસ્કાર કરાતાં તપ, ચારિત્ર, દાન વિગેરે પણ મોક્ષરૂપી ફળ આપતાં નથી, ફકત અહિતકાર થાય છે. અવિધિએ કરાતી જિનાજ્ઞા અશુભકારક અને વિધિએ કરાતી જિનાજ્ઞા શુભકારક થાય છે. એમ જાણી અહિતના હેતુભૂત વિડંબનારૂપ અવિધિ શા માટે આચરવો ? ૧ " વિના કારણ અવિધિ નજ સેવવો એ આશય છે. કારણ કે કારણ વિના અવિધિ કરવો તે આજ્ઞાભંગ ગણાય. તે માટે **નિશીથચૂર્ણિમાં** કહ્યું છે કે—" કારણ વિના અવિધિ સેવવાથી નિશ્ચયે આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, બોલવા પ્રમાણે નહિ કરનાર થાય છે. "

તેજ ધર્મ આગમોમાં કહેલ પ્રકાર પ્રમાણે કરવામાં આવ્યે છતે મોક્ષ આપે છે. વિધિ બીજા ગ્રંથોથી જાણવો. જો કે આગમોમાં કહેલ સર્વ વિધિ અમારા જેવા તપસ્વિઓ (મંદશકિતવાળા) થી બનવો અશકય છે, તો પણ વિધિ પૂર્વક કરવા માટે યત્ન કરવો જોઈએ. કારણકે—વિધિ પૂર્વક કરવાનો અધ્યવસાય પણ મોક્ષરૂપ ફળ આપવામાં કારણભૂત છે જેઓ અવિધિ માત્રથી ભીરૂ બની " જે મનુષ્ય આગમના કથન પ્રમાણે કરતો નથી તેનાથી અન્ય કોણ મિથ્યાદ્દષ્ટિ છે ? બીજાને શંકા ઉત્પન્ન કરતો તે મિથ્યાત્વને વધારે છે. ૧ "

" આજ્ઞાવડેજ ચારિત્ર છે, તે આજ્ઞાના ભંગમાં શું નથી ભાંગ્યું ? તે કહો. આજ્ઞાનું અતિક્રમણ કરનાર બાકીનું ( અન્ય ) કોના આદેશથી કરે છે. " એમ વિચાર કરનારા જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ વિગેરે સર્વથા કરતા નથી, તે મૂઢ જીવો ઉત્સર્ગ અને અપવાદને જાણતા નથી. કારણકે—

" **अविहिकया वरमकयं, उस्सूयवयणं भणंति समयन्नू ।**
**पायच्छित्तं जम्हा, अकए गरुअं कए लहुअं ॥ १ ॥** "

**ભાવાર્થ**—" અવિધિએ કરેલથી ન કર્યું સારૂં, એ વચનને સિદ્ધાંતના જાણ–જ્ઞાની પુરૂષો ઉત્સૂત્ર કહે છે; કેમકે ન કરવાથી મોટું પ્રાયશ્ચિત્ત છે, અને કરવાથી નાનું પ્રાયશ્ચિત્ત કહેલ છે. ૧ " ઉપરના કથનનો આ અભિપ્રાય છે કે–સંસ્તરણમાં (શક્તિ છતે) ઉત્સર્ગવિધિજ સેવવો જોઈએ અને અસંસ્તરણમાં અપવાદ વિધિજ. જેમ **શ્રી વિશેષકલ્પચૂર્ણિ** તથા તેના **ભાષ્યમાં** કહ્યું છે કે—

" હવે જિનકલ્પની સ્થિતિ કહે છે. તે વિષે **મોત્તુ** એ ગાથા છે. તે ગાથામાં જિનકલ્પસ્થિતિનું ગ્રહણ કર્યું છે તેથી કરીને ગચ્છમાંથી નીકળેલ જિનકલ્પીની સામાચારી મૂકીને જે બાકીની છે, તે સ્થવિરકલ્પની સ્થિતિ જાણવી. તે બે પ્રકારની છે. ૧ ઉત્સર્ગયુકત, અને ૨ અપવાદયુકત. **पलंबाओ** એ ગાથા–પ્રલંબ સૂત્રથી આરંભ કરી આ છ પ્રકારના કલ્પની સ્થિતિના સૂત્ર સુધી જાણવું. તેમાં " ઉત્સર્ગમાં અપવાદ કરતો અને અપવાદમાં ઉત્સર્ગ કરતો મનુષ્ય અરિહંતોની આશાતનામાં વર્તે છે, અરિહંતે પ્રરૂપેલ ધર્મની આશાતનામાં વર્તે છે, આશાતનામાં વર્તમાન જીવ દીર્ઘ સંસારી થાય છે, તે કારણથી પ્રલંબસૂત્રથી માંડી છ પ્રકારના કલ્પની સ્થિતિના અંતમાં ઉત્સર્ગ પ્રાપ્ત થયે છતે ઉત્સર્ગવિધિ કરવો અને અપવાદમાં અપવાદ પ્રાપ્ત થયે છતે અપવાદનો વિધિ જયણાપૂર્વક કરવો. " તથા **બૃહત્કલ્પમાં** પણ કહ્યું છે કે—

" ખરેખર આ ઉત્સર્ગ અને અપવાદના માર્ગો પોતપોતાના સ્થાનમાં કલ્યાણ કરનાર અને બલવાન્ હોય છે, બીજા બીજાઓના સ્થાનમાં અનર્થ કરનાર અને દુર્બળ હોય છે. સ્વસ્થાન અથવા પરસ્થાન તે શું ? એનો ખુલાસો કરે છે કે—પુરૂષ વિશેષથી સ્વસ્થાન અને પરસ્થાન થાય છે. "

"સંસ્તરણથી એટલે સમર્થને ઉત્સર્ગ સ્વસ્થાન અને અપવાદ પરસ્થાન છે, અસમર્થને અપવાદ સ્વસ્થાન અને ઉત્સર્ગ પરસ્થાન છે; એ હેતુવડે વસ્તુ વિના કાંઈ પણ સ્વસ્થાન અથવા પરસ્થાન નથી. માટે વિસ્તારથી સર્યું. ચાલુ વિષય ઉપર આવીએ છીએ. ૧" ૩૫.

દ્રવ્યસ્તવ એ શ્રાવકનો ધર્મ છે અને ભાવસ્તવ એ સાધુનો ધર્મ છે. એ હેતુથી વિધિ પૂર્વક કરવામાં આવેલ તે બન્ને ધર્મો જે ફળ ઉત્પન્ન કરે છે; તે કહે છે.

**उक्कोसं दव्वत्थय, आराहिय जाइ अच्चुयं जाव ।**
**भावत्थएण पावइ, अंतमुहुत्तेण निव्वाणं ॥ ३६ ॥**

**ગાથાર્થ**—ઉત્કૃષ્ટથી દ્રવ્યસ્તવ આરાધીને જીવ ( શ્રાવક ) અચ્યુત દેવલોક સુધી જાય છે; ઉત્કૃષ્ટથી ભાવસ્તવવડે જીવ(સાધુ) અંતર્મુહૂર્ત્તમાંજ નિર્વાણ–મોક્ષ પામે છે. ૩૬

**વ્યાખ્યાર્થ**—ઉત્કૃષ્ટથી ભાવશ્રાવક પુષ્પાદિવડે પૂજન વિધિ પૂર્વક કરી બારમા દેવલોક સુધી જાય છે. જહેમ શ્રી **મહાનિશીથમાં** ત્રીજા અધ્યયનમાં કહ્યું છે કે—

" **कंचणमणिसोवाणे, थंभसहस्सूसिए सुवन्नतले**
**जो कारवेज्ज जिणहरे, तओ वि तव–संजमो अणंतगुणो ॥१॥**
**तव–संजमेण बहुभवसमज्जियं पावकम्ममललेवं ।**
**निट्ठाविऊण अइरा, अणंतसोक्खं वए मोक्खं ॥ २ ॥**
**काऊं पि जिणाययणेहि मंडियं सव्वमेइणीवीढं ।**
**दाणाइचउक्केणं, सड्ढो गच्छिज्ज अच्चुयं ण परओ ॥ ३ ॥**

**ભાવાર્થ**—" જે શ્રાવક કંચનમય રત્નજડિત પગથીયાંવાળાં, હજારો થાંભલાથી વિભૂષિત, સોનાના ભૂતળવાળાં જિનમંદિરો કરાવે; તેથી પણ તપ સંયમ અનંતગણું ફળ આપે છે.૧ તપ સંયમ વડે ઘણા ભવમાં ઉપાર્જન કરેલ પાપકર્મરૂપી મલલેપનો નાશ કરી થોડા વખતમાં અનંત સુખવાળા મોક્ષમાં જાય છે. ૨ શ્રાવક સમસ્ત ભૂમંડળને જિનેશ્વરના મંદિરોથી વિભૂષિત કરી દાન, શીલ, તપ, ભાવની આરાધના વડે અચ્યુત દેવલોક સુધી જાય છે. તેથી આગળ જઈ શકે નહિ. ૩ "

તથા ભાવસ્તવવડે ઉગ્રવિહાર વિગેરે સ્વરૂપવાળા સર્વવિરતિ સંયમવડે કરીને દીક્ષા સ્વીકાર્યા પછી અંતર્મુહૂર્ત (બે ઘડી)માં ઉત્કૃષ્ટથીમોક્ષ પામે છે; કેમકે સ્નાતક નિર્ગ્રંથનું જઘન્યથી અંતર્મુહૂર્તવડે

નિર્વાણ સંભળાય છે. ( શાસ્ત્રમાં કહેલું છે અથવા ગુરૂપરંપરાથી સંભળાય છે. )

અહિં કેટલાક લોકો છ જીવનિકાયના વધરૂપ હોવાથી દ્રવ્ય સ્તવનું બહુમાન કરતા નથી; તેઓને તીર્થબાહ્ય સમજવા જોઈએ. કારણકે દ્રૌપદી વિગેરેએ ભગવંતની પૂજા કરેલી છે. તે પાઠ આ પ્રમાણે—ત્યારપછી તે દ્રૌપદી શ્રેષ્ઠ રાજકન્યા જ્યાં મજ્જન ( સ્નાન ) ગૃહ છે, ત્યાં આવે છે. આવીને મજ્જનઘરમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કર્યા પછી બલિકર્મ કરી, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ, જિનમંદિરમાં પ્રવેશ કરવા યોગ્ય માંગલિક વસ્ત્રો પહેરી મજ્જનઘરથી બહાર નીકળે છે. બહાર નીકળી જ્યાં જિનમંદિર હોય ત્યાં આવે છે. આવીને જિનપ્રતિમાનાં દર્શન થતાં પ્રણામ કરે છે. પીછીવડે પ્રમાર્જન કરે છે. પ્રમાર્જન કર્યા પછી જેમ સૂર્યાભ દેવે જિનપ્રતિમા પૂજી તેવીજ રીતે પાઠ અહિં પણ જાણવો. યાવત ધૂપ ઉખેવે છે, ધુપ ઉખેવી ડાબા ઢીંચણને કાંઈક નમાવે છે અને જમણા ઢીંચણને ભૂમિ ઉપર સ્થાપે છે. ( ભૂમિને અણુલગતો કંઈક ઉંચો અધર રાખે છે. ) સ્થાપીને સહેજ મસ્તકાદિ પૂર્વ ભાગવડે નમસ્કાર કરે છે. યાવત્ બે હાથ જોડી આ પ્રમાણે બોલે છે. ‘ અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ. ’ ઈત્યાદિ **नमोत्थुणं** પદથી **संपत्ताणं** સુધી. ” એ અધિકાર **શ્રીજ્ઞાતાંગ** મધ્યે ૧૬ મા અધ્યયનમાં છે.

‘ વિવાહાદિમાં આ લોક સંબંધી ફળની આકાંક્ષાથી દ્રૌપદીએ જિન પૂજા કરી હતી ’ એમ ન કહી શકાય. કારણ કે ત્યાં ‘ **नमोत्थु णं** ’ ઈત્યાદિ શક્રસ્તવનો પાઠ કહેવાથી પરલોક સંબંધી નિર્જરારૂપ ફળનીજ પ્રાર્થના કરેલી છે. ફકત આ લોક સંબંધી ફળની આકાંક્ષા કરનાર પરલોક સંબંધી ફળને ન ઇચ્છે એ સ્વાભાવિક છે. ‘ દ્રૌપદી સમ્યકત્વ રહિત હતી ’ એમ પણ ન કહી શકાય. કેમકે શ્રી **જ્ઞાતાંગ** મધ્યે ૧૬ મા અધ્યયનમાં નારદના આગમન પ્રસંગમાં—“ ત્યાર પછી દ્રૌપદી કચ્છ (લંગોટ) વાળા નાર-

દને અસંયતિ, અવિરતિ, અપ્રતિહત, પાપકર્મના પ્રત્યાખ્યાન નહિ કરનાર જાણી આદર આપતી નથી, સમ્યગ રીતે જાણતી નથી, અભ્યુત્થાન કરતી નથી તથા પર્યુપાસના કરતી નથી. " એ કથનથી દ્રોપદીએ સમ્યકત્વની મલિનતા થવાના ભયથીજ અસંયતપણું વિગેરે દોષયુકત નારદનો આદર કર્યો નહિ હોય એમ સંભાવના કરાય છે. 'શ્રેષ્ઠ રાજાની કન્યા હતી.' એવા કથનથી તેણી સમ્યકત્વથી રહિત હતી એવી સંભાવના થઈ શકે નહિ; કારણ કે મલ્લિસ્વામી અને રાજીમતીના સમ્યકત્વનો નિશ્ચય હોવા છતાં પણ જ્ઞાતાસૂત્ર અને ઉત્તરાધ્યયનં સૂત્ર એ બન્ને સિદ્ધાંતોમાં 'રાજ વર કન્યા' એ પદથી કથન કર્યું છે તે આવી રીતે "તે સમયે કુંભરાજા તે સમુદ્ર માર્ગે મુસાફરી કરનારાઓને યાવત્ સ્વીકારે છે, સ્વીકારી વિદેહરાજ વર કન્યા મલ્લિને બોલાવે છે." એમ શ્રી જ્ઞાતાંગમાં કહ્યું છે. "ત્યાર પછી નિયમ-વ્રતમાં સારી રીતે સ્થિત રહેલી તે રાજવર કન્યા" એ વિગેરે શ્રી ઉત્તરાધ્યયનમાં જણાવ્યું છે. આ કારણથીજ શ્રી પ્રશ્નવ્યારણ સૂત્રમાં "**सीयाए दोवईए**" એ પાઠના વ્યાખ્યાન પ્રસંગમાં શ્રીમદ્ અભયદેવસૂરિએ 'શ્રમણોપાસિકા ( શ્રાવિકા ) હોવાથી આ મિથ્યાદૃષ્ટિ મુનિ છે, એમ ધારી દ્રૌપદીએ અભ્યુત્થાન કર્યું નહિ, તેથી તે દ્રૌપદી તરફ દ્વેષ પામ્યો. આ પ્રમાણે કહેવાથી તેણીને સમ્યકત્વ હતું એમ નિશ્ચય કરીએ છીએ. તેમજ વળી પદ્મનાભરાજા દ્વારા અપહરણ થવા પછી તેણીએ આંબિલ તપ કર્યો હોવાથી "ત્યાર પછી તે દ્રૌપદી દેવી છઠ્ઠ છઠ્ઠને પારણે આંબિલ સહિત સ્વીકારેલ તપ કર્મ વડે આત્માને ભાવિત કરતી હતી." એ પાઠથી અને પરશાસનમાં-અન્યદર્શનમાં આંબિલતપનું કથન ન હોવાથી તેણી સમ્યકત્વ ધારિણી હતી એ દૃઢ થાય છે. 'દ્રૌપદીએ પૂર્વભવમાં નિયાણું કર્યું હોવાથી તેણી સમ્યકત્વ રહિત હતી.' એ કથન પણ સંભવતું નથી. કેમકે દશાશ્રુતમાં જણાવેલ સમ્યકત્વ વિગેરેનાં નાશક નિયાણાંથી આ નિયાણું જુદું હતું. આ કથન કાંઈ અસંભવિત નથી. કારણ કે તેણીને તે ભવમાં સર્વવિરતિની પ્રાપ્તિ પણ આગમમાં સાંભળવામાં આવેલ છે. તેમજ ભગવાન શ્રી વર્ધમાનસ્વામિના વચનથી નિશ્ચયે સમ્યકત્વવાળા સૂર્યાભદેવે પણ શ્રી જિનપ્રતિમા આગળ પૂજા-

પૂર્વક શક્રસ્તવનો પાઠ કહેલ છે આ પાઠ રાજપ્રશ્નીય ઉપાંગમાં છે. ‘ આ દેવોનું કર્તવ્ય છે. ’ એમ કહી શકાશે નહિ, કેમકે તેઓ પણ સંસારના અને મોક્ષના હેતુભૂત સ્વરૂપ વિશેષને સ્વીકારે છે. તે આવી રીતે—મિથ્યાદષ્ટિ દેવ માર્ગમાં રહેલ સાધુને ઓળંગીને જાય છે.અને સમ્યગ્દ્દષ્ટિ દેવ તો સાધુને વાંદીને જાય છે. એ પ્રમાણે બંને પ્રકારના દેવોનું કર્તવ્ય સમાન હોવા છતાં પણ તે સંસાર અને મોક્ષના હેતુભૂત થાય છે; એ સ્પષ્ટજ છે. સમ્યકત્વથી રહિત કોઈએ પણ શ્રી જિનપ્રતિમાની આગળ ભાવની મુખ્યતાએ શક્રસ્તવનો પાઠ કહ્યો હોય એમ આગમમાં જોવામાં કે સાંભળવામાં આવેલ નથી. ‘દેવો અધર્મી (નો ધમ્મિયા ) હોય છે. ’ એવા કથનથી તેઓનું કયું કર્તવ્ય પ્રશંસનીય છે? ’ એમ ન કહેવું જોઈએ. કેમકે તેઓનું અધર્મિપણું વિરતિધર્મની અપેક્ષાએ સમજવાનું છે, પરંતુ સમ્યકત્વની અપેક્ષાએ સમજવાનું નથી. તેનો પણ ધર્મપક્ષમાંજ સ્વીકાર કરાય છે. “ તેણે અન્ય વસ્તુનો સમૂહ પણ પૂજેલ છે, તેમજ આ પણ જાણવું.” એમ કહેવું ઠીક નથી. કેમકે અન્યત્ર શક્રસ્તવ કહેવામાં આવતું નથી. તથા જિન પ્રતિમાપૂજન અને જિનાસ્થિપૂજનમાં–“ એવી રીતે ખરેખર દેવાનુપ્રિય સૂર્યાભ વિમાનમાં સિદ્ધાયતનમાં જિનોત્સેધ પ્રમાણ માત્ર ૧૦૮ જિનપ્રતિમાઓ સ્થાપિત છે. સુધર્મા સભામાં માણવક ચૈત્ય સ્તંભને વિષે વજ્રમય ગોળાકાર ડાબલાઓમાં ઘણી જિનદાઢાઓ સ્થાપન કરેલી છે, તે દેવાનુપ્રિય અને અન્ય બહુ વૈમાનિક દેવ દેવીઓને યાવત્ પર્યુપાસનીય છે. તે આ દેવાનુપ્રિયોનું પૂર્વ કરણીય, તે આ દેવાનુપ્રિયોનું પશ્ચાત કરણીય, તે આ દેવાનુપ્રિયોને પૂર્વ પશ્ચાત પણ હિત, સુખ, ક્ષેમ, નિઃશ્રેયસ–કલ્યાણ અને મોક્ષ માટે પરંપઓાર થશે ” એ ફળ કહ્યું. તથા અન્ય વસ્તુને પૂજવામાં એવા પ્રકારનું ફળ કહ્યું નથી. એવી રીતેજ શ્રી વિવાહ પ્રજ્ઞપ્તિમાં સૌધર્મેન્દ્રે તથા જીવાભિગમમાં વિજયદેવે જિન પ્રતિમાઓની આગળ દ્રવ્યસ્તવ પૂર્વકજ શક્રસ્તવ કહેલ છે. તે જોઈ લેવો. “ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રહિત હોવાથી પ્રતિમા અનારાધ્ય છે ” એમ કહેવું યુક્ત નથી, કેમકે ઋષભ વિગેરે નામના ઉચ્ચારણમાં પણ

સમાનતાજ છે. ' નામ પણ અનારાધ્ય છે. ' એમ તો કહી શકાશે નહિ. સિદ્ધાંતમાં " તેવા સ્વરૂપવાળા અરિહંત ભગવંતના નામ ગોત્રને શ્રવણ કરવામાં મહાફળ છે, તો હે મહાનુભાવ ! તેમને અભિગમન, વંદન, નમસ્કાર અને પર્યુપાસનાથી તો થાય તેમાં શું કહેવું ?" એમ કહેવાથી નામ અનારાધ્ય હોત તો મહાફળનું કથન કરત નહિ. ત્હેમજ વળી ગુરૂ મહારાજે સ્વીકારેલ કામળ વિગેરે ઉપકરણ જ્ઞાનાદિ રહિત હોવા છતાં પણ તેને પગનો સ્પર્શ થઈ જતાં આપ લોકોના વડે પણ આશાતના સ્વીકારવામાં આવે છે. આરાધ્યનું અપમાન એ સંસારના હેતુભૂત કહેવાય છે. ત્હેમજ શ્રી જિનાગમમાં જંઘાચારણ, વિદ્યાચારણ સાધુઓએ નંદીશ્વરદ્વીપ, રૂચકદ્વીપ, અને સુમેરુ ગિરિના શિખર વિષે ભૂષણરૂપ નંદન, પાંડુક વનમાં રહેલ શ્રી જિનમંદિરોમાં શ્રી જિનપ્રતિમાઓને વંદન કર્યું, એમ કહ્યું છે. અનારાધ્ય હોય તો તેઓ તેમ કેમ કરે?

અમે દૃષ્ટિરાગી તો નથી, કેમકે સિદ્ધાંતમાં તેમજ જોવામાં આવે છે. ' સ્થાપનાના આરાધનમાં ઈચ્છિત ફળની પ્રાપ્તિ ન થઈ શકે. ' એમ પણ કહી શકાશે નહિ, કારણકે નાગસારથિની ગૃહિણી સુલસાએ હરિણૈગમેષિ દેવની સ્થાપનાની પૂજા કરવાથી છ પુત્રો પ્રાપ્ત કર્યા; એમ સંભળાય છે. ત્હેમજ ચીતરેલી અથવા ઘડેલી સુંદર રૂપવાળી અલંકાર યુક્ત પૂતળી જોવાઈ છતી રાગની વૃદ્ધિ ઉત્પન્ન કરે છે. આ કારણથીજ કહ્યું છે કે–

" ચીતરેલી ( ચિત્રવાળી ) ભીંતને અથવા સારી રીતે અલંકૃત થએલી નારીને જોવી નહિ. જ્હેમ સૂર્યને જોઇ દૃષ્ટિ પાછી ફેરવી લેવામાં આવે છે. તેમ દૃષ્ટિને ખેંચી લેવી જોઈએ. ૧ " તેવીજ રીતે નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થાપીને રહેલી, રાગ, દ્વેષનાં ચિહ્નોથી કલુષિત નહિ થયેલી ભગવાનની મૂર્તિ જોવામાં આવી હોય તો વૈરાગ્યની વૃદ્ધિ કેમ ન ઉત્પન્ન કરે ? આ હેતુથીજ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા પહેલાં શ્રી હરિભદ્ર સૂરિએ શ્રી જિન પ્રતિમાને જોઇ કહ્યું હતું કે–

" वपुरेव तवाचष्टे भगवन् ! वीतरागताम् ।
नहि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वलः ॥ १ ॥ "

ભાવાર્થ—" હે ભગવાન્ ? આપનું શરીરજ આપમાં વીતરાગપણું હોય તેમ કહે છે. ઝાડની બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલું નજ હોઈ શકે. ૧ "

"ભગવાનના સમયમાં તેમના એક લાખ, ઓગણસાઠ હજાર શ્રાવકો હતા, પરંતુ કોઇએ પણ અરિહંતની પ્રતિમાની પૂજા નથી કરી.' એમ કહેવું યુક્ત નથી. પહેલાં તો તેઓનેજ પૂછવું જોઇએ કે–' શું આપ તે સર્વનાં નામો જાણો છો ? તે સર્વનાં નામોનું કથન સિદ્ધાંતમાં પણ સાંભળવામાં આવતું નથી, આનંદ, કામદેવ, અંબડ વિગેરે જે કેટલાક શ્રાવકોનાં નામ સંભળાય છે; તેઓનું તો સ્પષ્ટજ–' અન્યતીર્થિકોએ સ્વીકારેલ ચૈત્ય' ઈત્યાદિ પાઠમાં અન્યતીર્થિકોએ સ્વીકારેલ ચૈત્યોને વંદન કરવાના પ્રતિષેધથી સ્વતીર્થિકોએ સ્વીકારેલ ચૈત્યોને વંદનાદિ કરવાનું ભગવંતે કહ્યું છેજ; એથી કોઇ પણ પ્રકારની શંકા કરવી યુક્ત નથી.

વળી ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિએ પણ શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે—" સંયમમાં પરિપૂર્ણ પ્રવૃત્તિ ન કરી શકનારા શ્રાવકોને સંસારને પ્રતનુક્ષય કરનાર આ દ્રવ્યસ્તવ યુક્તજ છે. કોઈ કહે કે જે સ્વભાવથીજ અસુંદર તે શ્રાવકોને પણ કેમ યુક્ત હોઈ શકે ? એ ઉપર કૂવાનું દ્રષ્ટાંત છે. જેમ નવાનગર વિગેરેની સ્થાપનામાં કેટલાક બહોળા પાણીના અભાવથી તૃષ્ણાદિયુક્ત થયા છતા તેને દૂર કરવા માટે કૂવાને ખણે છે. જો કે તેઓની તૃષ્ણા વિગેરે વધે છે અને માટી, કાદવ વિગેરેથી તેઓ મલિન થાય છે; તો પણ તેનાથી ઉત્પન્ન થએલા પાણી વડે તેઓની તે તૃષ્ણા વિગેરે અને પૂર્વનો મળ નાશ થાય છે, તથા ત્યાર પછીના સમયમાં તેઓ અને બીજા લોકો સુખભાગી થાય છે. એવી રીતે દ્રવ્યસ્તવમાં જોકે અસંયમ છે, તો પણ તેનાથીજ તે પરિણામશુદ્ધિ થાય છે. અસંયમથી ઉપાર્જિત કરેલ બીજું સર્વ પાપ ક્ષય પામે છે, તેથી 'શુભાનુબંધિ અને અત્યંત નિર્જરા ફળ દાયક છે.' એમ જાણી શ્રાવકોએ આ દ્રવ્યસ્તવ કરવો જોઈએ. ૧ "

એવી રીતે ' ભાવસ્તવનું હેતુભૂત હોવાથી દ્રવ્યસ્તવ પણ મોક્ષનું અંગ છે. ' એમ જણાવ્યું. "જેવી રીતે ગૃહસ્થોને કૂવાના

દૃષ્ટાંતથી સ્નાન વિગેરે યુક્ત છે; "એવી રીતે મુનિરાજને પણ તે યુક્ત જ છે. એમ હોવા છતાં મુનિરાજ સ્નાન વિગેરેમાં કેમ અધિકારી નથી ?" એ પૂર્વપક્ષ છે. એ વિષયમાં ઉત્તર કહેવાય છે.—"મુનિરાજો સર્વથા સાવદ્ય વ્યાપારોથી નિવૃત્ત થયેલા હોય છે, તેથી કૂવાનાં ઉદાહરણથી પણ તેમાં પ્રવૃત્તિ કરતાં તેઓના ચિત્તમાં પાપ જ સ્ફુરે છે, ધર્મ સ્ફુરતો નથી. કેમકે તેઓ હમ્મેશાં શુભધ્યાન વિગેરેથી તેમાં જ પ્રવૃત્ત હોય છે. અને ગૃહસ્થો તો સ્વભાવથી સાવદ્યમાં નિરંતર પ્રવર્તેલા હોય છે જ, નહિ કે જિનપૂજનાદિ દ્વારા સ્વપરોપકારરૂપ ધર્મમાં. તે કારણથી તેમાં પ્રવર્તતાં તેઓના ચિત્તમાં ધર્મ જ લાગે છે, પરંતુ પાપ નથી લાગતું. એવી રીતે કરનારના પરિણામના વશથી અધિકાર, અનધિકાર જાણવો જોઈએ. સ્નાન વિગેરેમાં ગૃહસ્થ જ અધિકારી હોય છે, પરંતુ મુનિરાજ અધિકારી નથી. આગમમાં પણ એ જ વ્યવસ્થા છે.

"દ્રવ્યસ્તવમાં છજીવકાયની રક્ષારૂપ સંપૂર્ણ સંયમ વિરૂદ્ધ છે, તેથી સંપૂર્ણ સંયમને જાણનાર ( મુનિરાજ ) પુષ્પ વિગેરે દ્વારા દ્રવ્યસ્તવ કરવા ઇચ્છતા નથી." ૩૬.

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના ફળમાં તફાવત શો છે ? એજ કહે છે—

**मेरुस्स सरिसवस्स य, जत्तियमित्तं तु अंतरं होइ ।**
**दव्वत्थय-भावत्थयाण, अंतरं तत्तियं नेयं ॥ ३७ ॥**

મેરૂપર્વત અને સરસવનું જેટલું અંતર છે, તેટલું અંતર દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું જાણવું. ૩૭.

લાખ યોજનના પ્રમાણવાળા સુવર્ણાચલ-મેરૂનો અને સરસવનો જેટલો વિભેદ-તફાવત છે. અર્થાત્ મહત્ત્વમાં મેરૂની ઉત્કૃષ્ટ કોટિ છે. અને અત્યંત લઘુ સરસવ છે. તેટલા પ્રમાણવાળું અંતર દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું જાણવું. ભાવસ્તવમાં છ જીવનિકાયના વધનો અસંભવ હોવાથી તેને મેરૂની સમાન કહેલ છે. કેમકે—ભાવસ્તવને આરાધનારા જીવો કાળ વિગેરે સમગ્ર સામગ્રી વિદ્યમાન હોય તો તે જ ભવમાં સિદ્ધિરૂપી મહેલમાં આરૂઢ થાય છે.

અને દ્રવ્યસ્તવ તો છ જીવનિકાયના વધ વિના ન થઈ શકતું હોવાથી તેને સરસવ સમાન કહ્યું છે. દ્રવ્યસ્તવને આરાધનારા જીવો ઉત્કૃષ્ટથી અચ્યુત દેવલોક સુધી જ જાય છે. ત્યાંથી આગળ જઈ શકતા નથી. ૩૭.

કથન કરવામાં આવેલા દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બન્ને ગચ્છમાં વસનારનાં જ બહુમાન પામે છે, પરંતુ પોતાની મતિકલ્પનાથી આજીવિકા ચલાવનારનાં તે બહુમાન પામતાં નથી. એથી ગચ્છના સ્વરૂપને પ્રકટ કરવા ઇચ્છતા ગ્રંથકાર પ્રથમ બે ગાથા વડે નામધારિ ગચ્છનો ત્યાગ કરવાનું દર્શાવે છે.—

**जत्थ य मुणिणो कयविक्कयाइ कुव्वंति निच्चमुब्भट्ठा ।**
**तं गच्छं गुणसायर !, विसं व दूरं परिहरिज्जा ॥ ३८ ॥**

જે ગચ્છમાં નિત્ય અત્યંતભ્રષ્ટ મુનિયો ક્રય, વિક્રયને કરતા હોય; તે ગચ્છને હે ગુણસાગર ! તું વિષની માફક દૂરથી પરિહરજે—ત્યાગ કર. ૩૮.

જે ગચ્છમાં—સાધુઓના સમુદાયમાં સદા સાધુઓના આચારથી અત્યંત પતિત થયા છતાં નામથી જ યતિયો ક્રય, વિક્રય વિગેરે કરે છે. તેમાં મૂલ્ય વડે બીજાની પાસેથી વસ્તુ ગ્રહણ કરવી તે ક્રય. અને મૂલ્ય વડે બીજાને પોતાની વસ્તુ આપવી તે વિક્રય કહેવાય છે. મુનિયોએ ક્રય, વિક્રય ન કરવો જોઈએ. તે સંબંધમાં **શ્રી ઉત્તરાધ્યયન** સિદ્ધાન્તમાં કહ્યું છે કે—

" મૂલ્ય વડે વસ્તુ ખરીદ કરનાર સાધુ ક્રયિક તેવા પ્રકારના બીજા લોકોની જેવો થાય છે. મૂલ્ય ગ્રહણ કરી વસ્તુ વેચતો સાધુ વેપારમાં પ્રવૃત્ત થવાથી વણિક બને છે. ક્રય—વિક્રયમાં વર્તતો ભિક્ષુ—સાધુ તેવા પ્રકારનો ન થઇ શકે કે—જેવા પ્રકારનો સાધુ સિદ્ધાંતમાં કહ્યો છે. ભિક્ષાથી વૃત્તિ ચલાવનાર ભિક્ષુએ તેવા પ્રકારની વસ્તુની યાચના કરવી, પરંતુ વસ્તુ ખરીદ કરવી નહિ. કેમકે ક્રય—વિક્રય એ મહાન દોષ છે. ભિક્ષાવૃત્તિ સુખ કરનાર છે. "
મૂળમાં આદિ શબ્દ મૂકેલ હોવાથી રાંધવું—રંધાવવું વિગેરેનું ગ્રહણ કરવું. હે ગુણસાગર ! હે ક્ષમા વિગેરે ગુણોના સમુદ્ર !

ગુણવાન શિષ્ય જ ઉપદેશને યોગ્ય હોવાથી આવું સંબોધન મૂક્યું છે. મોક્ષના અભિલાષી સાધુ અથવા શ્રાવકે તે ગચ્છને કાલકૂટ ઝેરની જેમ ગણી દૂરથી પરિહરવો જોઈએ. જેમ ઝેર ખાવાથી પ્રાણોનો પરિત્યાગ કરાવે છે, એથી એ દૂર તજાય છે; તેમ ભ્રષ્ટાચારિ સાધુઓના સમુદાયરૂપ આ ગચ્છ પણ સંયમરૂપિ જીવિતનો નાશ કરનાર હોવાથી પરિહરવાં યોગ્ય છે. ખરાબ સંગત દોષોને જ ઉત્પન્ન કરે છે, એથી તેનો પરિહાર કરવો એ જ ઉત્તમ છે. ૩૮.

**जत्थ य अज्जालद्धं, पडिगहमाईय विविहमुवगरणं ।**
**परिभुज्जइ साहूहिं, ते गोयम ! केरिसं गच्छं ? ॥३९॥**

જે ગચ્છમાં સાધ્વીઓએ પ્રાપ્ત કરેલ પાત્ર વિગેરે વિવિધ ઉપકરણો સાધુઓ વડે ઉપભોગમાં લેવાય, હે ગૌતમ ! તે ગચ્છ કેવા પ્રકારનો ? ૩૯.

**વ્યાખ્યાર્થ**—જે ગચ્છમાં વેષમાત્રથી આજીવિકા ચલાવનાર મુનિયોવડે સાધ્વીઓએ આણેલ વિવિધ પ્રકારનાં પાત્ર વિગેરે ધર્મસાધન ઉપકરણો કારણ સિવાય સેવાય છે, સાધુઓવડે સાધ્વીઓને દેવાય છે, પરંતુ સાધ્વીઓએ આણેલું સાધુઓવડે ન સ્વીકારાય. તેમ કરતા પાસત્થા થાય છે. કહ્યું છે કે—" કાર્ય વિના નિષ્પ્રયોજન દેવેન્દ્ર વિગેરેના અવગ્રહની અનુજ્ઞા માગે, દિવસે સુવે, સાધ્વીઓના લાભને ખાય, સ્ત્રીઓના આસન ઉપર ( તેણીઓના ઉઠયા પછી તરતજ બેસે. ૧

' હે ગૌતમ ! તે કેવા પ્રકારનો ગચ્છ ? ' આ પ્રમાણે શ્રી વર્ધમાન સ્વામિયે ગૌતમસ્વામીને ઉદ્દેશીને કહ્યું છે. એથી એવા પ્રકારના ગચ્છને પરિહરવો જોઈએ. એમ સમજાવ્યું છે. ૩૯

**जत्थ हिरण्ण–सुवण्णं, हत्थेण पराणगंपि नो छिप्पइ ।**
**कारणसमप्पियंपि हु, गोयम ! गच्छं तयं भणियं ॥ ४० ॥**

જે ગચ્છમાં મુનિયો કારણ પ્રસંગથી પ્રાપ્ત થવા છતાં પણ ગૃહસ્થાવસ્થાના પોતાના અને પારકા પણ સોના રૂપાને હાથવડે સ્પર્શ કરતા નથી; હે ગૌતમ ! તેને ગચ્છ કહ્યો છે. ૪૦

વ્યાખ્યાર્થ—જે ગચ્છમાં ઘડેલું અથવા ન ઘડેલું સોનું અને રૂપું કોઇપણ નિમિત્તે પ્રાપ્ત થવા છતાં પણ સાધુઓથી પોતાના હાથવડે સ્પર્શ કરાતુંજ નથી. હે ગૌતમ ! સર્વ તીર્થંકરોએ તેને ગચ્છ કહ્યો છે. પોતાનું સોનું, રૂપું વિગેરે દ્રવ્ય તો દીક્ષા ગ્રહણ કરવાના સમયેજ તજી દીધેલ હોવાથી અહિં પારકું એવું પદ મૂકયું છે. દ્રવ્ય ગ્રહણ કરવું એ સાધુઓનાં વ્રતથી વિરૂદ્ધ છે. કહ્યું છે કે—"સેંકડો દોષોના મૂળ–જાળરૂપ, પૂર્વ ઋષિયોથી વિવર્જિત, મુનિયોથી વમી નખાયેલા અનર્થરૂપ અર્થને જો તું વહન કરે છે, તો પછી નિરર્થક તપ શામાટે આચરે છે ? ૧

વળી કહ્યું છે કે—

"આરંભમાં દયા નથી, મહિલાના સંગથી બ્રહ્મચર્ય નાશ પામે છે. શંકાથી સમ્યકત્વ નાશ પામે છે. અને દ્રવ્ય ગ્રહણ કરવાથી પ્રવ્રજ્યા નષ્ટ થાય છે."

હવે ગચ્છમાં શીલવંત સાધુઓજ વંદન કરવા યોગ્ય છે. એથી શીલનું ફળ કહે છે.—

**जो देइ कणयकोडि, अहवा कारेइ कणयजिणभवणं ।**
**तस्स न तत्तिय पुण्णं, जत्तिय बंभव्वए धरिए ॥४१॥**

જે કોઈ કરોડ સોનૈયા આપે અથવા સોનાનું જિનભવન દેહરું કરાવે, તેને તેટલું પુણ્ય ન થઈ શકે કે જેટલું બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાથી થાય છે. ૪૧

વ્યાખ્યાર્થ—જે કોઈ દાનવીર યાચકોને કરોડ સોનૈયા આપે, અથવા જે કોઇ સુવર્ણમય જિનમંદિર કરાવે; તે કરોડ સોનૈયા આપનારને અથવા સોનાનું ચૈત્ય કરાવનારને તેટલું પુણ્ય (ધર્મ) ન થઈ શકે કે જેટલું પુણ્ય શીલવ્રત ધારણ કરવાથી થાય છે. કેમકે શીલવ્રતનું પાળવું સર્વ ધર્મ કરતાં દુષ્કર છે. કહ્યું છે કે—

દાન, તપ, ભાવના વિગેરે ધર્મો કરતાં શીલ અત્યંત દુષ્કર છે. એમ જાણીને હે ભવ્યો ! તે વ્રત પાળવામાંજ અત્યંત યત્ન કરો. ૧

બીજા વ્રતરૂપી ભારો વહન થઈ શકે તેવા છે, અને તે ભારો વીસામો લેતાં પણ વહન કરાય છે; શીલવ્રતરૂપી ભાર તો જાવજ્જીવ સુધી વીસામો લીધા વિનાજ વહન કરવો જોઈએ. ૨

તે જ કહે છે—

**सीलं कुल-आहरणं, सीलं रूवं च उत्तमं लोए ।**
**सीलं चिय पंडिचं, सीलं चिय निरुवमं धम्मं ॥ ४२ ॥**

શીલ એજ કુળનું આભૂષણ છે, શીલજ આ લોકમાં ઉત્તમ રૂપ છે, શીલ એજ પાંડિત્ય છે અને શીલજ નિરુપમ ધર્મ છે. ૪૨

**વ્યાખ્યાર્થ**—બ્રહ્મવ્રત કુળનું ભૂષણ છે. શીલ એ ઉત્તમ રુપ છે. જેમ લોકમાં રૂપ આહ્લાદકારક છે, તેમ શીલ પણ સઘળા લોકોને આહ્લાદ ઉપજાવે છે. અથવા શીલવંતનુંજ રૂપ વખાણવા લાયક છે. શીલરહિત મનુષ્યોના રૂપથી શું ? તથા શીલ એજ પંડિતાઈ-ચતુરાઈ છે. દુ:શીલીઆઓનું પંડિતપણું શા કામનું ? કહ્યું છે કે—

સંસારથી ભયભીત થયેલા શ્રેષ્ઠ મનુષ્યો પણ ધર્મતત્ત્વ જાણે છે, ધર્મતત્ત્વ કહે છે-ઉપદેશ આપે છે અને ભાવનાઓ ભાવે છે, પરંતુ શીલ ધારણ કરી-પાળી શકતા નથી. ૧

તથા શીલજ અસાધારણ પુણ્યનો ઉપાય છે. કહ્યું છે કે—તેજ દાન, તેજ તપ, તેજ ભાવ, તેજ વ્રત ખરેખર પ્રમાણ થઈ શકે કે જેમાં આંતરિક શત્રુઓના હૃદયને ભેદવામાં નવીન પ્રકારના ખીલા (શલ્ય) જેવું શીલ ધારણ કરવામાં આવતું હોય. ૧

શીલવંતે કુમિત્રોનો સંગ પરિહરવો જોઇએ, એથી ત્રણ ગાથાઓ વડે કુમિત્રોના સંગનો પરિહાર કરાવતા ગ્રંથકાર કહે છે.—

**वरं वाही वरं मच्चू, वरं दालिद्दसंगमो ।**
**वरं अरण्णवासो य, मा कुमित्ताण संगमो ॥ ४३ ॥**

**ગાથાર્થ**—વ્યાધિ ભલે હો, મૃત્યુ ભલે હો, દારિદ્રનો સંયોગ ભલે થાવ, અરણ્યમાં વાસ પણ ભલે હો પરંતુ કુમિત્રોનો સંગમ ન હો. ૪૩

**વ્યાખ્યાર્થ**—વ્યાધિ-શરીરની મંદતા (કુમિત્રોના સંગમની અપેક્ષાએ) શ્રેષ્ઠ છે. મરણ શ્રેષ્ઠ છે. નિર્ધનતાનો યોગ શ્રેષ્ઠ છે, વનેચરપણું ઇષ્ટ છે, પરંતુ કુમિત્રોનો-ખરાબ સહાયકોનો સંગમ ન હો. કહ્યું છે કે—

જેમ ખાવામાં આવેલું હલાહલ ઝેર પ્રાણોનો વિનાશ કરે છે, તેમ કુમિત્રોનો સંયોગ પણ દુઃખોનો હેતુભૂત થાય છે; એમાં સંશય નથી. ઝેર એકજ જન્મમાં મારે છે અને કુમિત્રોનો સંયોગ તો દરેક જન્મમાં દુઃખદાયક થાય છે. પ્રાણિયો કુમિત્રોના સંગમથી દુઃખ પામે છે અને સુમિત્રથી પરમ સુખ પામે છે. આ વિષયમાં દિવાકરનું દૃષ્ટાંત છે.

## દિવાકરની કથા.

આ ભરતક્ષેત્રમાં અવંતિ દેશમાં સુવિદ્યા નામની નગરીના રાજા જયરાજના ચતુર્ભુજ પુરોહિતને દિવાકર નામનો પુત્ર હતો. પરંતુ તે અત્યંત વ્યસની હતો. પુત્ર ગુણવાન હોય તેજ યુક્ત છે. તેજ માટે કહ્યું છે કે—

**“ वरं गर्भस्रावो वरमृतुषु नैवाभिगमनं,**
**वरं जातः प्रेतो वरमपि च कन्यैव जनिता ।**
**वरं वन्ध्या भार्या वरमगृहवासे प्रयतितं,**
**न चाविद्वान् रूपद्रविणबलयुक्तोऽपि तनयः ॥१॥**

**ભાવાર્થ**—ગર્ભ ગળી જાય એ સારૂં, ઋતુઓમાં સ્ત્રી સંસર્ગ નજ કરવો એ સારૂં, મરેલોજ પુત્ર અવતરે એ સારૂં; કન્યાજ ઉત્પન્ન થાય એ સારૂં, ભાર્યા વાંઝણી રહે એ સારૂં, ગૃહવાસમાં પ્રયત્ન ન કરવો એ સારૂં, પરંતુ રૂપ, દ્રવ્ય અને બળથી યુક્ત હોવા છતાં મૂર્ખ પુત્ર હોય એ સારો નહિ. ૧ તેથી પિતાએ અંતકાળે તેને કહ્યું કે ‘હે વત્સ! તું સુસંગ કરજે. કુસંગ કરીશ નહિ. કેમકે—

જે જેવાની સાથે મૈત્રી કરે, તે થોડા વખતમાં તેવો થાય છે, ફૂલોના સહવાસમાં રહેતા તલ પણ તે ફૂલોની ગંધવાળા થઈ જાય છે. ૧

દિવાકરે પણ પિતાનું વચન સ્વીકાર્યું. કેટલાક દિવસ પછી તે પુરોહિત પદથી ભ્રષ્ટ થવાથી કોઇક ગામમાં ‘ જર ’ નામના ઠાકોરની સેવા કરવા લાગ્યો. અને તે ઠાકોરના સેવક પિંગલ સાથે તેણે મૈત્રી કરી, તથા તેના ઘરની દાસી મિત્રસેનાની સાથે સ્નેહ બાંધ્યો. કોઈ એક વખતે જરઠાકોરે દિવાકરને કહ્યું કે–‘ જયપુરના રાજા વિચારધવલની સેવા કરી અમારી કાંઈ પણ વૃત્તિ–આજીવિકા કર.’ એથી દિવાકર ત્યાં ગયો. અને તેણે પોતાની વચન રચનાથી રાજા વિગેરે જનોને રંજિત કર્યા. કોઈ દિવસે રાજાએ ‘ **समानशीलव्यसनेषु सख्यम्** ’ આવું કાવ્યનું ચોથું ચરણ બનાવીને કહ્યું કે–‘ આ સમસ્યા જે પૂરે, તેને હું ઇચ્છિત વરદાન આપું. ’ એ સાંભળી દિવાકરે તે સમસ્યા આવી રીતે પૂરી.—

“ **मृगा मृगैः सङ्गमनुव्रजन्ति, गावश्च गोभिस्तुरगास्तुरङ्गैः ।**
**मूर्खाश्च मूर्खैः सुधियः सुधीभिः, समानशीलव्यसनेषु सख्यम्** ”

મૃગલાઓ મૃગલાની સાથે, ગાયો અથવા બળદો ગાયો અને બળદો સાથે, ઘોડાઓ ઘોડાની સાથે, મૂર્ખ મનુષ્યો મૂર્ખાઓની સાથે, બુદ્ધિમાન્ વિદ્વાનો વિદ્વાનોની સાથે સંગ કરે છે. સમાન શીલ અને વ્યસનવાળાઓની “ મૈત્રી હોય છે. ”

તેથી પ્રસન્ન થઈ રાજાએ કહ્યું કે–‘ ભદ્ર ! શું આપું ? ’ દિવાકરે જણાવ્યું કે–‘ મારા સ્વામી જરઠાકોરના દારિદ્રનો નાશ કરો. ’ ત્યારે વિચારધવલ રાજાએ ૭૫૦ ગામ સાથે શ્રીપુર નામનું નગર આપ્યું. દિવાકરે તે પોતાના સ્વામીને ભેટ કર્યું. તેથી જરઠાકોરે પણ ‘ હું પણ તારૂં કાંઇક કાર્ય કરીશ. ’ એમ સ્વીકાર્યું. અન્યદા મદ્યપાનમાં આસક્ત પિંગલને જરઠાકોરે જોયો. એથી રાજાએ તેની જીભ કાપવાનો હુકમ આપ્યો. ત્યારે દિવાકરે મિત્રરૂપ માનેલા પિંગલને જીવિત અપાવવાથી તેના ઉપર ઉપકાર કર્યો. એક વખતે મોરના માંસ ખાવાનો દોહદ પૂરવાથી પોતાની પત્ની મિત્રસેના દાસી ઉપર ઉપકાર કર્યો. ત્યારપછી રાજા કોપાયમાન થયો અને પોતાનું જીવિત જ્યારે સંદેહવાળું થઇ પડયું, ત્યારે દિવાકર કુસંગતિની પરીક્ષા કરી મંગલપુરમાં જઈ પૂર્ણચંદ્ર

રાજાના સદ્ગુણી કુમાર ગુણચંદ્રને સેવવા લાગ્યો. કોઈક વખતે કુમાર વિપરીત શિક્ષા પામેલા ઘોડા ઉપર આરૂઢ થવાથી અટવીમાં પહોંચ્યો. તેને તૃષાથી વ્યાકુળ જોઇને પાકેલાં ત્રણ આમળાં લઇ દિવાકર તેની સમીપ ગયો. દિવાકર તરફ જોઈ ગુણચંદ્ર કુમાર બોલ્યો કે-' તું મને પાણી પા. ' ત્યાં પાણી ન હોવાથી દિવાકરે કહ્યું કે-' તૃષાની ઉપશાંતિ કરનાર હોવાથી આ ત્રણ આમળાંના ફળનું મૂલ્ય નથી. એથી આ ફળ આપ ખાવ.' રાજકુમારે પણ તે ફળો ખાધાં અને તૃષા શાંત થઈ. કુમાર દિવાકર ઉપર અત્યંત પ્રસન્ન થયો. ત્યારપછી કેટલાક વખતે ગુણચંદ્ર કુમાર રાજા થયો. ગુણચંદ્ર રાજાને ત્યાં સંપૂર્ણ દિવસે પુત્ર ઉત્પન્ન થયો. પરિવાર સહિત તે બાળ મન્ત્રી દિવાકરને ઘરે જવા લાગ્યો. ત્યારે દિવાકર મન્ત્રીએ વિચાર્યું કે-' જો રાજા મ્હારો મહાન દોષ સહન કરે, તો રાજાનું ઉત્તમપણું જણાય. ' ત્યાર પછી દિવાકરે કોઈક વખતે ઘરે આવેલા તે કુમારને લક્ષ્ય રાખી સાવધાનીથી અત્યંત ગુપ્તસ્થળે ભોંયરામાં રાખ્યો. રાજાએ કુમારને ભોજન સમયથી માંડી સૂર્યોદય થતાં સુધી શોધ્યો, પરંતુ કુમાર મળ્યો નહિ. પરિવારનાં મનુષ્યોએ કહ્યું કે-' સ્વામિન્ ! કુમારને મન્ત્રિના ઘરમાં પ્રવેશ કરતાં અમ્હે જોયો હતો. છેવટે રાજાએ કુમારની શોધ કરવા માટે પડહો વજડાવ્યો. તેવામાં દિવાકર મન્ત્રીએ (પોતાના મિત્ર ) મનોરથદત્ત નામના શેઠને ઘરે જઈ કહ્યું કે-' હે શેઠ ! મ્હારી ભાર્યાને ( તેનું માંસ ખાવાનો ) દોહદ ઉત્પન્ન થવાથી ઉન્મત્ત થઈ મેં રાજાના કુમારને મારી નાંખ્યો છે. સાહસથી આ કામ કર્યું છે.' આવી રીતે વસંતસેના વેશ્યાને ઘરે જઇને પણ જણાવ્યું. ત્યાર પછી શેઠે અને તેની ભાર્યાએ પણ રાજા આગળ જઇને કહ્યું કે-' તે કુમારને મેં માર્યો છે. ' ત્યાર પછી મંત્રીએ પૂર્વોપકૃત રાજા પાસેથી બન્નેને અભય દાન અપાવવા પૂર્વક સુસંગતિની પરીક્ષા કરી. ત્યાર પછી મંત્રીએ રાજાને પોતાને ત્યાં ભોજન માટે બોલાવ્યો. રાજાને ભોજન કરાવી સર્વ અલંકારોથી વિભૂષિત રાજકુમારને તેના ખોળામાં મૂકયો. વિસ્મય પામેલા રાજાએ અંત:કરણથી આનંદિત થઇ કહ્યું કે-' આ શું કર્યું ? 'દિવાકરે જણાવ્યું કે-' સ્વામિન્ !

આપનુ ઉત્તમપણું જોયું.' ત્યાર પછી ત્યાં ઉદ્યાનમાં **આનંદસૂરિને** પધારેલા સાંભળી દિવાકર મંત્રી ત્યાં ગયો અને વંદન કરી બેઠા પછી પૂછયું કે-' ભગવાન્! સર્વોત્તમપણું કયાંય છે?' ગુરૂએ કહ્યું કે-" સાંભળ-ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં જિતશત્રુ રાજાને **સોમદત્ત** નામનો મંત્રી હતો. તેણે **સહમિત્ર** ૧, **પર્વમિત્ર** ૨, **પ્રણામમિત્ર** ૩. એમ ત્રણ મિત્રો કર્યા હતા. અન્યદા રાજા રુષ્ટ થવાથી ભયભીત થઈ તે રાત્રે એકલો સહમિત્રને ઘરે ગયો અને સહમિત્ર આગળ તેણે તે સ્વરૂપ કહ્યું. ત્યારે **સહમિત્રે** કહ્યું કે-'ત્યાં સુધી મૈત્રી, કે જ્યાં સુધી રાજા રુષ્ટ ન થાય; માટે તું મ્હારા ઘરથી ચાલ્યો જા.' ત્યાર પછી તે **પર્વમિત્રને** ઘરે ગયો. તેણે પણ એમજ કહ્યું. પછી તે પ્રણામમિત્રને ઘરે ગયો. ઉત્તમ હોવાથી તેણે પ્રશ્ન કર્યો કે-' આ કેવા પ્રકારની અવસ્થા?' સોમદત્તે કહ્યું કે-' મ્હારા ઉપર રાજા કોપ્યો છે.' ત્યારે **પ્રણામમિત્રે** કહ્યું કે-'કોઇ પણ પ્રકારે તું ભય ન રાખ, હું ત્હારો પીઠ રક્ષક છું." તેથી તે નિર્ભય થયો. પછી આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી **સહમિત્ર** સમાન દેહને. **પર્વમિત્ર** સમાન કુટુંબને, અને **પ્રણામમિત્ર** સમાન ધર્મને જાણી દિવાકરે દીક્ષા ગ્રહણ કરી. તે દેવ અને મનુષ્યભવની ઋદ્ધિ પામી છેવટ મોક્ષ પામશે. આ પ્રમાણે ઉત્તમની સેવા ઉપર દિવાકરની કથા.

**अगीयत्थकुसीलेहिं, संगं तिविहेण वोसिरे।**
**मुक्खमग्गंमिमे विग्घे, पहंमि तेणगे जहा ॥ ४४ ॥**

**ગાથાર્થ**—અગીતાર્થ કુશીલીઆઓ સાથે મન, વચન અને કાયાથી સંગ તજવો જોઈએ. કેમકે માર્ગમાં ચોરોની જેમ મોક્ષમાર્ગમાં આ લોંકો વિઘ્નરૂપ છે. ૪૪.

**વ્યાખ્યાર્થ**—સૂત્ર તથા અર્થને જાણનાર સાધુઓ ગીતાર્થ કહેવાય છે. કહ્યું છે કે—

" સૂત્ર એ ગીત કહેવાય છે. તેનું વ્યાખ્યાન એજ અર્થ; ગીત અને અર્થ એ બન્નેથી યુક્ત પુરુષને તું ગીતાર્થ જાણ. ૧

ગીતાર્થથી ભિન્ન તે અગીતાર્થ-સૂત્ર તથા અર્થને ન જાણ-

નારા. અર્થાત્ મૂર્ખલોકો. જેઓનું શીલ–આચરણ નિંદિત હોય તે કુશીલીઆ–તેવા પ્રકારના જૂગારી વિગેરે. કહ્યું છે કે—

જૂગારી, ઉદ્ધંઠ, ઉન્માર્ગગામી અને નિંદા કરનારા વિગેરે જેઓ કુશીલીઆ હોય છે. તેઓને પ્રયત્નપૂર્વક વર્જવા જોઈએ. ૧

અથવા પાસત્થા વિગેરે કુશીલીઆ કહી શકાય. તેઓની સાથે આલાપ વિગેરે સંબંધ મન; વચન અને કાયાથી તજવો જોઈએ. કહ્યું છે કે—

જૂગારી, વેશ્યા, નટ, વિટ, ભાટ તેમજ કુકર્મને કરનારાઓના ઘર, હાટનો સંવાસ વર્જવો જોઈએ; અને તેઓની સાથે મૈત્રી પણ તજવી. ૧

"કુતીર્થીઓનો સંસર્ગ, કુતીર્થગમન, ભ્રષ્ટાચારીઓ સાથે પરિચય અને આલાપ વર્જવો જોઈએ. ૨ તેમજ કહ્યું છે કે—

"જ્યાં અવિરતિ અસંયતની વસતિ હોય, ત્યાં ગમનાગમન ન કરવું જોઈએ. કારણકે–ગમનાગમન કરવાથી તેઓની સાથે આલાપ થાય અને આલાપ પ્રીતિ–સ્નેહ ઉત્પન્ન કરે છે, પ્રીતિથી દાક્ષિણ્ય અને દાક્ષીણ્યથી ઉચિત કાર્યોનો સ્વીકાર કરવો પડે, ઉચિત કાર્યોની પ્રતિપત્તિ કરવાથી તેઓની સાથે વારંવાર પરિચય કરવો પડે, એમ પરિચયાદિક કરવાથી સમ્યકત્વ દૂષિત થાય, સમ્યકત્વ દૂષિત થતાં જિનેશ્વર પ્રભુનો કહેલ ધર્મ નાશ પામે અને જિનેશ્વર પ્રભુના ધર્મ વિના આ અપાર સંસાર રૂપી મહાસાગર તરી શકાય નહિ; તેથી ત્યાં ગમન કરવાનું નિષેધ્યું છે.

અગીતાર્થ અને કુશીલીઆના સંગનો પરિત્યાગ કરવામાં ઉપનય સહિત હેતુ કહે છે.—( કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી ) આ અગીતાર્થ અને કુશીલીઆઓ મોક્ષના માર્ગમાં વિઘ્નરૂપ છે. અર્થાત તેઓની સંગતિથી મોક્ષગમન દૂરજ રહી જાય છે. જેમ માર્ગમાં જતા મુસાફરોને ચોર લોકો વિઘ્નના કારણરૂપ છે, તેમ આ લોકો પણ છે.

**अंबस्स य निंबस्स य, दुण्हं पि समागयाइ मूलाइं ।**
**संसग्गीइ विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ॥ ४५ ॥**

**ગાથાર્થ**—આંબાનાં અને લીંબડાના બંનેનાં મૂળીઆં એકઠાં થયાં. તેમાં સંસર્ગથી આંબો વિનાશ પામી લીંબડાપણું પામ્યો. ૪૫

વ્યાખ્યાર્થ—લાંબા કાળથી પડેલા કડવા લીંબડાના પાણીથી વાસિત થયેલી ભૂમિમાં આંબાનું ઝાડ ઉત્પન્ન થયું. પછી ત્યાં આંબાનાં અને લીંબડાનાં બન્નેનાં મૂળો એકઠાં થતાં સંગતિથી આંબો નષ્ટ થઇને કડવાં ફલવાળો લીંબડો થઇ ગયો. કહ્યું છે કે—

**" गुणा गुणज्ञेषु गुणीभवन्ति, ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः।**
**सुस्वादुतोयप्रवहा हि नद्यः, समुद्रमासाद्य भवन्त्यपेयाः ॥ १ ॥ "**

"ગુણો ગુણ જાણનારાઓને વિષે ગુણરૂપ થાય છે, તેજ ગુણો નિર્ગુણીને પામી દોષરૂપ બની જાય છે. અત્યંત સ્વાદિષ્ટ પાણીના પ્રવાહવાળી નદીઓ સમુદ્રને પ્રાપ્ત કરી-મળી પી ન શકાય તેવી ખારા પાણીવાળી બની જાય છે. ૧

આ કથન વડે ભાવુક દ્રવ્ય હોવાથી મધ્યસ્થોનેજ સંસર્ગથી ગુણ અને દોષ થાય છે. કહ્યું છે કે—

સંસર્ગથી ગુણ દોષ થાય છે. એ મધ્ય જનોની સ્થિતિ છે. ઉત્કૃષ્ટ પુણ્યવાન અથવા ઉત્કૃષ્ટ પાપી સંસર્ગથી ગ્રહણ કરી શકાતા નથી. ૧

અમધ્યસ્થોને તો સંસર્ગથી પણ ગુણ દોષ થઈ શકતા નથી. જેમ કહ્યું છે કે—

વૈડુર્ય મણિ ઘણા વખત સુધી કાચમણિયોના સંસર્ગમાં રહેવા છતાં પણ પોતાના પ્રાધાન્યગુણથી કાચપણું પામતો નથી.

જો તમને સંસર્ગજ પ્રમાણ હોય, તો ઘણા લાંબા વખત સુધી શેરડીના વાઢમાં રહેવા છતાં પણ નલસ્તંબ મધુર કેમ નથી થતો? ૧. ૪૫

હવે સજ્જનોના સંસર્ગથી જે ફળ થાય તે ઉપનયપૂર્વક દર્શાવતા કહે છે.

**उत्तम जण संसग्गी, सीलदरिद्दं पि कुणइ सीलड्ढं ।**
**जह मेरुगिरिविलग्गं, तणं पि कणयत्तणमुवेइ ॥ ४६ ॥**

**ગાથાર્થ**—ઉત્તમ જનોનો સંસર્ગ શીલ રહિત જનને પણ શીલયુક્ત કરે છે. જેમ **મેરૂ**ગિરિને વળગેલ તૃણ પણ કનકપણું પામે છે. ” ૪૬

**વ્યાખ્યાર્થ**—સુશીલ લોકોનો સંયોગ શીલ રહિત મનુષ્યને પણ શીલસમૃદ્ધ કરે છે. અર્થાત્ શીલહીન પ્રાણી પણ શીલવંતોની સંગતિથી શીલ પાળવાનું માહાત્મ્ય સાંભળવાથી શીલ આદરે છે. જેમ **મેરૂ**ગિરિનું આશ્રિત તૃણ પણ સુવર્ણપણું પ્રાપ્ત કરે છે. **મેરૂ**પર્વત ઉપર ઉગેલાં તૃણ પણ સુવર્ણગિરિના સાન્નિધ્યથી સુવર્ણપણું પામે છે. એ ભાવાર્થ છે. ૪૬

હવે શીલવંત સાધુઓએ તથા શ્રાવકોએ મિથ્યાત્વ તજવું જોઈએ. એથી મિથ્યાત્વનું અત્યંત દુષ્ટપણું કહે છે.

**नवि तं करेइ अग्गी नेय विसं नेय किण्हसप्पो य ।**
**जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ॥ ४७ ॥**

**ગાથાર્થ**—“ તીવ્ર મિથ્યાત્વ જીવને જે મહાદોષ કરે છે, તે મહાદોષ અગ્નિ, ઝેર કે કાળો સર્પ પણ કરતો નથી. ૪૭

**વ્યાખ્યાર્થ**—પ્રજ્વલિત થયેલો અગ્નિ તે મહાઅનર્થને નથી કરતો, કાલકૂટ ઝેર પણ નથી કરતું અને કાળો સાપ પણ તે મહાદોષને નથી કરતો; કે જે મહાદોષને અત્યુત્કટ મિથ્યાત્વ–અતત્ત્વનો અધ્યવસાય કરે છે. કેમકે અત્યંત કુપિત થયેલા તે અગ્નિ વિગેરે તો એક ભવમાંજ મરણના હેતુરૂપ થાય છે અને મિથ્યાત્વ તો અનન્ત ભવ સુધી જન્મ–મરણના હેતુભૂત બને છે. એજ મિથ્યાત્વનું મહાદોષ કર્તૃત્વ જાણવું. આભિગ્રહિક ૧, અનાભિગ્રહિક ૨, આભિનિવેશિક ૩, સાંશયિક ૪ અને અનાભોગ ૫ એમ મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે. તેમાં–‘ આજ દર્શન (મત) સુંદર છે, બીજાં દર્શન સારાં નથી. ’ આવા પ્રકારના કુદર્શન વિષયક અભિગ્રહવડે થતું મિથ્યાત્વ આભિગ્રહિક કહેવાય છે; જેના વશથી મનુષ્ય કુદર્શનોમાંથી કોઈ પણ એક દર્શનને ગ્રહણ કરે છે. ૧ એનાથી વિપરીત અનાભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય છે, કે જેનાથી ‘ સઘળાં દર્શનો

સારાં છે ’ એવા પ્રકારનું અલ્પ માધ્યસ્થ્ય ઉત્પન્ન થાય છે. ૨ અભિનિવેશથી થયેલું મિથ્યાત્વ આભિનિવેશિક ગોષ્ઠામાહિલ વિગેરેની જેમ ૩. જેના વશથી અરિહંત ભગવંતે ઉપદેશેલાં જીવ વિગેરે તત્ત્વોમાં સંશય ઉપજે; જેમકે–હું નથી જાણી શકતો કે–‘ આ ભગવંતે કહેલ ધર્માસ્તિકાય વિગેરે સાચું હશે કે અન્યથા ’ ? આવા પ્રકારના સંશયવાળું મિથ્યાત્વ સાંશયિક ગણાય છે ૪. અનાભોગિક મિથ્યાત્વ કે જે અનાભોગથી થયેલું હોય છે, તે એકેંદ્રિય જીવોને હોય છે ૫. તે મિથ્યાત્વને શ્રાવક પણ ત્રિવિધે ત્રિવિધે પ્રત્યાખ્યાન કરે છે–તજે છે; પરંતુ અણુવ્રતોની જેમ દ્વિવિધ ત્રિવિધ વિગેરે પ્રકારથી નહિ. કહ્યું છે કે–“ મિથ્યાત્વ સ્વયં મનથી ન કરે, બીજા પાસે ન કરાવે, કરતા એવા બીજાને અનુજ્ઞા ન કરે. એવી રીતે વચનથી અને કાયાથી પણ સમજવું. ” તથા “ આ પૂર્વોક્ત મિથ્યાત્વ હું કરૂં ” અથવા ‘ એ સ્વયં કરો ’ અથવા ‘ બીજાએ કર્યે છતે આ સારૂં કર્યું ’ એમ મનવડે ન ચિંતવે. વચનવડે ‘ હું કરૂં ’ એમ ન બોલે, ‘ તું કર ’ એમ બીજાને ન કહે, અને બીજાએ કરેલાની પ્રશંસા ન કરે. કાયાવડે સ્વયં ન કરે, કરસંજ્ઞા–હાથનો ઈસારો, ભ્રકુટિ ચડાવવી ઈત્યાદિ દ્વારા બીજા પાસે ન કરાવે અને બીજાએ કર્યું હોય તો ચપટી, તાળી, હસવું, વિગેરે ચેષ્ટાઓ કરી વખાણે નહિ. ” તેથી જ્યારે મિથ્યાત્વ વિષયક અનુમતિનો પણ નિષેધ કર્યો છે, ત્યારે જે મનુષ્ય કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણે પ્રકારથી કુટુંબને મિથ્યાત્વમાં સ્થિર કરતો મિથ્યાત્વને સ્થાપે, તે પોતાને અને પોતાના વંશને સંસારરૂપી સમુદ્રમાં નાખે, એમાં શું કહેવું ? કહ્યું છે કે—જે મનુષ્ય ઘરનો અને કુટુંબનો સ્વામી થઈને મિથ્યાત્વનું રોપણ કરે, તેણે પોતાના સઘળા વંશને સંસારરૂપી સમુદ્રમાં નાખ્યો. ૧ તે મિથ્યાત્વો પૂર્વના ઋષિએ કરેલા કુલકથી જાણવાં, તે આ પ્રમાણે—

“ સામાન્ય કેવલીઓમાં શિરોમણિ એવા દેવ–જિનેશ્વરોના અને ગુરૂઓના ચરણકમળને પ્રણામ કરી શ્રુતને અનુસારે હું સમ્યક્ત્વનું સ્વરૂપ દર્શાવું છું. દેવ, ગુરૂ અને ધર્મ વિષયક શ્રદ્ધા તે સમ્યક્ત્વ, શ્રુતમાં કહેલા ગુણોવડે યુક્ત દેવ, ગુરૂ અને ધર્મને

સ્વીકારવા તે સમ્યકત્વ કહેવાય છે અને જે સદ્ગુણથી રહિત અન્ય દેવ વિગેરેમાં શ્રદ્ધા ધારણ કરવી તે સમ્યકત્વથી વિપરીત મિથ્યાત્વ ઉપાધિથી ચાર પ્રકારનું છે. દેવસંબંધિ અને ગુરૂસંબંધિ બન્ને પ્રકારનું મિથ્યાત્વ લૌકિક અને લોકોત્તર એમ બે ભેદવાળું છે, તે સૂત્રથકી આવી રીતે જાણવું જોઇએ. સમ્યગ્દૃષ્ટિયે નિશ્ચયથી હરિ, હર, બ્રહ્મા વિગેરે દેવોના મંદિરોમાં ગમન, પૂજન, નમન વિગેરે વર્જવું જોઇએ ૧, મંગલ માટે કાર્યોના પ્રારંભમાં ગણેશ વિગેરેના નામનું ગ્રહણ કરવું ૨, ચંદ્ર, રોહિણીનાં ગીત ગાવાં વિગેરે ૩, વિવાહમાં–ગણેશની સ્થાપના કરવી ૪, છઠ્ઠીની પૂજા ૫, માતૃસ્થાપના ૬, બીજનાં ચંદ્રનું દર્શન કરવું ૭, દુર્ગાદેવી વિગેરેનો વાજિંત્ર, સ્તોત્ર, લય વિગેરેથી મહિમા કરવો ૮, ગ્રહ વિગેરેનો મહિમા ૯, ચૈત્રાષ્ટમી મહિમા, નવમી પાળવી ૧૦, સૂર્યરથ કાઢવો ૧૧, સૂર્યગ્રહણ વિગેરે માનવું ૧૨, હોળીને પ્રદક્ષિણા દેવી ૧૩, પિંડ પાડવો ૧૪, સ્થાવરોની પૂજા ૧૫, દેવકીસાતમ, નાગપાંચમ, મલ્લિકા વિગેરે માતાનો રવિવાર, સોમવારને દિવસે તપ કરવો, મિથ્યાદૃષ્ટિ ગોત્ર વિગેરે દેવોની પૂજા, દૂર્વા આઠમ, સંક્રાંતિ, રેવંતપર્વ, દેવોની પૂજા, શિવરાત, વત્સબારશ, ખેતરમાં હળ વિગેરેની પૂજા, નવરાત વિગેરેમાં નવ પૂજા વિગેરે બુધાષ્ટમી, અગ્નિહોમ, સુન્નિણિ રૂપ્પિણિ અને રંગિણિ દેવીની પૂજા, માઘ મહિનામાં ઘી, કામળ આપવાં, કાજળત્રીજ, તલ અને ડાભનું દાન, દાનમાં પણ જલાંજલિ, શ્રાવણચંદન છઠ, ગોપુચ્છ વિગેરેમાં કરોત્સેધ, અર્કછઠ, ગૌરીભક્ત, શોકયની અને પૂર્વજોની પ્રતિમા, ઉત્તરાયણ, પ્રાણીઓને પીડાકારક છાણ વિલેપન, દેવને સૂવાની અને ઉઠવાની તિથિ. ( અષાડ શુ. ૧૧ ને કાર્તક શુ. ૧૧ ) આમલી, કૃષ્ણ અને પાંડવોની તિથિ, અગીઆરશનો તપ વિગેરે, પરતીર્થમાં ગમન, ઓચ્છવ કરવો, ઇત્યાદિ લૌકિક દેવ સંબંધિ કૃત્યો અહિં મિથ્યાત્વરૂપ જાણવાં. એ અને બીજાં પણ મિથ્યાત્વિયોનાં ઉપદેશેલાં ‘ શ્રાદ્ધ કરવું ’ વિગેરે કર્તવ્યો સમ્યગ્દૃષ્ટિયે વર્જવા જોઇએ. માસિક–છ માસિક વિગેરે શ્રાદ્ધ, પર્વદાન, કર્ણ, હળ ..... પાણીના ઘડાઓનું દાન તેમજ મિથ્યાદૃષ્ટિયોને લાહણું

દેવું, કુમારિકા ભક્ત, ધર્મ માટે ચૈત્રમાં ચચ્ચરી, અસંયતિ લોકોની અક્ષયતૃતીયા, અકર્ત્તન, જેઠ પૂનમે સાંઢનો વિવાહ, અમાવાસ્યાએ વિશેષે ભોજન. કૂવા વિગેરે ખોદાવવા, ગોચર હિંડવું, પ્રિયરથ, કાગડા, બિલાડાં વિગેરેને પિંડ આપવો, પવિત્રતા માની ઝાડ રોપવાં, તાલાચર પાસે કથા સાંભળવી, ગોધનપૂજા, ઇંદ્રજાળ, ધર્મમાં નટ જોવા, પાળાઓનું યુદ્ધ જોવું. એવી રીતે બ્રાહ્મણ, તાપસ વિગેરે લૌકિક ગુરૂઓને પણ નમવું. મૂળ અને અશ્લેષા નક્ષત્રમાં બાળક ઉત્પન્ન થતાં ભવનમાં બ્રહ્મસ્નાન, તેઓ (બ્રાહ્મણો) ની કથા સાંભળવી, તેઓ (બ્રાહ્મણો)ને દાન આપવું, તેઓને ઘરે જવું, ભોજન વિગેરે. એવી રીતે લૌકિક દેવ સંબંધિ અને ગુરુસંબંધિ મિથ્યાત્વ પરિહરીને લોકોત્તર મિથ્યાત્વમાં અન્યતીર્થીઓએ ગ્રહણ કરેલાં બિંબોને વર્જવાં જે જિનમંદિરમાં પણ રાત્રે અબળાઓનો પ્રવેશ, સાધુઓનો વાસ, નંદિ, બળિદાન, સ્નાન, નૃત્ય પ્રતિષ્ઠા, તંબોલ વિગેરે આશાતનાઓ, જલક્રીડા, દેવોનું આંદોલન, એવું બીજું પણ લૌકિક દેવળોની જેમ **અસમંજસ** યુક્ત થતું હોય; ત્યાં પણ આદરપૂર્વક સમ્યક્ત્વને રક્ષણ કરવામાં તત્પર, ઉત્સૂત્ર વર્જનાર સ્વતંત્ર સમ્યગ્દૃષ્ટિયોને જવું કલ્પતું નથી. હરવિગેરે દેવોના મંદિર કરતાં જિનમંદિરની આજ વિશેષતા છે કે-જિનમંદિરમાં સર્વ વિધિપૂર્વક થાય છે, ત્યારે અન્યત્ર સઘળું વિપરીત હોય છે. જેમ તેમ પ્રવૃત્તિયુક્ત કરવું, તેજ જો પ્રમાણ હોય તો 'નિષ્ઠીવનથી ન કરવું.' એ વિગેરે નિરર્થક જ થઈ જાય. વળી જિનેશ્વર પ્રભુની પૂજામાં જે ત્રણ સંધ્યાનો નિયમ કર્યો છે, તે પણ નિરર્થક થઈ જાય. તથા પવિત્ર થઇને શ્રાવકે જિનેશ્વરોની પૂજા કરવી, જિનબિંબોની પ્રતિષ્ઠા, અધિકારિ સૂરિનું પ્રસાધન યુગપ્રધાનોએ આગમોમાં વિરચિત પ્રતિષ્ઠાકલ્પ એ વિગેરેનું પણ શું પ્રયોજન? તેથી જ્યાં પ્રતિષ્ઠા, પૂજા વિગેરે સર્વ કર્તવ્ય વિધિપૂર્વક કરવામાં આવતું હોય; ત્યાં જ સમ્યગ્દૃષ્ટિયોને નિશ્ચયે ગમન વિગેરે યુક્ત છે.

જે લોકોત્તમ લિંગ (જૈન સાધુ વેષ)થી વિભૂષિત દેહવાળા હોવા છતાં પણ ફૂલ, તાંબુલ, સર્વ આધાકર્મિ અને સચ્ચિત્ત

જળ, ફળનો ભોગ કરતા હોય, સ્ત્રી પ્રસંગ, વ્યવહાર (વેપાર) ગ્રંથોનો સંગ્રહ, શોભા, એકાકિપણે ભમવું, સ્વછંદી ચેષ્ટા અને સ્વછંદી વચન, ચૈત્ય, મઠ વિગેરેમાં વાસ, વસતિયો (ઉપાશ્રય) માં પણ નિત્ય સ્થિતિ, ગાયન, સોનાનાં ફૂલોથી પોતાના પગ પૂજાવવા અથવા કેવળ આગમને જ અવલંબીને આચરણ કરે, તેમાં જ તત્પર રહેવા છતાં પણ વચન માત્રથી તેનો આલાપ કરે. 'સંપૂર્ણ ચૈત્યવંદન, બન્ને વખત છ પ્રકારનાં આવશ્યક, પ્રાસુક પાણી, મુહપત્તિ રાખી જિનબિંબો આગળ વાંદણાં દેવાં, પકવાન વિગેરે બળિદાન, જિનબિંબોનું દૂધ વિગેરેથી સ્નાન પ્રક્ષાલન એ શ્રાવકોને અયુક્ત છે.' એમ પોતાની મતિથી શ્રુતના અર્થને વિકલ્પનારા જેઓ શ્રાવકપદના સ્વરૂપને કહેતાં કહે છે. તેઓ અતિશય શ્રુતધર યુગપ્રધાનોની પણ અવગણના કરે છે. જે યુગપ્રધાને શ્રુતને અનુસારે આ પ્રરૂપ્યું છે, તે સઘળું માર્ગાનુસારિ પુરૂષોએ બહુ પ્રકારથી સમર્થન કર્યું છે. ચૈત્યવાસીઓની જેમ એનો કોઈપણ શાસ્ત્રમાં નિષેધ દીઠો નથી. તેથી તેઓનું કહેલું એ વિગેરે ઉત્સૂત્ર જ જાણવું. સૂત્રને અનુસારે તેઓને વંદન કરવું વિગેરે પણ કલ્પે નહિ, કારણ કે શ્રુતમાં પાસત્થા વિગેરે અવંદનીય કહ્યા છે. તેથી આવી રીતે સર્વત્ર શ્રુતના વિપરીતપણાથી થતું મિથ્યાત્વ શ્રુતના જાણ પુરૂષોએ સ્વયમેવ સારી રીતે વિચારવું. આ પ્રમાણે ચારે પ્રકારના મિથ્યાત્વને વર્જીને સૂત્રોમાં દર્શાવેલ વિધિ પ્રમાણે વર્તતા સમ્યગ્દષ્ટિયે જિનમંદિરો અને સાધુઓના તરફ આદર કરવો. જેઓએ ત્રિવિધ (મન, વચન, કાયાથી) ત્રિવિધે (કરવું, કરાવવું અને અનુમોદવું) મિથ્યાત્વને દૂરથી વર્જ્યું છે તેજ નિશ્ચયથી શ્રાવકો છે, બીજા તો નામથીજ જાણવા. જિનેશ્વર પ્રભુના મતને અનુસરતા જેઓ આ સમ્યક્ત્વને પાળે છે, તેઓ જલ્દી નિર્વિઘ્ને નિશ્ચયે સુખકારક મોક્ષને પામે છે." તેથી કુલકમાં કહેલાં આ અને બીજાં પણ લોક પ્રસિદ્ધ સર્વ મિથ્યાત્વ વર્જવાં એ રહસ્ય છે. કેમકે—

**न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम्**
**न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥ १ ॥**

द्विषद्-विष-तमो-रोगैर्दुःखमेकत्र दीयते ।
मिथ्यात्वेन दुरन्तेन, जन्तोर्जन्मनि जन्मनि ॥ २ ॥
वरं ज्वालाविले क्षिप्तो, देहिनाऽऽत्मा हुताशने ।
न तु मिथ्यात्वसंयुक्तं, जीवितव्यं कदाचन ॥ ३ ॥

**ભાવાર્થ:**—મિથ્યાત્વ સમાન કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ સમાન ઝેર કહી શકાય નહિ, મિથ્યાત્વ સમાન કોઈ રોગ નથી, મિથ્યાત્વ સમાન અજ્ઞાન અથવા અંધકાર પણ ગણી શકાય નહિ; કેમકે-દુશ્મન, ઝેર, અંધકાર અને રોગો જ્યારે એકજ ભવમાં દુઃખ આપે છે, ત્યારે દુરંત-દુઃખે ઉચ્છેદી શકાય એવું મિથ્યાત્વ તો પ્રત્યેક જન્મમાં જીવને દુઃખ આપ્યા કરે છે. જ્વાલાઓથી વિકરાલ અગ્નિમાં પોતાના દેહને હોમી દેવો એ અપેક્ષાથી શ્રેષ્ઠ છે, પરંતુ મિથ્યાત્વયુક્ત જીવિત ધારણ કરવું તે કદાપિ પ્રશસ્ત નથી. " ૪૭

મિથ્યાત્વ ઉત્સૂત્ર ભાષણથી ઉત્પન્ન થાય છે; એથી હવે ઉત્સૂત્રની દુષ્ટતા દર્શાવે છે—

**कट्ठं करंति अप्पं, दमंति अत्थं चयंति धम्मत्थी ।**
**इक्कं न चयइ उस्सुत्तविसलवं जेण बुड्डंति ॥ ४८ ॥**

**ગાથાર્થ**—ધર્માર્થી પ્રાણીઓ કષ્ટ કરે છે, આત્માને દમે છે, દ્રવ્ય તજે છે; પરંતુ એક ઉત્સૂત્રરૂપી ઝેરના લેશને તજતા નથી, જેથી ડૂબે છે. ૪૮

**વ્યાખ્યાર્થ**—કષ્ટ-પીડા સહન કરવી તે, ' સારી રીતે લોચ કરવો, ઉષ્ણ પાણી પીવું, પૃથ્વી એજ શય્યા, રાતે બે પહોર સૂવું, ટાઢ, તડકો સહન કરવો, મહા કષ્ટકારી છટ્ઠ, અટ્ઠમ વિગેરે વિવિધ પ્રકારનો બાહ્ય તપ કરવો, થોડાં ઉપકરણો રાખવાં અને તેની શુદ્ધિ રાખવી. ' ઇત્યાદિ કરે છે. તથા ઇંદ્રિયો અને નોઇંદ્રિયને દમવાથી આત્માને દમે છે. તથા દ્રવ્યથી છેદન, ભેદન, વ્યસન, આયાસ, ક્લેશ, ભય, વિપાક, મરણ, ધર્મભ્રંશ અને અરતિ એ સર્વ થાય છે. ૧ ' એમ જાણી સુકૃતના અભિલાષી પ્રાણીઓ દ્રવ્યને તજે છે, પરંતુ અજ્ઞાનથી યા ગુરુનિયોગથી એક મિથ્યાત્વને

તજતા નથી. કહ્યું છે કે–સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદેશેલા પ્રવચન ઉપર પણ શ્રદ્ધા રાખે છે અને અનાભોગથી અથવા ગુરુનિયોગથી અસદ્‌ભાવ ઉપર પણ શ્રદ્ધા રાખે છે. ૧ તે શું ? એ કહે છે— સૂત્રનું અતિક્રમણ કરી નીકળેલું વચન તે ઉત્સૂત્ર, તેજ ઝેરના લેશની જેમ મારવામાં હેતુરૂપ હોવાથી વિષલવ; ઉત્સૂત્રરૂપી વિષલવથી દુ:ખસાગરમાં ડુબે છે. જેમ કોઈ વિષલવના ભક્ષણથી મિષ્ટાન્ન વિગેરે દ્રવ્ય ભક્ષણ કરવા છતાં પણ ઝેરથી થતા શ્વાસરોધ વિગેરે દુ:ખદરિયામાં ડૂબે છે, તેમ મૂર્ખ મનુષ્યો બીજાં કષ્ટો કરવા છતાં પણ વિષલવ સમાન ઉત્સૂત્રવડે અનંત દુ:ખસાગરમાં ડૂબે છે. કહ્યું છે કે—ઉત્સૂત્ર આચરતો જીવ અત્યંત ચીકણું કર્મ બાંધે છે, સંસાર વધારે છે અને માયામૃષાવાદ કરે છે. ૧

ઘણા ખેદની વાત છે કે–બીજાં કષ્ટો કરવા છતાં પણ કદાગ્રહથી ગ્રસ્ત થયેલા અજ્ઞાની જીવો જમાલિ વિગેરેની જેમ ઉત્સૂત્રને તજતા નથી.

**' उस्सुत्तभासगाणं, बोहीनासो अणंत संसारो ।**
**पाणच्चए वि धीरा, उस्सुत्तं ता न भासंति ॥ १ ॥ '**

**ભાવાર્થ**—ઉત્સૂત્ર ભાષણ કરનારાઓને બોધિનો નાશ અને અનંત સંસાર થાય છે, તેથી ધીર પુરુષો પ્રાણાંતે પણ પ્રાણત્યાગનો પ્રસંગ ઉપસ્થિત થવા છતાં પણ ઉત્સૂત્ર બોલતા નથી. ૧

**' फुडपागडमकहंतो, जहट्ठियं बोहिलाभमुवहणइ ।**
**जह भगवओ विसालो, जर–मरणमहोयही आसि ॥ १ ॥ '**

**ભાવાર્થ**—સ્ફુટ, પ્રકટ, યથાસ્થિત કથન ન કરનાર મનુષ્ય બોધિબીજના લાભનો નાશ કરે છે. જેમ ભગવાન મહાવીર સ્વામીનો જરા–મરણરૂપ સંસાર મહાસાગર વિશાળ થયો હતો. ૧ તેથી ઉત્સૂત્ર નજ બોલવું જોઈએ. એ સારાંશ છે. ૪૮

ઉત્સૂત્રનો પરિત્યાગ કરનારાઓએ જયણાપૂર્વકજ પ્રવૃત્તિ કરવી જોઇએ, એથી જયણાનેજ વિશેષણ આપતા ગ્રંથકાર કહે છે–

**जयणा उ धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।**
**तव्वुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥ ४९ ॥**

**ગાથાર્થ**—જયણા એજ ધર્મને ઉત્પન્ન કરનારી જનની છે, ધર્મનું પાલન કરનારી જયણાજ છે, ધર્મવૃદ્ધિ કરનારી જયણાજ છે, એકાંત સુખ આપનારી પણ જયણાજ છે. ૪૯

**વ્યાખ્યાર્થ**—કર્તવ્ય કરવું અને અકર્તવ્ય ન કરવું. એ યતનાજ શ્રુતચારિત્ર રૂપ ધર્મને ઉત્પન્ન કરનારી-ધર્મજનની છે, પુત્રને ઉત્પન્ન કરનારી જેમ માતા હોય છે તેમ. તથા ધર્મનું પાલન કરનારી જયણાજ છે, જેમ માતાજ પુત્રની રક્ષા કરે છે, તેમ જયણા વડેજ ધર્મનું રક્ષણ કરાય છે. તથા તે ધર્મનીજ ઉત્તરોત્તર વૃદ્ધિ. કરનારી છે, જેમ માતા પુત્રને રસવાળા આહારોથી વૃદ્ધિ પમાડે છે, તેમ સેવાયેલી જયણા પણ ધર્મવૃદ્ધિ કરે છે. બીજું વિશેષ શું કહેવામાં આવે ? જયણા એકાંત અવ્યભિચારી પરમાહ્લાદરૂપ સુખને કરનારી નૈશ્ચયિક આત્યંતિક પરમ આનંદ આપનારી છે. આ ગાથાના આજ ભાવને કેટલાક આચાર્ય સંસ્કૃત ભાષાદ્વારા આ પ્રમાણે કહે છે.

**यतना सुधर्मजननी, यतना धर्मस्य पालनी नित्यम् ।**
**तद्वृद्धिकरी यतना, सर्वत्र सुखावहा यतना**[1] ॥ १ ॥
" **कमठेन्दुदर्शनमिव, प्राप्य दुरापां जिनाधिपतिदीक्षाम् ।**
**शयनासनादिचेष्टा, सकलाऽपि हि यतनया कार्या** ॥ १ ॥ "

**ભાવાર્થ**—કાચબાને થયેલ ચંદ્રના દર્શનની જેમ દુર્લભ જિનેશ્વરપ્રભુની દીક્ષાને પામી શયન, આસન વિગેરે સઘળી ચેષ્ટા જયણા પૂર્વકજ કરવી જોઈએ. આ ધર્મમાં મન, વચન, કાયાના યોગથી પ્રયત્નપૂર્વક જયણા કરવી જોઈએ. જયણાજ ધર્મનો સાર છે. એમ વીતરાગ જિનેશ્વરોએ કહ્યું છે. જયણા પૂર્વક ચાલે, જયણા પૂર્વક ઉભા રહે, જયણા પૂર્વક બેસે, જયણા પૂર્વક સૂવે, જયણા પૂર્વક ખાનાર અને બોલનાર, પાપકર્મ બાંધતો નથી.

**एकामेव हि यतनां संसेव्य विलीनकर्ममलपटलाः ।**
**प्रापुरनन्ताः सत्त्वाः शिवमक्षयमव्ययं स्थानम् ॥**

**ભાવાર્થ**—ફક્ત એકજ જયણા સેવીને અનંતા પ્રાણીઓ કર્મરૂપી મલને દૂર કરી અક્ષય, અવ્યય શિવસ્થાનને પામ્યા છે. એમ હોવાથી સુવિહિત સાધુઓએ જયણાજ કરવી જોઈએ. કેમકે

---

૧ આ શ્લોકનો અર્થ ઉપર આવી ગયો છે.

–" કાળની હાનિ વર્તે છે, સંયમને યોગ્ય ક્ષેત્રો નથી; એથી જયણાપૂર્વકજ વર્તવું જોઈએ, યતનાવંતનું અંગ ભગ્ન થતું નથી. સુવિહિત સાધુઓએ સમિતિ, કષાય, ગારવ, ઇંદ્રિય, મદ અને બ્રહ્મચર્યની ગુપ્તિયોમાં સ્વાધ્યાય, વિનય, તપ શક્તિથી જયણાજ પાળવી જોઈએ. સમયોચિત જયણાવડે મત્સર રહિત ઉદ્યમ કરતા લોકયાત્રા રહિત યતિયોને સદા યતિપણું હોય છે. જયણા કરવા છતાં પણ પ્રમાદની બહુલતાથી કોઈપણ પ્રકારે સ્ખલના થાય તોપણ ચારિત્રની વિરાધના થતી નથી. કહ્યું છે કે–' જયણાવંત મુનિરાજની પ્રમાદથકી થતી સ્ખલના કાંટાવાળા માર્ગથકી થતી સ્ખલનાતુલ્ય ગણાય છે, પરંતુ તે ચારિત્રનો નાશ કરતી નથી. ' તેમજ કહ્યું છે કે—સૂત્રમાં કહેલ વિધિયુક્ત જયણા કરનાર અધ્યવસાયની વિશુદ્ધિવાળા મુનિરાજથી થતી વિરાધના નિર્જરારૂપ ફળવાળી હોય છે. ૪૯

જયણાવંત સાધુએ કષાયોમાં પ્રવૃત્તિ ન કરવી જોઈએ. એથી કષાયોનું ફળ કહે છે.

**जं अज्जियं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए ।**
**तं पि कसाइयमित्तो, हारेइ नरो मुहुत्तेणं ॥ ५० ॥**

**ગાથાર્થ**—અલ્પ અંશથી ન્યૂન પૂર્વકોડી વરસ સુધીમાં જે ચારિત્ર ઉપાર્જન કર્યું હોય, તેને પણ કષાયયુક્ત થતો મનુષ્ય એક મુહૂર્તમાં હારી જાય છે. ૫૦

**વ્યાખ્યાર્થ**—પૂર્વકોડીથી અધિક આયુષ્યવાળા, અકર્મભૂમિ વિગેરેમાં ઉત્પન્ન થયેલા મનુષ્યને તો વ્રત જ હોતું નથી, પૂર્વકોડી આયુષ્યવાળા મનુષ્યને પણ આઠ વરસથી ઉપરજ દીક્ષા હોઈ શકે; એ હેતુથી દેશે ઉણી પૂર્વ કોડી સુધીમાં દુઃખે પાળી શકાય એવું તપશ્ચર્યારૂપ જે ચારિત્ર મેળવ્યું હોય, તે સઘળાને કોઈ કર્મના વશ થકી ફક્ત અંતર્મુહૂર્ત કાળ સુધી પણ અંનતાનુબંધિ કષાયોના ઉદયમાં વર્તતો કોઇક મનુષ્ય નિષ્ફળ કરે છે. તેવા પ્રકાર-

ની કષાયોની તીવ્રતામાં મરણ પામેલો જીવ કદાચિત્ નારકીમાં પણ ઉત્પન્ન થાય છે. એ સારાંશ છે.

ઉપશાંત કષાયવાળો પ્રાણી પણ વારંવાર અનંત પ્રતિપાત પામે છે, તેથી થોડો કષાય પણ બાકી હોય તો તમારે વિશ્વાસ રાખવો નહિ. થોડું ઋણ, થોડો વ્રણ(ઘા), થોડો અગ્નિ, થોડો કષાય એ થોડું પણ બહુ થાય છે. તેથી તેનો વિશ્વાસ રાખવો નહિ. ઋણ દાસપણું આપે છે, ફેલાતો વ્રણ થોડા વખતમાં મરણ આપે છે, અગ્નિ સર્વનો દાહ કરે છે અને કષાયો અનંતાભવ આપે છે.

હવે ચારે કષાયોનું જૂદું જૂદું ફળ કહે છે--

**कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।**
**माया मित्ताणि नासेई, लोहो सव्वविणासणो ॥ ५१ ॥**

**ગાથાર્થ**—ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે. માયા મિત્રોનો નાશ કરે છે, અને લોભ સર્વનો વિનાશ કરે છે. ૫૧

**વ્યાખ્યાર્થ**—ક્રોધ-દ્વેષ કરવામાં આવે તો જે કોઈ પણ સાથે પ્રેમ હોય તે નાશ પામે છે. ક્રોધ કરવાથી પ્રેમને તો જલાંજલિજ દીધી જાણવી. કેમકે-ક્રોધાંધ મનુષ્યનાં વચનથી પ્રીતિનો ઉચ્છેદ થતો આપણે જોઈએ છીએ. તથા માન-અહંકાર વિનયનો નાશ કરે છે-(માનરૂપી ગજેંદ્ર ઉપર આરૂઢ થયેલ પ્રાણી) જેનાવડે આઠે પ્રકારનાં કર્મોને દૂર અથવા વિલીન કરી શકાય છે, તે અભ્યુત્થાનાદિક ઉપચારરૂપ વિનયનો વિનાશ કરે છે. કેમકે-અભિમાની મનુષ્ય મૂર્ખતાથી વિનય કરવો ઉચિત સમજતો નથી. તથા માયા-શઠપણું એ મિત્રોનો નાશ કરે છે, કુટિલતા ધારણ કરનાર મનુષ્યોનો મિત્રો ત્યાગ કરે છે, એવું જોવામાં આવે છે. મૈત્રી અને કપટભાવ એ બન્નેને છાયા અને તડકાની જેમ વિરોધ છે. કહ્યું છે કે:—

**" शाठ्येन मित्रं कलुषेण धर्मं, परोपतापेन समृद्धिभावम् ।**
**सुखेन विद्यां परुषेण नारीं, वाञ्छन्ति ये व्यक्तमपण्डितास्ते ॥ "**

**ભાવાર્થ**—જેઓ શઠતાથી મિત્રને, કલુષિત કર્મ દ્વારા ધર્મને, બીજાઓને દુઃખ ઉપજાવવા દ્વારા સમૃદ્ધિને, સુખવડે વિદ્યાને, અને કઠોરતાથી નારીને વાંછે છે; તેઓ પ્રકટ મૂર્ખાઓ જ છે.

તથા લોભ–પ્રીતિ વિગેરે સર્વનો વિનાશ કરે છે. કેમકે વાસ્તવિક રીતે લોભ થકી ક્રોધ, માન અને માયા થાય છે. તેથી કરીને—

" ઉપશમથી **ક્રોધને** હણવો, માર્દવથી માનને જીતવો, ઋજુતાથી **માયાને** જીતવી અને સંતોષથી લોભને જીતવો. "

ક્ષમા–ઉપશમવડે ઉદયમાં નહિ આવેલા ક્રોધને રોકવાથી અને ઉદયમાં આવેલા ક્રોધને નિષ્ફળ કરવાથી હણવો. એવી રીતે માનને માર્દવવડે–નિરભિમાનિતાવડે ઉદય નિરોધ વિગેરેને જીતવો, અને માયાને ઋજુ ભાવથી–અશઠતાથી ઉદયનિરોધાદિવડે જીતવી, એવી રીતે લોભને સંતોષ થકી–નિઃસ્પૃહપણાથી ઉદયનો નિરોધવડે અને ઉદય પામેલને નિષ્ફળ કરવાવડે જીતવો. કહ્યું છે કે—

નિગ્રહ નહીં કરવામાં આવેલા–ઉચ્છૃંખલ ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામતા માયા અને લોભ એ ચારે સંપૂર્ણ, કૃષ્ણ અથવા કિલષ્ટ કષાયો, અશુભ ભાવરૂપી પાણી વડે પુનર્જન્મરૂપી વૃક્ષનાં તેવા પ્રકારનાં કર્મરૂપી મૂળીઆંઓને સિંચે છે. આ અત્યંત અધમ ચાર કષાયોમાંથી એકેક કષાય પણ સંસાર સંબંધિ દુઃખો આપવામાં કારણ બને છે. તો સઘળા કષાયો એકઠા થયા હોય ત્યારે તો શું કહેવું એ ઉપર દૃષ્ટાંત કહે છે.

કોઈ બે સાધુઓ [1] પ્રતિજ્ઞા કરીને દેવલોકમાં ગયા. આ તરફ એક નગરમાં કોઇ એક શેઠની ભાર્યા પુત્રને માટે નાગદેવતાની આરાધના કરવા ઉપવાસ કરી રહી હતી. નાગદેવે કહ્યું કે–' દેવલોકમાંથી ચ્યવેલો જીવ ત્હારો પુત્ર થશે. ' ત્યારપછી તે બે સાધુ-

---

૧ એક બીજાને પ્રતિબોધવા રૂપ.

માંથી એકનો જીવ દેવલોકમાંથી ચ્યવીને તેણીનો પુત્ર થયો. તે પુત્રનું ગુણનિષ્પન્ન (નાગદેવે આપેલ હોવાથી) 'નાગદત્ત' એવું નામ પાડયું. તે ૭૨ કળાઓમાં નિપુણ થયો. ગાંધર્વ-સંગીત તેને અત્યંત પ્રિય હોવાથી લોકો તેને 'ગાંધર્વનાગદત્ત' એવા નામથી બોલાવતા હતા. મિત્રવર્ગથી પરવર્યો છતો તે સુખને અનુભવતો હતો. દેવ તેને ઘણા ઘણા પ્રકારથી બોધ કરતો હતો, પણ તે બોધ પામતો ન હતો. ત્યારે તે દેવ અવ્યક્ત ચિહ્નથી જણાતો નહિ, કે-'આ સાધુ છે.' કેમકે તેને રજોહરણ, ઉપકરણ વિગેરે ન હતાં. કોઇ એક દિવસે ચાર સર્પના કરંડીઆઓને હાથમાં ગ્રહણ કરી ઉદ્યાનમાં રહેલા તે નાગદત્તની સમીપમાં આવી ઉતર્યો. મિત્રોએ તેને કહ્યું કે-'આ સર્પ ખેલાવનારો મદારી છે.' ત્યારે નાગદત્ત તેની પાસે ગયો અને પૂછયું કે-'આ કરંડીઆઓમાં શું છે?' દેવે કહ્યું કે-'સર્પો છે.' ગંધર્વનાગદત્તે કહ્યું કે-તું મ્હારા સર્પો સાથે રમ-ક્રીડા કર અને હું ત્હારા સર્પો સાથે રમું-ક્રીડા કરૂં. દેવ તેના સર્પો સાથે ક્રીડા કરવા લાગ્યો, તે સર્પોએ ડંખ દેવા છતાં મર્યો નહિ. ગંધર્વનાગદત્તે અમર્ષ-અદેખાઇ ધરી કહ્યું કે-હું પણ ત્હારા સર્પો સાથે રમીશ. દેવ બોલ્યો કે-'તને જો ડસશે તો જરૂર મરીશ.' જ્યારે આગ્રહ પૂર્વક તે કહેવા લાગ્યો ત્યારે દેવે માંડળું આળેખી ચારે દિશામાં કરંડીઆ સ્થાપ્યા. પછી તેના સઘળા મિત્રો, પરિજન અને સ્વજનને મેળવી તેઓની સમક્ષ નાગદત્તને કહ્યું કે-હે લોકો! અહિં ગંધર્વનાગદત્ત સર્પોની સાથે ખેલવાને ઇચ્છે છે, કોઇ પણ પ્રકારે જો તેને સર્પો ડસે તો એમાં મ્હારો દોષ નથી. આ મ્હારા સર્પો સામાન્ય માહાત્મ્યવાળા નથી. કેમકે-વિજળીની માફક ચપલ જીભવાળો, ઉગ્ર ઝેર વાળો, ઊગતા સૂર્યની સમાન (લાલ) નેત્રવાળો સાક્ષાત્ જમની જેવો, આ રોષ નામનો વિષધર પ્રલય કાળની જેવો છે. આઠ ફેણવાળો, જમની જેવી જીભવાળો, મેરુની જેવો ઉંચો આ માન નામનો ફણીધર છે, કે જેનાથી ડસાયેલો મનુષ્ય ઇંદ્રને પણ તૃણ સમાન ગણતો નથી. બે જીભવાળી, કુટિલગતિ, છળમાર્ગને શોધનારી, વિષમ સ્વભાવવાળી, જેનો મધ્યભાગ કોઇથી પામી શકાતો નથી તેવી આ માયા નામની શ્રેષ્ઠ

નાગણી છે. તથા ઉગ્ર વિષવાળો, ઘોર ફૂંફાડાવાળો, જેના સ્પર્શ માત્રથી મનુષ્ય સમુદ્રની જેમ દુઃખે પૂરી શકાય તેવો થાય છે; તે આ લોભ નામનો મહાનાગ છે. આ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે દુષ્ટ સર્પો છે, કે જેઓથી સદા સંતપ્ત થયેલ જગત્ જીર્ણ થયેલ હોય તેમ કળકળે છે–દુઃખી થઈ રહ્યું છે. એમ કહી તેણે તે સર્પો મૂકયા. ભયંકર આકાર ધારણ કરનાર તે વિષધરોએ તેને ડંખ દીધો, તેથી તે મૂર્છાવશ થઈ ભૂમિ ઉપર પડયો અને મરેલાની જેમ ચેષ્ટારહિત થયો. દેવે કહ્યું–હા હા ! શું થયું ? 'વાર્યો છતાં પણ રહ્યો નહિ.' તેને પૂર્વે કહેલા મિત્રોએ ઓસડો કર્યાં, પરંતુ ઓસડો કાંઇ ગુણકારી થયાં નહિ પછી તેના સ્વજનવર્ગે પગે પડી કહ્યું કે–'હે સત્પુરુષ ! દયા કરો.' દેવે કહ્યું કે–'આવીજ રીતે હું પણ ડસાયો હતો, મને પણ ડંખ દીધો હતો. જો આવા પ્રકારનું આચરણ કરે તો જીવે. જો તેમ પાલન ન કરે તો સજીવન થવા છતાં પણ ફરી મરે.' સ્વજનોએ કહ્યું–'કેવી રીતે ?' દેવે કહ્યું કે–આ ચાર પ્રકારના દુષ્ટ આશીવિષ સર્પોથી ડસાયેલો હું વિષના નાશ કરવા માટે વિવિધ તપ કર્મને આચરું છું, પર્વતો, જંગલો, મસાણો, શૂન્ય–ઉજ્જડ ઘરો, ઝાડોનાં મૂળોને સેવું છું. તે દુષ્ટ સર્પોનો ક્ષણ વાર પણ વિશ્વાસ રાખતો નથી. અતિ આહાર પણ સહતો નથી. અત્યંત સ્નિગ્ધ આહારવડે પણ તેઓ ઉદયમાં આવે છે. નિર્દોષ આહારને પણ હું અત્યંત ઇચ્છતો નથી. સ્વજનોએ 'એમ' કહી સ્વીકાર્યું, ત્યારે દેવે ધ્યાન આરંભ્યું. ધારણા રાખી, શિખાબંધ કર્યો, મંત્ર–જાપ દીધો. તે આવી રીતે—

" सिद्धे नमंसिऊणं, संसारत्था य जे महावेज्जा।
वोच्छामि डंककरियं, सव्वविसनिवारणीविज्जं ॥ १ ॥
सव्वं पाणाइवायं पच्चक्खाई सव्वं अलियवयणं च,
सव्वमदत्तादाणं, मेहुणं, परिग्गहं स्वाहा ॥ "

**ભાવાર્થ**–સિદ્ધોને અને સંસારમાં રહેલા મહાવૈદ્યોને નમસ્કાર કરી ડંકકરી સર્વ વિષનિવારણી વિદ્યા હું કહીશ. સર્વ પ્રાણાતિપાત, સર્વ અલિક–અસત્ય વચન, સર્વ અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરવું.

ત્યારપછી ગંધર્વનાગદત્તે સહેજ અંગો ચલાવ્યાં, બન્ને આંખો ઉઘાડી, સ્વજનોએ વૃત્તાંત નિવેદિત કર્યો, જીવિતની આશાએ તેણે વ્રત અંગીકાર કર્યું. કેટલાક દિવસસુધી તેની પાછળ ચાલનાર થયો, તેને મૂકી દોડયો. પાછો તેવીજ રીતે ભૂમિ ઉપર પડયો. તે વૃત્તાંત જાણનાર લોકોએ આવીને દેવને કહ્યું–'આને સજ્જ કરો, એકવાર અપરાધ માફ કરો.' દેવે ફરીથી તેને પુનર્જીવિત કર્યો. એમ બે ત્રણ વાર કર્યું. એક વખતે એક સ્થળે સ્વાધ્યાય કરતા મુનિયો દેખાડ્યા. તેઓની સમીપે ગયો, ધર્મ સાંભળ્યો. દેવે કહ્યું કે–'જો પ્રવ્રજ્યા લે, તો મૂકું.' તેણે કહ્યું કે–'બહુ સારૂ' પછી પૂર્વનો સંબંધ કહ્યો, તેણે પ્રવ્રજ્યા સ્વીકારી. એવી રીતે સર્પોની જેવા આ કષાયો દુરંત સંસારના કારણભૂત હોવાથી અપ્રશસ્ત છે. ૫૧

ક્રોધનો ઉપશમ એજ ક્ષાંતિ છે, આથી તેને સુખ વિગેરેના કારણભૂત દર્શાવવાવડે ઉપનય સહિત કહે છે—

**खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।**
**हरइ महाविज्जा इव, खंती सव्वाइँ दुरियाइं ॥ ५२ ॥**

**ગાથાર્થ**—ક્ષાંતિ–ક્ષમા એ સુખોનું મૂળ છે. ઉત્તમ ક્ષાંતિ એ ધર્મનું મૂળ છે, મહાવિદ્યાની જેમ ક્ષાંતિ સર્વ દુરિત–પાપ કષ્ટોને હરે છે. ૫૨

**" जिणजणणी रमणीणं, मणीण चिंतामणी जहा पवरो ।**
**कप्पलया य लयाणं, तहा खमा सव्वधम्माणं ॥ १ ॥ "**

**ભાવાર્થ**—જેમ સર્વ રમણીઓમાં જિનજનની શ્રેષ્ઠ છે, જેમ સઘળા મણિઓમાં ચિંતામણી શ્રેષ્ઠ છે, જેમ સઘળી વેલડીઓમાં કલ્પવેલડી ઉત્તમ છે; તેમ સર્વ ધર્મોમાં ક્ષમા એ શ્રેષ્ઠ છે. ૧

આ લોકમાં ફક્ત એકજ ક્ષાંતિને સ્વીકારી, પરિષહો અને કષાયો ઉપર જીત મેળવી અનંત પ્રાણીઓ અનંત સુખવાળા પરમપદને પામ્યા છે. તથા—

પૂર્વનાં કર્મોથી નિર્માણ કરેલાં, દુર્જન મનુષ્યનાં મુખરૂપી ધનુષ્યમાંથી નીકળેલાં, વચનરૂપી બાણો ક્ષાંતિરૂપી ઢાલને વહન કરનારા સાધુઓને લાગતાં નથી.

ક્ષમારૂપી ધનુષ્યને જો ગ્રહણ કર્યું, તો પછી દુર્જન શું કરી શકનાર છે ? તૃણ વિનાની ભૂમિ ઉપર પડેલો અગ્નિ સ્વયમેવ ઉપશાંત થઈ જાય છે.

કોપ ઉપર અચંકારી ભટ્ટાનું અને ક્ષમાના વિષયમાં ક્ષુલ્લક મુનિનું ઉદાહરણ છે. કોપ થકી ભટ્ટા દુ:ખ પામી, અને ક્ષમાથકી ક્ષુલ્લક મુનિને દેવો પણ નમ્યા હતા. ૫૨

ક્ષાંતિ ધારણ કરનાર હોવા છતાં પણ આવા પ્રકારનાં અશુભ કર્મોમાં પ્રવર્તનાર સાધુ 'પાપશ્રમણ' કહેવાય, તેથી એ પાપ શ્રમણપણું જ કહે છે—

**सयं गेहं परिच्चज्ज, परगेहंमि वावडे ।**
**निमित्तेण ववहरइ, पावसमणो त्ति वुच्चई ॥ ५३ ॥**

**ગાથાર્થ**—પોતાના ઘરનો ત્યાગ કરી, પરઘરમાં પ્રવૃત્ત થનાર; નિમિત્તથી વ્યવહાર કરનાર 'પાપશ્રમણ' કહેવાય છે. ૫૩

**વ્યાખ્યાર્થ**—જે મુનિ પ્રવ્રજ્યા અંગીકારકરવાથી પોતાના ઘરનો પરિત્યાગ કરી પિંડનો અભિલાષી થઈ સ્વયં અન્યના ઘરમાં વ્યાપૃત થાય–તેનાં કાર્યો કરે, શુભ અશુભ સૂચક વચનવડે દ્રવ્યોપાર્જન કરે તે પાપશ્રમણ પાપયતિ કહેવાય છે. ૫૩

હવે તપ સંબંધિ પાપશ્રમણપણું કહે છે—

**दुद्ध दही विगईओ, आहारेइ अभिक्खणं ।**
**अरए अ तवोकम्मे, पावसमणो त्ति वुच्चई ॥ ५४ ॥**

**ગાથાર્થ**—જે સાધુ દૂધ, દહીં વિગેરે વિકૃતિયો વારંવાર ભક્ષણ કરે અને તપ કર્મમાં આસક્ત ન થાય તે પાપશ્રમણ કહેવાય છે. ૫૪

**વ્યાખ્યાર્થ**–દહીં અને દૂધ વિકૃતિ કરવાનાં કારણ હોવાથી વિકૃતિ–ઉપલક્ષણથી ઘી વિગેરે બધી વિકૃતિયોને તેવા પ્રકારના ખાસ કારણ વિના આહારમાં ગ્રહણ કરે. કહ્યું છે કે–'જે રસકસવાળા આહારને વાપરનાર હોય તે નિર્ગ્રંથ ન હોય એમ કેમ કહ્યું ?–રસકસવાળા ભોજન–પાનનો આહાર કરનાર નિર્ગ્રંથને બ્રહ્મચર્યમાં

શંકા અથવા કાંક્ષા અથવા વિચિકિત્સા ઉત્પન્ન થાય અથવા ભેદને પામે અથવા ઉન્માદને પામે અથવા લાંબા કાળ સુધી ટકનાર રોગોની પીડા થાય, અથવા કેવલિ ભગવંતે પ્રરૂપેલા ધર્મથકી ભ્રષ્ટ થાય; તેમ હોવાથી નિર્ગ્રંથ-સાધુએ રસકસવાળો આહાર વાપરવો ન જોઈએ. બીજે સ્થળે પણ કહ્યું છે કે-આત્માની ગવેષણા કરનાર મનુષ્યને વિભૂષા, સ્ત્રીસંસર્ગ અને સ્નિગ્ધ રસવાળું ભોજન એ તાલપુટ વિષ સમાન છે.

તથા-" વર્ષાવાસ-ચાતુર્માસ રહેલ હૃષ્ટ, નીરોગી, બલવંત શરીરવાળા નિર્ગ્રંથ-સાધુ અથવા નિર્ગ્રંથી-સાધવીઓને દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ મધ, મદિરા અને માંસ એ નવ રસ વિકૃતિયો વારંવાર વાપરવી ન કલ્પે." વળી જે તપ કર્મમાં પ્રીતિમાન્ ન હોય તે પાપશ્રમણ કહેવાય છે. ૫૪

પાપશ્રમણપણું પ્રમાદથી થાય છે, એથી ભેદ સહિત પ્રમાદનું ફળજ કહે છે.—

**मज्जं विसय–कसाया, निद्दा विगहा य पंचमी भणिया ।**
**एए पंच पमाया, जीवं पाडेंति संसारे ॥ ५५ ॥**

**ગાથાર્થ**—મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદો જીવને સંસારમાં પાડે છે. ૫૫

**વ્યાખ્યાર્થ**:—મદ્ય-મદિરા, ઉપલક્ષણથી મૈરેય, સરક, માંસ, રસ વિગેરેનું ગ્રહણ કરવું. મદ્ય તો આ લોકમાં પણ ઘણી વિડંબનાઓનું કારણ છે.

દુર્ભાગી મનુષ્ય પાસેથી સ્ત્રી જેમ દૂર થાય છે, તેમ દારૂડીઆની બુદ્ધિ તેનાથી દૂર પલાયન કરી જાય છે, દારૂડીઓ અત્યંત નિંદા પામે છે. અને ગુરૂનાં વાકયોથી તજાવાથી કલેશ પામે છે.

દારૂડીઓ વિહ્વલ બની પ્રિયાને માતા સમાન અને માતાને પ્રિયા સમાન ગણી તેવું આચરણ કરે છે, કુબુદ્ધિવાળો તે છાકટો રાજાને જોઈ તેને કિંકર સમાન ગણે છે અને કિંકરને રાજા સમાન ગણે છે.

દારૂડીઆનો સર્વ મનુષ્યો ચોતરફથી ઉપહાસ કરે છે, તેનાં વસ્ત્રોને ચોર લોકો હરી જાય છે, જ્યાં ત્યાં પડેલા તે છાકટાના પહોળા થઈ ગયેલા મ્હોંમાં કૂતરાઓ ખાડો ધારી મૂતરે છે.

મદિરાથી વ્યાકુળ મતિવાળો થઈ મનુષ્ય જલ્દી મૂર્છિત થાય છે, ડરે છે, કંપે છે, પોકારે છે, બળે છે, વમન કરે છે, ખેદ પામે છે, સ્ખલના પામે છે, દિશાઓ તરફ જુએ છે, રડે છે, શ્વાસ લે છે, હાંફે છે, હસે છે, ખાય છે, ઈર્ષા કરે છે, ગાય છે, ભમે છે, ગદ્-ગદ્ બોલે છે, પોક મૂકે છે, દોડે છે. ગ્લાનિયુક્ત બને છે, હણે છે, હર્ષિત થાય છે, હિત સમજતો નથી અને વિષાદ પામે છે.

મદિરાના મદથી મત્ત થયેલા શાંબ વિગેરે કૃષ્ણના કુમારોએ બિચારા દ્વૈપાયન ઋષિને તેવો કદર્થિત કર્યો કે–જેથી તે દ્વારકાનાં જાદવ જનોની ૧૩૨ કુલકોટિના ક્ષયનો હેતુ બની મહાપાપનો પર્વત થયો.

મદિરા પીવાથી ચિત્તની ભ્રાંતિ થાય છે, ચિત્તના ભ્રમિતપ-ણાથી મનુષ્ય પાપજનક આચરણો આચરે છે, મદિરાથી મૂઢ બની ગયેલા–વિહ્વલ થયેલા માણસો પાપ કરી દુર્ગતિને પામે છે. તેથી મદિરા કોઇને દેવી નહિ અને પીવી પણ નહિ. તથા વિષયો શબ્દ વિગેરે પાંચ છે એ વિષયોનું સ્વરૂપ આવું છે.

કામભોગો ક્ષણ માત્ર સુખ આપે છે અને ઘણા કાળ સુધી દુઃખ આપનાર છે. ખરી રીતે જોઈએ તો અત્યંત દુઃખદાયક છે. સુખ આપનાર છેજ નહિ. સંસાર સંબંધિ સુખના પણ વિપક્ષ રૂપ કામભોગો અનર્થોની ખાણ રૂપ જ છે.

વિષયોમાં વાસ્તવિક રીતે સુખ નથી, પરંતુ ધતૂરા વગેરેનું પાન કરવાથી ભ્રમિત નેત્રવાળા મનુષ્યોને જેમ પત્થરાને વિષે પણ આ સુવર્ણ છે એવી બુદ્ધિ થાય છે, તેમ જીવોને પણ ‘ આ સુખ છે ’ એવું અભિમાન થાય છે. તેમજ કહ્યું છે કે આ ભોગો ભોગવતી વખતે મધુર જણાય છે, પરંતુ પરિણામે વિષ હોવાથી કિંપાક ફળ જેવા છે, ખુજલી ખણવાની જેમ દુઃખ આપનાર હોવા છતાં ‘ સુખકારક

છે ' એવી બુદ્ધિ આપે છે–કરાવે છે, મધ્યાહ્ન સમયે ઝાંઝવાના જળની જેમ નિરંતર મિથ્યા દુષ્ટ વિચારો કરાવે છે અને ભોગવ્યા છતા મહાવૈરી આ ભોગો કુયોનિયોમાં જન્મ આપે છે. વિષયોથી વ્યાકુળ ચિત્તવાળો થયેલો આ જંતુ હિત અથવા અહિતને જાણતો નથી, તેથી અનુચિત આચરણ આચરતો જીવ લાંબાકાળ સુધી દુઃખરૂપી અરણ્યમાં રખડ્યા કરે છે. તથા કષાયો–જેમાં પ્રાણીઓ પરસ્પર હણાય તે કષ–સંસાર. જેઓ વડે જંતુઓ સંસારમાં ગમન કરે તે કષાય અથવા કષનો–સંસારનો લાભ જેઓથી થાય તે કષાયો–ક્રોધ, માન, માયા અને લોભ કહેવાય છે. તેમાં ક્રોધ–અક્ષમાના પરિણામરૂપ છે, માન–જાતિ વિગેરે થકી ઉત્પન્ન થયેલો અહંકાર, માયા–બીજાને ઠગવું વિગેરે સ્વરૂપવાળી, લોભ અસંતોષ રૂપ લુબ્ધતાનો પરિણામ. તે અનંતાનુબંધિ વિગેરે ભેદથી ૧૬ છે. તેમાં અનંત સંસારનો અનુબંધ કરાવવાના સ્વભાવવાળા કષાયો અનંતાનુબંધિ કહેવાય છે. કહ્યું છે કે–ક્રોધ, માન, માયા અને લોભ આ ચારે કષાયો પ્રાણિયોને અનંત સંસારનો અનુબંધ કરાવે છે તેથી તેઓની ' અનંતાનુબંધી ' એવી સંજ્ઞા રાખેલી છે. જો કે બાકીના કષાયોના ઉદય વિના તેઓનો ઉદય નથી, તો પણ અવશ્ય અનંત સંસારના મૂળ કારણ મિથ્યાત્વના ઉદયને ખેંચી લાવનાર હોવાથી જ ' અનંતાનુબંધિ ' શબ્દથી ઉચ્ચરાય છે. બાકીના કષાયો અવશ્ય મિથ્યાત્વના ઉદયને ખેંચી-આણતા નથી. આ હેતુથી તેઓના ઉદયનું યુગપદ્‌પણું હોવા છતાં પણ આ વ્યપદેશ થતો નથી. એથી આ કષાયોનું જ આ અસાધારણ નામ છે.

તથા જેઓના ઉદયથી લેશમાત્ર પણ પ્રત્યાખ્યાન થઇ શકતું નથી, એથી તે કષાયો અપ્રત્યાખ્યાન કહેવાય છે. કહ્યું છે કે—આ સંસારમાં જેઓના ઉદયથી પ્રાણી થોડા પ્રત્યાખ્યાન તરફ પણ ઉત્સાહ કરી શકતો નથી; એથી આ બીજા પ્રકારના કષાયો ( ક્રોધ, માન, માયા અને લોભ ) ની ' અપ્રત્યાખ્યાન ' સંજ્ઞા સ્થાપી છે.

તથા સર્વ વિરતિરૂપ પ્રત્યાખ્યાનને આચ્છાદિત કરનાર તે

કષાયો પ્રત્યાખ્યાનાવરણી કહેવાય છે. કહ્યું છે કે-અંહિ સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપારોથી વિરતિ કરવી, તે પ્રત્યાખ્યાન કહેવાય છે, તેને આવરણ કરનાર હોવાથી તે ક્રોધ, માન, માયા અને લોભ ત્રીજા પ્રકારના કષાયોની 'પ્રત્યાખ્યાનાવરણ' એવી સંજ્ઞા સ્થાપન કરવામાં આવી છે.

તથા પરિષહો, ઉપસર્ગો આવી પડતાં ચારિત્રધારી મુનિને પણ ( અંહિ **सम्** શબ્દ **ईषद्** અર્થમાં છે. ) સેજ જ્વલિત કરે દીપ્ત કરે છે, એથી એ સંજ્વલન કષાયો કહેવાય છે. આવી રીતે એ ચારે કષાયોના પ્રત્યેકના ચાર ચાર ભેદો થવાથી તે ૧૬ થાય છે. તે કષાયોનો દોષ આ પ્રમાણે છે.

અસંકિલષ્ટ-સંક્લેશ વિનાનું ચિત્તરૂપી રત્ન એ આંતરિક ધન કહેવાય છે. જેનું એ આંતરિક ધન દોષો (ચોરો) વડે ચોરાઈ ગયું હોય તેને વિપત્તિયોજ બાકી રહે છે.

હવે નિદ્રા-સૂવું. તેનો દોષ દર્શાવવામાં આવે છે.—

નિદ્રાશીલ-નિદ્રામાં જ વિશેષ પ્રવૃત્ત થનાર મનુષ્ય જ્ઞાનને અથવા દ્રવ્યને મેળવવા શક્તિમાન્ થઇ શકતો નથી. નિદ્રાશીલ પ્રાણી જ્ઞાન અને દ્રવ્યથી હીન બને છે. જ્ઞાન અને દ્રવ્યના અભાવથી લોકમાં અદ્વિતીય દુઃખભાગી થાય છે. માટે નિદ્રાવડે સર્યું.

તે નિદ્રા પાંચ પ્રકારની છે. જેમાંથી સુખે જાગૃત થઈ શકાય તે **નિદ્રા**. ૧, જેમાં દુઃખથી મુશ્કેલીથી જાગી શકાય તે **નિદ્રા-નિદ્રા** ૨, ઉભા રહેતાં અને બેઠાલાને નિદ્રા આવે તે **પ્રચલા** ૩, ચાલતાં ચાલતાં નિદ્રા આવે તે **પ્રચલા પ્રચલા** ૪, દિવસે ચિંતવેલ કાર્યને ( રાત્રે ) કરનારી, **વાસુદેવથી** અર્ધા બળવાળી નિદ્રા **સ્ત્યાનર્ધિ** કહેવાય છે.

તથા પાંચમો પ્રમાદ વિકથા કહેલ છે. તે સાત પ્રકારની છે. સ્રીકથા ૧, ભક્તકથા ૨, દેશકથા ૩, રાજકથા ૪, મૃદુકારુણિકી ૫, દર્શનભેદિની ૬ અને ચારિત્રભેદિની. તેમાંથી—

**સ્રી કથા**—સ્રીઓની નિન્દા પ્રશંસા વિગેરે સ્વરૂપવાળી

જાણવી. જેમકે—તે સ્ત્રી ઉંટ જેવી ગતિવાળી, કાગડાના જેવા સ્વરવાળી, દૌર્ભાગ્યવાળી, લાંબા પેટવાળી, પીળી આંખોવાળી, દુઃશીલ, દુર્ભાષણ કરનારી છે. ધિક ધિક તેણીનું મ્હોં કોણ જુવે ? તેમજ તે સ્ત્રી પાતળા શરીરવાળી, સુભગા, સૌમ્ય મુખવાળી, પદ્મ પત્રના જેવાં નેત્રોવાળી, ભારે-મોટા નિતંબવાળી, ઉંચા પુષ્ટ સ્તનોવાળી, લલિત-સુંદર ગતિ-ચાલવાળી છે.

**ભકતકથા** આવી રીતે—(મશાલા વિગેરેથી ન સંસ્કારેલા, વાશી) કળથી, કાંગ, કાલિંગ, કારેલાં અને કેરડાંઓથી થતા ભોજનને ધિક્કાર હો. અહા ! ઘીની અધિકતાથી શ્રેષ્ઠ શાક-પકવાન્નવાળું, ભાત-દાળ વિગેરે અશનવાળું, ઘી, ખાંડથી યુક્ત ખીરનું ભોજન મનુષ્યોને અમૃતરૂપ છે. હે વાદીંદ્ર ! રોગોનો નાશ કરવામાં વ્યાલી-વાઘણસમાન મગની દાળ તુષ વિનાની-ફોતરાં રહિત કેમ ? પ્રત્યુત્તર—ઓદન-ચોખારૂપ પ્રિયનો સંયોગ થવાથી એ કાંચળી રહિત થયેલી છે.

**દેશકથા**—સારા ધાન્યને ઉત્પન્ન કરનાર માળવો દેશ રમણીય છે, કાંચી દેશનું તો શું વર્ણન કરી શકાય ? ગુજરાતની ભૂમિ દુર્ગ-દુઃખે ગમન કરી શકાય તેવી છે. ઉદ્ભટ ભટોવાળો લાટદેશ ભિલ્લ જેવો છે, સુખના નિધિરૂપ કાશ્મીર દેશમાં વસો તો સારૂં, કુંતલદેશ તો સ્વર્ગ જેવો છે. આવા પ્રકારની દેશ સંબંધિ કથા દુર્જનોના સંગની જેમ વર્જવા યોગ્ય છે. તથા

**રાજકથા** આ પ્રમાણે—આ રાજા દુશ્મનોના સમૂહનો નાશ કરવામાં સમર્થ, ક્ષેમ કરનાર અને ચોરોનો વિનાશ કરનાર છે. તે બે રાજાઓનું ભયંકર યુદ્ધ થયું અથવા તે રાજાએ આ રાજાનો સારો પ્રતિકાર કર્યો. આ દુષ્ટ રાજા મરી જાઓ, આ રાજા મારા આયુષ્યવડે પણ ઘણા લાંબા વખત સુધી રાજ્ય કરો. આવા પ્રકારની ઘણા કર્મબંધના કારણભૂત રાજકથાને ડાહ્યા મનુષ્યોએ તજવી.

**મૃદુકારુણિકી**—શ્રોતા જનોનાં હૃદયને મૃદુતા ઉત્પન્ન કરતી હોવાથી મૃદુ અને પુત્ર વિગેરેના પ્રલાપની મુખ્યતાવાળી હોવાથી કારુણિકી કથા મૃદુકારુણિકી કહેવાય છે. તે આવી રીતે—

હા પુત્ર ! હા પુત્ર ! હા વત્સ ! હા વત્સ ! મ્હને અનાથ કેમ કરી મૂકી ? એવા કરૂણ પ્રલાપ કરતી તે સ્ત્રી ( પુત્રની માતા ) પ્રજ્વલિત અગ્નિમાં પડી.

**દર્શનભેદની**—જ્ઞાન વિગેરેના અતિશયથી કુતીર્થિકોની-મિથ્યાત્વિ લોકોની પ્રશંસારૂપ કથા. જેમકે—સેંકડો સૂક્ષ્મ બુદ્ધિ-યોથી યુક્ત, સૂક્ષ્મ બુદ્ધિ કરનાર, સૂક્ષ્મ અર્થોને જાણી શકે તેવી બુદ્ધિ ધરાવનારાઓએ રચેલ શ્રેષ્ઠ બૌદ્ધશાસન સાંભળવા યોગ્ય છે.

**ચારિત્રભેદની**—જે કથાવડે અંગીકાર કરેલ વ્રતવાળા-વ્રતિના અથવા વ્રતને માટે ઉપસ્થિત થયેલા ભાવયતિના ચારિત્રનો ભેદ કરવામાં આવે તે ચારિત્રભેદની કથા કહેવાય છે. જેમકે—

કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદ પૂર્વી, દશ પૂર્વી અને નવ પૂર્વી પુરૂષોથી રહિત એવા આ કાળમાં શુદ્ધ અથવા અશુદ્ધ ચારિત્ર યા તેના ભાવને કોણ જાણી શકે ? તેમજ જેમ ખાટલા ઉપરથી પડેલા મનુષ્યને બહુ થોડી શરીર પીડા થાય છે, પરંતુ પર્વતની ટોચથી પડેલાને અત્યંત પીડા થાય છે, તેમ ચારિત્રથી ભ્રષ્ટ થયેલાને અનંત ભવ થાય છે.

પ્રમાદની બહોળતાવાળો કાળ છે, દર્શન અને જ્ઞાનવડે તીર્થ વર્તે છે, ચારિત્ર તો વિચ્છેદ થયું છે; તેથીગૃહિ ધર્મ-શ્રાવકધર્મ કરવો શ્રેષ્ઠ છે.

આવા પ્રકારની વિકથા છે. વિકથા ઉપર **રોહિણી**ની કથા—

આ લોકમાં નીતિની રીતિથી શોભતી કુંડની નામની શ્રેષ્ઠ નગરી છે. ત્યાં જિતશત્રુ નામનો રાજા હતો કે જે દુર્જન જનોનો શત્રુ હતો. ત્યાં પ્રાયે વિકથાઓથી વિરક્ત, સત્કથાઓ અને ગુણો-રૂપી રત્નોને ઉત્પન્ન કરવામાં રોહણગિરિ સમાન સુભદ્ર નામનો શેઠ વસતો હતો. તેને મનોરમા નામની ભાર્યા હતી. તેમને ગુણોથી પરિપૂર્ણ, જિનેશ્વરના સિદ્ધાંતમાં લબ્ધાર્થ, ગૃહીતાર્થ અને પૃષ્ટાર્થ **રોહિણી** નામની બાળવિધવા પુત્રી હતી. તે **રોહિણી** પ્રતિદિન ત્રિસંધ્ય જિનેશ્વરોને પૂજતી હતી, તથા કોઈ પણ દિવ-સને નિષ્ફળ ન થવા દેતાં અધ્યયનાદિ આચરતી હતી, તેમ જ

નિશ્ચિંત થઈને નિત્ય આવશ્યક વિગેરે કૃત્ય કરતી હતી, ધર્મરૂપી કલ્પવૃક્ષને સિંચતી હતી, કોઈને પણ વંચિત કરતી-ઠગતી ન હતી, ગુરૂમહારાજના ચરણ પૂજતી હતી, કમ્મપયડી વિગેરે ગ્રંથોને પોતાના નામની જેમ વિચારતી હતી, શ્રેષ્ઠ દાન દેતી હતી, ગંગા નદીના પાણીની જેવું ઉજ્જવલ શીલ ધારણ કરતી હતી, યથાશક્તિ તપ કરતી હતી, અને પ્રશસ્ત મનવાળી તેણી શુભ ભાવનાઓ ભાવતી હતી. આવી રીતે નિર્મળ ગૃહધર્મ-શ્રાવકધર્મને પાળતી, પાપ થકી પાછી વળતી, દૃઢ સમ્યક્ત્વથી ચલિત ન થતી, સત્ય જિનમતને પ્રકટ કરવામાં પંડિતા તે રોહિણી દિવસો વીતાવતી હતી.

આ તરફ ચિત્તરૂપી પ્રસિદ્ધ અટવીમાં ભુવન ઉપર આક્રમણ કરવામાં અતિશય પ્રચંડ મોહ નામનો રાજા નિષ્કંટક રાજ્ય પાળે છે. તે મોહરાજા કદાચિત્ ચર પુરૂષોના મુખ થકી પોતાના દોષોને ઉઘાડા પાડવામાં તત્પર એવી રોહિણીને સાંભળી અત્યંત ઉદ્વિગ્ન બની ચિંતા કરવા લાગ્યો કે-' અહો ! જુઓ તો ખરા. અતિશઠ હૃદયવાળા સદાગમથી વાસિત ચિત્તવાળી આ (રોહિણી) ને અમારા દોષો ગ્રહણ કરવામાં કેટલો બધો રસ પ્રસર છે ! ! જો કોઇપણ પ્રકારે આ (રોહિણી) કેટલાક કાળસુધી આવી રીતેજ રહેશે તો નાસતાં અમારી ધુળને પણ કોઈ જોઈ શકશે નહિ.' એવી રીતે ચિંતા કરતા તે મોહ રાજાની પાસે તેનો રાગ કેસરી નામનો પુત્ર આવ્યો, પ્રણામ કરતા તે પુત્રને પણ તેણે જાણ્યો નહિ, તેથી અત્યંત દુઃખિત થઈ એ (રાગ) બોલ્યો કે-' પિતાજી! આપ પૂજ્યપાદ પિતાજીને આટલી બધી ચિંતા કરવાની શી જરૂર છે? કેમકે-આ જગત્માં આપની સમ અથવા વિષમ એવા કોઈ બીજાને હું જોતો નથી.' ત્યારે મોહરાજાએ રોહિણીનું યથાસ્થિત વૃત્તાંત તેને કહ્યું. તે સાંભળી આ ( રાગ ) પણ મસ્તકમાં વજ્રથી આઘાત પામ્યો હોય તેમ દિલગીર થઈ ગયો. ત્યારપછી સઘળું સૈન્ય પણ નૃત્ય, ગીત વિગેરે વ્યાપારોને એકાએક બંધ કરીને પુષ્પ, તાંબૂલ વિગેરે મૂકી દઈ અત્યંત ખિન્ન બની ગયું. એવામાં એક બાળક તથા એક સ્ત્રીએ અટ્ટહાસ શબ્દપૂર્વક હાસ્ય કર્યું

અને તે મોહરાજાએ સાંભળ્યું. ત્યારે અત્યંત શોકના વેગથી લાંબા નીસાસા મૂકી મોહરાજા ચિંતવવા લાગ્યોકે–' હું દુઃખી છતાં આવી રીતે અત્યંત સુખી થઈને કોણ ક્રીડાઓ કરે છે ? ' પછી કુપિત થયેલા પોતાના શ્રેષ્ઠ સ્વામિના અભિપ્રાયને જાણી લઈ ' દુષ્ટાભિસંધિ ' નામના મંત્રીએ ભ્રાંતિ રહિત થઈ આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી—' હે દેવ ! રાજકથા, સ્ત્રીકથા, દેશકથા અને ભક્તકથા રૂપ ચાર મુખવાળી, યોગિનીની જેમ ભુવનના જનોને મોહિત કરનારી આ વિકથા નામની મારી ભાર્યા છે અને આ બાળક અત્યંત ઇષ્ટ પ્રમાદ નામનો મ્હારોજ શ્રેષ્ઠ પુત્ર છે, છતાં જે હેતુથી તેઓએ એકાએક હાસ્ય કર્યું, તે તો તેઓનેજ પૂછવું જોઇએ. ' ત્યાર પછી રાજાએ તેઓને બોલાવીને પૂછયું કે–' તમો કેમ હસ્યા ? ' તેમાંથી સ્ત્રી બોલી–" પૂજ્ય ! આપ સારી રીતે સાંભળો. બાળક માત્રથી સાધી શકાય એવા કાર્યમાં પિતાજી આટલી બધી ચિંતા શા માટે વહન કરે છે ? એ વિસ્મયને વશ થઈ આ પુત્ર સાથે મેં હાસ્ય કર્યું. કેમકે–આપ પિતાજીના પસાયથી હું આ રોહિણીને એક અર્ધ ક્ષણમાં ધર્મથી પાડવામાં સમર્થ છું. અથવા આ બિચારી મારી આગળ કઈ ગણતરીમાં છે ? જેઓ ઉપશાંત મનઃપર્યવજ્ઞાની હતા તથા જેઓ શ્રુતજ્ઞાનથી યુક્ત હતા, તેવા કેટલાએ જીવોને મેં પૂર્વે ચારિત્રથી ભ્રષ્ટ કર્યા છે; તેઓની સંખ્યા પણ કોઈ જાણતા નથી. વળી મેં જે ચૌદ પૂર્વધરોને ધર્મથી ખડહડાવ્યા છે–ભ્રષ્ટ કર્યા છે, તેઓ તો આજે પણ આપ પૂજ્ય પિતાજી પાસે ધુળની માફક રોળાય છે. " તે સાંભળી રાજાએ વિચાર્યું કે–' હું ધન્ય છું કે, જેના ( મારા ) સૈન્યમાં આ અબળાઓ પણ ભુવનવર્તી જનસમૂહને જીતવામાં સમર્થ બળવાળી છે. ' એમ વિચારી રાજાએ પોતાને હાથે બીડું આપી, હર્ષપૂર્વક મસ્તક પ્રદેશમાં ચુંબન કરી ' તમારા માર્ગો વિઘ્નરહિત હો, તમારી પાછળ જ સૈન્ય પણ આવશે. ' એમ કહી તે સ્ત્રીને તે પુત્ર સાથે તત્કાળ વિસર્જન કરી. તે વિકથા રોહિણીની પાસે પહોંચી.

ત્યારપછી યોગિની વિકથાથી અધિષ્ઠિત થયેલી તે રોહિણી જિનમંદિરમાં પણ બીજી શ્રાવિકાઓ સાથે વિવિધ પ્રકારની વિક-

થાંઓ કરવા લાગી, પ્રસન્ન મનવાળી થઈ રોહિણી જિનેંદ્રોને પૂજતી ન હતી, ગુરૂદેવને પણ વંદન કરતી ન હતી, બહુ હાસ્ય કરતી, બહુ બોલી તેણી બીજાઓને પણ વ્યાઘાત કરતી હતી. મહર્ધિક-પૈસાદાર શેઠીઆની દીકરી એટલે કોઈપણ તેણીને કાંઇ પણ કહી શકતું નહિં. અતિ પ્રસંગ થવાથી સ્વાધ્યાય ધ્યાનથી રહિત થયેલી તે રોહિણીને એક શ્રાવકે કહ્યું—“ બ્હેન ! અતિ પ્રમત્ત થઈ ધર્મસ્થાનમાં પણ આમ વાત શું કરો છો ? કેમકે જિનેશ્વરોએ ભવ્ય જીવોને વિકથાનો સદા નિષેધ કર્યો છે. શૃંગાર રસની મુખ્યતાવાળી, મોહમયી, હાસ્ય-ક્રીડા ઉત્પન્ન કરનારી, બીજાના દોષો કથન કરનારી વિકથા ન જ કરવી જોઈએ, માટે જિનેશ્વરો, ગણધરો, મુનીઓ વિગેરેની સત્કથારૂપી તરવારથી વિકથારૂપી વેલડીને છેદી તું ધર્મધ્યાનમાં લીન મનવાળી થા.”

ત્યારે રોહિણીએ કહ્યું કે-‘ ભાઇ ! પીયરની જેવા જિનમંદિરને પામી મહિલાઓ પોત-પોતાનાં સુખ-દુઃખ કહેવાથી ક્ષણવાર સુખી થાય છે. ફક્ત વાતોને માટે કોઈ પણ કોઇને ઘરે ખાસ મળતું નથી, માટે મહેરબાની કરી અમ્હને તમ્હારે કંઈ કહેવું નહિ.’ આમ કહેવાથી ‘ આ સર્વથા અયોગ્ય છે.’ એમ જાણી તે શ્રાવક મૌન રહ્યો. રોહિણી પણ પોતાને ઘરે ગઈ ત્યારે તેણીના પિતાએ તેણીને કહ્યું કે-વત્સે ! વિકથાના વિષયમાં લોકમાં ત્હારો અપવાદ અત્યંત સંભળાય છે, આ સાચો હોય અથવા ખોટો હોય પરંતુ તે પ્રકટ મહિમાને પણ હણે છે. કહ્યું છે કે—

વિરૂદ્ધ હોય, સત્ય હોય અથવા અસત્ય હોય, પરંતુ સર્વ સ્થળમાં પ્રસિદ્ધ લોકવાદ મહિમાને હરે છે-નાશ કરે છે. તુલા ( રાશિ ) માંથી પસાર થયેલા, પ્રકટ રીત્યા સમસ્ત અંધકારનો નાશ કરનારા સૂર્યનું પણ કન્યા ( રાશી ) માં ગમન કરતાં તેવું તેજ હોતું નથી.

તેથી હે પુત્રિ ! જો તું સુખ ચાહતી હો, તો મુક્તિથી પ્રતિકૂલ વર્તનારી નરકની વાટ જેવી પરદોષકથા-વિકથાને મૂકી દે. કહ્યું છે કે—

જો તું એકજ કર્મવડે જગતને વશ કરવા ઇચ્છે, તો પરના અપવાદરૂપી ધાન્યોમાંથી ચરતી ગાયને રોક.

**ભાવાર્થ**—જ્યારે મન પરગુણ, પરદોષના કીર્તન કરવા સજ્જ થાય ત્યારે તેને વિશુદ્ધ ધ્યાનમાં મગ્ન કરવું શ્રેષ્ઠ છે.

ત્યારે રોહિણી બોલી કે–' પિતાજી ! પ્રથમ તો આગમજ વર્જવો જોઈએ; કે જેનાથી આ સઘળી પરગુણ–પરદોષની કથાઓ પ્રવૃત્ત થઈ છે. આ જગત્‌માં કોઈ મૌન ધારણ કરનાર જોવામાં આવતો નથી. કેમકે–આ મહર્ષિયો પણ વિશિષ્ટ ચેષ્ટા કરનાર હોવા છતાં પણ બીજાનાં ચરિત્રોને કથન કરવામાં તત્પર રહે છે. ઇત્યાદિ જેમ તેમ આળઝાળ બોલતી રોહિણીની તેના પિતાએ અવગણના કરી, તેમજ ગુરૂ વિગેરેથી પણ ઉપેક્ષા કરાયેલી તે રોહિણી સ્વચ્છંદતાથી ભમવા લાગી. કોઈ વખતે રાજમાર્ગમાં રાજાની પટરાણીના શીલ સંબંધમાં બોલતી રોહિણીને દાસીઓએ સાંભળી, દાસીઓએ રાણીને કહ્યું, રાણીએ રાજાને કહ્યું; તેથી કોપાયમાન થયેલા રાજાએ રોહિણીના પિતાને બોલાવી ઠપકો આપ્યો કે–' તારી દીકરી આવી રીતે અમ્હારૂં પણ વિરૂદ્ધ બોલે છે. ' શેઠે કહ્યું કે–' દેવ ! એ ( રોહિણી ) અમ્હારૂં કહ્યું કરતી નથી. ' ત્યારે રાજાએ રોહિણીને બહુ વિડંબના કરી દેશપાર કરી. ત્યારપછી હલકા માણસોથી પણ પગલે પગલે નિંદાતી સજ્જનોવડે સ્નેહાર્દ્ર દૃષ્ટિથી જોવાતી, વિકથામાં આસક્ત જીવોને આ લોકમાં પણ કેવો દારૂણ વિપાક પ્રાપ્ત થાય છે ? ' એમ સત્કથા કરનારા પ્રાણીઓને વૈરાગ્યરસમાં વૃદ્ધિ કરાવતી, ' નિશ્ચયે આ લોકોનો ધર્મ પણ આવો છે, કે આવું ફળ પ્રાપ્ત થયું, ' એમ ઠેકાણે ઠેકાણે બોધિબીજનો નાશ કરાવતી ઘણા પ્રકારનાં શીત, આતપ ( તડકો ), ભૂખ, તરસ, વર્ષા વિગેરે દુઃખોથી પીડાતી મરણ પામીને નારકીમાં ગઈ. ત્યાંથી નીકળી ઘણા ભવો સુધી તિર્યંચોમાં, અનંતકાળ નિગોદ જીવોમાં ભમીને અનુક્રમે મનુષ્યજન્મ પામી રોહિણી છેવટ સિદ્ધિ પામી. રોહિણીનો પિતા સુભદ્ર શેઠ પોતાની પુત્રીની વિડંબના જોઈ અત્યંત વૈરાગ્ય પામી

પાપોને શાંત કરનાર શ્રમણ ( સાધુ ) થયો અને તપ, ચરણ, કરણ, સ્વાધ્યાય, સત્કથાને આચરતો, પ્રમાદરહિત થઈ, વિકથાથી વિરક્ત ચિત્તવાળો બની અનુક્રમે સુખ પામ્યો."

આવી રીતે વિકથાઓ કરનારા પ્રાણીઓને અસહ્ય અનંત દુઃખો પ્રાપ્ત થાય છે, એમ જાણી ભવ્ય મનુષ્યોએ નિરંતર વૈરાગ્યાદિથી વિભૂષિત કર્મબંધના કારણથી રહિત એવી સત્કથાઓજ બોલવી જોઈએ.

આ દૃષ્ટાંતો વડે પૂર્વે જણાવેલ પાંચે પ્રમાદો સેવવામાં આવ્યાથી આત્માને સંસારમાં પાડે છે, સંસારરૂપી સાગરના તીર પર પહોંચેલા જીવો પણ પ્રમાદને વશ થયા છતાં ફરીથી સંસારવૃદ્ધિ કરે છે, એ કથનનો સાર છે.

તેમાં પ્રમાદ-પ્રમત્તતા અર્થાત્ સદુપયોગનો અભાવ એવો અર્થ જાણવો. મદ્ય વિગેરે પાંચે પ્રમાદના કારણરૂપ હોવાથી પ્રમાદજ કહી શકાય. અન્ય વિદ્વાનોએ પણ કહ્યું છે કે—

केवलं रिपुरनादि मान यं, सर्वदैव सहचारितामितः ।
यः प्रमाद इति विश्रुतः परा-मस्य वित्त शठकुण्ठताम् ॥ १ ॥
यत् करोति विकथाः प्रथावतीर्यत् खलेषु विषयेषु तृप्यति ।
सुप्रमत्त इव यद् विचेष्टते, यन्न वेत्ति गुण-दोषयोर्भिदाम् ॥२॥
क्रुध्यति स्वहितदेशनेऽपि यद्, यच्च सीदति हितं विदन्नपि ।
लोक एष निखिलं दुरात्मनस्तत् प्रमादकुरिपोर्विजृम्भितम् ॥३॥
इत्यवेत्य परिपोष्य पौरुषं, दुर्जयोऽपि रिपुरेष जीयताम् ।
यत्सुखाय न भवन्त्युपेक्षिता व्याधयश्च रिपवश्च जातुचित् ॥४॥"

**ભાવાર્થ**—જે પ્રમાદ એવા નામથી પ્રખ્યાતિ પામેલ છે, તે અનાદિકાળથી સર્વદા સહચારિપણાને પ્રાપ્ત થયેલો સર્વથા દુશ્મન છે; એ પ્રમાદરિપુની તીક્ષ્ણ શઠતાને તમે જાણો.

આ લોક જે વિસ્તારવાળી વિકથાઓ કરે છે, જે દુષ્ટ વિષયોમાં તૃપ્તિ પામે છે, જે અત્યંત પ્રમત્તની જેમ વિરૂદ્ધ ચેષ્ટાઓ કરે છે, જે ગુણ અને દોષનો ભેદ જાણતા નથી, પોતાના હિતનું કથન કરતાં પણ જે ક્રોધ કરે છે, વળી જે હિત જાણતા છતાં પણ નષ્ટ થાય છે; તે સઘળું દુરાત્મા પ્રમાદ-દુશ્મનનું આક્રમણ જાણવું.

એમ જાણી પુરૂષાર્થને પુષ્ટ કરી, દુર્જય એવા પણ આ દુશ્મનને જીતો; કારણકે-ઉપેક્ષા કરાયેલા વ્યાધિયો અને દુશ્મનો કદાપિ સુખને માટે થતા નથી-અર્થાત્ અત્યંત દુઃખ આપે છે.

તેમાંથી તેના એક અંશરૂપ નિદ્રા પ્રમાદના ફળને સૂત્રકાર વિશેષ પ્રકારે દર્શાવે છે.

**जइ चउदसपुव्वधरो, वसइ निगोएसु णंतयं कालं ।**
**निद्दापमायवसगो, ता होहिसि कह तुमं जीअ ! ॥५६॥**

**ગાથાર્થ**—ચૌદ પૂર્વધર પણ નિદ્રા પ્રમાદને વશ થઈ જો નિગોદોમાં અનંતા કાળ સુધી વસે છે તો હે જીવ ! ત્હારૂં શું થશે ? ૫૬

**વ્યાખ્યાર્થ**—જ્યારે ઉત્પાદ પૂર્વ વિગેરે ૧૪ વિશેષશ્રુત ( પૂર્વ ) ના અભ્યાસી, ( નવ પૂર્વધર, દશ પૂર્વધર વિગેરે તો રહો. ) નિરંતર નિદ્રારૂપી મદિરા વડે ઘેરાતી આંખોવાળા થઈ પઠન-પાઠન વિગેરે પ્રસંગના અભાવથી ૧૪ પૂર્વોને ભૂલી જઈ મરણ પામી સૂક્ષ્મ-બાદર ભેદવાળા, અનંતજીવાત્મક નિગોદોમાં અનંત કાળ-અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી વાસ કરે છે. જેમ જીવાનુશાસનવૃત્તિમાં કહ્યું છે કે-“ ચૌદપૂર્વધર શ્રુતકેવલીઓ પણ ( પૂર્વ સંબંધિ શ્રુતના અભાવમાં મરણ પામીને ) અનંતકાયમાં નિવાસ કરે છે, તો હે આત્મા ! પાંચે પ્રમાદોને સેવતો તું કેવો ( દુઃખી ) થઇશ ? ત્હારી શી ગતિ થશે ? એ અમે જાણતા નથી. આ વાક્યવડે ‘ અપ્રમત્ત થઇનેજ પ્રવર્તવું ’ એમ બોધ કર્યો. કેમકે લક્ષ્મી હાથીના કાનની માફક ચંચળ છે, પ્રેમ સંધ્યાના રંગની જેમ ક્ષણ વિનાશી છે, જીવિત પાણીના પરપોટાની જેવું ચપળ છે, તારૂણ્ય-તરૂણાવસ્થા નિઝરણાના ધોધની માફક ચંચળ છે, વાલ્હાં ( મનુષ્યો, પદાર્થો ) નો સમાગમ સ્વપ્ન સમાન ક્ષણવાર સુધીનો છે, કાયા રોગથી ભરપૂર છે, બહુ કહેવાથી શું ? સંસાર અસંખ્ય દુઃખોનો ભંડાર છે. ૫૬

પ્રમાદનો પરિહાર જ્ઞાનક્રિયાવાન્ સાધુએ કરવો જોઈએ, એ

માટે સમર્થ છતાં એકલા જ્ઞાનનું અને એકલી ક્રિયાનું ઇષ્ટ ફલમાં અસાધકપણું–નિરર્થકપણું દર્શાવતા સૂત્રકાર કહે છે—

**हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।**
**पासंतो पंगुलो दड्ढो, धावमाणो य अंधओ ॥ ५७ ॥**

**ગાથાર્થ**—ક્રિયાવિનાનું જ્ઞાન નકામું છે, અજ્ઞાનીની ક્રિયા નિરર્થક છે, જોતો છતો પાંગળો બળ્યો અને દોડતો આંધળો બળ્યો. ૫૭

**વ્યાખ્યાર્થ**—ક્રિયા–સંયમથી રહિત શ્રુત કાર્યને ન સાધતું હોવાથી હણાયા જેવું ગણાય, તેમજ અજ્ઞાનીની ક્રિયા–અજ્ઞાનીનું ચરણ પણ તેવું છે. તેથીજ ત્યાં દૃષ્ટાંત કહે છે—

આંખવડે જોવા છતાં પણ પાંગળો દાઝયો–બળ્યો અને દોડવા છતાં પણ આંધળો બળ્યો. એ ગાથા અક્ષરાર્થ છે. ભાવાર્થ તો ઉદાહરણથી સમજી શકાય તેમ છે. તે આ પ્રમાણે.

એક મ્હોટા નગરમાં આગ લાગી, તેમાં એક પાંગળો અને એક આંધળો એવા બે જણા અનાથ હતા. અગ્નિના સંભ્રમથી વિહ્વલનેત્રવાળા બની પલાયન કરતા નગરલોકોને જોતો પાંગળો પલાયનના માર્ગને જાણતા છતાં પણ ગમનક્રિયાના અભાવથી અનુક્રમે અગ્નિવડે ભસ્મીભૂત બન્યો; આંધળો પણ ગમનક્રિયાથી યુક્ત હોવા છતાં પણ પલાયનમાર્ગને ન જાણવાથી જલ્દીથી અગ્નિ તરફ થઇ જતાં અગ્નિથી ભરેલી ખાઇમાં પડી બળી ગયો. આ દૃષ્ટાંત છે.

ઉપનય—એવી રીતે ક્રિયારહિત જ્ઞાની પણ કર્મરૂપી અગ્નિથી પલાયન કરવામાં અસમર્થ બને છે; તેમજ અજ્ઞાની ક્રિયા સહિત હોવા છતાં જ્ઞાન રહિતપણાથકી ઉપર પ્રમાણે અસમર્થ બને છે. પ્રયોગ—જ્ઞાનજ વિશિષ્ટ ફળને સાધનાર થઇ શકતું નથી, સત્ક્રિયાના યોગથી રહિત હોવા થકી, નગરના દાહમાં પાંગળાના નેત્રવિજ્ઞાનની જેમ. ક્રિયાજ વિશિષ્ટ ફળને સાધનારી થઇ શકતી નથી, સમ્યગ્ જ્ઞાનના યોગથી રહિત હોવાથી, નગરના દાહમાંજ આંધળાની પલાયન ક્રિયાની માફક. કોઇ વાદી કહે કે—‘એવી રીતે

એકત્ર મળેલ જ્ઞાન–ક્રિયાને પણ નિર્વાણ સાધવામાં અસામર્થ્યનો પ્રસંગ આવી જશે, પ્રત્યેકમાં સામર્થ્ય નહિ હોવાથી, વેળુ-રેતીના તેલની જેમ, અને એતો અનિષ્ટ છે.' એનો ઉત્તર—સમુદાયનું સામર્થ્ય તો પ્રત્યક્ષ સિદ્ધ છે, કેમકે જ્ઞાન અને ક્રિયાવડે સાદડી વિગેરે કાર્યોની સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છેજ, પરંતુ વેળુ-રેતીનું તેલ ન થઈ શકે, જોવામાં આવેલ વસ્તુનો અપલાપ કરી શકાય તેમ નથી, એવી રીતે આ બન્ને જ્ઞાન-ક્રિયાવડે જોવાએલી કાર્યસિદ્ધિ પણ અવિરૂદ્ધજ છે. તેથી ઉપરનું કથન ઉપેક્ષણીય છે, તેમ છતાં સર્વથાજ જ્ઞાન-ક્રિયાને સાધન રૂપ નથી ઈચ્છવામાં આવતું, દેશોપકારિપણું સ્વીકારાય છેજ. ૫૭

જેથી કહે છે.—

**संजोगसिद्धीइ फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ।**
**अंधो य पंगू य वणे समिच्चा, ते संपउत्ता नगरं पविट्ठा॥ ५८**

**ગાથાર્થ**—જ્ઞાન અને ક્રિયાના સંયોગની સિદ્ધિથી ફળ કહે છે, એક ચક્રવડે રથ પ્રયાણ કરી શકતો નથી; વનમાં આંધળો અને પાંગળો એ બન્ને મળી એક બીજાના સંપ્રયોગે નગરમાં પ્રવેશ કરી શકયા. ૫૮

**વ્યાખ્યાર્થ**—પરંતુ તેજ સમુદાયમાં સમગ્રપણું હોવાથી ઈષ્ટ ફળને સાધનાર થાય છે, કેવળ ભિન્ન ભિન્ન તો વિકલ હોવાથી એક બીજાં અપેક્ષા-યુક્ત હોવાથી સાધક થતાં નથી, એમ હોવાથી ભિન્ન ભિન્નનું અસાધકપણું પ્રતિપાદન કર્યું છે. વિસ્તારથી સર્યું. સંબંધ કહ્યો, ગાથાનું વ્યાખ્યાન પ્રકટ અર્થવાળું હોવાથી અમે નથી વિસ્તારતા, પરંતુ '**समेत्य**' એવું પદ કહેવા છતાં પણ '**तौ सम्प्रयुक्तौ**' એવા પદનું પુનઃ કથન આત્યંતિક સંયોગ દર્શાવવા માટે છે. એ ઉપર ઉદાહરણ—

રાજાના ભયવડે લોકો નગરમાંથી નીકળી-નગરને શૂન્ય કરી એક અરણ્યમાં આવીને રહ્યા, ત્યાંથી પણ ધાડના ભયથી વાહનો તજીને પલાયન કરી ગયા, તેમાં અનાથપ્રાય અંધ અને પંગુ એ બન્નેને તજી દીધા. ધાડ ગઈ ત્યારે લોકની અગ્નિના પવનવડે દાવા-

નળ લાગ્યો, તે બન્ને ભયભીત થયા. જેની કાછડી છુટી ગઈ છે, એવો અંધ અગ્નિ તરફ પલાયન કરવા લાગ્યો, પાંગળાએ કહ્યું કે 'અંધ! એ તરફ નાશ માં; એ તરફજ આગ છે.' તેણે કહ્યું કે-'ત્યારે કયાં થઈને જાઉં?' પાંગળાએ કહ્યું કે-હું પણ આગળ અતિ દૂર માર્ગ બતાવવામાં અસમર્થ પંગુ છું, તો મ્હને ખંધે કરી લે, જેથી સાપ, કાંટા, અગ્નિ વિગેરે અપાયોને પરિહરાવતો ત્હને સુખે નગર પહોંચાડું. તેણે 'બહુ સારૂં' એમ કહી-વચન સ્વીકારી પંગુના વચનને કાર્યમાં મૂક્યું અને ક્ષેમ-કુશળતાથી બન્ને જણ નગરમાં ગયા, આ દૃષ્ટાંત છે, ઉપનય-'જ્ઞાન ક્રિયાવડે સિદ્ધપુર પમાય છે.'

પ્રયોગ—વિશિષ્ટ કારણોનો સંયોગ ઇચ્છિત કાર્યનો સાધક બને છે, સમ્યક્ ક્રિયાની ઉપલબ્ધિરૂપ હોવાથી, અંધ અને પંગુની નગરપ્રાપ્તિની જેમ; જે ઇચ્છિત ફળને સાધનાર નથી થતો, તે સમ્યક્ ક્રિયાની ઉપલબ્ધિરૂપ પણ નથી હોતો. ઇષ્ટ ગમનક્રિયાથી રહિત જૂદા પડેલ એક ચક્રવાળા રથની જેમ. એ વ્યતિરેક દર્શાવ્યો. ૫૮

હવે ચારિત્ર વિના ઘણું જ્ઞાન પણ ઈષ્ટ ફળને સાધી શકતું નથી અને ચારિત્રયુક્ત અલ્પજ્ઞાન પણ ઈષ્ટફળને સાધી શકે છે; એ બે ગાથાવડે કહે છે—

**सुबहुंपि सुयमहीयं, किं काही चरणविप्पहीणस्स ?।**
**अंधस्स जह पलित्ता, दीवसयसहस्सकोडी वि ॥५६॥**
**अप्पंपि सुयमहीयं, पगासयं होइ चरणजुत्तस्स ।**
**इक्कोवि जह पईवो, सचक्खुयस्सा पयासेइ॥६०॥**

**ગાથાર્થ**—ઘણું ભણવામાં આવેલું શ્રુત પણ અંધ આગળ દેદીપ્યમાન લાખો અને કરોડો દીવા હોય તેની જેમ ચારિત્રહીનને શું કરી શકે? ૫૯ ચારિત્રથી યુકત મનુષ્યનું થોડું પણ ભણાયેલું શ્રુત પ્રકાશક થાય છે, જેમ એક દિવો પણ આંખવાળા મનુષ્યને પ્રકાશ કરી શકે છે. ૬૦

**વ્યાખ્યાર્થ**—અત્યંત ઘણું શ્રુત-આગમ ભણવામાં આવ્યું

હોય છતાં તે ચારિત્રથી રહિતને શું કરશે ? અર્થાત્ સ્વકાર્યને સાધતું ન હોવાથી કાંઇપણ નહિ. કેમકે—

ચારિત્રથી રહિત જ્ઞાન, દર્શન-સમ્યકત્વથી રહિત વેષને સ્વીકારવો, અને સંયમ વિના તપસ્યા જે આચરે; તેનું તે નિરર્થક જાણવું.

તેમાં દૃષ્ટાંત કહે છે—જેમ અંધને-આંખરહિતને તેલ વિગેરે સિંચવાવડે અત્યંત દેદીપ્યમાન કરવામાં આવેલ લાખો કે કરોડો દીવા પણ કાંઈ પ્રકાશ આપી શકતા નથી.

તથા થોડું પણ શ્રુત-આગમ ભણવામાં આવ્યું છતું ચારિત્રવંત **માષતુષ** વિગેરેની જેમ સ્વર્ગ અને મોક્ષના માર્ગને ઉદ્યોત કરનારૂં થાય છે. જેમ ઘણા દીવા તો દૂર રહ્યા, ફક્ત એક દીવો પણ આંખવાળાને પદાર્થના સમૂહનો પ્રકાશ કરે છે. એ ગાથાનો અર્થ જણાવ્યો.

અહિં એજ આશયવાળી આવશ્યકનિર્યુક્તિમાંની આ બે ગાથાઓની પહેલાની ગાથાઓ ઉપયોગી હોવાથી વ્યાખ્યા સહિત લખવામાં આવે છે.

"**सुयनाणंमि वि जीवो, वट्टंतो सो न पाउणइ मोक्खं ।
जो तव संजममइए, जोए न चएइ वोढुं जे ॥**"

ગમનિકા—શ્રુતજ્ઞાનમાં તેમજ મતિજ્ઞાનાદિમાં વર્તતો છતો પણ જીવ મોક્ષ પામતો નથી, એ કથનવડે પ્રતિજ્ઞાર્થ સૂચવ્યો. કેવો જીવ ? જે તપ સંયમરૂપ યોગોને વહન કરી શકતો નથી, આ કથનવડે હેત્વર્થ દર્શાવ્યો, દૃષ્ટાંત તો જાણી લેવું અથવા કહેશે. પ્રયોગ--માત્ર એકલું જ્ઞાન ઇચ્છિત અર્થ પ્રાપ્ત કરાવનાર થતું નથી. સત્ક્રિયા રહિત હોવાથી, પોતાના દેશને પ્રાપ્ત કરવા ઇચ્છતા, ગમનક્રિયાથી રહિત, માર્ગ જાણનાર મનુષ્યના જ્ઞાનની જેમ. અથવા સૂત્રમાં જણાવેલુંજ દ્રષ્ટાંત-માર્ગ જાણનાર નિર્યામક-ખલાસીથી યુક્ત, ઇચ્છિત દિશામાં લઇ જનાર પવનની ક્રિયાથી રહિત વહાણની જેમ.

જે કારણવડે જેમ. છેક-દક્ષ નિર્યામક પ્રાપ્ત કરનાર વહાણ

સારા કર્ણધાર (સુકાની) થી અધિષ્ઠિત થયેલ હોવા છતાં પણ પવન વિના મહાસાગર તરીને વણિક લોકોની ઈષ્ટભૂમિને પ્રાપ્ત કરવા સમર્થ થઈ શકતું નથી; તેમ શ્રુતજ્ઞાનરૂપી નિર્યામકને પ્રાપ્ત કરનાર જીવરૂપી વહાણ, સુનિપુણ મતિજ્ઞાન-કર્ણધારથી અધિષ્ઠિત હોવા છતાં પણ (સંસાર સાગર તરીને સિદ્ધિ વસતિને પ્રાપ્ત કરી શકતું નથી.) બાકીનું શબ્દસિદ્ધ છે, નિપુણ પણ-પંડિત પણ સામાન્ય શ્રુતજ્ઞાનનું કથન કરવા છતાં પણ 'તેનો અતિશય પ્રકટ કરવા **निपुण** પદ મૂક્યું છે' તેથી તપ સંયમ અનુષ્ઠાનમાં અવશ્ય અપ્રમાદી થવું. તે બાબતમાં નિર્યુક્તિકારે કહ્યું છે કે—

જેમ કોઈ કાચબો ઘણાં તૃણ, પાંદડારૂપ છિદ્ર વિનાના આવરણવડે આચ્છાદિત થયેલા પાણીથી અંધકારવાળા મહાદ્રહમાં અનેક જળચર જીવોવડે થતા ક્ષોભ વિગેરે સંકટોથી મનમાં પીડાતો, પરિભ્રમણ કરતો, માંડમાંડ-ઘણી મુશ્કેલીથી આવરણના છિદ્રને પ્રાપ્ત કરી, ત્યાંથી નીકળી, શરદ્ઋતુમાં ચંદ્રના કિરણોના સ્પર્શથી થતા સુખને અનુભવી, ફરી પણ પોતાના બંધુ તરફના સ્નેહથી ચિત્ત આકર્ષાતાં 'અદૃષ્ટકલ્યાણ—કલ્યાણને ન જોનાર તે બિચારાઓને પણ હું આ દેવલોક સમાન કાંઈક દેખાડું.' એમ નિશ્ચય કરી તે દ્રહમાંજ નિમગ્ન થયો, પછી બંધુઓને લઈ તે છિદ્ર મેળવવા માટે ભ્રમણ કરતા છતાં તેને ન જોતાં અત્યંત કષ્ટમય સંકટ અનુભવવા લાગ્યો; એવી રીતે આ જીવરુપી કાચબો પણ અનાદિ કર્મ પરંપરાના પડલવડે આચ્છાદિત થયેલા, મિથ્યા દર્શન વિગેરે અંધકારથી યુક્ત, વિવિધ પ્રકારનાં શરીર-મન-સંબંધી આંખવેદના, તાવ, કોઢ, ભગંદર, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ વિગેરે દુ:ખરૂપી જળચરોવાળા સંસાર થકી પરિભ્રમણ કરતાં માંડમાંડ-ઘણી મુશ્કેલીથી મનુષ્યભવ સંવર્તનીય કર્મરૂપી છિદ્રને પ્રાપ્ત કરી મનુષ્યત્વની પ્રાપ્તિવડે ઉંચે આવતાં જિનેંદ્રચંદ્રના વચનરૂપી કિરણોના બોધને પામી 'આ દુર્લભ છે.' એમ જાણતો સ્વજનોમાં અને સ્નેહવાળા વિષયોમાં અનુરાગી ચિત્તવડે કાચબાની જેમ ફરી તેમાં મ બૂડો. પ્રશ્ન-અજ્ઞાની કાચબો તો ડૂબેજ, પરંતુ હિતની પ્રાપ્તિ અને અહિતના પરિહારને જાણનાર જ્ઞાની કેમ ડૂબે? ઉત્તર—ચારિત્રના

ગુણોથી રહિત, ઘણું જાણનાર પણ ડૂબે. થોડું જાણનાર પણ ડૂબે. અથવા નિશ્ચયનયની દૃષ્ટિયે જ્ઞાનના ફળથી શૂન્ય હોવાથી એ અજ્ઞ જ છે. વિસ્તારથી શું ? ૫૯-૬૦

'**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**' આ તત્ત્વાર્થના ૧ સૂત્રના કથનથી સમ્યગ્દર્શન વિગેરે ત્રણ પણ સમુદાયરૂપ હોય ત્યારે જ નિર્વાણના કારણભૂત થાય છે, પરંતુ પૃથક હોય તો નહિ. એ પહેલાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

હવે એવા પ્રકારનો ૧૧ પ્રતિમા વહન કરનાર શ્રાવક ચારિત્ર સ્વીકારે છે. કહ્યું છે કે—

શ્રાવક તે ૧૧ પ્રતિમાઓને ભાવી-વહન કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરે અથવા પોતાની ઉચિતતા જાણી ગૃહસ્થભાવને પ્રાપ્ત કરે. ૧

પ્રશ્ન—શા માટે પ્રતિમાઓવડે આત્માને ભાવિત કરવામાં આવે ? ઉત્તર—અયોગ્ય મનુષ્યોએ પ્રવ્રજ્યા ગ્રહણ કરવી નિયમતઃ અનર્થ રૂપ છે, તેથી ધીર મનુષ્યો આત્માની તુલના કરી એવી રીતે પ્રવ્રજ્યા સ્વીકારે છે. ૧

જો કે તુલના વિના પણ કેટલાક વિશિષ્ટ પ્રાણીઓને સમ્યક્ પ્રવ્રજ્યા સંભવે છે, તો પણ સામાન્ય રીતે આ ક્રમ ન્યાયસંગત છે. તેમજ કહ્યું છે—

પરંતુ હાલ ઓઘ વિશેષ વડે આ ક્રમ યુક્ત છે, કારણ કે કાળ અશુભ છે, આ કાળમાં સંયમ દુઃખે પાળી શકાય તેવો છે ૧

આ હેતુથી એક ગાથા વડે શ્રાવકની ૧૧ પ્રતિમા કહે છે. ૧

**दंसण-वय-सामाइय-पोसह-पडिमा-अबंभ-सच्चित्ते।**
**आरंभ-पेस-उद्दिट्ठ-वज्जए समणभूए य ॥ ६१ ॥**

**ગાથાર્થ**—દર્શન ૧, વ્રત ૨, સામાયિક ૩, પોસહ ૪, પડિમા ૫, બ્રહ્મચર્ય ધારી ૬ સચિત્ત ત્યાગ વાળો ૭ આરંભ વર્જનાર ૮, પ્રેષણ વર્જનાર ૯, ઉદ્દિષ્ટ વર્જનાર ૧૦ શ્રમણભૂત ૧૧. ૬૧

**વ્યાખ્યાર્થ**—દર્શન-સમ્યક્ત્વ, વ્રત-અણુવ્રત વિગેરે, સામાયિક-પાપકારી યોગોનું વર્જવું અને નિર્દોષ યોગોનું સેવન

કરવું, તે પૌષધ—અષ્ટમી, ચતુર્દશી વિગેરે પર્વના દિવસોએ આચરવાનું અનુષ્ઠાન, પ્રતિમા—કાઉસગ્ગ, **અબ્રહ્મ**—અબ્રહ્મચર્ય અને **સચ્ચિત્ત**—સચેતન દ્રવ્ય ( આ સમાહાર **દ્વંદ્વ** છે. ) આ વિષયમાં ' પ્રતિમા ' પ્રસ્તાવથી જાણવી. આમાં દર્શન વિગેરે પાંચમાં વિધિ દ્વારા પ્રતિમાભિગ્રહ જાણવો અને અબ્રહ્મ તથા સચિતમાં પ્રતિષેધ પૂર્વક જાણવો. તથા આરંભ—પોતે ખેડ વિગેરે કરવું. **પ્રેષ**—પ્રેષણ બીજાઓને પાપકર્મોમાં પ્રેરવા—જોડવા ઉદ્દિષ્ટ—તે જ શ્રાવકને ઉદ્દેશી સચિત્ત અથવા અચિત્ત પકાવેલું વર્જ—પરિહરે તે **आरम्भप्रेषोद्दिष्टवर्जक** કહેવાય છે.

પ્રતિમા તો પ્રસ્તુત છે જ તથા અહિં **भूत** શબ્દ ઉપમાન અર્થવાળો હોવાથી શ્રમણ—સાધુની જેવો જે હોય તે શ્રમણભૂત જાણવો. આ દર્શનપ્રતિમા, પ્રતિમાપ્રતિમા, પ્રતિમાવ્રત ઇત્યાદિ જાણવું. આ શ્રાવકોની ઉપાસકોની ૧૧ પ્રતિમા પ્રતિજ્ઞા અભિગ્રહ શ્રાદ્ધપ્રતિમા કહેવાય છે.

હવે આ પ્રતિમાઓનુંજ પ્રત્યેકનું સ્વરૂપ અન્ય ગ્રંથથી કહેવામા આવે છે.

જેટલી સંખ્યાવાળી અર્થાત્ પહેલી બીજી વિગેરે પ્રતિમા હોય, તેમાં તેટલા માસ—તેટલી સંખ્યાવાળા મહિના હોય છે. આ પ્રમાણે ભાવાર્થ છે. પહેલી પ્રતિમામાં કાળનું પ્રમાણ એક માસ છે, બીજામાં બે માસ, ત્રીજામાં ત્રણ માસ, એમ અગીઆર સુધી ૧૧ મી પ્રતિમામાં ૧૧ માસ. જો કે તે કાળપ્રમાણ **દશાશ્રુતસ્કંધ** વિગેરેમાં સાક્ષાત્ ઉપલબ્ધ થતું નથી, તો પણ **ઉપાસક દશાંગમાં** પ્રતિમા કરનાર આનંદ વિગેરે શ્રમણોપાસક—શ્રાવકોનું ૧૧ પ્રતિમાનું પ્રમાણ પાા વર્ષ પ્રતિપાદન કરેલ છે, અને તે પ્રમાણ પૂર્વમાં કહેલ એકથી માંડી એકેક માસની વૃદ્ધિવડે સંગત થાય છે. તથા ઉત્તરોત્તર કરાતી તે પ્રતિમાઓમાં પૂર્વ પૂર્વની પ્રતિમાઓમાં પ્રતિપાદન કરેલી અનુષ્ઠાન વિશેષરૂપ સઘળી ક્રિયાઓ કરવીજ જોઇએ. અંહિ આવું તાત્પર્ય છે—બીજી પ્રતિમામાં, પ્રથમ પ્રતિમામાં કહેલું સઘળું અનુષ્ઠાન કરવું જોઇએ, ત્રીજી પ્રતિમામાં તો પહેલી અને બીજી પ્રતિમામાં કહેલું અનુષ્ઠાન પણ કરવું જોઇએ.

એવી રીતે યાવત્ ૧૧ પ્રતિમામાં પૂર્વની દશે પ્રતિમાઓમાં કહેલું સમસ્ત અનુષ્ઠાન કરવું જોઈએ.

હવે દર્શન પ્રતિમાના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે—

સમ્યગ્દર્શન-સમ્યક્ત્વ એ દર્શન પ્રતિમા થાય છે. એ સંબંધ દર્શાવ્યો. પ્ર૦ કેવું સમ્યગ્દર્શન ?, ઉત્તર-પ્રશમાદિ-પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ ગુણોથી વિશિષ્ટ-યુક્ત તથા કુગ્રહ-તત્ત્વ તરફ શાસ્ત્રવાદિ તત્ત્વવડે નિન્દ્ય અભિનિવેશ-આગ્રહ, શંકાદિ-શંકા[1] આકાંક્ષા[2] વિચિકિત્સા,[3] મિથ્યાદૃષ્ટિ પ્રશંસા,[4] મિથ્યાદૃષ્ટિ પરિચય ૫. એ પાંચ સમ્યકત્વના અતિચારો. જેઓનાવડે જન્તુ બાધ પમાડાય તે શલ્યો. કુગ્રહ, શંકા વિગેરે શલ્યોથી રહિત. આવું હોવાથી અનઘ-નિર્દોષ અંહિ આવો ભાવાર્થ છે.-કુગ્રહ, શંકા વિગેરે શલ્યોથી રહિત, અણુવ્રત વિગેરે ગુણોથી ન્યૂન સમ્યગ્દર્શનનો જે સ્વીકાર તે પ્રતિમા, સમ્યગ્દર્શન પ્રતિમાની પ્રાપ્તિ તેને પૂર્વે પણ હતી. ફકત અંહિ શંકા વિગેરે દોષોથી અને રાજાભિયોગ વિગેરે છ આગારોથી રહિત હોવાવડે વળી બરાબર સમસ્ત દર્શનાચારને વિશિષ્ટતાથી પરિપાલન કરવાના સ્વીકારવડે પ્રતિમાપણું સંભવે છે. અન્યથા **ઉપાસક દશાંગ**માં પ્રથમ પ્રતિમાને એક માસ પાળવાવડે, બીજીને બે માસ પાળવાવડે એવી રીતે યાવત્ ૧૧ મીને ૧૧ માસ પાળવાવડે; અર્થાત પાા વર્ષ કેમ પ્રતિપાદન કરવામાં આવે ? **દશાશ્રુતસ્કંધ** થકી આ અર્થ ઉપલબ્ધ નથી થતો, કારણ કે ત્યાં તેને શ્રદ્ધામાત્રરૂપ પ્રતિપાદન કરેલ છે. એવી રીતે દર્શનપ્રતિમા વિગેરેમાં પણ યથાયોગ્ય ભાવના કરવી.

હવે વ્રત, સામાયિક અને પૌષધ એ ત્રણ પ્રતિમા કહે છે—

અણુવ્રતો—સ્થૂલપ્રાણાતિપાત વિરમણ વિગેરે, ઉપલક્ષણથી ગુણવ્રતો,શિક્ષાવ્રતો, બંધ, વધ વિગેરે અતિચારોથી રહિત અપવાદ વિના ધારણ કરનાર, સમ્યક્ પરિપાલન કરનારને બીજી વ્રતપ્રતિમા થાય છે. ( સૂત્રમાં પ્રતિમા અને પ્રતિમાવાનના અભેદ ઉપચારથી આવો નિર્દેશ કર્યો છે. ) તથા ત્રીજી સામાયિક પ્રતિમામાં--સર્વ સાવદ્ય-પાપકારી યોગોના વર્જન અને નિરવદ્ય-નિર્દોષ યોગોના

સેવન સ્વભાવવાળું સામાયિક કરનાર. કહેવાનું તાત્પર્ય એ છે કે–પૌષધ ન સ્વીકારનાર, દર્શનવ્રતથી યુક્ત શ્રાવકે પ્રતિદિન બન્ને સંધ્યાએ સામાયિક કરવું એ ત્રીજી પ્રતિમા. તથા ૪ થી પૌષધ પ્રતિમા–જેમાં ચૌદશ, આઠમ વિગેરે દિવસોમાં- ચૌદશ, આઠમ, અમાવાસ્યા, પુનમ અને પર્વતિથિયોમાં આહાર વર્જન ૧, શરીરસત્કાર ત્યાગ ૨, અબ્રહ્મચર્ય ત્યાગ ૩, વ્યાપાર પરિવર્જન ૪, રૂપ ચારે પ્રકારના પરિપૂર્ણ કોઇપણ પ્રકારથી ન્યૂનતા વિનાના પૌષધ સમ્યગ્ આગમમાં કહેલ વિધિપૂર્વક પ્રતિમા અંગીકાર કરનાર અનુપાલન કરે–સેવે. આ ચારે વ્રત વિગેરે પ્રતિમાઓમાં બન્ધ વિગેરે–બંધ, વધ, છવિચ્છેદ વિગેરે બારવ્રત સંબંધી અતિચારોને પ્રયત્નથી મોટા--યત્નથી વર્જે-પરિહરે.

હવે પ્રતિમાપ્રતિમાના સ્વરૂપને કહે છે.—

સમ્મ–સમ્યકત્વ, ( મકાર અલાક્ષણિક છે. ) અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતવાળો–પૂર્વમાં કહેલી ચારે પ્રતિમાથી યુક્ત, સ્થિર–સત્ત્વથી ચલિત ન થાય તેવો, કેમકે અસ્થિર મનુષ્યપ્રતિમાનો વિરાધક બને છે; કારણકે–આ પ્રતિમામાં રાત્રે ચૌટા વિગેરેમાં કાયોત્સર્ગ કરવામાં આવે છે, તેમાં ઘણા ઉપસર્ગો સંભવે છે. જ્ઞાની-પ્રતિમાના આચાર વિગેરેના પરિજ્ઞાનમાં કુશળ, કેમકે અજ્ઞાની સર્વત્ર અયોગ્ય છે, તો આ પ્રતિમા સ્વીકારવામાં તો શું કહેવું ? અષ્ટમી, ચતુર્દશીનું ઉપલક્ષણ હોવાથી અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા, પૂર્ણિમારૂપ પોષધ દિવસોમાં પણ પ્રતિમા–કાયોત્સર્ગ કરે. કેટલા વખતના પ્રમાણવાળી ? ઉત્તર—એક રાત્રિ પ્રમાણવાળી–સર્વરાત્રિકી. તેને પ્રતિમા થાય છે.

એ સિવાયના દિવસોમાં જેવો એ હોય, તે દર્શાવવા કહે છે.--

અસ્નાન–સ્નાન વર્જનાર, વિકટભોજી–પ્રકટ–પ્રકાશમાં દિવસે–રાત્રે નહિ–દિવસે પણ પ્રકાશવાળા પ્રદેશમાં અશન વિગેરે ભોજન કરનાર, પહેલાં રાત્રિભોજનનો નિયમ ન હતો તેથી આ કહ્યું છે, મઉલિયડો–પહેરવાનો કચ્છ ન બાંધનાર, દિવસ બ્રહ્મચારી–દિવસે બ્રહ્મચર્ય પાળનાર, રત્તિ રાતે. શું ? ઉત્તર–સ્રીઓનું

અથવા તેના ભોગોનું પરિમાણ કરનાર, કયારે ? ઉત્તર–પ્રતિમા સિવાયના–કાયોત્સર્ગવિનાના અપર્વ દિવસોમાં. ૧

હવે કાયોત્સર્ગ–કાઉસગ્ગમાં રહેલ શ્રાવક જે ચિંતવે તે કહે છે—

પ્રતિમામાં–કાર્યોત્સર્ગમાં રહેલ શ્રાવક ત્રણ લોકના પૂજ્ય, કષાયોને જીતનાર, દ્વેષ વિગેરે સમસ્ત દોષોને દૂર કરનાર, જિન–તીર્થંકરોનું ધ્યાન ધરે–ચિંતવન કરે; અથવા અન્ય–જિનરાજની અપેક્ષાએ પોતાના કામ, ક્રોધ વિગેરે દોષોના પ્રતિપક્ષરૂપ કામનિંદા, ક્ષમા વિગેરે ચિંતવે. પ્રશ્ન—આ પાંચમી પ્રતિમા કેટલા પ્રમાણવાળી છે ? ઉત્તર—પાંચ માસ સુધી.

હવે છઠ્ઠી પ્રતિમા કહે છે.—

શ્રૃંગારકથા–કામકથા અને સ્નાન, વિલેપનધૂપન વિગેરે વિભૂષાના ઉત્કર્ષને વર્જતો–પરિહરતો, उत्कर्ष શબ્દના ગ્રહણ કરવાથી શરીરમાત્રને અનુસરતી વિભૂષા કરી પણ શકે. તથા સ્ત્રી સાથે એકાંતમાં સ્નેહવાર્તાને વર્જતો એક અબ્રહ્મ–મૈથુનને વર્જે. કોણ ? ઉ૦—પ્રતિમા અંગીકાર કરનાર અબ્રહ્મવર્જન નામની છઠ્ઠી પ્રતિમામાં છ માસ સુધી. પૂર્વની પ્રતિમામાં દિવસે જ મૈથુન પ્રતિષેધ્યું હતું, પરંતુ રાત્રે પ્રતિષેધ્યું ન હતું; અને આમાં તો દિવસે અને રાતે પણ સર્વથા મૈથુનનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે, આથી જ આ પ્રતિમામાં ચિત્તવિપ્લવ કરનાર કામકથા વિગેરેનો પ્રતિષેધ કર્યો છે.

હવે સાતમી પ્રતિમા કહે છે.—

સચિત્તાહારવર્જન નામની સાતમી પ્રતિમામાં ૭ માસ સુધી સચિત્ત અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહાર ન વાપરે, તથા 'પૂર્વે કહેલી પ્રતિમાઓનું તે તે સર્વ અનુષ્ઠાન ઉપરની પ્રતિમાઓમાં જાણવું.' આ પૂર્વમાં કહેવાઈ ગયેલ હોવા છતાં વિસ્મરણશીલ–ભૂલી જવાના સ્વભાવવાળા શિષ્યોના અનુગ્રહ માટે ફરી પ્રતિપાદન કર્યું છે. એમ અન્યત્ર પણ જાણવું.

હવે આઠમી નવમી પ્રતિમાને પ્રતિપાદન કરવા કહે છે.—

'પોતે આરંભ વર્જવો.' એ આઠમી પ્રતિમા છે. જેમાં આઠ માસ સુધી પૃથ્વી વિગેરેના ઉપમર્દન રૂપ આરંભનું પોતે કરવું વર્જે-પરિહરે. આજીવિકા માટેના આરંભોમાં તેવા પ્રકારના તીવ્ર પરિણામથી રહિત શ્રાવક બીજા કર્મકર વિગેરે દ્વારા સાવદ્ય વ્યાપાર પણ કરાવે. પ્રશ્ન-પોતે પ્રવૃત્તિ નહિ કરવા છતાં પણ આરંભોમાં કર્મકરોને પ્રેરનારને પ્રાણીહિંસા તો રહી જ ? ઉત્તર—સાચું, પરંતુ સર્વથા પોતે આરંભો કરવાથી અને અન્યદ્વારા કરાવવાથી જે ઉભયજન્ય હિંસા થતી હતી; તે પોતે નહિ કરવાથી તો પરિહરીજ. અત્યંત વિસ્તાર પામતા મહાવ્યાધિમાંથી અત્યંત થોડામાં પણ થોડા વ્યાધિનો ક્ષય જેમ હિતકારી છે, તેમ તજાતો થોડો પણ આરંભ હિતકારીજ છે. નવમી પ્રેષ્યારંભવર્જનપ્રતિમા. તેમાં નવ માસ સુધી પુત્ર, ભાઈ વિગેરે ઉપર કુટુંબ વિગેરેનો સમસ્ત કાર્યભાર સ્થાપન કરવાવડે અને ધન, ધાન્ય વિગેરે પરિગ્રહોમાં થોડી આસક્તિથી આરંભોને ખેડ વિગેરે મોટા પાપકારી વ્યાપારોને સ્વયં તો વર્જે જ, પરંતુ પ્રેષ્ય-કર્મકર વિગેરે દ્વારા પણ વર્જે; છતાં આસન આપવું વિગેરે લઘુ પ્રવૃત્તિઓનો તો અનિષેધ જ જાણવો, કેમકે તેવા પ્રકારના કર્મબંધના કારણનો અભાવ હોવાથી તેને આરંભ કહી શકાતો નથી.

હવે દશમી પ્રતિમા કહે છે.—

ઉદ્દિષ્ટભક્તવર્જનરૂપ દશમી પ્રતિમા દસ માસ સુધી થાય છે, તેમાં તેને પોતાને ઉદ્દેશીને કરેલા ભાત વિગેરે ભોજનને પણ પ્રતિમાધારી શ્રાવક ન ખાય. બીજા સાવદ્ય વ્યાપારના કારણભૂત આહાર તો દૂર રહો. તે દશમી પ્રતિમાને અંગીકાર કરનાર કોઈ શ્રાવક ક્ષુરથી મસ્તક મુંડાવે છે, અથવા કોઈ મસ્તકમાં શિખા ધારણ કરે છે. તથા—

દશમી પ્રતિમામાં રહેલ શ્રાવક, ભૂમિવિગેરેમાં સ્થાપન કરેલ સુવર્ણ વિગેરે દ્રવ્ય પૂછતા પુત્રોને ઉપલક્ષણથી ભાઈ વિગેરેને જો જાણતો હોય તો કહે, કેમકે નહિ કહેતાં વૃત્તિછેદ-આજીવિકાભંગ થાય; અને ન જાણતો હોય તો ' હું કંઈ પણ જાણતો

નથી.' એમ કહે. માત્ર આ સિવાય બીજું કંઇ પણ ઘર સંબંધી કૃત્ય કરવું તેને કલ્પે નહિ, એ તાત્પર્ય છે.

હવે ૧૧ મી પ્રતિમા કહે છે.—

ક્ષુરમુંડ–ક્ષુરથી મુંડિત બની અથવા લોચથી–હાથવડે કેશોનું લુંચન કરવાવડે મુંડ થઇ રજોહરણ અને પાત્રને ઉપલક્ષણથી સાધુના સર્વ ઉપકરણોને ગ્રહણ કરી શ્રમણભૂત–શ્રમણ–નિગ્રંથના અનુષ્ઠાન કરવાથી સાધુસમાન થઇ વિહરે ઘરથી નીકળી સાધુઓની સમસ્ત સમાચારી આચરવામાં ચતુર થઇ, સમિતિ ગુપ્તિ વિગેરેને સારી રીતે પાળતો, ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં 'પ્રતિમાપ્રતિપન્ન શ્રમણોપાસકને ભિક્ષા આપો.' એમ બોલતો 'તું કોણ છો ?' એમ કોઇ પૂછે ત્યારે 'હું શ્રમણોપાસક છું.' એમ બોલતો, ગામ, નગર વિગેરેમાં અનગારની જેમ માસકલ્પ વિગેરે પ્રકારે ૧૧ માસ સુધી વિચરે. આ કાલમાન ઉત્કૃષ્ટથી કહ્યું છે, જઘન્યથી તો અગીઆરે પ્રતિમાઓ પ્રત્યેક અંતર્મુહૂર્તાદિ કાળપ્રમાણ વાળીજ છે; તે અંત કાળમાં અથવા પ્રવ્રજિત થવામાં ગ્રહણ કરાય છે, અન્યથા નહિ તથા—

મમકાર–'મારૂં' એવો અભિમાન નાશ પામતાં, આ કથનથી સ્વજનોનું દર્શનાભિલાષી પણું કહ્યું. સંજ્ઞાત–સ્વજનોની પલ્લી–વસતિ તરફ સંજ્ઞાત સ્વજનોને જોવા જાય. ત્યાં–સંજ્ઞાતપલ્લીમાં પણ સાધુ–સંયતની જેમ વર્તે, અન્યત્ર તો શું કહેવું?; પરંતુ સ્વજનોના ઉપરોધ–આગ્રહથી ગૃહચિંતા વિગેરે ન કરે. જેમ સાધુ પ્રાસુક અને એષણીય ગ્રહણ કરે છે, તેમ તે પણ શ્રમણભૂત પ્રતિમાધારી પ્રાસુક–અચેતનજ ગ્રહણ કરે. ઉપલક્ષણથી એને એષણીય અશન વિગેરે આહારને ગ્રહણ કરે. જ્ઞાતિબંધુઓ સ્નેહથી અનેષણીય ભક્ત વિગેરે કરે છે અને આગ્રહથી તે ગ્રહણ કરાવવા ઇચ્છે છે, તેમ પ્રાયે તેઓ અનુવર્તનીય હોય છે, એથી અનેષણીયનું ગ્રહણ સંભવે છે, તો પણ આ શ્રમણભૂત પ્રતિમાધારી ન ગ્રહણ કરે એ આશય છે.

આમાં છેલ્લી ૭ પ્રતિમાઓમાં **આવશ્યકચૂર્ણિમાં** પ્રકારાંતર પણ જોવામાં આવે છે. '**राइभत्तपरिन्नाए**' પાંચમીમાં રાત્રિ-

ભોજન ત્યાગ કરનાર, છઠ્ઠીમાં ' **सचित्ताहारपरिन्नाए** ' અર્થાત્ સચિત્ત આહારનો પરિત્યાગ કરનાર, સાતમીમાં ' **दिया बम्हचारी राओ परिमाणकडे**' દિવસે બ્રહ્મચારી, રાત્રે પરિમાણ કરનાર. આઠમીમાં દિવસે અને રાત્રે બ્રહ્મચારી સ્નાન ન કરનાર તથા કેશ, અશ્રુ, રોમ, અને નખ ત્યાગ કરનાર, નવમીમાં ' **आरंभपरिणाए** ' સ્વયં આરંભનો પરિત્યાગ કરનાર, દસમીમાં ' **पेसारंभपरिणाए** પ્રેષ્ય–કર્મકરદ્વારા પણ આરંભને વર્જનાર, અગીઆરમીમાં ' **उद्दिट्ठभत्तविवज्जए समणभूए** ' ઉદ્દિષ્ટ–ઉદ્દેશીને કરેલ આહારને પણ વર્જનાર શ્રમણભૂત થાય છે. તેને-આવી રીતે હોય છે.—સર્વ પ્રાણાતિપાતથી વિરમણ યાવત્ સર્વ રાત્રિભોજનથી વિરમણ. ૧૧ મી પ્રતિમા વહન કરનાર ક્ષુરમુંડ અથવા કેશલુંચન કરનાર તેમ એકશાટિક–એકવસ્ત્રવાળો હોય છે ઇત્યાદિ ૧૧ શ્રાવકપ્રતિમાઓની વ્યાખ્યા થઈ. ૬૧

હવે ઉત્કૃષ્ટ શ્રાવકે પણ બ્રહ્મચારી જ થવું જોઈએ. કહ્યું છે કે--

ઉત્કૃષ્ટ શ્રાવક સચિત્ત આહારને વર્જનાર, એકાસણે ભોજન કરનાર, તેમજ બ્રહ્મચારી હોય છે. ૧

પ્રશ્ન—એમ શા માટે ? ; ઉત્તર—મૈથુનમાં આસક્ત થયેલ સ્ત્રી–પુરૂષને ઉત્કૃષ્ટથી સૂક્ષ્મ નવ લાખ જીવો વિનાશ પામે છે. એજ કહે છે.—

**मेहुणसन्नारूढो, नव लक्ख हणेइ सुहमजीवाणं ।**
**तित्थयरेणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ॥ ६२ ॥**

**ગાથાર્થ**—મૈથુનસંજ્ઞામાં આરૂઢ થયેલ પ્રાણી નવ લાખ સૂક્ષ્મ જીવોને હણે છે, એમ તીર્થંકર ભગવંતે કહ્યું છે; એ કથનને આદરપૂર્વક શ્રદ્ધાથી માનવું. ૬૨

**વ્યાખ્યાર્થ**—અબ્રહ્મસેવવામાં તત્પર થયેલ પુરૂષ ઉત્કૃષ્ટથી નવ લાખ સૂક્ષ્મ જીવોને કેવળીથી જાણી શકાય એવા પ્રાણિયોને હણે છે. આગમમાં કહ્યું છે કે—

**" इत्थीजोणीए संभवंति बेइंदिया उ जे जीवा ।**
**इक्को व दो व तिन्नि व लक्खपहुत्तं च उक्कोसं ॥ १ ॥**

**पुरिसेण सह गयाए, तेसिं जीवाण होइ उद्दवणं ।**
**वेणुगदिट्ठंतेणं तत्तायसलागनाएणं ॥ २ ॥ ”**

**ભાવાર્થ**—સ્રીયોનિમાં જે બેઇંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે, તે એક અથવા બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ બે લાખથી નવ લાખ ઉત્પન્ન થાય છે. પુરૂષ સાથે ગમન કરતી સ્રીથી તે જીવોનો વિનાશ થાય છે; જેમ વાંસડાની નળીમાં રહેલ રૂનો તપાવેલ લોઢાના સળીઆથી વિનાશ થાય છે, તેમ અહિં પણ સમજવું. ૧–૨.

ભગવતી અંગના બીજા શતકના પાંચમા ઉદ્દેશામાં કહ્યું છે કે–પ્રશ્ન–“મૈથુન સેવનારથી કેવો અસંયમ કરાય છે? ગૌતમ ! તે જેમ કોઇ પુરૂષ રૂની ભરેલી વાંસની નળી અથવા બુર (બરૂની) નળીને તપાવેલ કનકવડે અથવા લોઢાવડે ખુબ ઘર્ષણ કરે; ગૌતમ! એવી રીતે મૈથુન સેવનારથી અસંયમ કરાય છે.” સંસક્ત યોનિમાં આ બેઇંદ્રિય જીવો જણાવ્યા. ‘ આ કોઇક પ્રાકૃત મનુષ્યે–સાધારણ વ્યક્તિયે કહ્યું હશે ? ’ એનું નિરસન કરતા કહે છે.

તીર્થંકરે–સર્વ આસ્રવદ્વારના કારણને જાણનાર અરિહંત પ્રભુએ આ અનેક સુર, અસુર અને મનુષ્યોની સમક્ષ પ્રતિપાદન કર્યું છે; તે ભગવદ્ભાષિત ‘ આ સત્ય છે. ’ એમ મોટા ઉદ્યમવડે સદ્દહવું–શ્રદ્ધાથી માનવું. તેમાં શંકારૂપી પિશાચણીને અવકાશ ન દેવો. એ આશય છે.

વીર્ય અને લોહી ( રજસ્ ) થી ઉત્પન્ન થતા ગર્ભજ પંચેંદ્રિય જીવો આ દર્શાવવામાં આવે છે.

**ભાવાર્થ**—એક નરથી ભોગવાયેલી નારીના ગર્ભમાં એક વારમાં ઉત્કૃષ્ટ નવ લાખ પંચેંદ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે. નવ લાખમાંથી એક અથવા બેની અસ્તિતા થાય છે અને બાકીના તો એમને એમજ વિનાશ પામે છે. ૧–૨. ૬૨.

હવે સ્રી–પુરૂષના સંયોગથી ઉત્પન્ન થતા અસંખ્યાતા સંમૂર્છિમ પંચેંદ્રિય મનુષ્યોનું કથન કરે છે.

**असंखया थी–नर–मेहुणाओ, मुच्छंति पंचिंदियमाणुसाओ ।**
**नीसेस अंगाण विभत्तिचंगे, भणइ जिणो पन्नवणाउवंगे ॥६३॥**

**ગાથાર્થ—સ્ત્રી**-પુરૂષના મૈથુનથી અસંખ્યાતા પંચેંદ્રિય ( સંમૂર્છિમ ) મનુષ્યો ઉત્પન્ન થાય છે; એમ જિનરાજ સમસ્ત અંગોના વિભાગથી મનોહર **પ્રજ્ઞાપના** ઉપાંગમાં કહે છે. ૬૩.

**વ્યાખ્યાર્થ**—સ્ત્રી-નરની અબ્રહ્મસંજ્ઞાથી અસંખ્યાતા પંચેંદ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે; પ્રશ્ન—આ કોણ, ક્યાં કહે છે ?; ઉત્તર—જિન-તીર્થંકર **પ્રજ્ઞાપનો**પાંગમાં કહે છે. ‘ સૂત્ર ત્રિકાલવિષયક હોવાથી ‘ કહ્યું છે ’ એમ જાણવું. ’ કેવા ઉપાંગમાં ?, સમસ્ત આચારાંગ વિગેરે સિદ્ધાંતોની વિભક્તિવડે-વિશેષતાવડે ચંગ-રમણીય ઉપાંગમાં. જેમાં સર્વ અંગોની વિશેષતા સ્પષ્ટતાથી પ્રરૂપેલ છે. એ આશય છે; અથવા સમસ્ત અંગોમાં વિચિત્રતાવડે રમણીય એવા ઉપાંગમાં. **પ્રજ્ઞાપના**માં ભગવંતે જે કહ્યું છે, તે એ છે કે—“ હે ભગવંત ! સંમૂર્છિમ મનુષ્યો કેવી રીતે ઉત્પન્ન થાય છે ? ; હે ગૌતમ ! મનુષ્યક્ષેત્રમાં ૪૫ લાખ જોજન પ્રમાણ અઢી દ્વીપ સમુદ્રમાં, ૧૫ કર્મભૂમિમાં, ૩૦ અકર્મભૂમિમાં, ૫૬ અંતરદ્વીપમાં ગર્ભજ મનુષ્યોના જ ઉચ્ચારમાં, વિષ્ટામાં, મૂત્રમાં, ખેલમાં, બડખામાં, નાકના મેલમાં, ઉલટીમાં, પિત્તમાં, વીર્યમાં, લોહીમાં, વીર્યના પુદ્ગલોના પરિશાટનમાં, વિકૃત કલેવરોમાં, સ્ત્રી-પુરૂષના સંયોગોમાં, ગામની ખાળ-ગટરોમાં, નગરની ગટરોમાં, સર્વ અશુચિસ્થાનોમાં અંગુલના અસંખ્યાતા ભાગમાત્ર અવગાહનાવડે સંમૂર્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે, તે અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, સર્વ પર્યાપ્તિયોવડે અપર્યાપ્તા, અંતર્મુહૂર્ત આયુષ્યવાળા થઈને જ કાળ કરે છે. ” ઘોર પાપના હેતુભૂત હોવાથી મૈથુન વર્જવું જ જોઈએ. ચોથા વ્રતના ભંગમાં બાકીનાં ચારે વ્રતોનો પણ ભંગ થતો હોવાથી; કેવી રીતે ‘ **मेहुणसन्नारूढो** ’ ઈત્યાદિ પદવડે શીલભંગમાં જીવોની-કેવળજ્ઞાનિયોથી જાણી શકાય તેવા પ્રાણિયોની હિંસા પ્રરૂપેલી હોવાથી પ્રથમ પ્રાણાતિપાત વિરમણ વ્રત તો વિરાધ્યું જ, બીજું વ્રત તો—

**ભાવાર્થ**—કામી-વિષયાર્ત મનુષ્યોને સત્યવાદિપણું સંભવતું નથી, એ સકલજન પ્રસિદ્ધ છે. કહ્યું છે કે—

" वणिक्-पण्याङ्गना-दस्यु-द्यूतकृत्-पारदारिकः ।
द्वारपालश्च कौलश्च सप्तासत्यस्य मन्दिरम् ॥ १ ॥ "

**ભાવાર્થ**—વણિક ૧, વેશ્યા ૨, ચોર ૩, જૂગારી ૪, પર સ્ત્રી લંપટ ૫, દ્વારપાલ ૬ અને નાસ્તિક ૭. એ સાત અસત્યનાં મંદિર જાણવાં.

પ્રશ્ન—પિતા વિગેરેની અનુજ્ઞાવડે પરણેલી પોતાની સ્ત્રી સાથે મૈથુન સેવનારને પણ ત્રીજા વ્રતનો ભંગ કેમ થાય ? ઉત્તર—અબ્રહ્મ સેવતાં તીર્થંકરાદત્ત, સ્વામ્યદત્ત વિગેરે અદત્ત પણ થાય. તેમાં તીર્થંકરાદત્ત–મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલાઓને સર્વથા મૈથુનનો નિષેધ હોવાથી, સ્વામ્યદત્ત–સ્વામી–દેશાધિપતિએ પણ અદત્ત અનુજ્ઞા ન આપેલ. **प्रमुख** શબ્દથી **जीवादत्त** ગ્રહણ કરવું. જેમ આગમમાં કહ્યું છે કે—

સ્વામ્યદત્ત ૧, જીવાદત્ત ૨, તીર્થંકરાદત્ત ૩ અને ગુર્વદત્ત ૪. એમ ચાર પ્રકારે અદત્તાદાન ગીતાર્થો કહે છે. ૧

એ પ્રમાણે શીલભંગ કરવામાં ત્રીજા વ્રતનો ભંગ પણ જાણવો. અબ્રહ્મ–ચોથા વ્રતનો ભંગ તો પ્રકટ જ છે. પાંચમું તો અપરિગ્રહીને કામિની જ ન હોય, સેવન દૂર રહો. અપરિગ્રહવ્રતનો ભંગ કર્યા વિના કામિની પણ સંભવતી નથી એ અર્થ છે. ૬૩

જેમ મૈથુન જીવસંસક્તિમાં હેતુ છે, તેમ મદ્ય વિગેરે પણ છે; એ દર્શાવતા કહે છે—

**मज्जे महुंमि मंसंमि, नवणीयंमि चउत्थए ।**
**उप्पज्जंति अणंता, तव्वण्णा तत्थ जंतुणो ॥६४॥**

**ગાથાર્થ**—મદ્ય (મદિરા–દારૂ) માં ૧, મધમાં ૨, માંસમાં ૩ અને ચોથા માખણ ૪ માં એ ચારેમાં તેના વર્ણના જેવા અનંત જંતુઓ ઉપજે છે. ૬૪

**વ્યાખ્યાર્થ**—મદિરામાં તથા મધમાં તથા માંસમાં તથા ચોથા માખણમાં ઉત્પન્ન થાય છે–સંમૂર્છિમ થાય છે. કોણ ? તે મદિરા વિગેરેના વર્ણની જેવા વર્ણવાળા–તદ્રૂપ, અનંત–નિગોદ-

રૂપ જંતુઓ. આથીજ આ ચારે અભક્ષ્ય વિકૃતિયો કહેવાય છે. તેમાં મદ્યના દોષો "**मज्जं विसय०**" એ ગાથાની વ્યાખ્યામાં પહેલાં દર્શાવ્યા છે જ, મધ વિગેરેના દોષો આ કહેવાય છે. તેમાં મધ—

મ્લેચ્છ લોકોના મ્હોંની લાળવડે દૂષિત, મદિરા-માંસવાળા વાસણમાં રહેલ એવું મધ ખાનાર નિર્લજ્જ-નિર્દયને પવિત્રતા કેવા પ્રકારની હોય એ કહો. જે કોઇ ઔષધની ઇચ્છાથી મધ ભક્ષણ કરે, તે પણ અલ્પકાળમાં પ્રચંડ દુ:ખ પામે છે; જીવિતની ઇચ્છાથી ખવાયેલું ઝેર શું જલ્દી જીવિતનો નાશ કરતું નથી ? કરે છેજ. તેમ મધ માટે પણ સમજવું. ૧-૨.

માખીઓના મુખથી થુંકાયેલું, લાખો જંતુઓના ક્ષયથી ઉત્પન્ન થયેલું, નરક પ્રાપ્ત કરાવનારૂં મધ બુદ્ધિમાન મનુષ્યોથી કેમ ખવાય ?

અન્ય લોકોએ પણ કહ્યું છે કે—

" **सप्तग्रामेषु यत् पापमग्निना भस्मसात्कृते ।**
**तदेतज्जायते पापं मधुबिन्दुप्रभक्षणात् ॥ १ ॥**"

**ભાવાર્થ**—અગ્નિવડે સાત ગામોને બાળી રાખરૂપ કરવામાં જે પાપ ઉત્પન્ન થાય, તે પાપ મધના એક બિંદુના ભક્ષણથી ઉત્પન્ન થાય છે. ૧

તથા માંસ પણ મહાપાપનું ઉપાદાન નિમિત્ત છે.

જે દુરાશય મનુષ્યો પોતાના બળની પુષ્ટિ કરવા માંસ ખાય છે, તેઓ જીવોનો ઘાત કરે છે; કેમકે-' ખાનાર વિના ઘાતક હોઇ શકે નહિ. ' જે હણે છે ૧, માંસ ખાય છે ૨, વેચે છે ૩, મત આપે છે ૪, જાય છે ૫, સંસ્કાર કરે છે-પકાવે છે ૬. તે છએ જણ દુર્ગતિ પામે છે; એ સ્ફુટ-પ્રકટ જ છે કે-ખરેખર પરલોકમાં પાપીઓની સ્થિતિ નથી. જે મનુષ્ય કૃમિયોના સમૂહથી વ્યાપ્ત દુર્ગંધિ લોહી, ચરબી વિગેરેથી મિશ્રિત માંસ ખાય છે, તે મનુષ્યમાં કુતરાથી કાંઈ વધારે ઉચ્ચતા શુદ્ધ બુદ્ધિવાળા વિદ્વાનોને જોવામાં આવતી નથી. હવે માખણ માટે જણાવે છે.

જેમાં નિરંતર સૂક્ષ્મશરીરવાળા વિવિધ જંતુઓ ઉત્પન્ન થાય છે, તે માખણ સેવનારા પ્રાણિયોને પાપથી નરક આપે છે. જેમાં અંતર્મુહૂર્ત્ત પછી બહુ જંતુઓ થાય છે, તે માખણ વિવેકી મનુષ્યોથી કેવી રીતે ખાઈ શકાય? અર્થાત્ માખણ ન ખાવું જોઇએ.

મદ્ય વિગેરે ચારેમાં સામાન્ય રીત્યા અનંત જંતુઓની ઉત્પત્તિ કહી, હવે માંસમાં ફરીથી તે વિશેષતાથી કહે છે.

**आमासु य पक्कासु य, विपच्चमाणासु मंसपेसीसु ।**
**सययं चिय उववाओ, भणिओ य निगोयजीवाणं ॥६५॥**

**ગાથાર્થ**—કાચી, પાકી અને પકાવાતી માંસની પેશીઓમાં નિરંતર નિગોદીયા જીવોની ઉત્પત્તિ કહેલી છે. ૬૫

**વ્યાખ્યાર્થ**—અગ્નિવડે ન સંસ્કારેલી, અગ્નિવડે સંસ્કારેલી તથા અગ્નિવડે સંસ્કારાતી માંસની પેશીઓમાં નિરંતર જ નિગોદરૂપ જીવોની ઉત્પત્તિ તીર્થંકરોએ કહી છે. આ સંબંધી **હેમાચાર્ય** મહારાજે **યોગશાસ્ત્રમાં** કહ્યું છે કે—

**"सद्यः संमूर्छितानन्तजन्तुसन्तानदूषितम् ।**
**नरकाध्वनि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः ? ॥ १ ॥"**

**ભાવાર્થ**—જંતુઓને મારવાના વખતે જ ઉત્પન્ન થતા અનંત-નિગોદરૂપ જંતુઓની વારંવાર ઉત્પત્તિવડે દૂષિત નરકના માર્ગમાં ભાતા સમાન માંસને કયો બુદ્ધિમાન મનુષ્ય ખાય?

તથા **સંદેહદોલાવલીની બૃહદ્વૃત્તિમાં** આલોચનાધિકારમાં "**खीरी खंडं खज्जूर सक्करा दक्ख--दाडिमाईया**" આ પાઠની વ્યાખ્યામાં-પ્રશ્ન " બીજા પણ નીવીના પચખ્ખાણમાં સચિત્ત વસ્તુઓનો નિયમ કરવામાં આવે છે, તો આલોચના સંબંધિ નીવીના પચ્ચકખાણમાં તો હોયજ એમાં શું કહેવું? દ્રાક્ષા વિગેરે તો સચિત્ત છે તેથી તેને ભક્ષણ કરવાનું કેમ સંભવે? કે જેથી તેને વર્જવાનો ઉપદેશ સફળ થાય?

ઉત્તર—માંસ સિવાયની સઘળી સચિત્ત વસ્તુ ઉપાય વડે પ્રાસુક થાય છે જ તેથી અહીં તેને વર્જવાનો ઉપદેશ સંભવે છેજ."

આ ઉપર્યુક્ત લખાણથી જણાય છે કે કોઈ પણ ઉપાય વડે માંસ અચિત્ત થઈ શકતું નથી. તેથી મૂળ ગાથામાં કાચી પાકી અને પકાવાતી માંસની પેશીઓમાં જીવોત્પત્તિ જણાવી છે. સ્માર્તોએ પણ કહ્યું છે કે—

**" न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने ।**
**प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला ॥ १ ॥ "**

આ ગાથાના યથાશ્રુત અર્થવ્યાખ્યાનમાં અસંબદ્ધ પ્રલાપ જણાય છે. કેમકે જે આચરવામાં દોષ નથીજ, તે આચરણથી નિવૃત્ત થવામાં મહાફળ કેવી રીતે થઈ શકે ? એમ તો યજ્ઞ, અધ્યયન, દાન વિગેરે થકી પણ નિવૃત્તિનો પ્રસંગ આવે. તેથી આ શ્લોકનું તાત્પર્ય જૂદું છે. શ્લોકાર્થ—માંસભક્ષણમાં અદોષ નથી, અપિતુ દોષ છેજ; એવી રીતે મદ્યમાં અને મૈથુનમાં પણ સમજવું. પ્રશ્ન--અદોષ કેમ નથી ?; ઉત્તર--આ જીવોનું ઉત્પત્તિસ્થાન છે તે તે પ્રકારના જીવોને ઉપજવામાં હેતુભૂત છે. મધ, માંસ, મદિરા અને મૈથુન એ જીવોત્પત્તિનું મૂળ કારણ છે, એ આગમમાં પ્રસિદ્ધ છે. અવારિત પ્રસરતાથી નિગોદ જીવોનો સર્વત્ર ઉત્પત્તિનો સદ્ભાવ હોવાથી સર્વ વસ્તુના ત્યાગનો પ્રસંગ આવતો હોવાથી, ઉપર કહેલ મૂળ ગાથાનો અર્થ સહૃદય--વિદ્વાનોને અહૃદયંગમ–હૃદયને ન ગમે તેવો જાણી કેટલાક વ્યાખ્યાતાઓ નિગોદ જેવા રસથી ઉત્પન્ન થતા સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે.' એવી વ્યાખ્યા કરે છે. આ હેતુથીજ પૂર્વગાથામાં કેટલાંક આદર્શ પુસ્તકોમાં **उप्पज्जंति असंखा** ' એ પાઠ જોવામાં આવે છે, તેનું પણ આથી સમર્થન થાય છે. મદ્યમાં રસજ જીવોની ઉત્પત્તિ હોવાથી અસંખ્યાત જીવપણુ **શ્રી હેમાચાર્યજી** મહારાજે પણ **અભિધાનકોષમાં ' रसजा मद्यकीटाद्याः** ' આ નિરૂપણવડે સ્વીકાર્યું છે. રસજ જીવો બેઇંદ્રિયજ હોય છે અને તે જીવો અસંખ્યાતાજ હોય, અનંતા ન હોઈ શકે. તથા તેમણેજ **યોગશાસ્ત્રમાં** પણ કહ્યું છે કે—

**अन्तर्मुहूर्तात् परतः सुसूक्ष्मा जन्तुराशयः ।**
**यत्र मूर्छन्ति तन्नाद्यं नवनीतं विवेकिभिः ॥ १ ॥**

**વ્યાખ્યાર્થ**—અંતર્મુહૂર્ત પછી અત્યંત સૂક્ષ્મ જંતુઓનો સમૂહ જે માખણમાં ઉત્પન્ન થાય છે, તે માખણ વિવેકી મનુષ્યોએ ન ખાવું જોઈએ. આ શ્લોકની વ્યાખ્યામાં પણ અંતર્મુહૂર્ત પછી જંતુરાશિની ઉત્પત્તિ પ્રતિપાદન કરવાથી દોષાવહ નિગોદજીવોની ઉત્પત્તિ નથી કહી, નિગોદ જીવોની ઉત્પત્તિનો તેમાં પહેલાં પણ સંભવ હોવાથી કાલનિયમ ન હોય. તેથી 'નિગોદ જીવોવડે એ મદ્યાદિક ભક્ષ્યાભક્ષ્ય નથી, પરંતુ અસંખ્ય રસજ જીવો વડેજ' એ વિચારવું. ૬૫

એ પૂર્વમાં કહેલા સૂક્ષ્મ ભાવો તીર્થંકરે પ્રતિપાદન કર્યા છે, એથી તીર્થંકરપણાનુંજ કારણ કહે છે.—

**जिणपवयणवुड्ढिकरं, पभावगं नाण-दंसण-गुणाणं ।**
**वड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीवो ॥ ६६ ॥**

**ગાથાર્થ:**—જિનપ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન, દર્શનના ગુણોના પ્રભાવક જિનદ્રવ્યને વધારનાર-વૃદ્ધિ પમાડનાર જીવ તીર્થંકરપણું પામે છે. ૬૬

**વ્યાખ્યાર્થ**—જિનદ્રવ્ય-દેવસંબંધિ દ્રવ્ય વધારનાર-સારા સ્થાનમાં વ્યાજે મૂકવું વિગેરે ઉપાયોથી વૃદ્ધિ પમાડનાર જીવ-ભવ્યપ્રાણી તીર્થંકરપણું-અરિહંતપણું પ્રાપ્ત કરે છે. દેવદ્રવ્યની વૃદ્ધિ કરનારને તીર્થંકરપણાનો લાભ તો અર્હત્પ્રવચનની અત્યંત ભક્તિથી સુપ્રસિદ્ધજ છે. જિનદ્રવ્ય કેવું છે? જિનપ્રવચનની વૃદ્ધિ કરનારૂં કેવી રીતે? દેવદ્રવ્ય હોય તો પ્રતિદિન જિનમંદિરમાં પૂજા-સત્કારનો સંભવ રહે છે, અને ત્યાં પ્રાય: મુનિજનોનું આગમન થાય, મુનિજનોના વ્યાખ્યાન સાંભળવા વિગેરેથી જિનપ્રવચનની વૃદ્ધિ થાય. તથા જ્ઞાન અને દર્શનના ગુણોનું પ્રભાવક-વૃદ્ધિ કરનાર, જિનપ્રવચનની વૃદ્ધિ વડે જ્ઞાન વિગેરે ગુણોની પ્રભાવના થાય છેજ; તે દેવદ્રવ્યની વૃદ્ધિ પણ આજ્ઞાવડેજ કરવી જોઈએ, અન્યથા નહિ. કહ્યું છે કે—

**" जिणवरआणारहियं, वद्धारिंता वि के वि जिणदव्वं ।**
**बुडुंति भवसमुद्दे, मूढा मोहेण अन्नाणी ॥ १ ॥ "**

**ભાવાર્થ**—જિનેશ્વરની આજ્ઞારહિતપણે જિનદ્રવ્યને વધારનારા પણ મૂઢ મનુષ્યો ભવસાગરમાં બુડે છે.

**આજ્ઞારહિત વૃદ્ધિ આવી રીતે**—શ્રાવકે દેવદ્રવ્યની વૃદ્ધિ માટે કલાલ–દારૂ વેચનાર, મચ્છી પકડનાર, મારનાર,–મચ્છીમાર, હિંસક, વેશ્યા, ચામડાના વેપારી–મોચી વિગેરે લોકોને વ્યાજ વિગેરેથી આપવું, તથા દેવદ્રવ્યવડે અથવા ભાડા વિગેરેના હેતુભૂત દેવદ્રવ્યની વૃદ્ધિ માટે જે દેવનિમિત્તે સ્થાવર વિગેરેની નિષ્પત્તિ કરવી, તથા મોંઘા કાળમાં વેચાણવડે ઘણું દેવદ્રવ્ય ઉત્પન્ન કરવા માટે ગૃહસ્થે જે દેવદ્રવ્યવડે સોંઘું ધાન્ય સંઘરવું, તથા દેવ માટે કૂવા, વાડી, ખેતર વિગેરે કરવું, તથા શુષ્કશાલા–જકાત ચોકી વિગેરેમાં ભાંડ–કરિયાણાં વસ્તુને ઉદ્દેશી રાજગ્રાહ્ય ભાગથી અધિક કર ઉત્પન્ન કરવાથી ઉત્પન્ન દ્રવ્યવડે જિનદ્રવ્યની વૃદ્ધિ કરવી એ જિનવરની આજ્ઞાથી રહિત છે. તથા કહ્યું છે કે—

પરંતુ અહિં ધર્માધિકારમાં સ્થાવર અત્યંત અયોગ્ય કૂવા કરાવવા વિગેરે, તેમજ ઉત્પન્નમાંથી કર ઉપજાવવા વિગેરે ઉત્સૂત્ર છે.–સૂત્ર વિરુદ્ધ વર્તન છે. તેમાં સ્થાવર વિગેરે કરાવવાં ઈત્યાદિમાં છકાયનો આરંભ, અસંયતવાસ વિગેરે કારણથી મહાસાવદ્યપણું હોવાથી, નિવારણ કરેલ હોવાથી; દેવને માટે ઉત્પન્નમાંથી કર ઉપજાવવાનું લોકને અપ્રીતિ ઉપજાવનાર હોવાથી, અબોધિના હેતુભૂત હોવાથી સૂત્ર વિરુદ્ધ વર્તન છે. કહ્યું છે કે—ધર્મને માટે ઉદ્યમ કરનારે કોઈને પણ અપ્રીતિ ઉત્પન્ન કરવી ન જોઈએ, એ વર્તનથી સંજમ પણ શ્રેયસ્કર છે. આ વિષય પર ભગવંત--મહાવીરદેવજ ઉદાહરણ રૂપ છે. ભગવંત મહાવીરદેવ તાપસોની અપ્રીતિને પરમ અબોધિબીજ રૂપ જાણી તે તાપસના આશ્રમમાંથી ચોમાસાના કાળમાં પણ ચાલ્યા ગયા હતા.

તો એવી રીતે જિનદ્રવ્યને વધારનારા પણ, ખાનારા તો દૂર રહો.' કેમકે દેવદ્રવ્યનું ભક્ષણ મહા અનર્થના હેતુભૂત છે. શું ?,

મૂઢ-મંદ મનુષ્યો સંસાર સમુદ્રમાં બુડે છે. કેવા લોકો ?, મોહ-વડે-મોહનીય કર્મવડે અજ્ઞાની-વિશુદ્ધજ્ઞાન વિનાના દેવદ્રવ્યને વધારનાર હોવા છતાં સંસારસાગરમાં ડૂબે છે; કેમકે તેવા પ્રકારે વૃદ્ધિ એ જિનાજ્ઞાના ભંગમાં હેતુભૂત છે.

**પ્રશ્ન**—શું ત્યારે જિનદ્રવ્ય વૃદ્ધિ ન પમાડવું ? ઉત્તર-એમ નથી, કેમકે-જિનદ્રવ્યની વૃદ્ધિનો પ્રયોગ **આગમમાં** બહુ પ્રકારે શુભફળના હેતુરૂપ કહેલ છે.

**ભાવાર્થ**—એમ જાણીને જે સુશ્રાવકો દ્રવ્ય ( દેવદ્રવ્ય ) વૃદ્ધિ પમાડે છે, તેઓની ઋદ્ધિ, કીર્તિ, સુખ તથા બળ અત્યંત વૃદ્ધિ પામે છે. દેવદ્રવ્યની વૃદ્ધિ પમાડનારના પુત્રો ભક્ત, શૌર્યશાલી, બુદ્ધિમાન, સર્વલક્ષણસંપન્ન, સુશીલ અને જનસમુદાયમાં સમ્મત થાય છે. ૧-૨

દેવદ્રવ્યની જેમ સાધારણદ્રવ્ય પણ વધારવું જોઇએજ, કેમકે દેવદ્રવ્ય અને સાધારણદ્રવ્યને વધારવા વિગેરેમાં તુલ્યતા શાસ્ત્રમાં સાંભળવામાં આવે છે. કહ્યું છે કે—

**ભાવાર્થ**—શ્રાવકોએ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય એમ ત્રણ પ્રકાર કરી તે ત્રણે દ્રવ્ય આદર પૂર્વક વૃદ્ધિ પમાડવાં જોઇએ. ૧

જે મુગ્ધમતિ મનુષ્ય ચૈત્યદ્રવ્ય અને સાધારણ દ્રવ્યનો દ્રોહ કરે, તે મનુષ્ય ધર્મને જાણતો નથી. અથવા નરકમાં જવાનું આયુષ્ય તેણે બાંધ્યું હોવું જોઈએ.જેમ જિન દ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ; તેમ તેનું રક્ષણ પણ કરવું જોઈએ. કહ્યું છે કે—

**जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।**
**भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होइ ॥ ६७ ॥**

જિનેશ્વરના પ્રવચનની વૃદ્ધિ કરનારા, જ્ઞાન, દર્શન વિગેરે ગુણોના પ્રભાવક જિનદ્રવ્યની રક્ષા કરનાર મનુષ્ય સંસારમાં થોડો વખતજ સ્થિતિ કરનાર હોય છે.-અલ્પ સમયમાં મુક્તિગામી હોય છે.

જિનદ્રવ્ય વૃદ્ધિ પમાડનારને અને જિનદ્રવ્ય રક્ષકને જે ફળ થાય છે. તે કહ્યું, હવે જિનદ્રવ્યના ભક્ષકને જે ફળ થાય છે; તે કહે છે.—

**ગાથાર્થ**—જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન, દર્શન વિગેરે ગુણોના પ્રભાવક એવા જિનદ્રવ્યને ભક્ષણ કરનાર મનુષ્ય અનંતસંસારી થાય છે. ૬૭

**વ્યાખ્યાર્થ**—ગાથા નિગદસિદ્ધ જ છે, વિશેષમાં જિનદ્રવ્યનું ભક્ષણ કરનાર–મૂઢતાથી દેવદ્રવ્યનો ઊપભોગ કરનાર જીવ અનંતસંસારી થાય છે.–અનંતા ભવો સુધી ભમે છે–અર્થાત્ દુર્લભબોધિ થાય છે. આમ હોવાથી ચૈત્યદ્રવ્યનું ભક્ષણ ન કરવું જોઇએ. છતાં જે ભક્ષણ કરે તે **સંકાશ** વિગેરે શ્રાવકની જેમ મહા અનર્થભાગી થાય છે.

અહિં ગંધિલાવતી નગરીમાં સ્વભાવથી જ સંસાર તરફ વૈરાગ્યવાન **સંકાશ** નામનો શ્રાવક હતો. તે શક્રાવતાર ચૈત્યમાં ઘર સંબંધિ વ્યાક્ષેપ વિગેરે કારણોવડે ચૈત્યદ્રવ્યનો ઉપયોગ કરનારો–દેવદ્રવ્યનો આશ્રિત થઇ અજ્ઞાન, સંશયવિષયક પ્રમાદથી, આલોચના કર્યા વિના અને તે પાપને પ્રતિક્રમ્યા વિના મરણ પામ્યો, તેથી સંસારમાં ભમ્યો.

ભૂખ, તરસથી પીડિત થઈ, સંખ્યાતા ભવો ભમી, પ્રત્યેક ભવમાં ઘાતન–તરવાર, ભાલાં વિગેરેથી છેદન, વાહન–લવણની ગાડી વિગેરેને ખેંચવું, ચૂર્ણન–મુદ્ગર વિગેરેથી કુટ્ટન એ વેદનાઓને અનેકવાર પામી, દરિદ્રકુળમાં ઉત્પત્તિ અને ત્યાં જન્મથી માંડી બહુવાર દારિદ્ર પામી તથા જે તે નિમિત્ત થકી અથવા નિમિત્ત વિના ઘણા માણસો તરફથી ધિક્કાર–અવર્ણવાદને પામી, મનુષ્યોમાં ઉત્પન્ન થવા છતાં પણ બીજું પણ નિંદ્ય પુત્ર–કલત્રાદિ બહુવાર પ્રાપ્ત કરીને ' ફરી ફરીને **બહુશઃ** પદ ધિક્કાર વિગેરેની અધિકતા બતાવવા મૂકયું છે. ' પછી તે કર્મની–ચૈત્યદ્રવ્યના ઉપયોગકાળમાં ઉપાર્જન કરેલ લાભાન્તરાય વિગેરે કર્મની અવશિષ્ટતા રહી ત્યારે તે તગરા નગરીમાં શેઠનો પુત્ર થયો, પરંતુ ત્યાં પણ દારિદ્ર–નિર્ધનપણું, વાંછિતની અપ્રાપ્તિ અને વારંવાર

હૃદયને ઉદ્વેગરૂપ ચિત્તનિર્વેદ પામ્યો. અન્યદા કોઈક વખતે કેવળજ્ઞાનીનો યોગ થયો ત્યારે તેણે પૂછ્યું કે-' હે ભગવંત! મેં ભવાંતરમાં શું કર્મ કર્યું છે? કે જે કર્મવડે હું અપૂર્ણ મનોરથવાળો થયો છું.' ત્યારપછી કેવળીએ સંકાશ વિગેરે ભવગ્રહણનું વૃત્તાંત કહ્યું ત્યારે તેને બોધિ-જિનધર્મની પ્રાપ્તિ અને તેથી સંવેગ થયો. તેણે પૂછ્યું કે ' ચૈત્યદ્રવ્યનો ઉપયોગ કરવા રૂપ અપરાધ વિષયે મ્હારે શું કરવું ઉચિત છે?' ત્યારે કેવળીએ કહ્યું-' ચૈત્યદ્રવ્યની-જિનમંદિર, જિનબિંબની યાત્રા, સ્નાત્ર વિગેરે પ્રવૃત્તિ માટે હિરણ્ય વગેરેની વૃદ્ધિ કરવી ઉચિત છે.' ત્યારપછી તેને ' ભોજન, આચ્છાદન મૂકી એથી અધિક જે કાંઈ પણ વેપારમાંથી મ્હને મળે તે મ્હારે ચૈત્યદ્રવ્ય તરીકે આપવું, પરંતુ તે મ્હારે ભોગવવું નહિં.' એવો અભિગ્રહ યાવજ્જીવ હતો. એવી રીતે મહાભિગ્રહ ગ્રહણ કરનાર તે મહાત્માને શુભભાવમાં પ્રવૃત્ત થવાથી ચૈત્યદ્રવ્ય આપવાની અત્યંત ઈચ્છાને વશ થવાથી ઉલ્લાસ પામતા વિશિષ્ટ પરિણામના સંયોગથી લાભાંતરાયનો ક્ષયોપશમ થયો અને તેથી ઘણી વિભૂતિની પ્રાપ્તિ થઈ. વિભૂતિ પ્રાપ્ત થવા છતાં પણ અભિગ્રહમાં નિશ્ચલતા પોતાના નિયમમાં દૃઢતા રાખી, પરંતુ ' જેમ લાભ થાય તેમ લોભ વધે.' એ કથન પ્રમાણે તેને દ્રવ્યનો ઉપભોગ કરવાની ઈચ્છા સ્વપ્નમાં પણ ન થઇ. ત્યારપછી તેણે તગરા નગરીમાં જ જિનમંદિર કરાવ્યું, તે ચૈત્ય કરાવવામાં સદાભોગ-શાસ્ત્રમાં જણાવેલ વિધિનો વિચાર કરવા પૂર્વક ભૂમિ વિગેરેની સર્વ પ્રકારે શુદ્ધિ રાખવામાં આવી હતી. ૧-૭ કહ્યું છે કે—

જિનમંદિર કરવાની વિધિ-શુદ્ધ ભૂમિ-દ્રવ્યથી હાડકાં વિગેરે શલ્યથી રહિત કરવી અને ભાવથી શુદ્ધ ભૂમિ બીજાને ઉતપાત ન કરનારી, દળ-લાકડાં, ઇંટ વિગેરે તેને કરનાર લોકો પાસેથી ઉચિત મૂલ્યવડે ખરીદી અથવા બળદ વિગેરેને પીડા ન ઉપજે તેવી રીતે આણેલ, ભૃતકાસંધાન-કામ કરનાર મજૂર લોકોની મજૂરી ન ઠગવી, સ્વાશયવૃદ્ધિ-પશ્ચાત્તાપ વિગેરે દોષોથી રહિત હોવાથી

પોતાના ચિત્તનો ઉત્સાહ, યતના–વસ્રથી ગળેલ પાણી વિગેરે વાપરવું તે રીતે કરવી. વેદાંતમાં પણ કહ્યું છે કે—

" देवद्रव्येण या वृद्धिर्गुरुद्रव्येण यद्धनम् ।
तद्धनं कुलनाशाय, मृतोऽपि नरकं व्रजेत् ॥ १ ॥
प्रभास्वे मा मतिं कुर्यात् प्राणैः कण्ठगतैरपि !
अग्निदग्धाः प्ररोहन्ति, प्रभादग्धो न जीवति ॥ २ ॥
प्रभास्वं ब्रह्महत्या च, दरिद्रस्य च यद्धनम् ।
गुरुपत्नी देवद्रव्यं, स्वर्गस्थमपि पातयेत् ॥ ३ ॥ "

**ભાવાર્થ**—દેવદ્રવ્યવડે જે વૃદ્ધિ, ગુરૂ દ્રવ્યવડે ધન; તે ધન કુળનાશ માટે સમજવું. મરીને પણ નરકમાં જાય. કંઠે પ્રાણો આવે તો પણ પ્રભાદ્રવ્યમાં મતિ ન કરવી; અગ્નિથી બળેલા પુનર્જીવન પામે છે, પ્રભાથી બળેલો જીવતો નથી. પ્રભાદ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રનું ધન, ગુરૂપત્ની અને દેવદ્રવ્ય એ સ્વર્ગમાં રહેલને પણ પાડે છે.

હવે ભક્ષણની જેમ ઉપેક્ષા પણ દોષ માટેજ થાય છે, એથી ઉપેક્ષાને અનર્થના હેતુરૂપ કહે છે.

**भक्खेइ जो उवक्खेइ जिणदव्वं तु सुसावओ।**
**पण्णाहीणो भवे सो उ, लिप्पेई पावकम्मुणा ॥ ६८ ॥**

**ગાથાર્થ**—જે કોઈ સુશ્રાવક જિનદ્રવ્યનુ ભક્ષણ કરે અથવા ભક્ષણ કરાતા જિન દ્રવ્યની ઉપેક્ષા કરે; તે પ્રજ્ઞાહીન થાય અને પાપ કર્મથી લિપ્ત થાય. ૬૮

**વ્યાખ્યાર્થ**—કોઈ નિર્ઘૃણ અનંત ભવભ્રમણ હેતુભૂત જિન દ્રવ્યના ઉપભોગને ન જાણનાર જિન દ્રવ્યનું ભક્ષણ કરે, તથા જિન ધર્મથી વાસિત ચિત્તવાળો હોવાથી જે સારો શ્રાવક જિન દ્રવ્યના ભક્ષણ–ઉપભોગ કરનારની ઉપેક્ષા કરે–'જો કદાચ એ જિન દ્રવ્યનું ભક્ષણ કરે છે, તો મારૂં શું જાય છે?' એવા વિચારથી દેવદ્રવ્યના રક્ષણ માટે પ્રયત્ન ન કરે–અર્થાત્ દેવદ્રવ્ય ભક્ષણમાં દોષ દર્શાવવા વિગેરે ઉપાયોથી નિવારણ ન કરે; તો પોતાને તે દ્રવ્યના ઉપયોગનો અભાવ હોવા છતાં પણ ઉપેક્ષા કર-

વાથી પરભવમાં બુદ્ધિ રહિત મૂર્ખ થાય અને પાપ કર્મવડે લિપ્ત થાય–અશુભ કર્મથી યુક્ત થાય. ૬૮

હવે ચૈત્ય દ્રવ્ય વિગેરેના વિનાશમાં જે ફળ થાય છે, તે કહે છે.–

**चेईदव्वविणासे, रिसिघाए पवयणस्स उड्डाहे ।**
**संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥६९॥**

**ગાથાર્થ**––ચૈત્ય દ્રવ્યનો વિનાશ કરવામાં, ઋષિનો ઘાત કરવામાં, પ્રવચનનો ઉડ્ડાહ કરવામાં, સંયતિનીના ચતુર્થવ્રતનો ભંગ કરવામાં બોધિબીજના લાભના મૂળને અગ્નિ અપાય છે. ૬૯

**વ્યાખ્યાર્થ**—અહિં ચૈત્ય–સામાન્ય રીત્યા જિન મંદિર સમજવું. જિનમંદિર સંબંધિ હિરણ્ય, સુવર્ણ વિગેરે દ્રવ્યનો વિનાશ કરતાં તથા મુનિનો વિનાશ કરતાં અત્યંત મ્હોટાં અકૃત્યો કરવાથી પ્રવચનનો ઉડ્ડાહ–પ્રવચનની હેલના કરતાં, અને સાધ્વીના ચતુર્થવ્રતનો ભંગ કરતાં પ્રાણિએ સમ્યક્ત્વ લાભ રૂપી વૃક્ષના મૂળને અગ્નિ આપ્યો સમજવો. સાર––બીજાં મહા પાપો કરવાવડે પ્રાણિયો અનંતા ભવમાં ભમે છે જ, પરંતુ આ ઉપર્યુક્ત મહા પાપોવડે દારૂણ દુઃખ પામવા પૂર્વક ઘણા ઘણા ભવોમાં ભ્રમણ કરે છે, બોધિ તો સર્વથા પામતા નથી, કદાચ કોઇ પામે તો તે પણ અત્યંત કષ્ટવડેજ પામે છે.

હવે ભાવની વિશુદ્ધિ પૂર્વક કરાયેલ શ્રી જિનપૂજા પ્રણિધાન બોધિલાભને ઉત્પન્ન કરનાર થાય છે, તે કહે છે.

**सुव्वइ दुग्गयनारी, जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।**
**पूयापणिहाणेणं, उप्पन्ना तियसलोगंमि ॥७०॥**

**ગાથાર્થ**––દુર્ગતા નારી જગદ્‌ગુરૂ–પરમાત્માને સિંદુવાર ફુલોવડે પૂજવાથી પૂજાના પ્રણિધાનવડે દેવલોકમાં ઉત્પન્ન થઇ સંભળાય છે. ૭૦

**વ્યાખ્યાર્થ**––શ્રી જિનાગમમાં–જિનપૂજાના અધિકારમાં, સંભળાય છે. શું ? દુર્ગતા નારી–દરિદ્ર સ્ત્રી જગદ્‌ગુરૂ–ત્રિલોકીને તત્વનો ઉપદેશ આપનાર શ્રી જિનરાજને સિંદુવાર–

નિર્ગુંડીના ફુલોવડે પૂજા કરતાં અશુભ મન, વચન અને કાયાને રોકવાથી તેમ શુભ મન, વચન અને કાયા કરવાવડે અથવા ધ્યાનવડે દેવલોકમાં ઉત્પન્ન થઇ. તેનું દૃષ્ટાંત “ કાકંદી નગરીમાં કોઇ દરિદ્ર ડોસી પ્રાત:કાળે નદીમાં પગ વિગેરે અંગો ધોઈ, વનનાં પુષ્પો ગ્રહણ કરી, ભોજન માટે મસ્તક ઉપર લાકડાંનો ભારો ધારણ કરી, શ્રી વીરપ્રભુને પૂજવા એકાગ્રમનવાળી થઈ સમવસરણની પ્રતોલીમાં સ્ખલના પામી મરણ પામી. પાછળથી આવેલ જિતારિરાજાએ તેણીના દેહનો અગ્નિસંસ્કાર વિગેરે કરાવ્યો. ‘ આ ડોસી ક્યાં ગઈ ? ’ એમ રાજાના પૂછવાથી વીરપ્રભુ બોલ્યા કે–“ સૌધર્મ દેવલોકને પ્રાપ્ત કરી અહિંજ ધર્મ સાંભળવા આવેલો આ દેવ મહાવિદેહમાં કનકપુરનો રાજા કનકધ્વજ થશે, ત્યાં ‘ સર્પવડે ગળાતા–દેડકાને, કુરરવડે ગળાતા તે સર્પને, અજગરવડે ગળાતા તે કુરરને જોઈ; ઉપનયમાં–નિયોગિ–અધિકારી પુરૂષોવડે ઉપદ્રવ પમાડાતા માણસોને, રાજાઓવડે ઉપદ્રવ પમાડાતા તે અધિકારી પુરૂષોને અને મૃત્યુવડે તે રાજાઓ ઉપદ્રવ પમાડાતા છે. ’ એમ વિચારી પ્રવ્રજ્યા અંગીકાર કરી મુક્તિમાં જશે. ” ૭૦

હવે જિનપૂજાના પ્રકારો કહે છે.—

**वरपुप्फ--गंध--अक्खय--पईव-फल धूव-नीरपत्तेहिं ।**
**नेविज्जविहाणेहिं य, जिणपूया अट्ठहा भणिया ॥ ७१ ॥**

**ગાથાર્થ**—શ્રેષ્ઠ પુષ્પ, ગંધ, અક્ષત, પ્રદીપ, ફળ, ધૂપ, નીરપાત્ર અમે નૈવેદ્ય સ્થાપન કરવું. એમ જિનપૂજા આઠ પ્રકારે કહેલી છે. ૭૧

**વ્યાખ્યાર્થ**—શ્રેષ્ઠ પુષ્પ, ગંધ, અક્ષત, દીવો, ફળ, ધૂપ, પાણીપાત્ર અને નૈવેદ્ય કરવાવડે જિનપૂજા આઠ પ્રકારે થાય છે. અહિં ગંધ ગ્રહણ કરવાવડે ચંદનવિલેપન વિગેરેનો સ્વીકાર સમજવો. ધૂપ ગ્રહણ કરવાવડે કપૂર, અગર વિગેરે ગ્રહણ કરવું. કહ્યું છે કે—

“ **अगुरु–कर्पूर–मिश्रं तु दहेद् धूपं विचक्षणः ।** ” અર્થાત્ વિ-

ચક્ષણ-ચતુર મનુષ્યે અગર અને કપૂરથી મિશ્રિત ધૂપ બાળવો જોઈએ. એવી રીતે ફૂલ વિગેરે પણ વસ્ત્ર વિગેરેનું ઉપલક્ષણ છે, તે સંભવ પ્રમાણે સમજવું. ૭૧

હવે પૂજાથકી થતું આ લોકસંબંધિ અને પરલોકસંબંધિ ફળ કહે છે.—

**उवसमइ दुरियवग्गं, हरइ दुहं जणइ सयलसुक्खाइं ॥**
**चिंताईअं पि फलं, साहइ पूया जिणंदाणं ॥ ७२ ॥**

**ગાથાર્થ**—જિનેંદ્રોની પૂજા પાપસમૂહને ઉપશમાવે છે, દુઃખ હરે છે, સઘળાં સુખો ઉત્પન્ન કરે છે, ચિંતાતીત-ચિંતવી ન શકાય તેવું ફળ પણ આપે છે. ૭૨

જિનપૂજનનું ફળ કહ્યું, હવે સાધુવંદનનું ફળ કહે છે.—

**तित्थयरत्तं सम्मत्तखाइयं सत्तमीइ तइयाए ।**
**साहूण वंदणेणं, बद्धं च दसारसीहेणं ॥ ७३ ॥**

**ગાથાર્થ**—સાધુઓને વંદન કરવાથી દશાર્હસિંહ-કૃષ્ણ વાસુદેવે તીર્થંકરપણું, ક્ષાયિકસમ્યક્ત્વ અને સાતમી નારકીથી ઘટાડીને ત્રીજી નારકીનું આયુષ્ય બાંધ્યું હતું. ૭૩

**વ્યાખ્યાર્થ**—દશાર્હ-સમસ્ત યદુવંશમાં પૂજ્ય **સમુદ્ર**-વિજય વિગેરે દશ ભાઇઓ જાણવા. તે આ પ્રમાણે-**સમુદ્રવિજય** ૧, **અક્ષોભ્ય** ૨, **સ્તિમિત** ૩, **સાગર** ૪, **હિમવાન** ૫, **અચલ** ૬, **ધરણ** ૭, **પૂરણ** ૮, **અભિચંદ્ર** ૯ અને પરાક્રમી **વસુદેવ** ૧૦. દશાર્હકુળમાં શૌર્ય વિગેરે અતિશયવડે સિંહસમાન દશાર્હસિંહ અથવા દશાર્હ-વસુદેવનો પુત્ર દાશાર્હ સિંહની જેમ શૂરતાવડે પ્રશંસનીય દાશાર્હ-દાશાર્હસિંહ.

ઉત્તરપદમાં વ્યાઘ્ર, પુંગવ, ઋષભ, કુંજર, સિંહ, શાર્દૂલ, નાગ વિગેરે શબ્દો હોય તો તે તથા તલ્લજ, મતલ્લિકા, મચર્ચિકા, પ્રકાંડ, ઉદ્ધ એ શબ્દો પ્રશસ્ય અર્થ કહે છે. તે શ્રી વાસુદેવે સાધુઓને-જૈન મુનિયોને દ્વાદશાવર્ત વંદન કરવાવડે આટલું બાંધ્યું-આત્મસંયુક્ત કર્યું. શું તે? ઉ૦-તીર્થંકરપણું તથા

ક્ષાયિક સમ્યક્ત્વ સાતમી નારકીમાં જવા યોગ્ય આયુષ્ય કર્મથકી ત્રીજી નારકીમાં જવા યોગ્ય આયુષ્ય કર્મ બાંધ્યું.

દ્વારકામાં વાસુદેવ વસતા હતા, તેને વીરો સાળવી ભક્ત હતો. 'વર્ષાકાળમાં ઘણા જીવો હણાઈ જાય એમ જાણી વાસુદેવ બહાર નીકળતા ન હતા. તે વીરો દ્વાર ન મેળવતાં પ્રતિદિન ફૂલછજ્જિકાની પૂજા કરી જતો હતો, પરંતુ જમતો ન હતો એથી અત્યંત દુર્બળ થઈ ગયો, વર્ષાકાળ વીત્યા પછી રાજા ( વાસુદેવ ) બહાર નીકળ્યા, સઘળા રાજાઓ તેની પાસે હાજર થયા. વીરો તેને પગે પડયો. રાજાએ પૂછયું વીરો દુર્બળ કેમ છે? દ્વારપાળોએ યથાસ્થિત વૃત્તાંત કહ્યું. રાજાને અનુકંપા ઉત્પન્ન થઈ. વીરકનો પ્રવેશ ન અટકાવવાનું કર્યું. વાસુદેવ પોતાની સઘળી પુત્રીઓ જ્યારે વિવાહકાળે પાદવંદન કરવા આવતી, ત્યારે તેણીઓને પૂછતા કે–'પુત્રિ! તું દાસી થઇશ કે સ્વામિની?' તે પુત્રીઓ કહેતી કે–' અમ્હે સ્વામિની થઈશું.' ત્યારે રાજા કહેતા કે–'તો ભટ્ટારક–પૂજ્યના ચરણ સમીપે પ્રવ્રજ્યા સ્વીકારો.' પછી મ્હોટા નિષ્ક્રમણ સત્કારવડે દીક્ષા લેવા જતાં ઓચ્છવવડે સત્કાર પામતી તે કન્યાઓ પ્રવ્રજ્યા અંગીકાર કરતી હતી. એમ કાળ જતો હતો. અન્યદા એક રાણીને પુત્રી હતી, તે રાણી વિચારવા લાગી કે– 'સઘળી કન્યાઓને પ્રવ્રજ્યા અપાવાય છે.' તેણીયે પુત્રીને શિખવ્યું કે–'તું કહેજે કે હું દાસી થઈશ. સર્વ અલંકારોથી વિભૂષિત થઈ તે કન્યા રાજા સમીપે ગઈ. પૂછયું ત્યારે તેણીએ કહ્યું કે–'હું દાસી થઇશ.' વાસુદેવે વિચાર્યું કે–' મ્હારી પુત્રીઓ સંસારમાં ભ્રમણ કરે અને અન્ય મનુષ્યો વડે કેમ અપમાનિત થાય; એ તો ઠીક નહિ. શો ઉપાય? કે જેથી અન્ય કોઈ પુત્રી પણ એમ ન કરે.' વિચાર કર્યો, ઉપાય મેળવ્યો, વીરકને પૂછયું કે–' ત્હેં કાંઇ અપૂર્વ કર્યું છે?' તેણે કહ્યું કે–' નથી કર્યું.' રાજાએ કહ્યું કે–વિચારી જો. ત્યારપછી ઘણા વખત સુધી વિચારીને તેણે કહ્યું કે–'બોરડી ઉપર એક કાકીડો હતો, તેને મેં પથરાથી હણીને પાડ્યો હતો અને તે મરી ગયો હતો. ગાડાના ચિલામાં પાણી વહેતું હતું, તેને તેં ડાબા પગથી ધારી રાખ્યું હતું, તે મર્યાદા

બહાર ગયું હતું. ખેળના ઘડામાં માખીઓ પેઠી હતી, ' આ ગુ-મગુમ કરતી રહો, ' એવા વિચારથી મેં તે માખીઓને હાથવડે ઢાંકી દીધી હતી. ' બીજે દિવસે કૃષ્ણે રાજસભામાં ૧૬ હજાર રાજાઓની મધ્યમાં કહ્યું કે–' હે રાજાઓ ! આ વીરકની કુલોત્પત્તિ સાંભળો. તેનાં કર્મો સાંભળ્યાં છે ? ' ' કયા કર્મો ? ' એમ પૂછવાથી વાસુદેવે કહ્યું કે–

જેણે રાતા માથાવાળો, બોરડીના વનમાં વસતો નાગ પૃથ્વીશસ્ત્ર ( ઢેફાં ) વડે પાડ્યો હતો; તે આ ( વીરક ) ખરેખર ક્ષત્રિય છે. જેણે ચક્રવડે ઉખેડી નાખેલી, ડોળું પાણી વહેતી ગંગાને ડાબા પગવડે ધારી રાખી હતી; તે આ વેમતિ (સાળવી) ખરેખર ક્ષત્રિય છે. જેણે અવાજ કરતી, કળશીપુરમાં વસતી સેનાને ડાબાહાથવડે રોકી હતી; તે આ વેમતિ (સાળવી) ખરેખર ક્ષત્રિય છે. આ વીરકને હું મ્હારી પુત્રી આપું છું. એમ કહી તેને કહ્યું કે–' ત્હને મ્હારી પુત્રી આપું છું. ' તે ઇચ્છતો ન હતો, રાજાએ ભવાં ચડાવ્યાં, કન્યા આપી, વીરક તેણીને ઘરે લઇ ગયો. રાજકુમારી શય્યામાં બેસી રહેતી અને વીરક તેણીનું સર્વ કાર્ય કરતો. અન્યદા રાજાએ પૂછયું કે–' કેમ ત્હારૂં વચન કરે છે ? ' વીરકે કહ્યું કે–' હું સ્વામિનીનો દાસ છું. ' રાજાએ કહ્યું કે–' જો તું સઘળું તેણીની પાસે નહિ કરાવે, તો ત્હારો છૂટકો નથી. ' તેણે રાજાનો અભિપ્રાય જાણી ઘરે જઇ કહ્યું કે–' ખેળ કર. ' તેણી ગુસ્સે થઇ બોલી કે–' કોલી ! પોતાને જાણતો નથી ? ' તેણે ઊઠીને દોરડેથી મારી તેથી રડતી રડતી રાજા પાસે ગઇ અને પગે લાગીને બોલી કે–' તે કોલિ ( સાળવી ) એ મ્હને મારી. ' રાજાએ કહ્યું કે–' તેજ સમયે મેં ત્હને કહ્યું હતું કે સ્વામિની થા, તો પણ ત્હેં તો દાસીપણું માગ્યું. હું એમાં પડતો નથી. ' તેણીએ કહ્યું કે–' સ્વામિની થાઉં, ' રાજાએ કહ્યું કે–' વીરક જો માનશે તો.' એમ કહી તેણીને મૂકાવી અને પ્રવ્રજ્યા અપાવી. તેટલામાં અરિષ્ટનેમિસ્વામી સમોસર્યા, રાજા વાંદવા નીકળ્યો, સર્વ સાધુઓને દ્વાદશાવર્તવંદનવડે વાંદ્યા, રાજાઓ થાકી ગયા, વીરક વાસુદેવની અનુવૃત્તિથી વાં-

દતો હતો. કૃષ્ણને પરસેવો થઈ ગયો. ભટ્ટારકને પૂછયું-' હે ભગવન! ત્રણસો ને સાઠ સંગ્રામો કરવાવડે હું આવો થાકયો ન હતો.' ભગવંતે કહ્યું-' કૃષ્ણ! ક્ષાયિક સમ્યકત્વ અને તીર્થંકર નામગોત્ર ત્હેં ઉપાર્જન કર્યું છે.' જ્યારે કૃષ્ણ પગે વિંધાયો[1] ત્યારે નિંદા, ગર્હાવડે સાતમી નારકીનું બાંધેલું આયુષ્ય[2] છોડતાં ત્રીજી નારકીએ આણ્યું. જો આયુષ્ય ધારણ કરત તો પહેલી નારકીએ આણત. અન્ય આચાર્યો કહે છે -' અહિં વાંદતાંજ સાતમીથી ત્રીજી નારકીએ આયુષ્ય આણ્યું હતું. એમાં વાસુદેવનું ભાવવંદન અને વીરકનું દ્રવ્યવંદન જાણવું. **આવશ્યકવૃત્તિની** અપેક્ષાએ આ ' વાસુદેવના ભવમાં તીર્થંકરપણું બાંધ્યું.' એમ કહ્યું. **વસુદેવહિંડિમાં** તો આવું જોવામાં આવે છે.-" કૃષ્ણ ત્રીજી નારકીમાંથી નીકળી આજ ભારતવર્ષમાં **શતદ્વાર** નગરમાં જિતશત્રુરાજાના પુત્ર તરીકે ઉત્પન્ન થઈ, માંડલિકપણું પામી, પ્રવ્રજ્યા અંગીકાર કરી, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી, બ્રહ્મ દેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થઈ, ત્યાંથી ચ્યવી બારમા **અમમ**નામના અર્હન થશે." આ કથનથી તે ભવથી ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું જણાય છે. તથા શ્રી રત્નસંચય પ્રકરણમાં પણ કહ્યું છે કે—

નરકના આયુષ્ય પછી, નરભવ પામ્યા પછી, પાંચમા દેવલોકમાં દેવ થઈ ત્યાંથી ચ્યવીને બારમા **અમમ** તીર્થંકર થશે. આવે રીતે વિસંવાદ પ્રાપ્ત થતાં તત્ત્વ તો બહુશ્રુત અથવા કેવળજ્ઞાનીઓ જાણે. ૭૩

સાધુઓ વાંદવામાં આવ્યા છતા શ્રોતાઓનું ભવ્યપણું વિચારી, અણુવ્રત વિગેરેના ફળ પ્રતિપાદન કરતા પૌષધના ફળને પણ દર્શાવે છે, એથી તેજ કહે છે.

**पोसेइ सुहे भावे, असुहाइ खवेइ नत्थि संदेहो ।**
**छिंदइ तिरि--नरयगई, पोसहविहिअप्पमत्तो य ॥ ७४ ॥**

---

૧ પગ વિંધાવાની વાત બીજે જણાતી નથી. ૨ આયુષ્ય તો ભવમાં એકજ વાર બંધાય છે. બાંધ્યા પછી ફરતું નથી. તેથી તે ગતિના દળ મેળવ્યા સમજવા.

**ગાથાર્થ**—પોસહની વિધિમાં પ્રમાદ ન કરનાર મનુષ્ય શુભ ભાવને પોષે છે–પુષ્ટ કરે છે, અશુભ ભાવોનો ક્ષય કરે છે, એમાં સંદેહ નથી. વળી તિર્યંચગતિ અને નરકગતિને છેદે છે. અર્થાત્ પોસહ કરનાર તિર્યંચગતિમાં કે નરકગતિમાં ગમન કરતો નથી. ૭૪

**વ્યાખ્યાર્થ**—'**पुष् पुष्टौ**' એ ધાતુ ઉપરથી પોષ કરે–ધર્મની વૃદ્ધિ કરે.' એવી વ્યુત્પત્તિથી પોષધ શબ્દ બનેલ છે. પોષધ એ અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવાસ્યા વિગેરે પર્વ દિવસોમાં આચરવાનું એક વ્રત છે. **સૂત્રકૃતાંગમાં** શ્રાવકવર્ણનવાળા વિધિવાદમાં કહ્યું છે કે–" ચતુર્દશી, અષ્ટમી, ઉદ્દિષ્ટ ( અમાવાસ્યા ), પૂર્ણિમાઓમાં સંપૂર્ણ પોસહનું પ્રતિપાલન કરતા વિહરે." તથા–" જ્યાં પણ તે ચતુર્દશી, અષ્ટમી, ઉદ્દિષ્ટ ( અમાવાસ્યા ), પૂર્ણિમાઓમાં પ્રતિપૂર્ણ પોષધ સમ્યક અનુપાલન કરે, ત્યાં પણ તે એક આશ્વાસન પામે, આશ્વાસન પામે, આશ્વાસન પામે." એમ **સ્થાનાંગના** ચતુર્થ સ્થાનકમાં કહ્યું છે. તથા **ઔપપાતિક** ઉપાંગમાં શ્રાવકના વર્ણન પ્રસંગે પણ કહ્યું છે. એવી રીતે સર્વત્ર આ પોષધ પર્વદિવસોએ આચરવાનું અનુષ્ઠાન છે.' એમ જાણવું.

'ઉપર્યુક્ત દિવસોમાં પોષધવ્રત કરવું જોઈએ, અન્યદા–એ સિવાયના બીજા દિવસોમાં પોષધ કરવાનું શાસ્ત્રમાં નિષેધ્યું નથી.' એમ ન કહેવું, કારણકે પ્રતિદિવસ પોષધ કરવાનો શાસ્ત્રમાં નિષેધ જોવામાં આવે છે. * **આવશ્યકબૃહદ્વૃત્તિમાં** કહ્યું છે કે—" તેમાં પ્રતિનિયત દિવસે આચરવા યોગ્ય સામાયિક અને દેશાવકાસિક પુનઃ પુનઃ ઉચ્ચારવાં એ ભાવના છે. પોષધોપવાસ અને અતિથિસંવિભાગ તો પ્રતિનિયત દિવસે આચરવાનાં છે, પ્રતિદિવસ આચરણીય નથી." તથા **પંચાશકચૂર્ણિમાં**— "તેમાં પ્રતિદિવસ અનુષ્ઠેય–આચરવા યોગ્ય સામાયિક અને દેશાવકાસિક પુનઃ પુનઃ ઉચ્ચરાય છે, એમ કહેલું છે. પોષધોપવાસ

* આવું કથન બુદ્ધિ પૂર્વક વિચાર્યા વિનાનું છે, તે માટે આગળ સંશોધકની સ્ફુટ નોંધ જુવો. ला. भ.

અને અતિથિસંવિભાગ તો પ્રતિનિયત દિવસે અનુષ્ઠેય–આચરવા યોગ્ય છે, પ્રતિદિન અનુષ્ઠેય–આચરવા યોગ્ય નથી. " તથા **તત્વાર્થવૃત્તિમાં**—" સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિ ભાગ એ ચાર શિક્ષાવ્રતો છે. સામાયિક અને દેશાવકાશિક એ બે પ્રતિદિવસ અનુષ્ઠેય-આચરવા યોગ્ય છે. અર્થાત્ પુનઃ પુનઃ ઉચ્ચરાય છે. પૌષધ અને અતિથિસંવિભાગ તો પ્રતિનિયત દિવસે અનુષ્ઠેય–આચરવા યોગ્ય છે, પ્રતિદિવસ આચરવાનાં નથી, પુનઃ પુનઃ અષ્ટમી વિગેરે તિથિયોમાં આચરાય છે. તથા **હરિભદ્રાચાર્યે** કરેલી **શ્રાવક પ્રજ્ઞપ્તિ વૃત્તિમાં**—" તેમાં પ્રતિદિવસ અનુષ્ઠેય આચરવા યોગ્ય બે સામાયિક અને દેશાવકાશિક પુનઃ પુનઃ ઉચ્ચારવાં એ ભાવ છે. પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ તો પ્રતિનિયત દિવસે અનુષ્ઠેય આચરવા યોગ્ય છે, પ્રતિદિવસ આચરણીય નથી. " એવી રીતે **પંચાશક વૃત્તિમાં** અને શ્રી **શ્રીચંદ્ર**-સૂરિએ કરેલી **ષડાવશ્યક વૃત્તિમાં** પર્વદિનોમાં પૌષધ કરવાનો અને અન્ય દિનોમાં નિષેધપર વાક્યવિસ્તાર[૧] સંભળાય છે. આ

---

૧ અહિં પૌષધવ્રતને માત્ર પર્વદિવસોનું કર્તવ્ય ઉદ્દેશી દર્શાવેલા સઘળા પાઠોનો ઇષ્ટ અર્થ જો કે સ્થૂલ બુદ્ધિ મનુષ્યોને તત્કાળ જણાય છે, તો પણ બન્ને પક્ષવાળાઓને સમ્મત આચાર્યોએ રચેલ શાસ્ત્રો સાથે એકવાક્યતા અને સદ્યુક્તિયોની ગવેષણા કરતાં પ્રતિભાશાલિ પુરૂષોને તે અર્થ વિરૂદ્ધજ ભાસે છે. તે આ પ્રમાણે—પૂર્વધર શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકજીએ રચેલ **તત્ત્વાર્થ** ભાષ્યના " **सोऽष्टमीं चतुर्दशीं पञ्चदशीमन्यतमां वा तिथिमभिगृह्य** " આ પાઠની વ્યાખ્યા કરતાં શ્રી **સિદ્ધસેનસૂરિજીએ** આ **અર્થ** પ્રકાશિત કર્યો છે કે–તે પૌષધોપવાસ બન્ને પક્ષમાં ( શુદ, વદમાં ) અષ્ટમી વિગેરે તિથિનો બુદ્ધિવડે નિશ્ચય કરી, તે તિથિએ અથવા **अन्यतमां वा**–અન્ય કોઇ પ્રતિપદા ( પડવો ) વિગેરે તિથિએ આ કથનવડે અન્ય તિથિયોમાં અનિયમ દર્શાવે છે. અન્ય તિથિયોમાં અવશ્ય કર્તવ્ય નથી, પરંતુ અષ્ટમી વિગેરે તિથિયોમાં નિયમેન–અવશ્ય કરવો જોઇયે. " આ ભાષ્યના **અર્થ**ને વિવાદાસ્પદ પાઠોનો અર્થ કોઇ પણ રીતે અનુગત થતો નથી; તેવા પ્રકારના પ્રામાણિક સ્પષ્ટ અર્થનો અપલાપ કરવો પણ યુક્ત નથી. આમ હોવાથી ' **प्रतिदिवसानुष्ठेये सामायिक—देशावकाशिके** ' એ પાઠમાં ' **प्रतिदिवसानुष्ठेये** ' એ પદનો ' **पुनः पुनरुच्चार्ये** ' આવો તાત્પર્યાર્થ કહીને તે બન્ને વ્રતોના આખા

વિષયમાં વિશેષ અભિલાષીએ અમ્હારા ગુરૂ શ્રી **જયસોમ** ઉપાધ્યાયે કરેલ સ્વોપજ્ઞ **પૌષધ ષટ્ત્રિંશિકાવૃત્તિ** જોવી, કેમકે તેમાં વિસ્તારથી પૌષધને આશ્રિ આક્ષેપોના પરિહારનું કથન કર્યું છે.

તે પોસહ આહાર વિગેરે ભેદથી ચાર પ્રકારનો છે. કહ્યું છે કે-" તે પોસહ ચાર પ્રકારનો જણાવ્યો છે, તે આ પ્રમાણે— આહારપોસહ ૧, શરીર સત્કાર પોસહ ૨, બ્રહ્મચર્ય પોસહ ૩, અને અવ્યાપાર પોસહ ૪, પ્રત્યેક પોસહ દેશથી અને સર્વથી

---

દિવસના વ્યાપિપણાની શંકાનુ નિવારણ કરી ' **पौषधोपवासातिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ न प्रतिदिवसाचरणीयौ** ' એ પ્રમાણે વ્યાખ્યા કરનાર પૂજ્ય શ્રીમદ્ હરિભદ્રસૂરિજીને પણ ' પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ દિવસમાં પ્રતિનિયત-એકજવાર આચરવા યોગ્ય છે, પુનઃ પુનઃ નહિ. ' આ જ અર્થ ઇષ્ટ જણાય છે. જો કદાચ ' **न प्रतिदिवसाचरणीयौ** ' એ પદનું પર્વ સિવાયના દિવસોમાં નિષેધપર વ્યાખ્યાન કરવામાં આવે, તો પહેલાં ' **पुनः पुनरुच्चार्यौ** ' એવો તાત્પર્યાર્થ કેમ સ્વીકારાય ? એક જ પ્રકરણમાં એકજ પદનો ભિન્ન અર્થ બાધક વિના યુક્ત નથી. એકાર્થતામાં તો ઉલટું સાધક પણ સ્પષ્ટ ભાષ્ય વ્યાખ્યાન દર્શાવ્યું. બીજું સાધક પણ શ્રીમદ્ **વિપાકાંગમાં** આવેલા **સુબાહુચરિત્ર**, **નંદમણિકાર** ચરિત્ર વિગેરેમાં ત્રણ દિવસના અને શ્રી **શાંતિનાથચરિત્રમાં** આવેલા **વિજયનૃપના** ચરિત્રમાં સાત દિનના પૌષધવ્રતનું અનુષ્ઠાન જોવાથી વ્યક્ત જ જોવાય છે. આ અર્થમાં-વિષયમાં વચનયુક્તિ પણ પ્રબળ છે-કે પર્વ દિવસોની જેમ અન્ય દિવસોમાં પણ સાવદ્ય વ્યાપારોના પ્રત્યાખ્યાન કરવાથી શું વિરતિ નથી થતી ? શું વિરતિ મોક્ષના સાધનભૂત હોવાથી પ્રાધાન્યપદને યોગ્ય નથી ? અન્ય દિવસોમાં વિરતિનો નિષેધ કરવાથી સંયત મનવાળા સાધુઓનું શું ઇષ્ટ સિદ્ધ થાય છે ? વળી ઉપધાન, પૌષધપ્રતિમા વિગેરે પર્વ સિવાયના દિવસોમાં કેમ કરાવાય છે ? વળી પૌષધોપવાસ સાથે ઉચ્ચારેલ અતિથિ સંવિભાગ તો પર્વ દિવસોમાં કરવો ઇષ્ટજ નથી અને પૌષધોપવાસ ઇષ્ટ છે; એમાં નિયામક શું ? તેથી પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ પર્વદિવસે અવશ્ય કરણીય છે અને અન્ય દિવસોમાં કરણીય છે. ' આવો અર્થ ઉપરના સર્વ પાઠો જણાવે છે. તેવા અર્થમાં જ તે તે શાસ્ત્ર અને યુક્તિ અનુસરાયેલી છે. અતિથિ સંવિભાગ તો પૌષધને પારણે અપર્વેજ કરાય છે. શાસ્ત્રલેખ પણ તે પ્રમાણે કરવાનો છે.

એમ બે ભેદવાળો છે. દેશથી આહાર પોસહ-વિકૃતિ ત્યાગરૂપ આયંબિલ અથવા નીવી અથવા એકાસણું કરવું તે. સર્વથી—ચારે પ્રકારનો આહાર તજવો ( ચૌવિહાર ઉપવાસ કરવો ) તે. દેશથી શરીર સત્કાર પોસહ-આખા શરીરે સ્નાન વિગેરેનો નિયમ; સર્વથી-વિભૂષાત્યાગ પગ વિગેરે ધોવાની પણ વિરતિ. દેશથી બ્રહ્મચર્ય પોસહ-સ્રીસંગ વર્જવો; સર્વથી-બ્રહ્મચર્યની નવ ગુપ્તિ ( વાડ ) નું પાલન. દેશથી અવ્યાપાર પોસહ-રાંધવું, ખાંડવું વિગેરેમાંથી કોઇ પણ વ્યાપાર નિવારવો; સર્વથી-સર્વ સાવદ્ય વ્યાપાર ન કરે, ન કરાવે. તેમાં જ્યારે સર્વથા અવ્યાપાર પોસહ સ્વીકારે, ત્યારે આ વિધિ છે—

મણિ, સુવર્ણને મૂકી, સર્વ અલંકારોથી રહિત થઇ, પાંચ પ્રકારના વિષયો તરફ રાગ, દ્વેષને દઢતાપૂર્વક વર્જી, પોસહશાલા વિગેરે ચાર સ્થાનકોમાંથી કોઈ પણ એક સ્થાનકમાં ગુરુસાક્ષીએ શ્રાવક એવી રીતે પોસહવ્રત સ્વીકારે. ૧-૨.

જે દિવસે શ્રાવક અથવા શ્રાવિકા પોષહ ગ્રહણ કરવાના હોય, તે દિવસે પ્રભાતમાંજ બીજા વ્યાપારો-બીજી પ્રવૃત્તિયોનો પરિત્યાગ કરી, પોસહના ઉપકરણો ગ્રહણ કરી પોસહશાલામાં અથવા સાધુ સમીપે જાય. ત્યારપછી **इरिया वहिया** પડિક્કમીને ગુરુસમીપે અથવા સ્થાપનાચાર્ય સમીપે બે ખમાસમણા પૂર્વક પોસહમુહપત્તિ પડિલેહી, પહેલા ખમાસમણવડે ' પોસહ સંદિસાઉં ' બીજા ખમાસમણવડે ' પોષહ ઠાઉં ' એમ કહે. ત્યારપછી ત્રણ[1] નવકાર કહી ' **करेमि भंते पोसहं** ' ઈત્યાદિ દંડક '**वोसिरामि**' સુધી કહે. ( ગુરૂ ઉચ્ચરાવે ) ત્યારપછી પૂર્વે કહેલી વિધિ પ્રમાણે સામાયિક ગ્રહણ કરે. વર્ષાકાળમાં કટાસણું અને બીજા આઠ મહિનામાં **पाउंछण** સંદિસાવિય કહી બેસણે સંદિસા ઉં ને બેસણે ઠાઉંના આદેશ માગી સઝાય સંદિસાઉંને સઝાય કરૂંના આદેશ માગી સજ્ઝાય કરતો પડિક્કમણા વેળાસુધી બેસી રહી યોગ્ય વખતે પ્રભાતનું પ્રતિક્રમણ કરે. ત્યારપછી આચાર્ય, ઉપાધ્યાય,

૧ એક નવકારની પ્રવૃત્તિ છે.

સર્વ સાધુઓને વાંદે. ત્યારપછી જો પડિલેહણ કરવાની વાર હોય તો સજ્ઝાય કરે. પડિલેહણનો વખત થાય, ત્યારે બે ખમાસમણુથી '**पडिलेहणं संदिसावेमि, पहिणंडले करेमि**' એમ કહી મુહપત્તિ પડિલેહે. એવી રીતે બે ખમાસમણવડે અંગપડિલેહણ કરે. 'અહિં **अंग** શબ્દથી અંગપર રહેલ કેડનું વસ્ત્ર વિગેરે જાણવું.' એમ ગીતાર્થ પુરૂષો કહે છે. ત્યારપછી સ્થાપનાચાર્યને પડિલેહી ત્રણ નવકારવડે સ્થાપી, કેડનું વસ્ત્ર પડિલેહી ફરી મુહપત્તિ પડિલેહી, બે ખમાસણવડે 'ઉપધિપડિલેહણ સંદિસાવિય' (ઉપધિ પડિલેહું કહી) કામળ, વસ્ત્ર વિગેરે અને દિવસના પાછલા ભાગમાં ફરી વસ્ત્ર, કામળ વિગેરેની પડિલેહણ કરે. ત્યારપછી પોસહશાલા પ્રમાર્જી કાજો લઈ વિધિએ પરઠવી, **इरिया०** પડિક્કમી, સજ્ઝાય ધ્યાન કરે. એટલે ભણવું, ગણવું, પુસ્તક વાંચવું, કથાનક સાંભળવું વિગેરે કરે. ત્યારપછી પ્રથમપોરિસી થાય ત્યારે બે ખમાસમણે પડિલેહણ સંદિસાવિય કહી મુહપત્તિ પડિલેહી ભોજન, પાણીના પાત્રોની પડિલેહણ કરે. ત્યારપછી સજ્ઝાય કરે. જ્યારે કાળવેળા થાય, ત્યારે આવશ્યકીપૂર્વક ચૈત્યગૃહ (જિનમંદિર) માં જઈ દેવ વાંદે. ઉપધાન વહન કરનાર પાંચ શક્રસ્તવ (**नमुत्थुणं**) વડે દેવ વાંદે, ત્યારપછી જો પચ્ચકખાણ પારવું હોય તો પચ્ચકખાણનો કાળ પૂર્ણ થાય ત્યારે બે ખમાસમણપૂર્વક મુહપત્તિ પડિલેહી, ગુરૂને વાંદીને કહે–'**भगवान ! भात पाणी पारावेह**' ઉપધાન વહન કરેલ હોય તે બોલે–'**नवकारसहिउ चउविहारु**' બીજો બોલે– **पोरिसि पुरिमड्ढो वा तिविहारं वा एकासणउं निवी आंबिलुं वा** યાવદ્ **काइ वेलातीए भत्तपाणं पारावेमि ।**' ત્યારપછી શક્રસ્તવ (**नमुत्थु**) કહી ક્ષણવાર સજ્ઝાય કરી યથાસંભવ અતિથિસંવિભાગ કરી મુહપત્તિ પડિલેહી, નવકારપૂર્વક, રાગ, દ્વેષ રહિત થઈ, 'સુરસુર' 'ચબચબ' શબ્દ ન થવા દઈ, જલ્દી પણ નહિ અને વિલંબ કરીને પણ નહિ એવી રીતે જમે, પરંતુ તે પોતાને ઘરે જઇને જમે અથવા પોસહશાળામાં પૂર્વે કહી રાખેલ સ્વજનોએ આણેલ હોય તે જમે, ભિક્ષા માટે ભ્રમણ ન કરે. પછી આસનથી ચલિત થયા વિનાજ 'દિવસચરિમ' પચ્ચકૂખાણ કરે.

ત્યારપછી **इरियावहिया** પડિક્કમી શક્રસ્તવ કહે. જો કદાચ શરીરચિંતા ( સ્થંડિલ જવા રૂપ ) પ્રયોજન હોય તો નિયમથી બે વાર આવશ્યિકી કરી સાધુની જેમ ઉપયોગથી નિર્જીવ સ્થંડિલ ( શુદ્ધ ભૂમિ ) માં જઈ '**अणुजाणह जस्सावग्गहो** ' અર્થાત્-' જેનો અવગ્રહ હોય તે અનુજ્ઞા આપો. " એમ કહી, દિશા; પવન, ગામ, સૂર્ય વિગેરે તરફ સિદ્ધાંત વિધિ પ્રમાણે બેસી ઉચ્ચાર, પ્રશ્રવણ ( મલ, મૂત્ર ) વોસરાવી, પ્રાસુક પાણીથી પ્રક્ષાલન કરી, પોસહશાળામાં આવી, ' નિસીહિ ' પૂર્વક પ્રવેશ કરી, **इरियावहिया** પડિક્કમી, ખમાસમણપૂર્વક કહે કે-' **इच्छाकारेण संदिसह, गमणागमणं आलोयहं, इच्छं** કહી **आवंतजंतेहिं जं खंडियं जं विराहियं तस्स मिच्छामि दुक्कडं**' અર્થાત્-' આવતાં જતાં જે ખાંડ્યું હોય, જે વિરાધ્યું હોય, તે સંબંધિ મ્હારૂં દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ' એમ કહે. ત્યારપછી પાછલો પહોર થાય, ત્યાંસુધી સજ્ઝાય કરે. પાછલો પહોર થાય, ત્યારે ખમાસમણપૂર્વક ' **पडिलेहणं करेमि, पोसहसालं पमज्जेमि** ' અર્થાત્ ' પડિલેહણ કરૂં, પોસહશાળા પ્રમાર્જું. ' એમ કહી પૂર્વની જેમ અંગપડિલેહણ કરી, પોસહશાળાને દંડપુચ્છણ ( દંડાસણ ) વડે પ્રમાર્જી કાજો ઉદ્ધરી, **इरिया०** પડિક્કમી, સ્થાપનાચાર્ય પડિલેહી સ્થાપે. ત્યારપછી ગુરુસમીપે અથવા સ્થાપનાચાર્ય સમીપે બે ખમાસમણપૂર્વક મુહપત્તિ પડિલેહી, પ્રથમ ખમાસમણે ' **इच्छाकारेण संदिसह भगवन् ! सज्झायं संदिसावेमि** ' બીજે ખમાસમણે ' **सज्झायं करेमि** ' એમ કહી સજ્ઝાય કરી, વાંદણાં દઈ ગુરૂસાક્ષીએ પચ્ચક્ખાણ કરે. ત્યારપછી બે ખમાસમણવડે ' **उवहि-थंडिल पडिलेहणं संदिसाविय** ' બે ખમાસમણવડે ' **बइसणं संदिसावेमि, बइसणं ठामि !** ' એમ કહી વસ્ત્ર, કામળ વિગેરેની પડિલેહણ કરે. અહિં જે અભકતાર્થી ' ઉપવાસી હોય તે, સર્વ ઉપધિની પડિલેહણ કર્યા પછી કેડનું વસ્ત્ર ( પંચીયુ વિગેરે ) પડિલેહે અને જે ભક્તાર્થી હોય ( જેણે ખાધું હોય ) તે, કેડનું વસ્ત્ર પડિલેહ્યા પછી ઉપધિ પડિલેહે . એટલું વિશેષ સમજવાનું છે. ત્યારપછી કાળવેળા થાય ત્યાંસુધી સજ્ઝાય કરે. કાળવેળા થાય ત્યારે ઉચ્ચાર, પ્રશ્રવણ

( મળ, મૂત્ર ) ૨૪ સ્થંડિલોને પડિલેહી, માંડલા કરી જો તે દિવસે ચઉદશ હોય તો પાખી, અથવા ચોમાસી, આઠમ, અમાવાસ્યા અથવા પૂનમ હોય તો દેવસી, અને ભાદરવા શુદ ચોથ હોય તો સંવચ્છરી પડિક્કમણું પડિક્કમણાની સમાચારીપૂર્વક કરી સાધુવિશ્રામણામુનિવેયાવચ્ચ કરે. ત્યાર પછી પોરિસી થાય ત્યાં સુધી સજ્ઝાય કરે, એ ઉપર વધારે સમય સમાધિ હોય તો હળવા સ્વરથી સ્વાધ્યાય કરે કે જેથી ક્ષુદ્ર જંતુઓ ન ઉઠે. ત્યાર પછી **आसज्ज** કહેવા પૂર્વક ભૂમિ પ્રમાર્જન વિગેરે વિધિથી શરીર ચિંતા કરી બે ખમાસમણ વડે મુહપત્તિ પડિલેહી, એક ખમાસમણવડે '**राईसंथारयं संदिसाविय**' બીજા ખમાસમણ વડે '**राईसंथारए ठामि**' એમ કહી શક્રસ્તવ ભણે. ત્યારપછી સંથારો અને ઉત્તરપટ્ટ (ઉપર પાથરવાનું વસ્ત્ર) ઢીંચણ ઉપર મેલી, પ્રમાર્જન કરી, ભૂમિ ઉપર પાથરે. ત્યારપછી શરીર પ્રમાર્જી '**निसीही नमो खमासमणाणं**' એમ કહી સંથારા તરફ થઈ ત્રણ નવકાર, ઉચ્ચારી આ પાઠ કહે—

**" अणुजाणह परमगुरू!, गुणगणरयणेहिं भूसियसरीरा. ।**
**बहुपडिपुन्ना पोरिसि, राईसंथारए ठामि ॥ १ ॥**
**अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेण ।**
**कुक्कुडिपायपसारण, अतरं तु पमज्जए भूमिं ॥ २ ॥**
**संकोइय संडासे, उव्वट्टंते य कायपडिलेहा ।**
**दव्वाईउवओगं, ऊसासनिरुंभणालोए ॥ ३ ॥**
**जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ।**
**आहारउवहिदेहं, तिविहं तिविहेण वोसरियं ॥ ४ ॥**
**खामेमि सव्वजीवे० "**

**ભાવાર્થ**—ગુણગણ રત્નોવડે વિભૂષિત શરીરવાળા હે પરમગુરૂ ! આપ અનુજ્ઞા આપો; પોરિસી બહુ પ્રતિપૂર્ણ થઈ છે, એટલે રાત્રિના સંથારામાં રહું. આપ સંથારાની અનુજ્ઞા આપો; બાહુના ઉપધાન–ઓશીકાવડે, ડાબે પડખે, કુકડીની જેમ પગ પસારતાં ( પગ સંકોચીને સુતાં ) આંતરાની ભૂમિનું પ્રમાર્જન

કરે. સંડાસા સંકોચી, શરીર ફેરવતાં કાયાની પડિલેહણા કરવા પૂર્વક, ( જાગું તો ) દ્રવ્યાદિના ઉપયોગપૂર્વક, ઉચ્છ્વાસ નિરૂંધન કરવાપૂર્વક બરાબર જાગૃત થઈને જોઉં. જો કદાચ આ રાતમાં આ મ્હારા દેહનો પ્રમાદ-વિનાશ થાય, તો આહાર, ઉપધિ અને દેહ એ મેં ત્રિવિધે ત્રિવિધે વોસરાવ્યું છે. હું સર્વ જીવોને ખમાવું છું. વિગેરે.

ઈત્યાદિ ગાથાઓ કહી ડાબા હાથનું ઓશીકું કરી નિદ્રા મોક્ષ કરે. ( ઉંઘે ) જો શરીર ફેરવે તો શરીર અને સંથારો પ્રમાર્જીને ફેરવે. કદાચ શરીર ચિંતા ( મળ, મૂત્ર વિગેરે ) માટે ઉઠે તો શરીરચિંતા કરી, **इरियावहिया** પડિક્કમી જઘન્યથી પણ ઓછામાં ઓછી ત્રણ ગાથા ગણીને સુવે. છતાં જો નિદ્રા ન આવે તો ધર્મજાગરિકાએ જાગતો સ્થુલભદ્ર વિગેરે મહર્ષિનાં ચરિત્રો ચિંતવે. ત્યારપછી પાછલી રાતે ઉઠી, **इरियावहिया** પડિક્કમી **कुसुमिण-दुस्सुमिण-काउस्सग्ग** સો ઉચ્છ્વાસનો અને મૈથુનસંબંધી સ્વપ્ન આવ્યું હોય તો ૧૦૮ ઉચ્છ્વાસનો કરી, શક્રસ્તવ કહી પૂર્વોક્ત વિધિયે સજ્ઝાય સંદિસાવિય કરી પડિક્કમણવેળા થાય ત્યાં સુધી સજ્ઝાય કરે. ત્યાર પછી વિધિયે પડિક્કમણ કરી, પડિલેહણવેળા થાય ત્યારે પૂર્વે જણાવેલ વિધિયે પડિલેહણ કરી, જઘન્યથી પણ મુહૂર્તમાત્ર સજ્ઝાય કરી, પોસહ પારવા ઈચ્છનાર બે ખમાસમણવડે મુહપત્તિ પડિલેહી, ખમાસમણપૂર્વક કહે—"**इच्छाकारेण संदिसह पोसहं पारावेह**" અર્થ ઈચ્છાએ આદેશ આપો, પોસહ પારાવો, ગુરૂ કહે—'**पुणो वि कायव्वो**' અર્થ—ફરી પણ કરવો. પછી બીજા ખમાસમણવડે '**पोसहं पारेमि**'—પોસહ પારૂં ? કહે. ગુરુ કહે-'**आयारो न मोत्तव्वो**'-આચાર ન મૂકવો. ત્યારપછી ઉભા રહી ત્રણ નવકાર ગણે, પછી મુહપત્તિ પડિલેહી પૂર્વે દર્શાવેલ વિધિ પૂર્વક સામાયિક પારે. પોસહ પાર્યા પછી જરૂર સંભવ હોય તો સાધુઓને પડિલાભી-આહાર આપી પચ્ચખ્ખાણ પારવું. વિધિ પૂર્ણ કરવો. માત્ર રાતનો પોસહ લે, તે ઉપધિ-પલેહણ કરતો '**पोसहे ठाउं**' કહી સ્થંડિલ જોવું વિગેરે સર્વ વિધિ કરે. વિશેષ એટલું કે-'**जाव दिवससेसं रत्तिं वा पज्जुवासामि**' એવો

પાઠ ઉચ્ચરે. અને પ્રભાતે પોસહ લેનાર **जाव अहोरत्तं दिवसं वा पज्जुवासामि'** એવો પાઠ ઉચ્ચરે એવી રીતે આઠ પહોરના પોસહનો વિધિ સંક્ષેપથી કહ્યો (વિધિમાં કેટલોક ફેરફાર છે તેમજ સંક્ષેપ છે તે ગુરૂ પાસે સમજી લેવો.)

આ પોષધના વિધિમાં અપ્રમત્ત–પ્રમાદ રહિત જે સમયે જે કરવાનું હોય તે કરતો શ્રાવક શુભ–પરલોકમાં હિતકારી ભાવ–પરિણામોને પુષ્ટ કરે છે. અશુભ ભાવોને દૂર કરે છે. એમાં શુભ ભાવના પોષણમાં અને અશુભ ભાવના નાશમાં સંદેહ નથી. તથા પોસહમાંજ અપ્રમત્ત થતાં શુભ ભાવનાવડે તિર્યંચગતિ અને નરકગતિને અટકાવે છે, અર્થાત્ તિર્યંચપણું અને નરકપણું પામતો નથી.

હવે પૌષધવિધિમાં અપ્રમત્ત અને પ્રમત્તપણાનું ફળ દૃષ્ટાંતદ્વારા પ્રસંગથી દર્શાવે છે.—આ જ જંબુદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં વિશાલા નામની નગરી છે. ત્યાં પુરૂષદત્ત અને કરેણુદત્ત નામના સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બે શેઠ વસતા હતા. તે બન્નેને પરસ્પર મૈત્રી અને સંસારિકાર્યોમાં એક ચિત્તતા હતી, પરંતુ ધર્મ પ્રયોજનોમાં એક ચિત્તતા નહોતી. અન્યદા ત્યાં જયભૂષણ નામના સૂરિ પધાર્યા, તેઓ પુરૂષદત્તશેઠના ગૃહોદ્યાનમાં રહ્યા. લોકો તેમના દર્શન માટે આવ્યા, પુરૂષદત્તશેઠે પણ કરેણુદત્ત સાથે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક આચાર્યને વાંદ્યા. યથાસ્થાને સભા બેઠી. આચાર્ય ભગવંતે સજળ મેઘના જેવા ગંભીર સ્વરે ધર્મદેશના પ્રારંભી. જેમકે—

“ **धम्माउ धणं विउलं, धम्माओ चेव कामसंपत्ती ।**
**धम्माउ निम्मला कित्ती, धम्माउ सग्गसुह--मुत्ती ॥ १ ॥**
**किसिकरणं सायरलंघणं च देसंतरेसु परिभमणं ।**
**कयधम्माणं फलयं, विवरीयं अकयपुण्णाणं ॥ २ ॥** ”

**ભાવાર્થ**—ધર્મથી વિપુલ ધન, ધર્મથી જ કામની સંપ્રાપ્તિ, ધર્મથી નિર્મળ કીર્ત્તિ, ધર્મથી સ્વર્ગનાં સુખો અને મુક્તિની પ્રાપ્તિ થાય છે. ખેડ કરવી, સમુદ્ર ઓળંગવો અને દેશાંતરોમાં પરિભ્રમણ કરવું એ બધું ધર્મ કરનારને સફળ થાય છે અને ધર્મ ન કરનારને નિષ્ફળ થાય છે. ૧–૨.

એ વિગેરે ધર્મદેશના આચાર્ય મહારાજે કર્યા પછી પુરૂષદત્તે અને કુરેણુદત્તે દેશવિરતિ સ્વિકારી. ત્રીજા શિક્ષાવ્રતમાં ' અષ્ટમી પ્રમુખ પર્વ તિથિયોમાં પ્રતિપૂર્ણ પોસહ કરવો. ' આવો નિયમ ગ્રહણ કર્યો. સૂરિ મહારાજે ઉપબૃંહણા કરી પ્રશંસ્યા કે–" તમ્હે ધન્ય છો, કારણ કે પુણ્યહીનોને દેશવિરતિનો પરિણામ પ્રકટતો નથી. કહ્યું છે કે—

સમ્યકત્વ પામ્યા પછી બેથી ૯ પલ્યોપમ કર્મસ્થિતિ દૂર થયે સંસાર રૂપી સમુદ્રમાં વહાણ સમાન વ્રત વિગેરે નિશ્ચયે ભાવથી થાય છે. ધન્ય મનુષ્યજ વિરતિ સ્વીકારે છે, ધન્ય મનુષ્યજ વિરતિ પાળે છે, વિરતિ પરિપાલન કરનાર ભવે ભવે કલ્યાણ પામે છે. સર્વ કોઈ પણ કાર્યમાં પ્રવર્તતાં બુદ્ધિમંતે નિશ્ચયે શુભાશુભ વસ્તુપરિણામ વિચારવો જોઇયે. પરિણામનો વિચાર ન કરતાં જે નરો સહસાજ પ્રવૃત્તિ કરે છે, તેઓના કાર્યની સિદ્ધિ થતી નથી, કદાચ થાય તો તે સુંદર હોતી નથી. મોહિત થયો છતો–મુગ્ધ બન્યો છતો જે મનુષ્ય સ્વજન, કુટુંબને માટે પાપ કરે છે, તે પાપ કરનાર તેનું ફળ ભોગવે છે, અન્ય જનો તો ખાનારજ છે. સમીપમાં સિદ્ધિ મેળવનાર, ધર્મવંત, ઉત્તમ પુરૂષોને શુભ પરિણામવાળા શુદ્ધ ધર્મમાંજ આદર હોય છે.

એવી રીતે સૂરિમહારાજે વિશેષ ધર્મદેશના કરી. તે બન્ને પુરુષદત્ત અને કુરેણુદત્ત પણ પોતાના આત્માને કૃતાર્થ માનતા આચાર્યને વાંદી સ્વસ્થાને ગયા. ગ્રહણ કર્યા પ્રમાણે ધર્માનુષ્ઠાન કરતાં દિવસો જતા હતા. કદાચિત્ એકત્ર મળતાં ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થ સંબંધી વિચાર કરતાં પુરુષદત્ત અને કુરેણુદત્તે પરસ્પર કહ્યું કે–' પુરુષાર્થોમાં ધર્મ પુરુષાર્થ પ્રધાન છે, પરંતુ તે અનાકુળ ચિત્તવાલાઓથીજ કરી શકાય, ચિત્તનું અનાકુળપણું કુટુંબના સ્વસ્થપણામાં થઈ શકે અને કુટુંબનું સ્વસ્થપણું અર્થ–દ્રવ્યના નિયોગવડે થઈ શકે. અર્થનિયોગ મહા વ્યવસાયથી સાધ્ય છે. આમ હોવાથી કાંઈ પણ વ્યવસાય કરી દ્રવ્ય ઉપાર્જન કરાય તો પછી કુટુંબનો ભાર પુત્ર ઉપર સ્થાપી સુશ્રાવક જનોને ઉચિત

ધર્મ પુરુષાર્થ જ સેવી શકાય. ' આ યુક્ત છે. ' એમ બન્નેએ વિચારી દેશાંતરમાં ગમન કરવા યોગ્ય સામગ્રીની તૈયારી કરવા માંડી. ઘણું ભાંડ-કરિયાણું ગ્રહણ કર્યું. પ્રશસ્ત દિવસે ઉત્તર દિશા તરફ ચાલ્યા. નિરંતર પ્રયાણોવડે જતાં પાંચોર નામના પાટણે પહોંચ્યા, ત્યાં નગર બહાર આવાસ રાખ્યો. બળદોને ચરવા મૂક્યા, લાકડાંઓ એકઠાં કર્યાં, રાંધવાની સામગ્રી તૈયાર કરી, બન્ને પુરૂષદત્ત અને કરેણુદત્ત ન્હાવા બેઠા. એવામાં શ્વાસથી ભરપૂર મુખવાળા, વારંવાર પાછળ ફેરવાતી ભયભ્રાંત તરલ કીકીવાળાં લોચનોથી યુક્ત, ઘડપણથી જીર્ણ સંકીર્ણ દંડવાળા, ખંડમાત્ર વસ્ત્રવાળા, અનર્ગળ નખોથી વિહ્વળ થયેલ અંગોપાંગવાળા, નિરંતર સેઢિકા ઘસાવાથી ધોળા હાથવાળા, પાછળ લાગેલા હકારતા જૂગારીઓના ચંડ શબ્દો સાંભળવાથી ખળભળેલ મનવાળા, ક્રમે ક્રમે કરી માંડમાંડ કરી નાસિકાના અગ્રભાગ ઉપર ટેરવે વળગેલ જીવિતવાળા, ' **नमो अरिहंताणं** ' એમ બોલતા બે શ્રાવકપુત્રો પુરુષદત્ત અને કરેણુદત્તના શરણે આવ્યા. નવકાર સાંભળવાથી સાધર્મિક તરફ અનુરાગ ઉપજતાં તેઓએ કહ્યું કે–' ભદ્ર ! પુરૂષો ! બીવું નહિ. ' પોતાના પુરુષોને કહ્યું કે–' આ બન્નેની પાછળ લાગેલા પુરુષોને અટકાવો. ' પુરુષોએ તેમજ કર્યું. પછી આ બે શેઠિયાઓએ ( પુરુષદત્ત અને કરેણુદત્તે ) તેઓને પૂછાવ્યું કે–' આ બે માણસોએ શું વિણાસ્યું છે–બગાડયું છે ? ' તેઓએ ( જૂગારીઓએ ) કહ્યું કે–" દશહજાર દીનાર હારીને માગતાં ' આજ દેશું, કાલ દેશું, ' ઈત્યાદિ વચનવિસ્તાર વડે કેટલાક દિવસો સુધી અમે રહ્યા. આજ તો અત્યંત કુપિત થઈ સહિએ કહ્યું કે–' કાલવિલંબ સહન કરવાવડે સર્યું, આજ કાં તો દીનાર આપો અથવા પ્રાણ આપો. સહિમિત્રનાં વચન સાંભળવાથી મરણભય ઉપજતાં નાશીને આ બન્ને અહિં પેઠા છે. તો આપને જો કલ્યાણવડે કાર્ય હોય તો આ બન્ને અમને સોંપો. ત્યારપછી ' સાધર્મિકવાત્સલ્ય ગુણકારક છે. એમ માનતા પુરુષદત્ત અને કરેણુદત્તે જૂગારીઓને દશ હજાર દીનારો આપી, જૂગારીઓ ગયા. આ બન્ને જણને પોતાની સાથે સ્નાન કરાવ્યું. વસ્ત્રની જોડ

આપી સુખાસનપર બેસારી બન્ને શ્રાવકપુત્રોને પુરુષદત્તે પૂછયું. ‘તમારી કઈ જાતિ છે ?, તમારૂં કયું કુળ છે ?’ સ્નાન કરી અલંકૃત થયેલા તે બન્ને જણે પણ કહ્યું કે–‘ શીલ, સદાચારથી ભ્રષ્ટ થયેલ, પોતાના કુળમાં કલંકભૂત, પોતાની જાતિરૂપી જાઈના ફૂલમાં કીટ સમાન એવા અમે, તેની ( અમારી ) જાતિ શું કરે ?, તો પણ તમને કહીએ છીએ. ’ આંસુથી ભરેલ લોચનવાળા આ બન્નેએ સ્ખલના પામતાં અક્ષરોથી કહ્યું–‘ આર્ય ! વણિક્કુળમાં ઉત્પન્ન થયેલા, પરંતુ કર્મવડે ચંડાળ, શ્રાવકકુળમાં અધમ, ઉભયલોક વિરૂદ્ધ કર્મ સેવનાર, વિષવૃક્ષની જેમ માત–પિતાને અને અન્યલોકને અપકાર કરવા માટે વૃદ્ધિ પામેલા ધવલ, વિમલ નામવાળા અમે પરમ સમ્યગ્દૃષ્ટિ શેઠના પુત્રો છીએ. પિતાએ વારવા છતાં પણ કિલષ્ટકર્મના ઉદયવડે જૂગાર અને વેશ્યાનું વ્યસન અંગીકાર કરી અમે વિવિધ ઉપાયોવડે ઘરનું દ્રવ્ય વિનાશ કરવા લાગ્યા. માતા–પિતા શિક્ષા આપતા હતા, સાધુઓ પણ ધર્મોપદેશ આપતા હતા, પરંતુ કપાસમાં લાખના રંગની જેમ અમારા મનમાં ઉપદેશ લાગતો ન હતો. ત્યારપછી પિતા વિગેરે આ દુઃખવડે જ સ્મરણશેષ થયાં–મરણ પામ્યાં. તો પણ અમારાથી વ્યસન મૂકાતું ન હતું. હાટ, ઘર, પણ હારી ગયા. પરિજન પોતપોતાને ઇષ્ટ દિશામાં ચાલ્યો ગયો અને અમે દેવળોમાં વસવા લાગ્યા. પરમમુનિની જેમ કદાચિત્ છઠ્ઠ, કદાચિત અઠ્ઠમ પછી ખાતા, તો પણ અમે વ્યસન ન મૂકયું. કિં બહુના ? બહુ કહેવાથી શું ?, અમે આ વચન સાચું કર્યું—

હે જૂગાર ! ત્હારા પસાયથી નખ ઘસાયેલા, ધોળા હાથવાળા, સજ્જનોથી દૂર થયેલા અમ્હે શૂન્ય દેવળ સેવીએ છીએ. ૧

એવી રીતે આત્માને વિડંબના પમાડતાં કેટલોક કાળ વીત્યો. અન્ય દિવસે સાહસને અવલંબી સહિય સમક્ષ દસ હજાર દીનારની હોડ કરી. સહિએ કહ્યું–આને તમ્હે તજી દ્યો, જો દીનાર નહિ દ્યો તો તમ્હારી જીભ ગ્રહણ કરીશ. અમ્હે સ્વીકાર્યું, રમ્યા અને હાર્યા. સહિએ પકડાવ્યા. અમ્હારી પાસે દીનારો માંગી, ‘ દેશું ’ એમ કહેતાં કેટલાક દિવસો ગુમાવ્યા. આજે તો ધન ધાન્યથી અ-

ત્યંત ભ્રષ્ટ થયેલા એવા અમ્હને આણે ( આ માણસે ) મરાવા માંડ્યા. અવકાશ મેળવતાં નાસીને તમ્હારે શરણે આવ્યા." પુરુષદત્તે કહ્યું–' સારૂં કર્યું, હવે શું કરવું છે ? ' તેઓએ કહ્યું–' જે તમ્હે કહો તે.' પુરુષદત્તે કહ્યું–' આ લોકમાં પણ સકળ અનર્થોના કારણભૂત અને પરલોકમાં દુર્ગતિના કારણરૂપ આ વ્યસનનો પરિત્યાગ કરો. ' તેઓએ કહ્યું–' તજ્યુંજ છે. ' ત્યારપછી એકને પોતે સંગ્રહ્યો, બીજો કુરેણુદત્તને સોંપ્યો. બીજે દિવસે ત્યાંથી પ્રયાણ કર્યું. સારી રીતે સુખે પ્રયાણ કરી પરિમિત દિવસોએ કુબેરની દિશારૂપી વહુ ( ઉત્તર દિશા ) ના લલાટમાં તિલક સમાન કુબેર સુંદર નગરે પહોંચ્યા, ત્યાં રહ્યા. વ્યવહાર ( વેપાર ) સારીરીતે ચાલ્યો. ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. ત્યાંથી લેવા લાયક નવું ભાંડ ( કરીયાણું ) ગ્રહણ કર્યું, આવવાની સામગ્રી તૈયાર કરી, કુશલતા પૂર્વક પોતાના સ્થાને આવ્યા. વધામણું કર્યું–ઓચ્છવ કર્યો. મિત્ર–સ્વજનવર્ગ મળ્યો. તેને પુષ્પ, તાંબૂલ વિગેરેથી સમ્માનિત કર્યો. શ્રેષ્ઠ પ્રાભૃત ( ભેટણું ) ગ્રહણ કરી પુરુષદત્તે અને કરેણુદત્તે રાજાનાં દર્શન કર્યાં. અવસર મેળવી રાજાને વિજ્ઞપ્તિ કરી–દેવ ! અમ્હારા દ્રવ્યવ્યયવડે કાંઈક ધર્મસ્થાન કરીશું, ભૂમિખંડ–થોડો જમીનનો ભાગ આપવા વડે આપ મહારાજ પ્રસાદ–મહેરબાની કરો. રાજાએ મંત્રીને આજ્ઞા કરી, મંત્રીએ નગરના મધ્યમાં જગ્યા દર્શાવી, પ્રશસ્ત દિવસે સૂત્રધારોને બોલાવ્યા. પ્રાસુક પાણી, દળ વિગેરે વડે કામ કરનાર–કારિગરોને અને સમીપમાં રહેતા જનોને પીડા અથવા ભય ન થાય તેમ તેઓએ કાર્ય આરંભ્યું. કામ કરનાર નોકરને મજૂરી કહેવાથી અધિક કામની અંદરજ અપાતી હતી. પુરુષદત્ત અને કુરેણુદત્ત દ્રવ્યસમૂહનો વ્યય કરતા હતા. ધવલ અને વિમલ કામમાં ચિંતા કરતા હતા. થોડા વખતમાંજ પોસહશાલા બનાવી. તે કેવી હતી ? –" સારીરીતે જોડાયેલાં સારાં લાકડાવડે શોભતી, સરલ, સારા બહુ થાંભલાવાળી, સ્થાન સ્થાનમાં સ્થાપન કરેલ શ્રેષ્ઠ ઘોડલાથી વ્યાપ્ત, શ્રેષ્ઠ ઉપરના ભાગ, ઓરડાઓ સહિત, મજબુત કમાડવાળી, અત્યંત પવનના ગુણથી યુક્ત, વિમલ, વિશાળ, મનોહર, શ્રેષ્ઠ મંડપથી મંડિત રમણીય હતી. જે પોસ-

હશાળાની રમણીયતા જોવા માટે આવેલા લોકો કૌતુકથી નિશ્ચળ નયનવાળા બનતા જાણે કે સ્વર્ગમાંથી દેવતાઓ ઉતર્યા હોય તેવા માલૂમ પડતા હતા. જે પોસહશાળા પવનથી અત્યંત ફરકતી શિખરના અગ્રભાગ પર રહેલી શ્રેષ્ઠ ધ્વજાઓ રૂપ હાથવડે ધાર્મિક લોકને ધર્મ કરવા માટે બોલાવતી હોય તેમ જણાતી હતી. ” વસ્ત્ર વિગેરે વડે સત્કાર કરી સૂત્રધારોને વિસર્જિત કર્યા. નિમિત્તિયાને બોલાવ્યો, તેણે પ્રશસ્ત દિવસ નિરૂપિત કર્યો–જણાવ્યો. તે દિવસે વિપુલ અશન, પાન, ખાદિમ સ્વાદિમ તૈયાર કરાવ્યું. સાધર્મિક બંધુઓ સુખાસને બેઠા, પરમ આદરપૂર્વક સર્વને જમાડ્યા પછી, વિશાળ મંડપમાં આપેલા આસન ઉપર બેસારી તેઓને ફળ, તાંબુલ વિગેરે વડે સન્માનિત કર્યા. તેઓની સમક્ષ પુરુષદત્ત અને કરેણુદત્તે પોતાના મ્હોટા પુત્રો પર કુટુંબનો ભાર સ્થાપ્યો. તેઓએ પુત્રોને કહ્યું.–‘ ઘરનાં સાવદ્ય કર્મો કરતાં અમ્હને ન પૂછવું, તેમજ અમ્હારા નિમિત્તે આહારપાક ન કરવો–આહાર ન પકાવવો. પારણે કુટુંબ વાસ્તેજ પકાવેલું અમ્હારે ખાવા યોગ્ય છે. ’ એમ કહી પુરુષદત્તે અને કરેણુદત્તે મિત્ર–સ્વજન સહિત, ઘણા મ્હોટા ઉત્સવપૂર્વક પોસહશાલામાં પ્રવેશ કર્યો. અત્યંત વૃદ્ધિ પામતા શુભ પરિણામવાળા ધવલ અને વિમલ સજ્ઝાય ધ્યાનમાં પ્રવૃત્ત થઇ, પડિક્કમણ, સામાયિક, પોસહ વિગેરે ભાવાનુષ્ઠાન પરિપાલન કરવામાં તત્પર બની, ચોથ, છટ્ઠ, અટ્ઠમ વિગેરે તપકર્મ કરી, પારણાના દિવસે પોસહ, સામાયિક પારી, ઘરે જઈ કુટુંબમાટે કરેલ આહાર સાધુસંવિભાગ કર્યા પછી વાપરતા હતા–ખાતા હતા. ફરી પાછા પોસહશાલામાં જઈ **ગમણાગમણે** પડિક્કમી, ધર્મધ્યાનમાં તત્પર થઈ દિવસો વીતાવતા હતા. એવી રીતે તેઓનું કુશલાનુષ્ઠાન જોઈ અનેક શ્રાવકો પોસહશાલામાં આવતા હતા, ભૂમિકા યોગ્ય ધર્માનુષ્ઠાન કરતા હતા. મુનિજનોની પર્યુપાસના કરતા હતા, મુનિઓ પાસે સિદ્ધાંત સાંભળતા હતા, સિદ્ધાંતના અર્થને વિચારતા હતા, સિદ્ધાંત અનુસારે ધર્માનુષ્ઠાન કરતા હતા. તે આવી રીતે–ન્યાયપૂર્વક આવેલ એષણીય આહાર, વસ્ત્ર વિગેરે વડે, ઔષધ, ભૈષજ્ય અથવા શય્યા, સંથારા વડે, કાલપ્રાપ્ત કલ્પનીય રજોહરણ, પીઠ,

ફલક વિગેરે વડે ભક્તિપૂર્વક શ્રમણ સંઘને પડિલાભતાં તેઓના દિવસો જતા હતા. અન્યદા કદાચિત્ પર્વદિવસે પૂર્ણિમા તિથિયે સમુદાય કરી સર્વે પોસહશાળાયે પહોંચ્યા. સાવદ્ય–પાપકારી કાર્યોનો નિષેધ કરી, **इरियावहिया** પડિક્કમી, સારી રીતે પડિલેહણ કરેલા અને સારી રીતે પ્રમાર્જન કરેલા સમુચિત સ્થાનમાં બેસીને કેટલાક પાઠ કરતા હતા, કેટલાક ગણુતા હતા, કેટલાક ગણુતા ને સાંભળતા હતા તથા કેટલાક ક્ષણભંગુર–અનિત્યાદિ ભાવનાઓ ભાવતા હતા, બીજા કેટલાક સામાયિક કરતા હતા, કેટલાક પરિપૂર્ણ પોસહમાં તત્પર બન્યા હતા. કેટલાક કાઉસ્સગ્ગ કરી પરલોકના માર્ગમાં લાગ્યા હતા. તરૂણો ગડગડ ગંભીર મધ્ય પ્રકૃષ્ટ શબ્દ વડે મળી ગયેલા સંવેગની વૃદ્ધિ કરનારાં શ્રેષ્ઠ પ્રકરણો ગણુતા હતા. પલિયા કેશથી યુક્ત માથાવાળા. ગળી ગયેલ–પડી ગયેલ દાંતવાળા, વલિયો વડે–કરચલીયો વડે ઢંકાયેલ શરીર વાળા, નિદ્રાવડે ઢળી પડતા વૃદ્ધો–બુઢ્ઢાઓ **મણુયાલિ** ઢાળતા હતા. અત્યંત ઘસીને સાફ કરેલ નિર્મળ મંડપની ભીંતના ભાગમાં સંક્રમેલા વૃદ્ધો આ ભવમાંજ તરુણ પણું પામ્યા હોય એવા જણાતા હતા. સઘળા શ્રાવકો પોતપોતાની ભૂમિકા યોગ્ય ધર્માનુષ્ઠાન કરતા હતા, મંડપમાં મળીને વંદન **વંદોવિંદિ** કરતા હતા. ગીતાર્થ મધ્યસ્થ પુરૂષો અન્યોઅન્ય સમાગમ થતાં આનંદિત થઈ આસન ગ્રહણ કરી બેસીને ધર્મવિચાર કરતા હતા. તત્ત્વાર્થનો વિચાર કરી રહેલા તેઓને દેવના ગુણોનું ઉત્કીર્તન કરી, સાધુના ગુણો વર્ણવી વરદત્ત શ્રાવકે કહ્યું–' હે શ્રાવકો ! અતિચાર શસ્ત્રવડે જર્જરિત થયેલ ચારિત્રવાળા પુરુષો નિરંકુશ, અભિમાની, ઘોડાની જેમ જલ્દી ચાલનારા, વસ્ત્ર, શરીર વિગેરેમાં વિભૂષાવાળા, કલહ કરનારા, ડમર કરનારા, માયાવી, રોષવાળા, ત્રિદંડવાળા–મન, વચન, કાયાથી પાપકારી પ્રવૃત્તિઓ કરનારા આવા સાધુઓ હાલમાં છે, તેઓનો કયો ધર્મ છે અને કયો તપ છે, ? સાવદ્ય યોગોથી–પાપકારી પ્રવૃત્તિઓથી વિરમવા રૂપ શ્રામણ્ય–સાધુપણું સ્વીકાર્યા પછી વિરાધતા યતિજનોના

ધર્મ નથી. જે શક્ય હોય તે કરવું જોઇએ. બાકીના કાર્યોમાં જયણાએ પ્રવૃત્તિ કરવી જોઇએ. સદ્દહણાવડે વિશુદ્ધ ફક્ત એકલો શ્રાવકધર્મજ ધારણ કરવો જોઇએ." ત્યાર પછી આ વચન સાંભળી રોષવડે રાતાં નેત્રવાળા અને ફરકતા-કંપતા હોઠવાળા ધવલશ્રાવકે વરદત્તને આવી રીતે પૂછયું કે– "રે પરલોક પરાઙ્મુખ ! દુર્મુખ ! ભારે કર્મી ! સાધુ દ્વેષી ! જો સાધુધર્મ નથી, તો શ્રાવકધર્મ કેમ હોઈ શકે? મૂળ વિના ડાળ ન હોય, ડાળ વિના શાખાઓ ન હોય. શાખા વિના પુષ્પ ન હોય, પુષ્પ વિના ફળ કયાંથી હોય? નિગ્રંથો વિના તીર્થ ન હોય, તીર્થમાંજ શ્રાવકો હોય છે; જો સાધુધર્મ નથી તો એવી રીતે તીર્થનો ઉચ્છેદ થાય છે. કિંચ– કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, ચૌદપૂર્વી, દસપૂર્વી, નવ પૂર્વીઓથી રહિત એવા આ કાળમાં હે અજાણ ! પ્રગટ વચનથી તું ચારિત્રનો નિષેધ કેમ કરે છે ? સદ્‌ગતિનાં સુખરૂપી લાકડાંને બાળનાર મુનિ દ્વેષરૂપી અગ્નિ વડે તું અત્યંત દ્વેષી ચિત્તવાળો બની ધર્મરૂપ આરામને ન બાળ, ન બાળ. ગુરુકર્મવડે ભારે કર્મવડે હણાયેલા, દુર્ગતિના માર્ગમાં ચાલનારા, ત્હારા સરખા મહા પાપીઓ દેખાય છે. શ્રુતકેવલીએ કહ્યું છે કે–ધીર પુરૂષોની પરિહાની મંદધર્મી, બુદ્ધિ વિનાના કેટલાક જીવો, વિહરતા સંવિગ્ન જનોની હીલના કરે છે. અકૃતજ્ઞ મનુષ્ય રોષવડે અથવા દ્વેષવડે, મિથ્યા ભાવવડે છતા ગુણોને ઢાંકતો, અછતા ગુણો (અવગુણો) ને બોલે છે. છતા ગુણોનો નાશ, પરપરિવાદ, પરને આળ આપવું, ધર્મમાં અબહુમાન, અને સાધુ તરફ પ્રદ્વેષ એજ ખરેખર સંસાર છે.

તું ધર્મ જાણતો નથી, આગમ જાણતો નથી તેમ લોક વ્યવહારને જાણતો નથી. વિધિએ ત્હારૂં મુખ દુર્ગતિમાં પાડવા માટે બનાવ્યું છે. મનુષ્ય જન્મ, શ્રાવકધર્મ, સાધર્મિક પુરૂષોની સાથે સંયોગ એ સર્વ ત્હેં સાધુ તરફના પ્રદ્વેષવડે ઝટ ગુમાવ્યું. કેમકે– "તપ, નિયમમાં સારી રીતે ઉદ્યમવાળા, સજઝાય, ધ્યાનમાં લાગેલ મનવાળા, સુસાધુરૂપી રત્નો આજ પણ વિરલ વિરલ કોઈક કોઈક જોવામાં આવે છે.

એવી રીતે સ્ફુટ પ્રશ્નવ્યાકરણના કટુ વચનોવડે દર્શાવ્યું, ત્યારે વરદત્તે કહ્યું અમ્હે તો તે દીઠા નહિ ?" ત્યારપછી ધવલે કહ્યું કે-" દોષાપ્રિય, મિત્ર (સૂર્ય) ની ઋદ્ધિથી દુઃખિત થયેલ ઘૂવડે જો ન દીઠો, તો સૂર્ય શું ન ઉગ્યો કહી શકાય ? ગાઢઅંધકારને નાશ કરનાર, પોતાનાં કિરણોવડે સકળ ભુવનતલને પ્રકાશિત કરનાર ચંદ્રને રતાંધળાએ ન દીઠો તો તે શું ન ઉગ્યો કહેવાય. ? કૂવામાં ઉત્પન્ન થયેલ અને કૂવામાંજ રહેલ કૂવાના દેડકાએ જો રત્નાકર ન દીઠો, તો શું તે ભુવનમાં નથી ? અનેક જનોને વિસ્મય પમાડનાર, વિરલ, વિચિત્ર ભાવોને જો આંધળો ન જુવે તો શું તે ભુવનમાં નથી ? તીર્થંકરે કહ્યું છે કે-' ચારિત્ર દુષ્ષમાના અંતસુધી છે. ' તેનો પણ નિષેધ કરતો તું તેનાથી પણ અધિક થયો. હે શ્રાવકો ! સઘળા સાંભળો, જો તમને રૂચે તો આ સાધુમત્સરીને આપણા સમુદાયથી બાહ્ય-બહાર કરવો જોઇએ; કેમકે કહ્યું છે કે-જે એમ કહે કે-ધર્મ નથી, સામાયિક નથી, તેમજ વ્રતો નથી; તેને તેમ કહેનારને શ્રમણસંઘે શ્રમણસંઘબાહ્ય કરવો જોઇએ.

એ કથન સ્વીકાર્યું. પુરુષદત્ત વિગેરે શ્રાવકોએવરદત્તને કહ્યું કે-' આજથી માંડી તારે અમારી સભામાં ન મળવું. ' એમ કહી કાઢી મૂકયો. ત્યારપછી તેજ દિવસે વિશૂચિકા દોષવડે મરીને સાધુઓ પ્રત્યેના પ્રદ્વેષવડે ઉત્પન્ન થયેલ કિલષ્ટ કર્મના ઉદયવડે આશીવિષ સર્પ થયો. ત્યાંથી પણ દીર્ઘ સંસારવાળો, દુર્લભ બોધિ થયો. ' સાધુધર્મ નથી. ' એ વિચાર સાંભળીને કુરેણુદત્ત ધર્મમાં વિપરીત પરિણામવાળો થયો, પુરુષદત્ત વિગેરેએ તેને સ્થિર કર્યો, તો પણ ચંચળ ચિત્તવાળોજ રહ્યો. અન્યદા અષાઢ ચોમાસામાં સર્વથી પોસહ કરી, અશન વિગેરેનો પરિહાર કરવા,પૂર્વક વ્યાપાર પ્રવૃત્તિ વિના છઠ્ઠભત્તવડે રહ્યા, ચોમાસી દિવસ વિત્યો. રાત્રિ સારી રીતે અવગાહતાં કુરેણુદત્તને વિપરીત પરિણામવાળો જાણી જિનધર્મથી પતિત કરવા ઇચ્છતી ( કુલદેવતા ) આવી રીતે કહેવા લાગી-' જો શીલવ્રતથી નહિ ભ્રષ્ટ થઇશ, તો તારા મોટા પુત્રના કટકા કરી દિશાબલિ કરીશ. એમ સાંભળી સમભાવથી પતિત થઈ કટાસન ગ્રહણ કરી કુરેણુદત્ત તે તરફ દોડયો, ઉપસર્ગ ઉપ-

શમ્યો, તો પણ ઘર તરફ ચાલ્યો. પુરુષદત્ત વિગેરેએ વાર્યો કે-'સર્વથા પોસહ ન ભાંગ.' તેણે કહ્યું કે-'જો સાધુધર્મ નથી, તો ત્યાં શ્રાવકોનો પોસહ કેવો?' એમ કહી તેઓના વચનની અવગણના કરી પોતાને ઘરે ગયો. તેણે ચિંતવ્યું-'જેમાં આવી રીતે વિઘ્નો થાય છે, તે પોસહનું મારે કાંઈ પ્રયોજન નથી.' એવા પ્રકારના પરિણામવાળા થયેલા કુરેણુદત્તને રાતે ચોરોએ મારી નાંખ્યો, મરીને તે વ્યંતર ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી સંસારમાં પરિભ્રમણ કરશે.

પુરુષદત્ત પણ નિરતિચાર દેશવિરતિનું પરિપાલન કરી, સંપૂર્ણ પૌષધ પર્વ દિવસોમાં પાળી, માર્ગ આરાધવાપૂર્વક મરણ પામી ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને પ્રવ્રજ્યા સ્વીકારી સિદ્ધિસુખને અનુભવશે.

જે હેતુથી પોસહમાં રહેલ શ્રાવકને જિનેશ્વરોએ શ્રમણની જેવો કહ્યો છે, તેથી નિત્ય આહાર વિગેરેમાં પોસહ કરો. એ યુક્ત છે.

હવે ગ્રંથકાર પોતાના નામથી યુકત, પ્રસ્તુત ગ્રંથ પઠન કરવાનું ફળ દર્શાવતા કહે છે—

**संवेगमणो संबोहसत्तरिं जो पढइ भव्वजिओ ।**
**सिरिजयसेहरठाणं सो लहई नत्थि संदेहो ॥ ७५ ॥**

**ગાથાર્થ**—સંવેગમાં મનવાળો જે ભવ્ય જીવ સંબોધ-સત્તરિ-સંબોધસપ્તતિને ભણે છે, તે શ્રીજગતશેખર-સર્વથી શ્રેષ્ઠ સ્થાન પામે છે, એમાં સંદેહ નથી. ૭૫

**વ્યાખ્યાર્થ**—સંવેગ-મોક્ષ તરફ અભિલાષ અને સંસાર તરફ વૈરાગ્ય જેના મનમાં વિદ્યમાન હોય એવો જે ભવ્ય જીવ-ભવ્ય પ્રાણી આ 'સંબોધસપ્તતિ' નામના ગ્રંથને ભણે છે, ઉપ-લક્ષણોથી ભણાવે છે અને સાંભળે છે; તે શ્રીસહિત જગતના-ચૌદ રાજલોકનાશેખરરૂપ સિદ્ધશિલા સ્થાનને પામે છે. આ ગ્રંથ-માં કહેલ ભાવોથી ભાવિત મનવાળો પ્રાણી સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આરાધી મોક્ષ સંબંધી સુખોને પામે છે, એ આ-

શય છે. આમાં સંદેહ–સંશય નથી. પક્ષમાં શ્રીજગચ્છેખર (શ્રીજયશેખર) સૂરિએ આ શાસ્ત્ર રચ્યું છે. એ છાયાર્થ જાણવો. ૭૫

વાચનાચાર્ય શ્રીપ્રમોદમાણિક્ય ગણિના શિષ્ય, શ્રીઅકબર શાહની સભામાં જયશ્રી મેળવનાર જયસોમ ઉપાધ્યાયના શિષ્ય વાચનાચાર્ય શ્રીગુણવિનયગણિએ કરેલ **શ્રીસંબોધસપ્તતિકા** પ્રકરણનું વિવરણ પૂર્ણ થયું.

## વિવરણકારની પ્રશસ્તિ.

બુધજનોને આનંદકારક, નંદિમિદ (?) , સદા આશ્ચર્યથી સેવાયેલ, કલાઓથી પૂર્ણ **ચાંદ્રકુળ** છે. તેમાં ધર્મનો ઉદ્યોત કરવામાં સૂર્ય સમાન, શુભ આચારવાળા **ઉદ્યોતન** સૂરીશ્વર થયા. ત્યારપછી **વર્ધમાનાચાર્ય** દીપતા હતા, સુવિહિતોમાં અગ્રેસર એવા જેઓએ અઠ્ઠમ તપવડે આરાધેલ **ધરણેંદ્રના** નિવેદનથી પ્રથમ શ્રીસૂરિમંત્રની શુદ્ધિ કરી હતી. ત્યારપછી જેઓએ **દુર્લભરાજના** રાજ્યમાં ચૈત્યવાસિયોને જીતી 'ખરતર' બિરૂદ ધારણ કર્યું હતું અને વસતિવાસ કર્યો હતો, તે **જિનેશ્વર** [સૂરિ] થયા. તેમના પટ્ટે પ્રકાશ કરતા મુખરૂપી ચંદ્રવાળા શ્રી**જિનચંદ્ર** [સૂરિ] થયા, જેઓએ મનોહર નવીન **સંવેગરંગશાળા** બનાવી. જેમણે નવ અંગની વિવૃતિ કરી અને **સ્તંભન પાર્શ્વનાથ** પ્રકટ કર્યા તેમજ જે યતીશ્વરને સજ્જનવૃંદ સત્કાર કરતા હતા, તે **અભયદેવ** સૂરિ થયા. ત્યારપછી જ્ઞાન, દર્શન અને ચારિત્રના પાત્ર શ્રી **જિનવલ્લભ** સૂરિ અત્યંત શોભતા હતા, જેણે ચંડા ચામુંડાને પણ પોતાના ગુણોવડે સમ્યક્ત્વ પમાડયું હતું અને તત્ત્વથી શોભતાં **પિંડવિશુદ્ધિ** વિગેરે શાસ્ત્રો કર્યાં છે. તેમના પટ્ટે ૬૪ યોગિનીઓના પ્રકૃષ્ટ સાધક, યુગપ્રધાનતાને પામેલા શ્રી**જિનદત્ત** સૂરિરાટ્ થયા, જેમના નામમંત્રના સ્મરણથી હાલ પણ પૃથ્વીપર વીજળી પડવી વિગેરે કષ્ટોનો સમૂહ નાશ પામતો જોવાય છે.

તેમના પટ્ટ પર નરમણિથી ભૂષિત થયેલ ભાલવાળા, અનેક ભૂપાલોથી નમન કરાયેલા **શ્રી જિનચંદ્ર**, શાસ્ત્રકર્તા **જિનપતિ** સૂરીશ્વર થયા. ત્યારપછી વિશ્વમાં શોભતા વિસ્તૃત યશવાળા **જિનેશ્વર** પ્રભુ થયા. ત્યારપછી [જિન]**પ્રબોધ** સૂરિ, ત્યારપછી શ્રી**જિનચંદ્ર** [સૂરિ] થયા, ચાર રાજાઓને પ્રબોધ પમાડવાથી જેઓથી '**રાજગચ્છ**' પ્રસિદ્ધ થયો, તે **કુશળ**સૂરિ દીપતા હતા, વિશિષ્ટ ભાગ્યને ધારણ કરનારા જેઓએ શ્રી**માનતુંગ** મંદિરની પ્રતિષ્ઠા કરી હતી અને વિષમ માર્ગમાં પણ માગેલ પાણીનું પાન કરાવ્યું હતું. ત્યારપછી 'કૂર્ચાલસરસ્વતી' બિરૂદથી શ્રેષ્ઠ શ્રી**જિનપદ્મ** આચાર્ય સર્વ અવધાન પૂરવામાં શક્તિમાન્ **લબ્ધિસૂરીશ્વર** થયા. ત્યારપછી શ્રી**જિનચંદ્ર** સૂરિ, ત્યારપછી **જિનોદય** [સૂરિ], ત્યારપછી ભવ્યજનરૂપી કમળને વિકસાવવામાં સૂર્યસમાન શ્રી**જિનરાજ** સૂરિ થયા. તેમના પટ્ટ પર થયેલ, જ્ઞાનકોશ લખવામાં દક્ષ, દિવ્ય ગુણસમૂહવાળા શ્રી **જિનભદ્ર**સૂરિ દીપતા હતા. તેમના પટ્ટ પર **જિનચંદ્ર** [ સૂરી ], **જિનસમુદ્ર**સૂરિ શોભતા હતા. ત્યારપછી ઘણા ગુણોવાળા **જિનહંસ**સૂરિ થયા. તેમના પટ્ટરૂપી કમળને વિકસાવવામાં દીપતા સૂર્યસમાન, ગુણમાણિક્યવડે યુક્ત શ્રી **જિનમાણિક્ય**સૂરિ થયા. તેમના પટ્ટરૂપી મંદિરના શિખર ઉપર શ્રેષ્ઠ સુવર્ણ કળશ સમાન, ઘણાં સુખ કરનાર સુંદર વચનોવાળા, શ્રી **સાહિયે** આપેલ બહુમાનરૂપી ધનવાળા, યુગપ્રધાન શ્રી **જિનચંદ્ર**સૂરિ ગુરુ અહિં જયવંતા વર્તે છે. જેમને ભક્તિ વહન કરનાર **સાહિયે** ગૂર્જરભૂમિથી બોલાવી દયાપ્રધાન ભારે લાભપરંપરા આપી હતી કે–' ૧૧ શુંબામાં, શ્રાવણ શુદિ અષ્ટમી દિવસથી પૂર્ણિમા સુધી જીવોનો કયાંય પણ વધ ન થાય, મ્હારા ફરમાનથી માછલાં પકડવાની જાળવડે કોઈ પણ મનુષ્ય ખંભાતના દરિયાના માછલાંને પકડી ન શકે. ' અન્યદા શ્રી **સાહિયે** પ્રસન્ન થઇ જેઓને કહ્યું હતું કે–' આપનું પદ મા ( જિ ? ) નસિંહ પર મૂકવું અને આપને યુગપ્રધાન પદવી થાઓ કે જે કામધેનુ સમાન છે. ' ભાગ્યશાળીઓને સંપદા કવચિદ્ દૂર હોતીજ નથી. તે વખતે ચતુરાં-

દ્વિવડે શ્રેષ્ઠ **કર્મચંદ્ર**મંત્રી બોલ્યા હતા કે–' આ પદપ્રતિષ્ઠા મ્હારેજ કરવી. ' ત્યારપછી તે કુશળ મંત્રીએ તે પવિત્ર પુણ્ય માટે કરોડ દ્રવ્યનો વ્યય કર્યો. જેઓ લક્ષ્મીને તૃણ સમાન ગણે છે, તે ક્યાંય પણ મુંઝાતા નથી–મુગ્ધ થતા નથી. જેઓએ શ્રી**સાહિ**થી ગૌરવ પામેલા **જિનસિંહ** નામના આચાર્યને હર્ષપૂર્વક સૂરિમંત્ર આપીને પોતાના પદ ઉપર સ્થાપ્યા હતા. વિકૃતિ ( વિગઇ ) ને વર્જનારા જેઓએ સુકૃત માટે કાશ્મીર દેશ તરફ વિહાર કર્યો હતો સાહિના પ્રસાદને મેળવી ત્યાંના સરોવરના માછલાંઓની રક્ષા કરી હતી. તે યુગપ્રધાન શ્રીમદ્ **જિનચંદ્ર** ગુરુના વિજયવંત રાજ્યમાં અણુપ્રજનો માટે આ વૃત્તિ શ્રી **જયસોમ** વાચકના શિષ્ય વાચક **ગુણવિનયે** સુકૃતોની વલ્લીસમાન પાલીપુરમાં સં. ૧૬૫૧ વર્ષે કરી છે. આગમરૂપી સુવર્ણને પારખવામાં કસોટી સમાન, મતિવડેશ્રેષ્ઠ ગુરુ શ્રી **જયસોમ** પાઠકે દોષરૂપી મળને દૂર કરવાથી આ વૃત્તિને વિમલ કરી છે. અનાભોગથી ઉપયોગ રહિતપણાથી અથવા સહસા પ્રવૃત્ત થવાથી આ વૃત્તિમાં જે કાંઇ દૂષણ સ્થાપ્યું હોય, તો તે દૂષણને મ્હારા ઉપર અનુગ્રહ બુદ્ધિ રાખી વિદ્વાનોએ આદરથી દૂર કરવું. સૂત્ર ગંભીર અર્થ વાળું છે, મતિ અલ્પ છે, છતાં જે આ ધૃષ્ટતા કરૂં છું, તે શ્રુતજ્ઞ પુરુષોએ ક્ષંતવ્ય ગણવું, કેમકે મહાન પુરુષો કૃપાળુ હોય છે.

શ્રી **જિનકુશલ** કલ્પવૃક્ષથી સુમનસ–વિદ્વાનરૂપી પુષ્પોથી શોભતી, શુભફળવાળી અમ્હારી શાખા થઇ તેમાં પાઠક **વિનયપ્રભ** ગુરુ શોભતા હતા, સારા સૌભાગ્યવાળા જેમને વરની અભિલાષિણી નિર્દોષ વિદ્યારૂપી કન્યાઓ પરણી હતી. તેમના પટ્ટપર મતિવૈભવથી બૃહસ્પતિને જીતનાર, વિદ્વાનોની સભામાં જયતિલક પ્રાપ્ત કરનાર **વિજયતિલક**સૂરિ થયા. **જીરાપલ્લી** પાર્શ્વપ્રભુના પ્રભાવથી **ધરણેન્દ્ર** નિરંતર આનંદથી સમીપ રહી જેઓને સાન્નિધ્ય કરતો હતો, વળી ગુરુએ વ્રતની ઇચ્છાવાળા ૧૧૦ શિષ્યો કરી પરમ ઉદય નિમિત્તે **જિનોદય**સૂરિ ગુરુને આપ્યા હતા. જેઓ લોકમાં પ્રકટ ' મિથ્યાત્વકંદકુદ્દાલ ' બિરુદ ધારણ કરતા હતા.

તેઓના શિષ્ય શ્રી **ક્ષેમકીર્તિ** વાચક દીપતા હતા, તેમના શિષ્ય કીર્તિવડે હંસને જીતનાર, પવિત્ર વંશવાળા, વાગ્ગુરુ, કલ્પવૃક્ષ, **ક્ષેમહંસગણિ** શોભતા હતા, તેમના પદનો આશ્રય કરનાર **સોમધ્વજ** વાચક થયા, તેમના શિષ્ય **શ્રી ક્ષેમરાજ** પાઠક, **શિવસુંદર**, વાચક **કનકતિલક** થયા, તેઓના સુશિષ્ય **દયાતિલક** અને વાચક **પ્રમોદ માણિકય** થયા. તેઓના પદ પર શ્રી **જયસોમ** પાઠક, સ્વશક્તિ પૂર્વક ગુરુભક્તિથી શોભતા, દયાળુ **ગુણરંગ** વાચક, સારા શિષ્ય પરિવારથી આનંદ પામનાર, દયાયુ **દયારંગ** થયા.

ઇતિ વૃત્તિકાર પટ્ટાવલી.

શ્રી સંબોધ સપ્તતિકા ભાષાંતર

સમાપ્ત.

શાસ્ત્રિ
આચા
જ્ઞાનભંડાર

## શ્રી આત્માનંદ પ્રકાશ માસિકે આપેલ

# ભેટો.

૧-૨ શ્રી નવતત્ત્વનો સુંદર બોધ. ... (ભાષાંતર સાથે)
૩ શ્રી જીવવિચાર વૃત્તિ. ... ... ( ” )
૪ શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર. (જુદી જુદી અનેક હકીકતનો સંગ્રહ)
૫ શ્રી દંડક વિચાર વૃત્તિ. ... ... ( ભાષાંતર સાથે )
૬ શ્રી નયમાર્ગ દર્શક. ... ... ... (સાત નયનું સ્વરૂપ)
૭ શ્રી મોક્ષપદ સોપાન. ... ... (ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ)
૮ શ્રી જૈન તત્ત્વ સાર. ... ... (તત્ત્વ જ્ઞાનનો અપૂર્વ ગ્રંથ)
૯ શ્રી શ્રાવક કલ્પતરૂ. ... ... (શ્રાવકના બાર વ્રતનું સ્વરૂપ)
૧૦ શ્રી ધ્યાન વિચાર. ... ... ... ... ( ધ્યાનનું સ્વરૂપ )
૧૧ શ્રી જંબુસ્વામી ચરિત્ર ... ... ... ( અપૂર્વ ચરિત્ર )
૧૨ શ્રી જૈન ગ્રંથ ગાઈડ. ... ... (શ્રી માર્ગ દર્શક ભોમીયો)
૧૩ શ્રી ચંપકમાળા ચરિત્ર ... ... ( અપૂર્વ સતી ચરિત્ર )
૧૪ શ્રી અનુયોગદ્વાર સૂત્ર. ... ... ... ( ભાષાંતર સાથે )
૧૫ શ્રી ગુરૂ ગુણમાળા અને સમયસાર પ્રકરણ. ... ( ભાષાંતર સાથે )
૧૬ શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. ... ... (અપૂર્વ આધ્યાત્મિક ગ્રંથ)
૧૭ શ્રી દેવભક્તિમાળા. ... ... ... (દેવભક્તિનું સ્વરૂપ)
૧૮ શ્રી ઉપદેશ સપ્તતિકા. (અનેક જૈન ઐતિહાસિક બાબતોથી ભરપુર)
૧૯ શ્રી સંબોધ સપ્તતિકા. ... ... (તત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ)